વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૫મું
નવેમ્બર - ૨૦૨૦
અંક - ૫૧૦


મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૨૦ ● ૧
(કુલ પાના : ૭૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર







## 'હાસ્ય તરંગ'
## દીપોત્સવી વિશેષાંક












કોરોના વાયરસના સંક્રમણના
પગલે ફેલાયેલા તનાવ અને ભયના
વાતાવરણથી મુક્ત થવા એક પ્રયાસ....

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુશ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
**પ્રતાપ નારાણજી દંડ** - મુખ્ય તંત્રી
**દિનેશ આર. મહેતા** - સહતંત્રી


Create
with confidence!
YOUVA Drawing books,
for a creator in you.
Available in 36, 56 and 100 pages
Sizes: Mini, Small, Big, Square, A3 and 33.7cm x 24cm.
www.youvaworld.com
/youvaworld
youvaworld_
YouvaWorld_
youva
THINK. CREATE.


# સમગ્ર વિશ્વનાં કચ્છી જૈન સમાજોનું ગૌરવ

## આરતી ગ્રુપના શ્રી ચંદ્રકાંત ગોગરી તથા શ્રી રાજેન્દ્ર ગોગરીનો ફોર્બ્સની ભારતના 'ટોપ-૧૦૦ ધનિકો'ની યાદીમાં સમાવેશ

વિશ્વસનીય અમેરિકન મેગેઝિન ફોર્બ્સની વર્ષ ૨૦૨૦ની ભારતની ધનવાન ટોપ-૧૦૦ની યાદીમાં કચ્છના માંડવી તાલુકાના નાના ભાડિયા ગામના કચ્છી વીશા ઓશવાળ જ્ઞાતિના અને 'આરતી ગ્રુપ'ના સ્થાપક ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા તેમના લઘુબંધુ અને આરતી ગ્રુપના વર્તમાન ચેરમેન શ્રી રાજેન્દ્રભાઈ ગોગરીનો સમાવેશ થતાં ભારતના અને વિદેશના સમગ્ર કચ્છી સમાજમાં દિવાળી પહેલાં જ દિવાળી જેવો ખુશીનો માહોલ સર્જાઈ ગયેલ છે. સાથે સાથે સમગ્ર કચ્છી સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી જવા પામેલ છે. અંબાણી, અદાણી, પૂનાવાલા, ગોદરેજ, બિરલા જેવા ધનપતિઓની આ વર્ષની યાદીમાં ૯ નવા ધનપતિઓ સ્થાન પામ્યા છે, કે જે પૈકી ૧.૩૯ મિલિયન ડોલર્સના નેટવર્થ સાથે બંધુ બેલડી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી રાજેન્દ્રભાઈ ગોગરીનો સમાવેશ થયેલ છે.



**શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી**



**શ્રી રાજેન્દ્રભાઈ ગોગરી**

કેમિકલ એન્જિનિયરીંગની પદવી મેળવ્યા પછી વર્ષ ૧૯૮૪માં માતુશ્રી ધનવંતીબેન પાસેથી એમની અંગત બચતમાંથી રૂા. ૫,૦૦૦/- લઈને શરૂ થયેલ આરતી ગ્રુપ આજે વિકાસની દિશામાં સતત હરણફાળ ભરી રહેલ છે.

બેન્ઝિન આધારીત સ્પેશિયાલિટી ટાઈપના કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ઈન્ટરમિડિયેટ્સ ઈત્યાદિના ઉત્પાદનમાં 'ગ્લોબલ લીડર' ગણાતા આરતી ગ્રુપના વાપી, તારાપુર, ઝઘડિયા, દહેજ, સિલ્વાસા, ભચાઉ (કચ્છ), પીઠમપુર, ડોંબીવલી વગેરે ૧૬ જેટલા સ્થળોએ મહાકાય પ્લાન્ટ સ્થાપી તેઓએ પોતાના પ્રોડક્શન જારી રાખેલ છે. તેઓશ્રીની હેડ ઓફિસ મુંબઈ ખાતે સ્થાપિત થયેલ છે. દુનિયાભરમાં ૬૫૦થી વધુ ગ્રાહકોને પોતાનો સપ્લાય પૂરો પાડતા આરતી ગ્રુપની વિશેષતા એ છે કે આ પરિવારની ત્રણ પેઢી એક-બીજાના સહકારથી અહીં કાર્યરત રહેવા પામેલ છે. એટલું જ નહીં, પરંતુ અત્યંત સાદગીને વરેલા તમામ સભ્યો નામાંકિત યુનિવર્સિટીઓના સ્કોલર્સ પણ છે. તેઓ બધા પોતાને આરતી ગ્રુપના માલિક નહીં પણ ટ્રસ્ટી તરીકે ગણના કરી આરતી ગ્રુપ અંતર્ગત કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર ઉપરાંત ભારતભરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા આવે છે અને ગ્રામીણ શિક્ષણ, આરોગ્ય, રોજગાર, આદિવાસી ઉત્થાન, કુદરતી હોનારત બાદ પુનર્વસન ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાને ભાગ લઈ રહ્યા છે. ભારતના કોઈપણ રાજ્યમાં થતી હોનારતના સમયે ત્યાં પહોંચી જાય અને ત્યાંની પ્રજાના ઉત્થાન માટે અનેકવિધ કાર્યો માત્ર અને માત્ર સેવા ભાવનાથી કરે છે. એ પ્રદેશ જમ્મુ-કાશ્મીર હોય, બિહાર હોય કે અન્ય કોઈ રાજ્ય હોય પરંતુ કુદરતી

હોનારત જેવી કે ધરતીકંપ, પૂર પ્રકોપ, વાવાઝોડા વગેરેના સમયે તેઓ ત્યાં પોતાની સેવાકીય પ્રવૃત્તિઓની આહલેક જગાવી, ત્યાંની જનતાના ઉત્થાનના કાર્યો કરે છે. તેઓશ્રી વિનમ્રભાવે જણાવે છે કે અમે જે પૈસો કમાઈએ છીએ તે ભારતના વિવિધ રાજ્યો હોય કે દુનિયાભરના દેશો હોય, તેઓની તકલીફના સમયે અમે કોઈ કાર્ય કરીએ તો તે અમારી ફરજનો એકમાત્ર ભાગ જ છે.

શ્રી ચંદ્રકાંતભાઈ જણાવે છે કે જીવનમાં એક લેવલ સુધી પહોંચ્યા બાદ દરેક વધતા ઝીરોની વેલ્યુ એકસરખી થઈ જાય છે. પૈસાની વેલ્યુ ત્યારે જ ગણી શકાય કે જ્યારે એ પૈસાનો ઉપયોગ સદ્કાર્યમાં થાય. અમે સદાય સદ્કાર્ય કરી શકીએ, સમાજને મદદરૂપ થઈ શકીએ એ જ અમારા માટે મહત્ત્વનું છે.

તેઓશ્રી વિશેષમાં જણાવે છે કે અત્યારે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ માટે સારો સમય છે પરંતુ કોઈ એક વ્યક્તિની મહેનતથી કોઈ ઈન્ડસ્ટ્રીઝ ઉપર આવતી નથી. તેથી તેઓએ મેળવેલ સિધ્ધિ માટે સમગ્ર ગ્રુપનું ટીમ વર્ક, હાર્ડ વર્ક, પ્રામાણિકતા અને તેનાથી વિશેષ તો પાયાથી નક્કી કરેલ ચોક્કસ સિદ્ધાંતો છે. આ બધાના કારણે જ આરતી ગ્રુપ ઉચ્ચ સ્થાને પહોંચી શકેલ છે.

તેઓશ્રીની અમદાવાદ તથા ગુજરાતની વાત કરીએ તો તેમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવનમાં, ત્યાંના મેડિકલ સેન્ટરમાં તથા શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા ડાયાલિસિસ સેન્ટરમાં અમૂલ્ય ફાળો નોંધાવેલ છે. એ જ રીતે વિચરતા સમુદાય કે જેની પ્રવૃત્તિઓ મિત્તલ પટેલ ચલાવી રહેલ છે, તેમાં પણ તેઓશ્રીનો અગ્રીમ સહકાર છે. વાત્રકની સયાજીરાવ હોસ્પિટલમાં તો તેમની આર્થિક સેવાઓ અનન્ય છે તથા ત્યાં નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ વગેરે સ્થાપેલ છે. આ કાર્યો કરવા પાછળનો તેઓનો ધ્યેય ત્યાંના આદિવાસી વિસ્તારની ઉન્નતિ થાય તેવો રહેલ છે.

આ પ્રસંગે આપણે આરતી ગ્રુપને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ બદલ અભિનંદન પાઠવીએ.

## મૂકેશ અંબાણી સતત તેરમી વખત ટોચ પર રહેલ છે

ફોર્બ્સ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલ યાદી મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મૂકેશ અંબાણી સતત ૧૩મા વર્ષે ભારતની સૌથી ધનવાન વ્યક્તિઓની યાદીમાં ટોચ પર રહેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | મૂકેશ અંબાણી | : ૮૮.૭ અબજ ડોલર |
| ૨. | ગૌતમ અદાણી | : ૨૫.૨ અબજ ડોલર |
| ૩. | શિવ નાડર | : ૨૦.૪ અબજ ડોલર |
| ૪. | રાધાકૃષ્ણ દામાણી | : ૧૫.૪ અબજ ડોલર |
| ૫. | હિન્દુજા બ્રધર્સ | : ૧૨.૮ અબજ ડોલર |
| ૬. | સાયરસ પૂનાવાલા | : ૧૧.૫ અબજ ડોલર |
| ૭. | પાલનજી મિસ્ત્રી | : ૧૧.૪ અબજ ડોલર |
| ૮. | ઉદય કોટક | : ૧૧.૩ અબજ ડોલર |
| ૯. | ગોદરેજ ફેમિલી | : ૧૧.૦ અબજ ડોલર |
| ૧૦. | લક્ષ્મી મિત્તલ | : ૧૦.૩ અબજ ડોલર |

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

## વિભાગ-૧ :

● દીપાવલી – નૂતન વર્ષની શુભેચ્છા ● ઋણ સ્વીકાર ........ ૭

### તંત્રી લેખ :

● દિવાળી પ્રસંગે શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદન ........ ૮
● અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૯

### દીપશિખા

● દિલના દીપ ........ **સુનિતા એ. શાહ** ..... ૧૦
● નૂતન વર્ષાભિનંદન : **રજનીકાંત ઓઝા** ● દીપોત્સવ : **રમેશચંદ્ર જા. વૈદ્ય** ........ ૧૦
● સ્મિતથી સ્મિતનું સર્જન કરીને દુનિયાને રોશન કરીએ ........ **જાગૃતિ તન્ના 'જાનકી'** ..... ૧૧
● દીપશીખા કોઈ પ્રબલ - પ્રચંડ ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ..... ૧૨

## લેખ

### વિશેષ

● શ્રી નારાયણી નમોસ્તુતે ........ **હરિદાસ કે. ઠક્કર** ..... ૧૪
● નવા વર્ષના નવા નિયમો ........ **વૈશાલી પારેખ** ..... ૧૫
● દીપોત્સવી ઉત્સવ માત્ર ઘોંઘાટ, ધડાકા કે ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૬
● આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું પર્વ : દિવાળી ........ **મહાભાઈ આર. વોરા** ..... ૧૭

### વિચાર મંચ

● જુદા જુદા કેલેન્ડરનું મહત્ત્વ ........ **ડૉ. યાસીન દલાલ** ..... ૧૮
● કુદરતની કોરોના સ્કીમ શા માટે લોન્ચ થઈ?...... **ડૉ. નવીન પારેખ,** Ph.D. in Jainology ........ ૨૦

### કાનૂન

● ઈન્ફોર્મેશન એક્ટની કલમ-૬૬(A) – વાંચો પછી લખો ........ **મિતેષ એમ. સોલંકી,** M.Sc., M.Phil., MBA ........ ૨૨

### અભિગમ

● કિન્નરો પ્રત્યેની સમાજ અને સરકારની ફરજ ........ **જશવંતીબેન નવીનચંદ્ર મહેતા** ..... ૨૪

## વિભાગ-૨ :

### મનોરંજન / હાસ્ય તરંગ

● હાસ્યના પ્રયોગો - રિસેપ્શન છૂટાછેડાનો જાપાનમાં! ........ **ચિત્રસેન શાહ** ..... ૨૫
**નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, જી.ઈ.બી.**
● શરૂ થાય છે લગ્નમાં સુધારાઓ!........ **નિરંજન ત્રિવેદી** ..... ૨૯
● ઘર હોય તો બે વાસણ ખખડેય ખરાં!........ **ચંદ્રકાંત વાગડિયા** ..... ૩૧
● 'ગિફ્ટ' – દુનિયા ગોલ છે........ **કિરણ પરેશ ઠક્કર** ..... ૩૩
● એ સાસુ કેમ વિસરે?........ **એમ. ડી. સોલંકી** ..... ૩૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપર... *ઉપરાંત*.... www.hellokutchis.com ઉપર વાંચી શકાય છે.**

## રૂપેરી રંજન


● વિરાટ દર્શનના વિધિ-વિધાન ........ **હંસરાજ કંસારા** ..... ૩૭
● પુરુષ યુગલ ગીત ........ **નિમિષ વોરા** ..... ૩૯
● ફિલ્મોમાં રાસ ગરબાની રમઝટ ........ ૪૦
● ફિલ્મી પડદા પર ભાઈ-બહેનના પ્રેમ પ્રતીક જેવાં ગીતો ........ ૪૨

★ જોક્સ જંકશન (વિવિધ જોક્સનો ખજાનો) ........ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૪૪
★ કાવ્ય - મુક્તક - ગઝલ - શેર શાયરીની મહેફિલ ........ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૫૦


## કચ્છ


● ભારતના આર્થિક વિકાસને અજવાળતું પ્રવાસન ક્ષેત્રે કચ્છ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૫૬
● કચ્છની કલા - કસબ ........ ૫૭


## સ્વાસ્થ્ય


● સ્વાસ્થ્ય સંબંધી આવશ્યકતા :
★ વિટામિન બી-૧૨ ★ દિવસભર તાજગી બક્ષતો પૌષ્ટિક બ્રેકફાસ્ટ ........ ૫૮
★ પાણી પીવો અને પથરીને દૂર રાખો ★ સ્વાસ્થ્ય સંબંધિત બાબતો ........ ૫૯
★ ડેન્ગ્યુ અને ચીકન ગુનીઆને રોકી શકાય છે ........ ૬૦


## YOUTH CLUB


● Some Golden Rays ........ Presentation : Dinesh R. Mehta ....... ૬૧


## ગેમ્સ ગેલેરી


● નવરાત્રિ સ્પેશિયલ ........ **ભાવના એ. ઝવેરી** ..... ૬૨
● ગેમ્સ - પઝલ - ક્વિઝ ........ **સંકલન : કિરણબેન પી. ઠક્કર** ..... ૬૩


## વૈવિધ્ય


● આંજો કાગર ........ ૬૪
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૬૪
● લઘુકથા : સુખડી ........ **રસેશ રાવલ** ..... ૬૫


## નિયમિત વિભાગો


● ***Nano Nine*** શબ્દ રમત-૧૬૬ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૭
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક : ૧૧૨૪) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૯
● બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૭૦


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ


● સમાજ દર્પણ ........ ૭૧
● સંસ્થા સમાચાર ........ ૭૧


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

શુભ દીપાવલી પ્રસંગે
અને નૂતન વર્ષના મંગલમયી પ્રભાતે
સર્વેને હાર્દિક શુભ કામના....



**પ્રદીપ મહેતા**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી

**ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**
**તથા 'મંગલ મંદિર' પરિવાર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ઋણ સ્વીકાર

*દીપકના પ્રકાશથી ઝગમગતા દીપાવલી પર્વમાં વાચકવર્ગના હર્ષોલ્લાસમાં હિસ્સેદાર બનવા 'મંગલ મંદિર'નો આ વર્ષનો દીપોત્સવી વિશેષાંક કોરોના સંક્રમણના પ્રકોપથી વ્યાપેલા તનાવ અને ડરના માહોલને દૂર કરવા... "હાસ્ય તરંગ"ના થીમ હેઠળ પ્રકાશિત કર્યો છે. જેમાં જોક્સ, કાવ્ય, ગીત-ગઝલ, શેર-શાયરી તથા હળવી શૈલીની લેખન સામગ્રીઓની વિવિધ વાનગીઓ પીરસવામાં આવી છે. નોંધનીય છે કે પ્રતિવર્ષની પરંપરા જાળવવા અમારા વિજ્ઞાપન સૌજન્ય દાતાશ્રીઓએ પોતાની વિજ્ઞાપન વિશેષાંકોમાં પ્રકાશિત કરાવીને જરૂરી સાથ-સહકાર આપતા હોય છે. વર્તમાન સમયમાં કોરોના વાયરસ સંક્રમણના પગલે સમગ્ર ઉદ્યોગ-ધંધા અને માર્કેટમાં આર્થિક પરિસ્થિતિ ખૂબ જ પ્રતિકૂળ રહી છે. આ સંજોગોમાં વિજ્ઞાપનના માધ્યમથી આર્થિક સહયોગ પ્રાપ્ત કરવાનું બિલકુલ અશક્ય છે. આ કારણે 'મંગલ મંદિર'નો દીપોત્સવ વિશેષાંક વિશેષ સ્વરૂપે નહીં પરંતુ નિયમિત અંકોની માફક પ્રકાશિત કરવાનું યોગ્ય માન્યું છે. આપ સૌ આ નિર્ણયને વધાવીને સાથ-સહકાર આપશો, તેવી ઉમેદ છે. આ તબક્કે દરેક સાથી સમાજ, મહાજન, સંસ્થા, પ્રતિષ્ઠાનો, તેમના સંચાલકો, હોદ્દેદારો અને સમાજના અગ્રણીઓ સાથે આ સમાજના દરેક હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માનીને નવા વર્ષની સર્વે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.*

***– તંત્રી મંડળ***



તંત્રીલેખ

# દિવાળી પ્રસંગે શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદન....

સર્વે સમાજ પરિવારજનોને તથા સમગ્ર કચ્છી સમુદાયને દિવાળીની શુભેચ્છા તથા નૂતન વર્ષ શુભ ફળ આપનારું, યશસ્વી અને સુખમય નીવડે અને સર્વે પરિવારજનોને પ્રગતિના શિખરો તરફ લઈ જાય એવી શુભ કામના!

તે સાથે સમગ્ર વિશ્વ કોરોના વાયરસના સંક્રમણથી તુરત મુક્ત થાય તેવું આપણે સૌ હૃદયપૂર્વક ઈચ્છીએ.

દીપોત્સવ અને નવા વર્ષના પર્વો એટલે દીપ ઉત્સવના પર્વ, આનંદના પર્વ, આશા-ઉમંગના પર્વ તથા શક્તિના સંચારના પર્વ છે. માનવ માત્રના જીવનમાં પર્વો, ઉત્સવો, તહેવારો... મનમાં નવી તાજગી તથા ચેતના પ્રદાન કરે છે. આ શુભ સમયે આપણે સૌ આપણા આંતરદીપને પ્રગટાવીએ અને સમાજના હિતમાં અને સમાજ પરિવારજનોની પ્રગતિ માટે મજબૂત શક્તિનું નિર્માણ કરીએ. 'તમસો મા જ્યોતિર્ગમય' – પ્રકાશના પુંજનું સર્જન થાય, એવી અભ્યર્થના.

દિવાળી એ હિંદુઓનો સૌથી મહત્ત્વનો તહેવાર છે. આમ છતાં આ તહેવાર માત્ર હિંદુ ધર્મનો જ નથી અને ભારત પૂરતો જ સીમિત નથી. વિશ્વના ઘણા દેશો અને અલગ-અલગ ધર્મોના લોકો આ તહેવાર ધામધૂમથી ઉજવે છે. તે ઉપરાંત, દીપોત્સવ પર્વ માત્ર એક દિવસ માટે ઉજવાતું પર્વ નથી. ગુજરાતમાં તો આસો વદ અગિયારસ - રમા એકાદશીથી કારતક સુદ પાંચમ - લાભ પાંચમ સુધી દીપોત્સવના ઉત્સવો ચાલે છે. રમા એકાદશી, વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ – એમ સતત ઉત્સવની હારમાળા ઉજવાય છે. પર્વના આ દિવસોમાં દીપમાળા પ્રગટાવીને આપણે ભારતીય સંસ્કૃતિને સજાવીએ છીએ. દિવાળી એટલે તેજ અથવા પ્રકાશ અને આ પ્રકાશનું પ્રતીક એ દીપક છે. આ દીવો માત્ર અજવાળું આપતો દીવો નથી પરંતુ અંધકાર પર પ્રકાશના, અજ્ઞાન પર જ્ઞાનના અને આસુરી વૃત્તિ પર દૈવી સદ્‌વૃત્તિના વિજયનું પ્રતીક છે.

આ વર્ષે આ બધી ઉજવણીમાં લોકોનો ઉત્સાહ તથા ઉમંગ હંમેશાંની માફક નહીં જોવા મળે. તેનું કારણ આપણે સૌ જાણીએ છીએ તેમ... કોરોના વાયરસની મહામારી. તેનાં કારણે વિશ્વમાં ચારે તરફ તનાવ અને ડરનો માહોલ છવાયેલો છે. કોરોના વાયરસના સંક્રમણે આજે માનવજાતને નિસ્તેજ કરી નાખી છે. તેનાં પગલે દુનિયાભરમાં એક પ્રકારનો સન્નાટો છવાઈ ગયો છે. આ પ્રકારની સ્થિતિમાં આપણે ઈચ્છીએ કે દિવાળીના દીવાનો દેદીપ્યમાન પ્રકાશ વિશ્વમાં કોરોના વાયરસના કારણે છવાયેલો અંધકાર એકદમ દૂર કરનારું નીવડે અને તેનાં પગલે છવાયેલા સન્નાટાના માહોલના સ્થાને સમગ્ર માનવજાતના મુખ પર પ્રચુર ખુશી અને આનંદ રેલાવે. નૂતન વર્ષના પ્રથમ દિને પૃથ્વી પર છવાતા સૂર્યના સોનેરી કિરણો કોરોના સંક્રમણ પહેલાની સ્થિતિનું નિર્માણ કરશે તેવી પ્રાર્થના કરીએ. **તે દરમિયાન આ દીપોત્સવના પ્રસંગે 'મંગલ મંદિર'નું વિશેષાંક 'હાસ્ય તરંગ' થીમ હેઠળ પ્રકાશિત કરીને લોકોના દિલ-દિમાગમાં કોરોનાના કારણે અચાનક છવાયેલા તનાવ અને ભયની સ્થિતિને 'હળવા મનોરંજન'ના માધ્યમથી હળવી કરવા એક પ્રયાસ કર્યો છે.**

વધુમાં, કોરોના વાયરસ સંક્રમણના પગલે સમગ્ર ઉદ્યોગ-ધંધા અને માર્કેટમાં આર્થિક પરિસ્થિતિ ખૂબ જ પ્રતિકૂળ રહી છે. આ સંજોગોમાં વિજ્ઞાપનના માધ્યમથી આર્થિક સહયોગ પ્રાપ્ત કરવાનું બિલકુલ અશક્ય છે. આ કારણે 'મંગલ મંદિર'નો દીપોત્સવ વિશેષાંક વિશેષ સ્વરૂપે નહીં પરંતુ નિયમિત અંકોની માફક પ્રકાશિત કરવાનું યોગ્ય માન્યું છે. આપ સૌ આ નિર્ણયને વધાવીને સાથ-સહકાર આપશો, તેવી ઉમેદ છે.

હે પ્રભુ! નૂતન વર્ષે સમગ્ર પરિવારજનો પર અમિદૃષ્ટિ કરીને સનાતન સુખ, શાંતિ પ્રદાન કરજો!!

## ફોર્બ્સે બહાર પાડેલ યાદીમાં પ્રથમવાર મૂળ કચ્છના બે ઉદ્યોગપતિઓ
## ચંદ્રકાંત ગોગરી અને રાજેન્દ્ર ગોગરીને
## દેશના ૧૦૦ ધનિકોમાં સ્થાન

અમેરિકામાંથી પ્રકાશિત થતાં ફોર્બ્સ મેગેઝિન દ્વારા તાજેતરમાં બહાર પડાયેલી ભારતના ટોચના ૧૦૦ ધનિકોની યાદીમાં મૂળ કચ્છના હાલે મુંબઈ સ્થિત બે ઉદ્યોગપતિઓ ચંદ્રકાંત ગોગરી અને રાજેન્દ્ર ગોગરીને સ્થાન મળ્યું છે. કેમિકલ અને દવાઓનું ઉત્પાદન કરતી આરતી ઈન્ડસ્ટ્રીઝના આ માલિકો ૧.૩૯ બિલિયન ડોલર્સથી વધારે સંપત્તિ સાથે ભારતમાં ૯૬મા ક્રમે ધનિક બન્યા છે. ફોર્બ્સની યાદીમાં પ્રથમવાર એન્ટ્રી મેળવનારા આ બંને કચ્છી માદરે વતન અને મુંબઈમાં અનેક સેવાકીય કાર્યો કરી રહ્યા છે. મૂળ કચ્છી અઝીમ પ્રેમજી બાદ દેશના ધનિકોની યાદીમાં હવે ગોગરી બંધુઓના નામનો સમાવેશ થયો છે. જે કચ્છ અને કચ્છી પ્રજાજન માટે ખૂબ જ ગૌરવ અને આનંદના સમાચાર છે. મૂળ માંડવી તાલુકાના આ ઉદ્યોગપતિઓએ મુંબઈમાં કચ્છી ફાઉન્ડેશનની સ્થાપના કરી છે. આ ઉપરાંત મુંબઈ મહાજન, સહિયારુ અભિયાન સહિત અન્ય સંસ્થાઓમાં પણ મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે. દેશનાં કોઈપણ વિસ્તારોમાં સ્થિત સામાજિક, તબીબી તથા શૈક્ષણિક ક્ષેત્રની સંસ્થાઓમાં તેમજ કુદરતી આફતોના સમયે તેઓશ્રી ખૂબ જ નમ્રભાવે પોતાનો આર્થિક સહયોગ આપવા હંમેશાં તત્પર રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચંદ્રકાંત ગોગરી પરિવાર કચ્છ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને અન્ય કચ્છી સંસ્થાઓ સાથે ખૂબ જ નીકટથી સંકળાયેલા રહ્યા છે અને તેવી સંસ્થાઓની સામાજિક સેવાઓ અંતર્ગતની અનેક યોજનાઓમાં પોતાનો આર્થિક સહયોગ સારા પ્રમાણમાં પ્રદાન કરી ચૂક્યા છે.

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : નવેમ્બર

૦૭ રાષ્ટ્રીય કેન્સર જાગરુકતા દિન
૦૯ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિન
૧૧ શિક્ષા દિન
૧૪ બાલ દિન (જવાહરલાલ નેહરુ જન્મદિન)
૧૬ રાષ્ટ્રીય પત્રકારિતા દિન
૨૦ બાળ અધિકાર દિન
૨૪ એન.સી.સી. સ્થાપના દિન
૨૬ રાષ્ટ્રીય કાયદા દિન

### માસ : ડિસેમ્બર

૦૧ બીએસએફ સ્થાપના દિન
૦૨ પ્રદૂષણ નિવારણ દિન
૦૪ નૌસેના દિન
૦૬ નાગરિક સુરક્ષા દિન
૦૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૪ ઊર્જા સંરક્ષણ દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા

## વિશ્વ : અગત્યના દિન

### માસ : નવેમ્બર

૦૯ વિશ્વ ઉર્દૂ દિન
૧૪ વિશ્વ ડાયાબિટીસ દિન
૧૯ વિશ્વ શૌચાલય દિન
૨૦ વિશ્વ બાળ અધિકાર દિન
૨૭ વિશ્વ મહિલા હિંસા નિવારણ દિન

### માસ : ડિસેમ્બર

૦૧ વિશ્વ એઈડ્સ દિન
૦૩ વિશ્વ વિકલાંગ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૧ યુનિસેફ દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા





## દિલના દીપ



આવો આજે દીપ દિલના પણ પ્રગટાવીએ
રોશન ભીતરથી ખુદને પણ બનાવીએ
જગતનો ઝગમગાટ લાગે છે બહુ સારો
જરા આતમનો દીવો પણ ઝગમગાવીએ.

ભલું કોઇનું કરીએ અને એના ગમને ભૂલાવીએ
આંસુ કોઈની આંખોના લૂછીને એને હસાવીએ
ભૂખ્યાની ભૂખ ભાંગીને આંતરડી એની ઠારીએ
આવો આજે દીપ દિલના પણ પ્રગટાવીએ.

દિવાળીની ખુશીઓ, ફટાકડા અને મીઠાઈઓ
કોઈ ગરીબની ઝુંપડીમાં પણ પહોંચાડીએ
ખુશીઓ એમના હિસ્સાની એમને પણ આપીએ
આવો આજે દીપ દિલના પણ પ્રગટાવીએ.

વિશ્વના લોકોમાં છે ગભરાહટ, વિષમ ઘડી છે જાણીએ
ગભરાયેલા દિલોને સાંત્વન આપીને સમજાવીએ
દિલોના અંધકારને પ્રકાશ રેલાવી અજવાળીએ
આવો આજે દીપ દિલના પણ પ્રગટાવીએ.

ચાલી જશે આ ઘડી પણ મનને એમ મનાવીએ
સારો સમય આવશે પાછો ફરી એને એમ જણાવીએ
સુખનો સૂરજ ઊગશે પાછો વિશ્વાસ મનમાં જગાવીએ
આવો આજે દીપ દિલના પણ પ્રગટાવીએ.

**સુનિતા એ. શાહ**
**૪૦૧, મૌર્યપ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં,**
**ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬.**
**મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩**



## નૂતન વર્ષાભિનંદન

*યુવાનોને રામરામ, વડીલોને હો વંદન*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

*સુખ હો સમૃદ્ધિ હો, હોજો શાંતિ અપાર*
*ચારે દિશાએથી મળજો, શુભ શુદ્ધ વિચાર.*

*જીવનમાં સુગંધ હો, જાણે કે પ્રસર્યું ચંદન*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

*તનસુખ, મનસુખ હોજો ધનનું સુખ*
*સુખનો સાગર છલકે, દૂર હો સબ દુઃખ*

*નવા વર્ષનો સૂરજ લાવે ફૂલો જેવા સ્પંદન*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

**રજનીકાંત ઓઝા - ભુજ**
**મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦**





## દીપોત્સવ

*રજની હટે કે ના હટે, દીવડા ઓજલતા રહેશે;*
*દિન પછી માસો અને વરસો ભલે બનતા રહેશે.*

*ઉજાસ હૈયાનો, જનોને પ્રગટાવીને દીવડા ગમે —*
*લાખ કાંટા ઉર ચુભ્યા, આજ તે ખમતા રહેશે.*

*રંગ, રાગ, મધુર ગાઈ, રાતો થશે રળિયામણી,*
*દુ:સ્વપ્નમાં પણ આમ ચહેરા આજ તો હસતા રહેશે.*

*જેટલી મજા હો માણવી, લઈ લ્યો મજાઓ તેટલી,*
*જિંદગી આખી, પછીના બાકી દિનો ગમતા રહેશે.*

*દીપકો તો પ્રેમની જ્યોતે હૃદયમાં ઝગમગાવજો;*
*રોજના સૂરજ પછી, તો, આવી રીતે ઉગતા રહેશે.*

**રમેશચંદ્ર જા. વૈદ્ય - ભુજ, કચ્છ**
**મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬**



દીપશીખા

# સ્મિતથી સ્મિતનું સર્જન કરીને દુનિયાને રોશન કરીએ



જાગૃતિ તન્ના "જાનકી"

ભારતમાં ઉજવાતો સૌથી મોટો તહેવાર એટલે દિવાળી. હવે એમ થાય કે આ 'દિવાળી' શબ્દ આવ્યો ક્યાંથી? તો દીવડાઓની હારમાળા જેને સંસ્કૃતમાં દીવડો = દીપ અને હારમાળા = આવલી. એમ દીપ + આવલી એટલે 'દીપાવલી.' જેને આપણે ટૂંકા નામથી દિવાળી તરીકે ઓળખીએ છીએ. **આમ જોવા જઈએ તો દિવાળીનો તહેવાર એ વિવિધતામાં એકતાના પ્રતીક સમાન છે. કેમકે, દિવાળી ઉજવવા પાછળના ત્રણ કારણો છે :**

૧. જ્યારે ૧૪ વર્ષના વનવાસ પછી ભગવાન શ્રીરામ, રાવણનો વધ કરીને પત્ની સીતાજી અને ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા તેની ખુશીમાં દિવાળી ઉજવવામાં આવે છે. પુરાણોમાં ઉલ્લેખ મુજબ અમાસના અંધકારભર્યા માર્ગ પર પ્રકાશ પાથરવા માટે અયોધ્યાના લોકોએ ઘીના દીવા કર્યા હતા. આમ, જ્ઞાનના પ્રકાશ સમા ભગવાનનું સ્વાગત પણ દીવાના પ્રકાશ દ્વારા કરવામાં આવ્યું હતું.

૨. જ્યારે જૈન ધર્મમાં દિવાળીનો સંદર્ભ દિપાલીકાયા શબ્દ સાથે સંકળાયેલો છે. દિપાલીકાયા એટલે 'શરીર છોડીને જતો પ્રકાશ.' મહાવીર સ્વામીએ અમાસની વહેલી સવારે નિર્વાણ મેળવ્યું હતું. કલ્પસૂત્ર અનુસાર જ્ઞાનનો પ્રકાશ જતો રહ્યો હોવાથી તેમના ગુરૂના જ્ઞાનની જ્યોતને જીવંત રાખવાના પ્રતીક તરીકે કાશી અને કોશલના ૧૮ ગણ - રાજા, ૯ મલ્લ અને ૯ લિચ્છવીઓએ તેમના દરવાજા પ્રકાશિત કર્યા હતા.

૩. જ્યારે શીખ ધર્મમાં દિવાળીની ઉજવણી પાછળનું કારણ એ છે કે છઠ્ઠા શીખ ગુરૂ હર ગોબિંદસિંહજીને બાદશાહ જહાંગીરે અન્ય પર રાજાઓ સાથે ગ્વાલિયરના કિલ્લામાં બંદી બનાવ્યા હતા અને તેઓ જ્યારે મુક્ત થઈને પરત ફર્યા ત્યારે લોકોએ સુવર્ણ મંદિરમાં રોશની કરીને શીખ ગુરૂ હર ગોવિંદસિંહજીના પુનરાગમનને આવકાર્યું હતું.

આમ, દિવાળીનો પર્વ ઉજવવા પાછળના કારણો ભલે વિવિધ હોય, છતાં દિવાળીનો પર્વ એટલે પ્રકાશનો પર્વ. એના થકી એકતા પણ જળવાઈ રહે છે.

આ ઉપરાંત દિવાળી એક એવો તહેવાર છે, જેમાં દરેક બાબતોનો સમાવેશ થાય છે. તેમાં ધાર્મિક મહત્ત્વ તો રહેલું જ છે. લોકો ભક્તિભાવથી ઈશ્વરનું પૂજન કરે છે. ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. તેની સાથે રંગોળીનું પણ અનેરું મહત્ત્વ છે. **પુરાણોમાં ઉલ્લેખ મુજબ રંગોળી કરવાથી સારી ઊર્જા ઘર તરફ આકર્ષાય છે.** તો સાથે મીઠાઈઓનું પણ મહત્ત્વ રહેલું છે. એકબીજાને મીઠાઈ આપવા પાછળ કે મીઠું મોઢું કરાવવા પાછળનો આશય સંબંધોમાં મીઠાશ જાળવવાનો અને લાવવાનો હોય છે. ફટાકડા પણ ફોડવામાં આવે છે. સાથે નવા વર્ષની શરૂઆત પણ થાય છે. આમ, દિવાળીનો પર્વ એ બાળકો, યુવાનો, વૃધ્ધો સૌને કંઈક ગમતું લાવે છે. તો આ રીતે પણ દિવાળી વિવિધતામાં એકતારૂપ થઈ ગણાય.

દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ અને બીજા દિવસથી નૂતન વર્ષ પ્રારંભ થાય છે. દિવાળીની સાંજે દીવડાઓ પ્રગટાવવામાં આવે છે, લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે અને ત્યારબાદ ફટાકડા ફોડવામાં આવે છે અને ફટાકડાઓની આ આતશબાજી આખી રાત ચાલે છે. જેના દ્વારા નૂતન વર્ષનું સ્વાગત કરવામાં આવે છે. એ જાણતા હોવા છતાં કે ફટાકડા આપણા સ્વાસ્થ્ય માટે અને પર્યાવરણ માટે હાનિકારક છે, તેમ છતાં આખી રાત આતશબાજી કરવામાં આવે છે. તહેવાર વર્ષમાં એકવાર આવે છે એટલે ફટાકડા ભલે ફોડીએ પણ એટલા બધા પણ નહીં કે જેથી નવા વર્ષનું સ્વાગત પર્યાવરણને નુકસાન પહોંચાડીને અને આપણા માટે શ્વસનતંત્રની બીમારીઓને નોતરીને કરીએ. લોકો એકબાજુ લક્ષ્મીજીની પૂજા કરીને ઊભા થાય અને બીજી બાજુ મોટા પ્રમાણમાં ફટાકડા ફોડીને એ જ લક્ષ્મી સ્વરૂપ પૈસાનું પાણી કરતા જોવા મળે છે. ફટાકડાઓથી જે રોશની થાય એ ખૂબ ગમે તેવી હોય છે પણ વધારાના **ફટાકડા ખરીદવાને બદલે પૈસા કોઈ જરૂરિયાતમંદને આપીને તેમના ચહેરા પરની જે ખુશીની ચમક જોવા મળશે એ ફટાકડાની રોશની પાસે તો ઝાંખી જ લાગશે.** અને આ ફટાકડાની રોશની તો ક્ષણિક જ હોય છે જ્યારે ખુશીની ચમક તો કાયમી હોય છે. તો ચાલો, આ દિવાળી ક્ષણિક નહીં પણ કાયમી રોશનીથી દિવાળી ઉજવીએ. આ દિવાળી દીપથી દીપ પ્રગટાવીને અજવાળું કરવાની સાથે સ્મિતથી સ્મિતનું સર્જન કરીને આ દુનિયાને રોશન કરીએ.

*માધાપર, શેરી નંબર-૧, મોરબી-૩૬૩ ૬૪૧.*
*મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*

દીપોત્સવ

# દીપશીખા કોઈ પ્રબલ - પ્રચંડ!



ચંદ્રકાંત પટેલ ‘સરલ’

પ્રકાશ જ માનવ જીવનને સજાવે છે, સંવારે છે અને દેદીપ્યમાન બનાવે છે. પ્રકાશ વિનાનું જીવન અંધકારમય ભાસે છે. જીવનમાં જો અંધકાર હોય તો પારકાં કે પોતીકાં, કોઈ આપણી પાસે ફરકતું નથી. જો પ્રકાશ હોય તો જ લોકો દોડી આવે છે. જેમ અંધકારમાં એક દીવો પ્રગટાવતા અસંખ્ય કીટકો ત્યાં દોડી આવે છે. જો અંધારું હોય તો એકપણ કીટક ત્યાં આવતું નથી.

દીપકને આપણા શાસ્ત્રોએ અગ્નિદેવની સાક્ષી તરીકે વર્ણવ્યો છે. **શુભ કાર્યને સફળ બનાવવા અને નિર્વિઘ્ને પાર પાડવા માટે દીવડાને પ્રગટાવવામાં આવે છે.** આપણા પ્રાચીન પૂર્વજો પોતાની સુખાકારી અને આરોગ્યની જાળવણી માટે દરરોજ ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ દિશા – એમ ત્રણ બાજુ દીવડાઓ પ્રગટાવતા હતા.

ઉત્તર દિશા બાજુ દીવો સળગાવવાથી ધનપ્રાપ્તિ થાય છે. પૂર્વ દિશા બાજુ દીવો સળગાવવાથી આયુષ્યની વૃધ્ધિ થાય છે અને પશ્ચિમ દિશા બાજુ દીવો સળગાવવાથી સર્વ પ્રકારના લાભો થાય છે અને જીવનની ઉન્નતિ થાય છે એમ પૂર્વજો માનતા હતા. દક્ષિણ દિશા, એ યમરાજાની દિશા હોવાથી તે દિશા બાજુ દીવો રખાતો ન હતો, કે પ્રગટાવાતો પણ ન હતો.

સ્કંદ પુરાણમાં તમામ જ્યોતિ, જેવી કે સૂર્ય જ્યોતિ, ચંદ્ર જ્યોતિ અને અગ્નિ જ્યોતિ વગેરે જ્યોતિથી પણ ‘દીપક જ્યોતિ’ને સર્વોત્તમ ગણાવાઈ છે.

કોડિયામાં પ્રગટાવેલો દીવડો પ્રકાશ રેલાવતો હોય છે ત્યારે મંદ મંદ હવાની લહેરખીઓ સાથે દીવાની જ્યોત આમતેમ ડોલતી હોય છે. જ્યોતિના ડોલન સાથે આસપાસનો પ્રકાશ પણ ડોલતો હોય છે. એ દૃશ્ય અનુપમ લાગે છે, આંખોને ગમે છે.

સવારનો સૂર્યનો પ્રકાશ સૃષ્ટિને અજવાળે છે, ઊંઘતા લોકોને જગાડે છે. સાંજનો અસ્તાચળ માણસને ઊંઘ તરફ લઈ જાય છે ને ચંદ્રનો પ્રકાશ રાત્રિના વાતાવરણને આહ્લાદક બનાવે છે.

મનુષ્યના જીવનનું પણ આવું જ છે. તેમના જીવન પર અજ્ઞાન અને અહમ્‌નો અંધકાર છવાયેલો છે. જ્યારે સત્ય સમજાતાં તેમનું મન ભૌતિકતાનું આવરણ હટાવી પરમાત્મા તરફ વળે છે ત્યારે શીતળ જ્ઞાનનો ચંદ્ર ઉદય પામી જીવનને પ્રકાશમય બનાવે છે.

સંતોએ દીવડામાંથી શીખ લઈને પોતાના સત્ત્વસિદ્ધાંતો જગતને આપ્યા છે ને જગતમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો છે.

*ઈસ તનકા દીવા કરો, વાતા મેલ્યું જીવ*
*લૌહા સીચોતેલ જયું કવ મુખ દેખોં પીવ.*

દીવો સળગે છે ત્યારે જ જ્યોતિનો આવિર્ભાવ થાય છે. સાધક પણ જ્યારે પોતાની જાતને કષ્ટ આપે છે ને બહુ કઠિન તપ કરે છે ત્યારે જ તેના દિલમાં દીવો થાય છે ને તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

આપણા મહાજ્ઞાની સંત કબીરે પણ સ્વીકાર્યું છે કે ગુરૂ વિના જ્ઞાનનું અજવાળું થતું નથી. **જો મને ગુરૂ ન મળ્યા હોત તો મારામાં રહેલો અજ્ઞાનનો પરદો ખસ્યો ન હોત.** ગુરૂની કૃપાથી મેળવેલા જ્ઞાનનો દીપક જ મારા માટે સૌથી મોટી ભેટ છે. જ્ઞાનદીપની જ્યોતિ જ માયાના અંધકારને ચીરીને બ્રહ્મના સાચા સ્વરૂપનું દર્શન કરાવે છે.

*ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે –*

*न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।*
*तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥*

આ વિકટમય અને અંધકારમય સંસારમાં જ્ઞાનના જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી; એ જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્તઃકરણ થયેલો માણસ આપમેળે જ આત્મામાં પામે છે.

**જીવનને જ્યોતિમય કરવું એટલે આત્માને ઢંઢોળી - જગાડી તેને જાણવો.** આત્માને જાણવો એ બહુ કઠિન અને અઘરી વસ્તુ છે અને જેઓ આત્માને ઓળખી ગયા છે તેઓને ભૌતિક પ્રકાશની જરૂર નથી રહેતી. તેના દિલમાં જ દીવા ઝળહળી ઉઠ્યા હોય છે. એ પ્રકાશ તેના આત્મદીપનો જ હોય છે.

*આંબલીના સંત ભગત રણછોડ ભગતે ગાયું છે :*

*દાસ રણછોડ ઘર સંભાળ્યું,*
*જડી કૂંચી ને ઊઘડ્યું તાળું.*
*થયું ભોમંડળમાં અજવાળું રે,*
*દિલમાં દીવો કરો, રે દીવો કરો.*

ઘર બંધ હોય. સાંકળ, આગળિયે તાળું માર્યું હોય તો ઘરમાં પ્રવેશવા માટે પ્રથમ તાળું ખોલવું પડે. પણ કૂંચી ન હોય તો તાળું કેમ ઉઘડે? કૂંચી જડે તો જ તાળું ઉઘાડી શકાય. આ કૂંચી

એ કોઈ ભૌતિક તાળાની કૂંચી નથી, પણ જ્ઞાનની કૂંચી છે. જો તે જડી જાય તો અજ્ઞાનરૂપી તાળું ઉઘાડી શકાય. તાળું ઉઘડ્યા પછી સમસ્ત ભોમંડળમાં જ્ઞાનના પ્રકાશના મોજાં ફરી વળે. આના માટે દિલમાં દીવો કરવો પડે.

સત્ત્વ, રજસ અને તમસ – એ ત્રણ તત્ત્વો શરીરમાં ફેરફાર લાવે છે. આ ગુણોની અસર મન ઉપર પડતી હોય છે. આળસ એ મનની તામસી નિકૃષ્ટ અવસ્થા છે. ઉચ્ચગુણો, આદર્શ એ મનની સાત્ત્વિક અવસ્થા છે, જ્યારે રાજસિક અવસ્થામાં માણસ વધારે અહંકારી હોય છે. જાણે પોતે જ સર્વેનો કર્તા હોય એવા ભાવ સાથે એ ફરતો હોય છે, ને સત્ય પ્રકાશથી દૂર દૂર હોય છે.

નિકૃષ્ટ તામસિક સ્થિતિમાંથી રાજસિક સ્થિતિમાં (અવસ્થામાં) આવવા માટે પ્રવૃત્તિમય જીવન એ આવશ્યક ચીજ છે. પ્રારંભમાં થોડી તકલીફ પડે, પણ ધીમે ધીમે ટેવાઈ જવાય છે. જીવનમાં નવો જ વળાંક આવે છે. મનમાંથી સમતા ચાલી ગઈ હોય એટલે કે ત્રણ ગુણોની વિષમતા હોય ત્યારે આપણે તમોગુણને રજોગુણથી અને રજોગુણને સત્ત્વગુણથી જીતી શકીએ ને આપણી કાબૂ હેઠળના સભાન મનમાં ફેરફાર લાવી નવો જ પ્રકાશ જન્માવી શકીએ છીએ અને જીવનમાં ઉપસ્થિત થતી સમસ્યાઓને સત્ત્વગુણના પ્રકાશને આધારે ઉકેલવા જેટલા સક્ષમ બનીએ છીએ.

વર્તમાન સમયમાં રોશની કરવા માટે અસંખ્ય દીવડાઓને સળગાવવાને બદલે લોકો ઈલેક્ટ્રિક લાઈટોનો ઉપયોગ ભલે કરતા હોય, પણ ઘરના ટોડલે તો તેલયુક્ત દીવો જ સળગાવે છે. **ધાર્મિક કાર્યો વખતે પણ દીવો પેટાવાય છે કારણકે જ્ઞાન જ્યોતિની પરિકલ્પના સાથે જ બ્રહ્મ પુરોહિતો, સંતો અને મહાપુરુષોએ શુભ કાર્યો સમયે દીવાને બ્રહ્મજ્યોતિરૂપે સ્થાપિત કર્યો છે** અને અભિવ્યંજના પણ ભરપૂર કરેલ છે.

ગુરૂ નાનકે તો સૂર્ય, ચંદ્ર અને તારલાઓને આકાશમાં જલતા દીવા ગણાવ્યા છે. તો જ્ઞાનના અને પ્રકાશના દાતા તરીકે શ્વેતાશ્વતાર ઉપનિષદમાં અગ્નિદેવ, વાયુદેવ, સૂર્યદેવ અને ચંદ્રદેવ વગેરેને વર્ણવ્યા છે.

એક એવી માન્યતા છે કે દક્ષિણ દિશા તરફ મોં રાખીને દીવો સળગાવવામાં આવે તો અશુભ પરિણામ મળે છે. દક્ષિણ દિશામાં યમદેવનો વાસ છે ને તે દિશા યમદિશા કહેવાય છે.

નવા વર્ષના નવલા દિવસોમાં આપણે મશાલમાં તેલ ન પૂરી શકીએ તો કંઈ નહીં, પણ **સમાજમાં એવા કેટલાય લોકો છે કે જે બે છેડા માંડ માંડ ભેગા કરી શકે છે. તેવા ગરીબ અને નિરાધાર માનવ દીવડાઓના કોડિયામાં મદદરૂપી તેલના ટીપાથી તેના જીવનને અજવાળાય તો એ પણ મહાપુણ્યનું કાર્ય લેખાશે.**

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જુનાગઢ) મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## શ્રી નારાયણી નમોસ્તુતે

**(અનુસંધાન : પાના નં. – ૧૪ ઉપરથી ચાલુ)**

કુટુંબમાં સ્નેહ-સંપ આપો. બીજું મારે કાંઈ જોઈતું નથી.' તે સાંભળી લક્ષ્મી બોલી, 'શેઠ, એમ છે તો તેં મને તારા ઘરમાં જકડીને બાંધી લીધી છે. **મતલબ કે સ્નેહ-સંપ, એ જ લક્ષ્મીને સ્થિર કરનારું સાધન છે.'**

*આ દૃષ્ટાંત વિશે એક દોહરો છે :*

***શેઠે સંપ જ માંગિયો, કમલા કહે કરજોડી!***
***જતાં જઈ શકીએ નહીં, રાખી મારી મરોડી!!***

*વળી અન્યત્ર લક્ષ્મીએ ઈન્દ્ર પ્રત્યે કહ્યું છે કે*

***ગુરૂવો યત્ર પૂજ્યન્તે, યત્રા સુસંસ્કૃતમ્!!***
***અદંત કલહો યત્ર તત્ર શક? વસામ્યહમ્ !!***

લક્ષ્મી કહે છે કે, 'હે ઈન્દ્ર! જે ઘરમાં વૃદ્ધ અને ગુરૂજનોનો સત્કાર કરવામાં આવે છે, જે ઘરમાં બીજાને માન આપીને બોલાવવા - ચલાવવાનો રિવાજ છે અને જે ઘરમાં મોઢે બોલીને કલેશ - કંકાસ (જીભાજોડી) કરવામાં આવતી નથી, ત્યાં હું વસું છું. મતલબ કે, **કુટુંબમાં સંપ-સ્નેહ હોય, એકબીજાને પ્રેમભાવથી ઘટે તેવું માન આપીને બોલાવાતા હોય અને આવ્યા ગયાનો સત્કાર થતો હોય, ત્યાં જ લક્ષ્મીનો વાસ હોય છે.**

*નિવૃત્ત ઑફિસ સુપ્રિ. ઉ.મા. શાળા,*
*ગણેશ નિવાસ, સત્યનારાયણ મંદિરની બાજુમાં,*
*એસ.ટી. સ્ટેન્ડ સામે, ગામ : મસ્કા, તા. માંડવી, કચ્છ - ૩૭૦ ૪૭૧.*

## આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું પર્વ : દિવાળી

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

દિવાળીના દિવસે લોકો દીપિકાઓ એટલે કે દીવાઓ - મિણબત્તીઓ - રંગીન બલ્બોની રોશનીથી ઘરને શણગારે છે. આના કારણે અમાસના ગાઢ અંધકારને શરદ પૂર્ણિમાના જેવી રાતમાં પલટી નાખે છે. આ પર્વનું અનેકગણું મહત્ત્વ છે. **આ દિવસે શ્રી રામ, રાવણ પર વિજય મેળવી અયોધ્યાની ગાદી પર બિરાજમાન થયા. રાજા વિક્રમાદિત્યે** પોતાનું સંવત શરૂ કરવાનો વિચાર કર્યો. **દયાનંદ સરસ્વતીનો** નિર્વાણ દિન છે. જૈનોના ચોવીસમા **તીર્થંકર મહાવીર સ્વામી**નો નિર્વાણ દિન છે. દીપોત્સવીનો પર્વ આનંદ ઉલ્લાસનું પ્રકાશનું પર્વ છે. લક્ષ્મીજીની સાધના માટે અનેક મંત્રો છે. તેની સાધના ઉપાસના વિદ્વાન બ્રાહ્મણ પાસેથી કે સદ્‌ગુરૂ પાસેથી મેળવી તેના માર્ગદર્શન પ્રમાણે સાધના ઉપાસના કરવાથી માતા ભગવતી દેવીશ્રી લક્ષ્મીજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય.

*વિજયનગર એરિયા, હોસ્પિટલ રોડ,*
*હરિકૃષ્ણ પ્રોવિઝન સ્ટોરની બાજુમાં,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

વિશેષ

## માત મહાલક્ષ્મીને માતૃભાવે વંદીએ....

# શ્રી નારાયણી નમોસ્તુતે

હરિદાસ કે. ઠક્કર

આપણી પૂર્વ પરંપરા અનુસાર હિંદુ ધર્મ સંસ્કૃતિ સંપૂર્ણપણે મનોભાવનાનું વિશેષ મહત્ત્વ ધરાવનાર ભાવ સંસ્કૃતિ છે, જેમાં બહારની ક્રિયાથી વિશેષ મહત્ત્વ અંતરના ભાવનું હોય છે.

રસ્તે ચાલી જતી એક નવયૌવનાને જોઈ, શેરીમાં રમતા બાળકને તે મા જેવી દેખાય, કોઈ પ્રૌઢને તે દીકરી જેવી લાગે તો કોઈ યુવાનને બહેન જેવી લાગે, તો કોઈ નવયુવક તેને પત્ની સ્વરૂપે પ્રાપ્ત કરવાની ઇચ્છા સેવે એમ કોઈને તે પ્રેમિકા લાગે. **વ્યક્તિ કે વસ્તુ એક જ હોવા છતાં, જેના જેવા મનોભાવ તેવી દેખાય.**

આજના યુગમાં પ્રત્યેક માનવ અવિરતપણે ધન પ્રાપ્ત કરવાની દોટમાં જોડાયેલો રહી, રઘવાયો બની સતત દોડતો જ રહે છે. યેનકેન પ્રકારે નીતિ-અનીતિથી ધન પ્રાપ્ત કરવું એ જ એનું લક્ષ્ય બની ગયું હોય છે.

પરંતુ માતા મહાલક્ષ્મીને માતૃભાવે પ્રાપ્ત કરવાની ઇચ્છા કેટલાને હોય છે?

આજના લોકોને ધનપતિ (લખપતિ - કરોડપતિ) થવું છે, ધનના માલિક થવું છે. પણ વાસ્તવમાં લક્ષ્મીપતિ તો શ્રી નરનારાયણ, વિષ્ણુ ભગવાન જ છે. આપણે સૌ એના સંતાન માત્ર છીએ. એટલે છોરૂભાવે માને પોકારીએ તો મા અવશ્ય દોડતી આવે અને દીકરાના ઘરમાં સ્થાયી થઈને રહે.

વિષ્ણુપ્રિયા મા લક્ષ્મીદેવી અતિ કૃપાળુ છે. **ભાગ્યાનુસાર પરિશ્રમ અને પ્રયત્નો દ્વારા મેળવાયેલ સંપત્તિ સુખદાયી હોય છે.**

પરમકૃપાળુ લક્ષ્મી માતાનું માતૃ વાત્સલ્ય તો નિત્ય નારાયણનું સ્મરણ કરનાર પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. એવો લક્ષ્મીપુત્ર અષ્ટસિદ્ધિ નવનિધિ પ્રાપ્ત કરી માના શુભાશિષથી સદ્‌બુદ્ધિવાન થઈ, સુકૃત્યો કરી સદાય શ્રી નારાયણની ભક્તિમાં લીન રહે છે તે પરમ શાંતિયુક્ત સાચા સુખને પ્રાપ્ત કરે છે.

**જ્યારે અનીતિ અને ખોટા કાર્યો દ્વારા મેળવાતી ધન-સંપત્તિ શાપીત હોઈ, સુખરૂપ ભોગવી શકાતી નથી.** એ કહેવાતું કાળું ધન જેના હાથમાં કે ઘરમાં આવે ત્યાં કજીયા, કંકાસ, વ્યસન, વ્યભિચાર જેવા દૂષણો પેદા થઈ એ ધન દારૂ, જુગાર, સટ્ટો, વ્યભિચાર જેવા રસ્તે ગતિ કરી જાય છે. તે ધન રડાવીને જતું રહે છે. અને તેની પાછળ પણ દુર્બુદ્ધિયુક્ત અપલક્ષણોનો વારસો મૂકતો જાય છે. જેથી એવી લાત ખાનાર કાયમ દુ:ખી થતો રહે છે.

લોટરી લાગવાથી કે કોઈનો વારસો મળવાથી આવું ધન જો ભાગ્યશાળી લક્ષ્મીપુત્રના હાથમાં આવી જાય તો ત્યાં એ પોતાનો દુષ્પ્રભાવ પાથરે તે પહેલાં પુણ્યશાળી જીવ તેને પુણ્યના માર્ગે વહેતું કરી દે છે. અને કાળા ધનને ઉજળું કરવું એ નારાયણ કૃપા દ્વારા જ શક્ય બને છે.

લક્ષ્મીનો વાસ ક્યાં છે?

એક શેઠિયો રાત્રે સૂતો હતો. તેના સ્વપ્નમાં લક્ષ્મીએ આવીને તેને કહ્યું કે, 'હે શેઠ! હવે તારૂં પુણ્ય પરવાર્યું છે. હું તારા ઘરમાંથી થોડા દહાડામાં જઈશ. માટે તારે મારી પાસે કંઈ માંગવું હોય તો માંગી લે.'

શેઠે કહ્યું કે, 'ઠીક. કાલે સવારે હું મારા કુટુંબને પૂછીને વિચાર કરીને માંગીશ.'

લક્ષ્મી બોલી, 'ભલે એમ કરજે.'

બીજા દિવસે શેઠે પોતાના બધા કુટુંબીજનોને એકઠા કરીને રાતના સ્વપ્નની વાત કરી અને આપણે લક્ષ્મી પાસેથી શું માંગી લેવું? તે દરેકને પૂછ્યું. તેમાંના દરેક જણે પોતપોતાનો મત દર્શાવી બુદ્ધિ પ્રમાણે લક્ષ્મી પાસેથી જુદી જુદી વસ્તુઓ માંગી લેવાનું જણાવ્યું. કોઈએ હીરા-મોતી-માણેક વગેરે ઝવેરાત, કોઈકે ખાવા માટે અનાજ, એકે વળી રહેવા માટે ઘર, બીજાએ બેસવા માટે વાહન વગેરે જુદી જુદી પ્રકારની માંગણી કરવા કહ્યું. પણ તે કાંઈ શેઠના મનમાં ઉતર્યું નહીં.

છેવટે સૌથી નાના છોકરાની વહુ બોલ્યા વગર બેઠી બેઠી સાંભળ્યા કરતી હતી. તેના ભણી ફરીને શેઠે તેને પૂછ્યું, 'વહુ, તું પણ તારો મત આપ!' તે સાંભળી વહુ બોલી, 'બાપા, હું તો જાણું છું કે લક્ષ્મી જવાની સાથે લક્ષ્મીના તમામ અંગની તમામે તમામ વસ્તુઓ માંગશો તો પણ મળશે નહીં. **માટે આપણા કુટુંબનો સ્નેહ-સંપ કાયમ રહે એવું માંગો.** કેમકે ભલે લક્ષ્મી જાય, પણ સ્નેહ-સંપ હશે તો લક્ષ્મીવાનના ઘરમાં જે સુખ નથી તે આપણે ભોગવી શકીશું.' આ વાત શેઠને પસંદ પડી ગઈ અને બધાને પણ પસંદ પડી તેથી તે માંગવાનું ઠરાવ્યું.

બીજી રાતે શેઠ સૂતા ત્યારે વળી લક્ષ્મીએ સ્વપ્નમાં આવી પહેલાની પેઠે પૂછ્યું. એટલે શેઠે કહ્યું કે, 'હે લક્ષ્મીદેવી! તમે જ્યારે જવા તૈયાર થયા છો ત્યારે કૃપા કરી અમને અમારા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૩ ઉપર)

વિશેષ

# નવા વર્ષના નવા નિયમો

વૈશાલી પારેખ

નવા વર્ષના પ્રથમ સંવાદમાં આપને મળવાનો મોકો મળ્યો છે. તો આવો કંઈક નવી શરૂઆત અને નવી વાતો કરીએ. આમ તો વૉટ્સઅપના જમાનામાં બધું જ એક ક્ષણમાં જૂનું થઈ જાય છે. કારણ કે માહિતી ખૂબ જ ઝડપથી સ્પ્રેડ થઈ રહી છે. પણ આજે આપણે કંઈક અનોખા નિયમોની વાત કરવાના છીએ. આપણે ઘણીવાર વાર્ષિક આવકને તપાસ્યા બાદ ખર્ચ ન કરવાના નિયમો બનાવતા હોઈએ છીએ. તો ઘણીવાર બેંકની બેલેન્સ શીટમાં છેલ્લે કંઈ ન દેખાય તો અફસોસ થાય છે. મોટાભાગના લોકો દિવાળીની રજાઓ બાદ નવા વર્ષમાં ઈશ્વરની સાક્ષીએ નવા સંકલ્પો કરતા હોય છે એટલે કે “Do’s & Don’t” પણ શું આવું તમે તમારા જોબ માટે વિચાર્યું છે? નહિ ને...તો બસ આજે **વ્યક્તિગત વિકાસ, અને શાંતિ માટે કંઈક એવા નિયમો બનાવીએ જેના અમલથી આપણને ફાયદો થાય.**

સૌ પ્રથમ તો કામના સ્થળ પર વોટ્સઅપના બદલે બે મિનિટ માત્ર બે જ મિનિટ **આપણી સાથે કામ કરતા વ્યક્તિને સાંભળીશ** એવો સંકલ્પ કરવાનો છે. મોબાઈલ અને ટેક્નોલોજીએ વ્યક્તિને માણસ વગર જીવવાની આદત પાડી દીધી છે. તો પ્લીઝ આ આદત તમને એકલતા તરફ લઈ ન જાય એ માટે વ્યક્તિનાં સંપર્કમાં રહો અને વાતચીત કરો. આપણે મેસેજમાં ‘Hi-Hello’ કરીએ છીએ પરંતુ વ્યક્તિની સામે જોવાનું ચૂકી જઈએ છીએ.

ત્યારબાદ સતત કંઈક નવું મેળવવા માટે સતત દોડશો નહિ. પરંતુ **થોડું મેળવ્યા બાદ ત્યાં ઊભા રહો, તેનો આનંદ માણો** અને ત્યારબાદ આગળ વધો. આજે આપણે લગભગ દર છ મહિને મોબાઈલ બદલીએ છીએ. કારણ કે તે સતત અપગ્રેડ થઈને આવતું હોય છે. પરંતુ આ જ સ્વભાવ આપણને ચિંતા અને દબાણ તરફ લઈ જાય છે. કારણ કે જ્યારે આપણને જોઈતું હોય અને એ ‘‘ના’’ મળે ત્યારે આપણે દુઃખી થઈએ છીએ જેથી નિરાશા અને ઉદાસી આપણને ઘેરી વળે છે. માટે જે કંઈ સ્વપ્નો તમારે સાકાર કરવા છે તે બધા માટે પાછળ દોડશો નહિ પરંતુ એક પછી એક, આનંદ માણતા માણતા પગથિયા ચડશો.

**કંઈક નવું કરો** એટલે કે ગયા વર્ષ કરતા આ વર્ષે એકાદ એવું કામ કરો જે તમે ક્યારેય કર્યું ન હોય અથવા તમને આવડતું ન હોય. તેમ દર વર્ષે એકાદ નવું નાનું કામ કરશો એટલે તમારા અનુભવમાં તો વધારો થશે જ પરંતુ સાથે સાથે તમે દુનિયાના અને માનવીના નવા વિચારોને માણી શકશો. ફેસબૂક પર નવા મિત્રો બનાવવા તમને જેટલા ગમે છે તેટલા જ પ્રમાણમાં જો તમે નવા કામ કરશો તો તમને વધુ ફાયદો થશે. જ્યારે તમે કોઈકને પાણીનો ગ્લાસ ભરીને પહેલીવાર આપો છો ત્યારે આ નાનકડા કામમાં પણ તમને ખૂબ જ મોટી વાત શીખવા મળે છે કે કોઈને પાણી પીવડાવવાથી કેવો આત્મસંતોષ મળે. અહીં વાત માત્ર જોબના સ્થળ પર કંઈક નવું કરવાની નથી પરંતુ તમારા સમગ્ર જીવનમાં તમે કંઈક પહેલીવાર કરશો એટલે ખૂબ જ આનંદ મળશે. પછી ભલેને તમે ડિસ્કોથેકમાં મિત્રો સાથે ડાન્સ જ કેમ ન કરો? પરંતુ કંઈક નવું અને પહેલીવાર કરવાનો સંકલ્પ કરો.

ટૂંકમાં દિવાળીમાં ઉજવણીના ભાગરૂપે નવા કપડા, નવો મોબાઈલ કે નવું વાહન તમે ખરીદ્યું જ હશે. કંઈક એવી જ રીતે ગયા વર્ષે કરેલ સંકલ્પ જે પૂર્ણ નથી કર્યા તેની સાથે નવા સંકલ્પ કરવા જ જોઈએ. જેમ બારીઓ ખોલવાથી પવન ઘરમાં આવી શકે છે તેવી જ રીતે નવા સંકલ્પો કરવાથી નવી દિશા તરફ આપણું ધ્યાન પણ જાય છે અને **નવી ક્ષિતિજો આપણામાં જોમ અને જુસ્સો પેદા કરે છે.** નવા કળશ કરતા નવા વિચારો અને જોમ જુસ્સો આપણને આપણી જિંદગીને માણવાનો વધુ સારો મોકો આપે છે. એક જ વાર મળતી જિંદગીના અનેક ભાગને તમારો ઉત્સાહ અને જીવવાની તમન્ના જ એક તાંતણે બાંધી શકે છે. જે છૂટી ગયું તેનો અફસોસ કર્યા વગર **ઊગતા સૂરજને વધાવવાનો મુખ્ય સંદેશ એટલે જ “દિવાળી.” ઘનઘોર અંધકારમાં એક દીવડો પ્રજ્વલિત કરવાથી રસ્તો દેખાવો આસાન થઈ જાય છે. કંઈક એવી જ રીતે એક નવો નિયમ કેટલાય નવા વિચારોના દરવાજા ખોલી આપે છે.** સંકલ્પ કરવાથી દઢ મનોબળનું નિર્માણ થાય છે અને કાર્યને પૂરો કરવાની તમન્ના મજબૂત થાય છે. **સ્વયં અને પરિવારની સાથે સાથે આ વર્ષે કોઈક જરૂરિયાતમંદ વ્યક્તિ માટે પણ કંઈક કરશો તેવો અંતિમ સંકલ્પ કરવો ખૂબ જ હિતાવહ છે.** આપણે જ્યારે કોઈને મદદરૂપ થઈએ છીએ ત્યારે ખરેખર તો આપણે આપણી જાતને જ મદદ કરતા હોઈએ છીએ. નવા વર્ષમાં નવા સંકલ્પો અને નવા નિયમો સાથે નવા આયામો હાંસિલ કરો એ જ શુભકામના. ■



વિશેષ

# દીપોત્સવી ઉત્સવ માત્ર ઘોંઘાટ, ધડાકા કે ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી



ડૉ. મિહિર એમ. વોરા

સૌ પ્રથમ સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. દીપોત્સવી ઘોંઘાટ-બુલંદ ધડાકા કે આંખો બાળી નાખે તેવા ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી. તે તો રંગોળી, શાંત તેજના દીવડા, અતિથિપ્રેમ, સ્નેહમિલન અને ઉમંગભરી ઉજવણીનો ઉત્સવ છે. **દીપોત્સવી એટલે 'આપણે સૌ સાથે સુખી થઈએ' એવી ભાવનાનો ઉત્સવ.** સમયની સાથે બધું બદલાય છે. દિવાળી બેસતું વર્ષ-ભાઈબીજ-લાભપાંચમ આ બધા દિવસોની ઉજવણી આજે પણ ઉત્સાહ અને ઉમંગપૂર્વક થાય છે. દિવાળી દરમિયાન વિવિધ રંગોળી ડિઝાઈન ઘરના બારણે દોરવામાં આવે છે અને વિવિધ રંગો સાથે શણગારવામાં આવે છે. રંગોળી શબ્દ એ "રંગાવલી" સંસ્કૃત શબ્દ ઉપરથી આવેલો છે. રંગોળી શિલ્પ અને પેઈન્ટિંગ કરતાં આગળ છે, જે એક કળા છે. તે શુભ અને કોઈપણ ધાર્મિક વિધિ માટે પ્રારંભિક જરૂરી હોય છે. પવિત્ર તહેવાર, ધાર્મિક ઉત્સવ, લગ્ન જેવા શુભ કાર્ય, ધાર્મિક પૂજા સમયે દોરવામાં આવે છે. રંગોળી ચિત્રના બે હેતુઓ સુંદરતા સાક્ષાત્કાર અને કલ્યાણ સંપાદનની અસર પેદા કરે છે. આ રંગોળી દોરવામાં સાંકેતિક સ્વરૂપોનો ઉપયોગ કરવામાં આવે છે. એક વક્ર રેખા, સીધી દોરવા કરતાં તેનો આકાર વધારે સુંદર અસર પેદા કરે છે. રંગોળી બનાવવા પાવડર એક ચપટી, આંગળી અને અંગૂઠાનો ઉપયોગ કરવામાં આવે છે. આ રંગોળી બનાવવા માટે ખાસ નરમ સફેદ પાવડરને તર્જની અને અંગૂઠો ચપટીમાંથી ધીમે ધીમે જમીન ઉપર નાખવામાં આવે છે અને તેમાંથી અવનવા આકારની રંગોળી બને છે. રંગોળીના બે મુખ્ય પ્રકારો છે : પ્રભાવી સ્વરૂપ છે : રંગોળીના આ પ્રકારમાં રેખાઓ, ચોરસ અને વર્તુળો પ્રમાણમાં દોરવામાં આવે છે. અને બીજો એક સુશોભન : રંગોળીના આ પ્રકારમાં ફૂલો, પાંદડા, વૃક્ષો, વેલ, પ્રાણીઓ અને પક્ષીઓને મહત્ત્વ આપવામાં આવે છે. આ રંગોળીનો પ્રકાર પ્રભાવી કરતાં વધુ આકષક છે. શંખ, સ્વસ્તિક, ચંદ્ર, સૂર્ય રંગોળી બે સમાંતર રેખાઓ આમાં દોરવામાં આવે છે. એક સાંકળ બનાવવા માટે, લીટીઓના મધ્યમાં બે વક્ર રેખાઓ દોરવામાં આવે છે. આ સાંકળ સર્પ દંપતિ રજૂ કરે છે. આમાં આઠ પાંદડીઓ આઠ દિશાઓ સાથે બ્રહ્માંડ, તેમજ સૂર્ય અને ભગવાન વિષ્ણુનું પ્રતિનિધિત્વ કરે છે. કમળ દેવી લક્ષ્મીના સાંકેતિક તેમજ પ્રજોત્પાદન માટે ઊર્જા છે, તેથી તે ભગવાન વિષ્ણુ પુજાને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. એક બાજુ શુભ પ્રતીક સાથે રંગોળીઓ ઉપરાંત, આઠ બાજુ સાનુકૂળ પ્રતીક અને પક્ષીઓને પણ ધાર્મિક રીતિરિવાજ માટે દોરવામાં આવે છે. આ પ્રકારમાં એક ચોરસ નાના ચોરસમાં વિભાજિત થયેલ છે. નાના ચોરસ પછી ચોક્કસ રીતે ચળકતો રાતો રંગ (કુમકુમ) સાથે ભરવામાં આવે છે. રંગોળીનો અન્ય પ્રકાર બિંદુઓની મદદ સાથે દોરવામાં આવે છે. પ્રથમ બિંદુઓ જમીન પર કરવામાં આવે છે અને પછી ઊભી અને ત્રાંસી લાઈન્સ વગેરે સાથે એક મોર, એક કાચબો; કમળ, એક લતા કે વિવિધ આકાર બનાવવા માટે આ બિંદુઓ સાથે આ રંગોળી દોરવામાં આવે છે.

રંગોળીના આધ્યાત્મિક મહત્ત્વ વિશે વિચારીએ તો : હિંદુ ધર્મમાં, રંગોળી દરેક તહેવાર, શુભ પ્રસંગે, ધાર્મિક વિધિ, તહેવારો, શુભ પ્રસંગોએ, વિધિ, દેવતાના સિદ્ધાંતો સાથે સંકળાયેલ શુભ પ્રસંગો દરમિયાન દોરવામાં આવે છે. ચોક્કસ દિવ્ય સિદ્ધાંત સંબંધિત તહેવારના દિવસે વાતાવરણમાં દેવતા મોટા પ્રમાણમાં હાજર હોય છે એની ધાર્મિક વિધિ કરવામાં આવે છે. ઉપરાંત તે દેવતા ને નજરમાં રાખીને રંગોળી દોરવામાં આવે છે. શબ્દ, સ્પર્શ, સ્વાદ, ગંધ તેમની ઊર્જા સહ અસ્તિત્વ ધરાવે છે જે કારણે નાના તફાવત સ્વરૂપે રંગોળીમાં રંગ પુરવામાં આવે છે. તેના સ્પંદનો આધ્યાત્મિકતાના સિદ્ધાંત અનુસાર, દેવતાના પ્રતીક રૂપે રંગોને સજાવવામાં આવે છે. આ રંગોલી, રંગોળી કે સાથિયો એ દરેકના જીવનમા નવી ઉર્જા, શક્તિ અને પ્રાણ લાવે છે અને તહેવારોમાં દરેક ઘરમાં અમન, પ્રેમ, સમૃદ્ધિ, ખુશી લાવે છે અને ઘરમાંથી ક્લેશ, ક્રોધ, મોહ, માયા, લાલચ જેવી બીમારીઓ દૂર કરે છે. તો આવો, આ વખતે આપણે સૌ આપણા ઘરમાં રંગોળી બનાવીને જીવનમાં નવા વિચારો, આચારો, આયામોને આગળ વધારીએ. **મિત્રો, પ્લાસ્ટિક રંગો કે પ્લાસ્ટિક પેપરની નહિ પણ હાથથી બનાવેલી અને ઇકો ફ્રેન્ડલી રંગોવાળી રંગોળી બનાવીએ.**

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ००૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

વિશેષ

# આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું પર્વ : દિવાળી

મહાભાઈ આર. વોરા

વર્ષનો મુખ્ય તહેવાર દિવાળી છે. તે વિક્રમ સંવતનો છેલ્લો દિવસ છે. અમાસ દેવાધિદેવ મહાદેવની છે. એટલે સોમવતી અમાસનું મહત્ત્વ વિશેષ છે. કારણકે મહાદેવ શિવ કલ્યાણકારી છે અને દિવાળી સૌથી મોટો ઉત્સવ છે. **તે લક્ષ્મી પૂજનનો દિવસ છે. ભારતીય સંસ્કૃતિમાં દિવાળી પર્વને આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.** દિવાળીના દિવસો એટલે દીપક પ્રગટાવવાનું પર્વ.

પ્રાચીનકાળથી જ દિવાળીના દિવસે લક્ષ્મી પૂજન - સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. આપણા પ્રાચીન શાસ્ત્રોમાં પણ તેમનાં પ્રગટ સ્વરૂપો, તેમના રૂપનાં લક્ષણો, તેની ઉપાસનાની મહત્ત્વતા, વ્રત, વિધિ - વિધાન બાબતે વર્ણન જોવા મળે છે.

ભગવતી લક્ષ્મી ધન સંપત્તિની અધિષ્ઠાત્રી છે. દશ મહા વિદ્યાઓમાં એ કમળમાં બિરાજમાન છે. તે આદિ - મધ્ય - અંતહીન સંપૂર્ણ સૃષ્ટિના કારણે તે સ્વરૂપા તથા ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે. કમલા - પદ્મા - ઈન્દિરા - સિંધુજા - વિષ્ણુપ્રિયા વગેરે અનેક સ્વરૂપોવાળી છે. જ્યારે જ્યારે ભગવાન વિષ્ણુ અવતાર ગ્રહણ કરે છે ત્યારે ભગવતી દેવી લક્ષ્મી પણ એમની અર્ધાંગિની ધર્મપત્ની તરીકે અવતાર લે છે. રામાવતારમાં સીતા અને કૃષ્ણાવતારમાં રૂક્ષ્મણી ભગવતી લક્ષ્મી જ અવતારીત થયા છે.

ભગવતી લક્ષ્મી ત્રણે લોક ચૌદ ભુવનમાં સર્વત્ર વ્યાપ્ત છે. એમનાં નામ જોઈએ તો ભાગ્યલક્ષ્મી, સ્વયંલક્ષી, રાજલક્ષ્મી, ગૃહલક્ષ્મી, રાજ્યલક્ષ્મી વગેરે છે. પરંતુ એ અનાદિ છે. **સગુણ ઉપાસનામાં એની ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ છે.** પૌરાણિક કથા પ્રમાણે એક વખત લક્ષ્મીની પ્રાપ્તિ માટે દેવતા અને દાનવોએ સમુદ્રમંથન કર્યું. એમાંથી ચૌદ રત્નો નીકળ્યા. એટલે લક્ષ્મીજીનું પ્રાગટ્ય પણ એક રત્નના રૂપમાં સમુદ્રમાંથી થયું. એ વિષ્ણુને પ્રાપ્ત થયા. ત્યારથી એ તેમની સાથે રહી ક્ષીર સાગરમાં શેષ શય્યા પર ઊંઘતા પોતાના પતિ વિષ્ણુના ચરણ કમલોને દબાવતા રહ્યાં છે. તેમને પદ્માલયા, કમલમાં બિરાજમાન વગેરે નામથી ઓળખાય છે.

પ્રત્યેક વ્યક્તિને લક્ષ્મીની જરૂરત - અનિવાર્યતા રહે છે કારણકે સંસારનું પ્રત્યેક કાર્ય આના સહયોગથી જ ચાલે છે. તે જીવનની પ્રથમ આવશ્યક્તા છે. **જે ઘરમાં લક્ષ્મી રહેતી નથી ત્યાં મનદુઃખ, નિરાશા, અસંતોષ, દરિદ્રતા જેવી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે.** લક્ષ્મીનો અભાવ દુર્ભાગ્ય છે. લક્ષ્મીનો અનુગ્રહ એ સૌભાગ્ય છે. ભર્તૃહરિ કહે છે કે "પંડિત ગુણવાન વિદ્વાન કુલિન રૂપવાન તે છે કે જેની પાસે લક્ષ્મી છે." મહાભારતના ઉદ્યોગ પર્વમાં જણાવેલ છે કે "લક્ષ્મીનો અભાવ મનુષ્ય માટે મૃત્યુનું ચિહ્ન છે. દરિદ્રતા જ બધા કષ્ટોની જનની છે." લક્ષ્મીનું આપણા જીવનમાં ઘણું જ મહત્ત્વ છે. લક્ષ્મી કોને પ્રાપ્ત થાય એક પ્રશ્ન છે. **ભાગ્યનો ઉદય અચાનક નથી થતો. આની પાછળ ત્યાગ - પરિશ્રમની આવશ્યક્તા રહે છે.** ધન પરિશ્રમથી જ પ્રાપ્ત થાય છે. પરંતુ દરેકને પરિશ્રમનું યોગ્ય ફળ નથી મળતું. એવું પણ બની શકે કે **ભાગ્ય અને વિદ્યા બધું જ ફળ આપે પરંતુ વિદ્યા અને પુરુષાર્થ ભાગ્ય વિના ફળીભૂત નથી થતા.** આવી પરિસ્થિતિમાં લક્ષ્મીની સાધના ઉત્તમ છે.

દિવાળીના દિવસે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. તેમની સાથે ગણેશનું પણ પૂજન કરવામાં આવે છે. **લક્ષ્મી અતુલ સંપત્તિ અને ઐશ્વર્યાની દેવી છે. ગણેશ વિઘ્ન વિનાશક દેવ છે.** તેમની પાસેથી બુદ્ધિ કૌશલ્ય મેળવી માનવ પોતાના ઘરની લક્ષ્મીને સુરક્ષિત રાખી શકે છે. લક્ષ્મી ચંચલ પણ કહેવાય છે. લોકજીવન તેમનાથી ઘણું જ પ્રભાવિત રહે છે. કેટલીક લોક કથાઓ પણ દિવાળીના તહેવાર સાથે જોડાયેલી છે. બારસને દિવસે ગોરસની પૂજા થાય છે. તેરસનો દિવસ ધન તેરસનો ઉત્સવ મનાય છે. આ દિવસે ગૃહઉપયોગી વાસણો ખરીદાય છે. તે પછી કાળી ચૌદસ - નર્ક ચતુર્દશી. આ દિવસે યમરાજાના રૂપથી પિતૃત્વ અને ધર્મરાજાના રૂપથી દેવત્વ એમ બંને પ્રકારના પૂજન કરવાથી શારીરિક સૌષ્ઠવ અને દીર્ઘાયુષ પ્રદાન થાય છે. દિવાળી લક્ષ્મી પૂજનનો દિવસ છે. તેમ દેવી શારદા સરસ્વતીનું પૂજન - ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. શારદા માનવને પ્રેમાળ બનાવે છે. દીપાવલીના શુભ દિવસે દીવા પ્રગટાવવામાં આવે છે. દીવાનો પ્રકાશ થતાં તેની જ્યોતિ મનને ખૂબ જ ગમે છે. **જ્ઞાનનું પ્રતીક એટલે દીવો.** એટલે **અજ્ઞાનતા દૂર થવાથી જ્ઞાન મળે છે.** એટલે જ કહેવાયું છે કે '**તમસો મા જ્યોર્તિગમયે.**' માનવી આનંદમાં આવતા ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરે છે. ઘર આંગણે જાતજાતની રંગબેરંગી રંગોળી કરે છે. **રંગોળી એટલે ઘરમાં હંમેશાં સુખ-શાંતિભર્યું વાતાવરણ કાયમ રહે,** એવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ રીતે જોઈએ તો આસો મહિનાનો અમાસનો દિવસ એટલે દિવાળી. લક્ષ્મીજીને પ્રસન્ન કરવા લોકો ઉત્સાહ - ઉલ્લાસથી આ દિવસ ઉજવે છે. દીપાવલીનું મહત્ત્વ લોકપ્રિયતા વિશેષ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૩ ઉપર)

વિચાર મંચ

# જુદા જુદા કેલેન્ડરનું મહત્ત્વ



ડૉ. યાસીન દલાલ

દુનિયા આખીમાં જાન્યુઆરીથી નવા વર્ષની શરૂઆત થાય છે. ૫૦૦ વર્ષ પહેલા ખ્રિસ્તી દેશોમાં ૨૫મી માર્ચ અને ૨૫ ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણી થતી હતી. પાંચમી સદી આવતાં આવતાં રોમન સામ્રાજ્યનું પતન થયું. જેમ જેમ સમય આગળ જતો ગયો તેમ તેમ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર વધતો ગયો. ખ્રિસ્તીઓ ૨૫મી માર્ચ અથવા ૨૫ ડિસેમ્બરે પોતાનું નવું વર્ષ મનાવવા ઇચ્છતા હતા. ખ્રિસ્ત માન્યતા અનુસાર ૨૫મી માર્ચે એક વિશેષ **દૂત ગેબરીયલે ઇસા મસીહાની મા મેરીને** સંદેશો આપ્યો કે તમારે ૨૫ ડિસેમ્બરે ઇસુને જન્મ આપવાનો છે. ૨૫ ડિસેમ્બરે ઇસુનો જન્મ થયો અને એ દિવસે અત્યારે પણ ક્રિસમસ મનાવાય છે પણ જુલિયન કેલેન્ડરમાં કરવામાં આવેલી સમય ગણવામાં થોડીક ખામી હતી. **સેન્ટ બીડ** નામના ધર્મચારીએ આઠમી શતાબ્દિમાં જણાવ્યું કે એક વર્ષમાં ૩૬૫ દિવસ અને કલાકને બદલે પાંચ કલાક ૪૮ મિનિટ અને ૪૬ સેકન્ડ હોય છે. ૧૩મી સદીમાં બીડને આ થીયરી સ્થાપિત કરી. આ થીયરીથી એક પરેશાની થઇ. **જુલિયન કેલેન્ડરના હિસાબે દર વર્ષે ૧૧ મિનિટ અને ૧૪ સેકન્ડ વધારે ગણાતી હતી.** આથી ૪૦૦ વરસમાં સમય ત્રણ દિવસ પાછળ જઈ રહ્યો હતો. ૧૬મી સદી આવતા આવતા દર વરસે ૧૦૦ દિવસ પાછળ થઈ ગયો. સમયને ફરીવાર નિયત સ્થાને લાવવા માટે રોમન ચર્ચમાં **પોપ ગ્રેગરીએ** તેની પર કામ કર્યું. ૧૫૮૦ના દાયકામાં ગ્રેગરીએ એક **જ્યોતિષ એલાસ સીયસ**ની સાથે એ કેલેન્ડર પર કામ કરવાનું શરૂ કરી દીધું.

**લીપ યર તેને કહેવાય છે જેમાં ચાર અથવા ચારસોથી ભાગી શકાય.** સામાન્ય વરસોમાં ચારનો ભાગ જરૂરી નથી. શતાબ્દી વર્ષમાં ચાર અને ચારસો બંને ભાગવા જોઈએ. તેમાં લીપયરનો એક દિવસ આખો દિવસ હોતો નથી. તેમાં ૨૪ કલાકથી ૪૬ મિનિટ ઓછી હોય છે એટલે ૩૦૦ વર્ષ સુધી દર શતાબ્દી વર્ષનાં એકવાર લીપ યર મનાવવામાં ન આવે પરંતુ ૪૦૦ વર્ષમાં લીપ યર આવે અને ગણતરી યોગ્ય રીતે જળવાઈ રહે. ૧૯૦૦માં ૪૦૦નો ભાગ આવતો નથી તેથી ૪થી વિભાજીત થવા છતાં પણ લીપ યર ન આવ્યો. વર્ષ ૨૦૦૦ લીપ યર હતું. **આ કેલેન્ડરને જે ગ્રેગરિયન પણ કહેવાય છે**, આ સંશોધન સમયે લગભગ ૧૧ મિનિટનો સુધારો થઈ ગયો હતો પણ ૨૬ સેકન્ડનો ફરક રહી ગયો હતો. વર્ષ ૪૦૯માં આ કેલેન્ડરમાં આખા એક દિવસનો ફરક અથવા ખામી રહી જશે. આ ૨૬ સેકન્ડની ખામી દૂર કરવા માટે સુધારો થઈ શકે. **ટૂંકમાં આજનું વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાતું અંગ્રેજી કેલેન્ડર અણીશુધ્ધ નથી.** તેમાં ક્યાંક ને ક્યાંક કોઈકને કોઈક ખામી રહી જાય છે.

**રોમના શાસક જુલિયસ સીઝરે નવી ગણતરીઓના આધારે એક નવું કેલેન્ડર તૈયાર કરાવેલું. જેમાં બાર મહિના હતા.** એણે ખગોળશાસ્ત્રીઓની સાથે ચર્ચા કરીને એવું તારણ આપ્યું કે **પૃથ્વીને સૂર્યનું ચક્કર લગાડવામાં ૩૬૫ દિવસ અને ૬ કલાક લાગે. તેથી સીઝરે રોમન કેલેન્ડરને ૩૧૦થી વધારીને ૩૬૫ દિવસનું કરી નાખ્યું અને દર ચાર વરસ બાદ ફેબ્રુઆરી મહિનો ૨૯ દિવસનો કરી નાખ્યો છે.** દર ચાર વરસમાં વધારાના એક દિવસનો સમાવેશ થઈ શકે. વર્ષ ૪૫ પૂર્વેની શરૂઆત ૧લી જાન્યુઆરીથી થઈ હતી. વર્ષ ૪૪ પૂર્વેની જુલિયસ સીઝરની હત્યા થઈ ગઈ. **તેના સન્માનમાં વરસના સાતમા મહિના ક્વીનટીલીસનું નામ જુલાઈ થઈ ગયું. આઠમા મહિનાનું નામ સીક્સીટીલીસને બદલે ઓગસ્ટ થઈ ગયું.** ૧૦ મહિનાવાળા વર્ષમાં ઓગસ્ટ છે. રોમન સામ્રાજ્ય જ્યાં સુધી ફેલાયું ત્યાં સુધી નવું વરસ ૧લી જાન્યુઆરીથી ગણાતું.

હોલેન્ડે ૧૫૮૩માં આ કેલેન્ડર અપનાવ્યું. પોલેન્ડે ૧૫૮૬માં અપનાવ્યું. જર્મની, નેધરલેન્ડ અને ડેન્માર્કે ૧૭૦૦માં અપનાવ્યું. બ્રિટને ૧૭૫૨માં અપનાવ્યું. **ભારતે પણ ૧૭૫૨માં અપનાવ્યું.** રશિયાએ ૧૮૧૭માં અપનાવ્યું અને જાપાને ૧૯૭૨માં આ કેલેન્ડર અપનાવ્યું. ગ્રેગરિયન કેલેન્ડરને અંગ્રેજી કેલેન્ડર પણ કહેવાય છે. ૧૭૫૨માં ભારત પર બ્રિટનનું શાસન હતું. તેથી આ કેલેન્ડર ભારતે ૧૭૫૨માં અપનાવી લીધું. **ભારતમાં દરેક રાજ્યમાં નવું વરસ જુદું હોય છે.** મરાઠી ગુડી પડવાથી તો ગુજરાતીમાં દિવાળી - બેસતા વરસથી શરૂ થાય છે. હિંદુ કેલેન્ડરમાં ચૈત્ર મહિનાની ૧લી તારીખે નવા વર્ષની ઉજવણી થાય છે. ગ્રેગરિયન કેલેન્ડરમાં એક સમસ્યા છે. આ કેલેન્ડરમાં ૧૧ મિનિટનો ઉપાય તો ચાર કે ત્રણ શતાબ્દી વર્ષને લીપ યર તરીકે ઉજવીને કરી લેવામાં આવ્યું.

યુરોપ અને દુનિયાના મોટાભાગના દેશોમાં નવું વરસ ૧લી

જાન્યુઆરીથી શરૂ થાય છે. પરંતુ હંમેશાં આવું થતું નથી. **હાલમાં દુનિયાના તમામ દેશોમાં ૧લી જાન્યુઆરીથી નવા વરસની શરૂઆત થતી નથી.** ૫૦૦ વરસ પહેલાં મોટાભાગના ખ્રિસ્તી દેશોમાં ૨૫ માર્ચ અને ૨૫ ડિસેમ્બરના દિવસે નવા વરસની ઉજવણી થતી. પહેલીવાર ૧લી જાન્યુઆરીથી ઇ.સ. ૪૫ પહેલા રોમન રાજા જુલિયસ સીઝરે કરી હતી. એના રાજ્યમાં કેલેન્ડરનું ચલણ હતું. **પૃથ્વી અને સૂર્યની ગણનાને આધારે રોમન રાજા નુમા નેપીલુંસે એક નવું કેલેન્ડર લાગું કર્યું.** આ કેલેન્ડર દસ મહિનાનું હતું. ત્યારે એક અઠવાડિયું આઠ દિવસનું હતું. નુમાએ માર્ચની જગ્યાએ જાન્યુઆરીને પહેલો મહિનો માની લીધો. **જાન્યુઆરી નામ રોમન દેવતા જેનુસ ઉપરથી આવ્યું છે.** જેનુસર રોમન સામ્રાજ્યમાં દેવતા મનાતો. તેને બે મોઢા હતા. આગળના મોઢાની શરૂઆત અને પાછળના મોઢાને અંત તરીકે માનવામાં આવતું. માર્ચનો પહેલો મહિનો રોમન દેવતા માર્સને નામે મનાવવામાં આવતો. માર્સ યુધ્ધનો દેવતા હતો. નુમાએ યુધ્ધની જ્યાંસે શરૂઆતના દેવતાના મહિનાથી વર્ષની શરૂઆત કરવાની એની યોજના હતી.

હજારો વરસો પહેલા લેટીન અમેરિકામાં હૈતી નામનો દેશ આવેલો છે ત્યાં એક કેલેન્ડર બનાવવામાં આવ્યું. **આ કેલેન્ડરનું નામ માયા કેલેન્ડર હતું.** આ કેલેન્ડર મુજબ એક દિવસ પૃથ્વીનો વિનાશ થશે અને એ વિનાશ પરગ્રહોને કારણે થશે. આ કેલેન્ડર મુજબ દુનિયાના બધા કેલેન્ડરની ગણતરી ખોટી છે. માયા કેલેન્ડર સાચું છે. આ કેલેન્ડરની ગણતરી મુજબ એકાદ દાયકા પહેલા પૃથ્વીનો વિનાશ નક્કી હતો પણ આ દાયકો જતો રહ્યો છે. આ કેલેન્ડર વિશે ઘણા રહસ્યો હજી ઉકેલવાના બાકી છે. ઇજિપ્તમાં પીરામિડ કાળથી એવી માન્યતા હતી કે અવારનવાર પરગ્રહવાસીઓ પૃથ્વી ઉપર આવે છે અને પોતાનું કામ પતાવીને પાછા જતા રહે છે. ઇજિપ્તના પીરામિડની ઊંચાઈ આને લીધે જ છે. એ ઊંચાઈથી પીરામિડના દેવતા આકાશી શક્તિઓ સાથે વાર્તાલાપ કરે છે. હમણાં ચીલીમાં વસતા પ્રાચીન આદિવાસીઓ વિશે એમ કહેવાય છે કે આ આદિવાસીઓ પરલોકવાસીઓ છે અને ત્યાં એક અમેરિકન દંપતિ ગયું અને ત્યાં જ રહી ગયું. એમણે એક ભવ્ય હોટલ ખોલી છે. આ હોટલનું નામ વાઇ વાઈ હોટલ છે. ત્યાંના એ હોટલના માલિક ત્યાંની સ્થાનિક પ્રજા સાથે ભળવાની કોશિશ કરે છે. ચીલીની આજુબાજુ અનેક દેશો એવા છે કે જે આધુનિક નથી. આ વિસ્તારનું કેલેન્ડર તદ્દન જુદું જ છે. આફ્રિકાના અશ્વેત લોકોનું કેલેન્ડર અને સંસ્કૃતિ જુદા છે. એ લોકો ભણ્યા નથી. એના બાળકોમાંથી કેટલાકે તો શાળા જોઈ જ નથી.

**આપણા દેશમાં વરસોથી આપણે વિક્રમ સંવતમાં માનીએ છીએ. ઉજ્જૈનમાં રાજા વિક્રમ થઇ ગયા. એમણે આ સંવત શરૂ કર્યો હોવાનું કહેવાય છે. બીજો સંવત શકસંવત તરીકે ઓળખાય છે.** દેશના કેટલાક ભાગોમાં શકસંવત તો કેટલાકમાં વિક્રમ સંવતને માનવામાં આવે છે. આ સંવતમાં પણ ગણતરી માટે ચાર વરસે અધિક માસની ગણતરી થાય છે **પણ ઇસ્લામી કેલેન્ડરમાં આવી કોઈ વ્યવસ્થા નથી. પરિણામે દર વરસે ઇદ દસ દિવસ વહેલી આવે છે.** ઇસ્લામી કેલેન્ડરના રચયિતાની આ ખામી હશે કે બીજું કોઈ કારણ હશે એ ખ્યાલ નથી આવતો. **હિંદુ મહિનો કારતકથી શરૂ થાય છે અને આસોમાં પૂરો થાય છે. આને દેશી પંચાંગ કહે છે.** હિંદુ કેલેન્ડરમાં ચોઘડિયા પણ હોય છે. દિવસના ચોઘડિયા અને રાત્રિનાં ચોઘડિયા જુદા હોય છે. શુભ, ચલ, કાળ, ઉદવેગ, અમૃત, રોગ, લાભ.

ભારતમાં લગ્ન અને બીજા પ્રસંગો મુહૂર્ત જોઇને જ નક્કી થાય છે. પરિણામે જ્યોતિષીઓની ભારે ડિમાન્ડ રહે છે. એ લોકો પોતાની પાસે જે પંચાંગ હોય છે એ જોઈને તરત જ મુહૂર્ત કાઢી આપે છે. દુનિયાના કોઈ દેશમાં પંચાંગનું આટલું મહત્ત્વ નથી. વિદેશમાં પણ જ્યાં જ્યાં ભારતીયો હોય ત્યાં ત્યાં એ લોકો ભારતના પંડિતોને બોલાવીને મુહૂર્ત કઢાવે છે અને એ મુજબ જ ચાલે છે. બિહારમાં છઠ્ઠ પૂજાનું મહત્ત્વ છે તો બીજા રાજ્યોમાં બીજી પૂજાનું મહત્ત્વ છે. **આમ, દેશભરમાં જાતજાતના કેલેન્ડર અસ્તિત્વમાં આવ્યા છે. સાચામાં સાચું કેલેન્ડર આપણું પોતાનું વ્યક્તિગત છે.** આપણને ગમે એની ઉજવણી કરીએ, આપણું મન સાફ હોવું જોઈએ. એનામાં કોઈ પ્રત્યે કોઈ જાતનો પૂર્વગ્રહ ન હોવો જોઈએ.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## પ્રભુ પ્રાર્થના

*હે પ્રભુ!*
*મને એટલી શક્તિ આપ, કે હું મારી મર્યાદાઓનો પ્રામાણિક સ્વીકાર કરી શકું.*
*મને એટલી વિવેકબુદ્ધિ આપ, કે પ્રશંસાના પૂરમાં મારી નમ્રતા તણાઈ ન જાય;*
*અસત્‌ની સામે અડીખમ ઊભા રહેવાનું બળ આપ;*
*નિંદકોને આવકારી શકું એવી નિર્લેપતા આપ;*
*અન્યોની નબળાઈઓ પરત્વે આપ અપાર કરુણા;*
*મારી પોતાની ભૂલોને ઓળખવાની ક્ષમતા આપ;*
*મહાનતાનો આદર કરવાની તટસ્થતા આપ;*
*મિત્રની પડખે ઊભા રહેવાની અડગતા આપ;*
*મન, વચન, કાયાથી તુજને સમર્પિત રહેવાની કૃપા આપ.*

વિચાર મંચ

# કુદરતની કોરોના સ્કીમ શા માટે લોન્ચ થઈ?



ડૉ. નવીન પારેખ
(Ph.D. in Jainology)

કોરોનાકાળમાં હજારો લોકોએ આ વિષય ઉપર યથાશક્તિ માહિતી આપી. આપણે તેને રિપિટ ન કરતાં અલગ પરિપ્રેક્ષ્ય (Context)માં જોઈએ. કદાચ આપણી વૈચારિક પ્રક્રિયા (Thought Process & Pattern) બદલે, એ અપેક્ષા સાથે.

- **કોવિડ-૧૯ સ્કીમ કુદરતે શા માટે અમલમાં મૂકી?**

ભૂતકાળમાં સર્વ જીવોના કલ્યાણ માટે કુદરતે ૧૮ સ્કીમ બહાર પાડેલ, જે આપણા ધ્યાન બહાર રહી. આ અઢારે સ્કીમ 'જીવો અને જીવવા દો' એ પ્રકૃતિના સર્વસામાન્ય સિદ્ધાંતને અનુરૂપ હતી. જેના આધારે સમગ્ર વિશ્વની પર્યાવરણ વ્યવસ્થા સંતુલિત હતી (Balanced Eco-System). આ અંગે સરળ સમજ સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીર સ્વામીએ તથા વૈદિક ગ્રંથોમાં પણ આપેલ છે. આપણે એ તમામ પ્રીમિયમ સ્કીમનો અભ્યાસ ન કર્યો, બેદરકાર રહ્યા. પૃથ્વી પર મનુષ્ય સિવાય કોઈપણ જીવનો જીવવાનો અધિકાર આપણે છીનવી લીધો. પર્યાવરણ આધારિત આ ૧૮ સ્કીમો નિષ્ફળ જતાં પૂરા વિશ્વમાં જોરશોરથી કોવિડ-૧૯ સ્કીમ અમલમાં આવી અને વિશ્વના લગભગ દેશો માટે તેમાં ઈન્વેસ્ટમેન્ટ ફરજિયાત બન્યું. એક અંદાજ મુજબ સમગ્ર વિશ્વ ૧૫ લાખ માનવોની આહૂતિ આપશે. **બોલ સાથે ચેડાં કર્યા તેમણે રમત છોડવી પડી, બેંક સાથે ચેડા કર્યા તેણે દેશ છોડવો પડ્યો, તો પછી પ્રકૃતિના પ્રસ્થાપિત નિયમો સાથે ચેડાં કરીએ તો દુનિયા છોડવી પડે.** આપણું શરીર પંચ મહાભૂતો (અગ્નિ, આકાશ, જલ, પૃથ્વી અને વાયુ)થી બન્યું છે, જે આપણા અસ્તિત્વનું કારણ છે. તેનું જ અસ્તિત્વ આપણે મિટાવવા લાગ્યા. હજારો વર્ષથી કુદરત ધરતીકંપ, વાવાઝોડું, દુષ્કાળ વગેરે રૂપે મર્યાદિત સ્કીમો આપે છે. આપણે સુપર હ્યુમન, સુપર પાવર બન્યા. પ્રકૃતિને પામર ગણી. શું કોઈ ઈલેકટ્રિકલ એન્જિનિયર છે માટે ઈલેકટ્રિક પ્લગમાં આંગળી નાંખી શકે? **માણસનું ગમે તેટલું ઉચ્ચ ક્વોલિફિકેશન હોય, પ્રકૃતિ સુપર છે અને રહેશે.** આગ કે પાણી સાથે રમત ન થાય. Ethics સાથે સમાધાન ન થાય. આ સ્કીમ અનેક જીવોના આક્રંદ અને દર્દની ફળશ્રુતિ છે. તેને વધાવવા સિવાય કોઈ વિકલ્પ નથી.

- **કોવિડ-૧૯ સ્કીમ શું છે?**

કોવિડ-૧૯ એક સ્વચ્છતા અભિયાન અને મેજર રિપેરીંગ સ્કીમ છે. પ્રકૃતિની વ્યુહરચના મુજબ આ સ્કીમ કોઈ અસરકારક ઉપચાર, દવા કે વેક્સીન વગર અમલમાં મૂકવામાં આવી છે. મતલબ કે શુદ્ધ સ્વરૂપે છે જે કદાચ ૨૦૨૧ની શરૂઆત સુધી અસ્તિત્વમાં રહેશે. એક જ કંપનીના મોબાઈલ હોય કે મોટરકાર, તેનાં કેટલાં વર્ઝન - મોડલ બદલ્યા કરે છે? દર ચાર-છ મહિને કંઈક સુધારા સાથે નવું મોડલ! અર્થાત્ માણસ કોઈ વસ્તુ સંપૂર્ણ બનાવી શકતો નથી પછી એ કાર હોય કે કોમ્પ્યુટર. Man is IMPERFECT, can't make anything PERFECT. પરંતુ જ્યારથી કુદરતે માનવની ડિઝાઈન બનાવી તેમાં કોઈ ફેરફાર (Updation / Modification) થયો નથી. ૨૪ કલાકના મર્યાદિત સમયમાં કામકાજ નિપટાવવા માટે માણસને એકાદ હાથ, પગ કે આંખ એક્સ્ટ્રા આપવાની એને જરૂર લાગી નથી અને લાખો વર્ષોથી એ જ માનવ-મોડેલ અસ્તિત્વમાં છે. શરીરની મુળભૂત આવશ્યક્તાઓ - દૈનિક શ્રમ, સાત્વિક-સાદો ખોરાક, પૂરતી ઊંઘ, માનસિક શાંતિને અવગણીને કુદરતના આ બેઝિક મોડલમાં તેના મૂળ સ્વભાવ વિરુધ્ધ ચેડાં કર્યાં. એના રીનોવેશન માટે આ સ્કીમ છે. એક કોરોના વાયરસ કે જેનું વજન માત્ર 0.85 Atoogram (0.00000000000000000085 gram) છે અને એક વ્યક્તિનો ભોગ લેવા માટે માત્ર 0.0000005 ગ્રામ કોરોના વાયરસ પૂરતા છે. **સમગ્ર વિશ્વની સાત અબજ માનવ વસતિનો નાશ કરવો હોય તો ૧૦૦ ગ્રામ કરતાં વધારે વાયરસની જરૂર નથી. માટે પ્રકૃતિની તાકાતને નજર અંદાજ કરવાની જરૂર નથી.** કરોડો બલ્બ પ્રગટાવવાથી સવાર પડતી નથી પણ નવ કરોડ માઈલ દૂરથી સૂર્ય ઊગે ત્યારે જ સવાર પડે છે, એ પ્રકૃતિની તાકાત છે. આજે ટેકનિકલ ખામીના કારણે સૂર્ય નહીં ઉગે તેવું ક્યારેક પ્રકૃતિએ કહ્યું નથી. આ સ્કીમ તેની છે અને તેનો અમલ પણ નિર્વિરોધ છે.

- **બચવાનો ઉપાય શક્ય છે :**

ભૌતિક ઉપાયોની વાત નહીં કરીએ કારણકે તે અનેક છે

અને એકસમાન રૂપે દરેકને લાગુ ન પણ પડે. તેમ છતાં આ મહામારીનો ઉપાય માત્ર રોગપ્રતિકારક શક્તિ (Immunity Power) વધારવાનો છે અને તે તમામ સુવિધા આપણા રસોડામાં છે. Kitchen is the biggest Pharmacy. દરેક મસાલાની પ્રાણવાયુ ગ્રહણ શક્તિ (ORCA – Oxygen Radical Absorption Capacity) હોય છે. દા.ત. હળદર (102700 ORCA Value), લવિંગ (314400), આદુ (28800), તુલસી (67500) અને એવા અનેક વસાણા આપણા રસોડામાં છે, જેનો ઉપયોગ કરવો.

આધ્યાત્મિક - માનસિક (Psyco-spiritual) દૃષ્ટિકોણથી જોઈએ. જૈન ધર્મે આપણને સામાયિક રૂપે મનને સાધવાની ઉત્તમ ક્રિયા આપી છે. સામાયિકની ૪૮ મિનિટ માનસિક શાંતિનો ઉપહાર છે. અજૈન ભાઈઓ માટે પણ માત્ર એક કલાકનું ધ્યાન ૨૪ કલાકનો ખોરાક છે. एकाग्र -चिंता-निरोधो ध्यानम् (तत्त्वार्थसूत्र ९१२९). આપણું મન દિવસ દરમિયાન લગભગ ૬૦,૦૦૦ વિચારો કરે છે અને ૯૦% વિચારો રિપીટ થાય છે. આ વિચારો પૈકી મોટાભાગના નકારાત્મક, ચિંતાગ્રસ્ત, સાંસારીક ઉપાધિને લગતા હોય છે. દરેક વિચાર એક ચોક્કસ પ્રકારનું રસાયણ છોડે છે. **ન્યુરોસાયન્ટીસ્ટોના અભ્યાસ મુજબ આપણા મગજમાં ૨૦ અબજ ન્યુરોન છે.** દરેક ન્યુરોન આપણા વિચારોની સંખ્યા અનુસાર દર સેકંડે અનેક ગણતરીઓ કરે છે. આ પ્રોસેસ માટે મગજ શરીરની કુલ જરૂરિયાતના ૭૦% લોહી વાપરે છે. પરિણામે આપણી લાઈફ એનર્જીનો મોટો હિસ્સો મગજના બિન ઉત્પાદક વિચારો ખાઈ જાય છે. માટે આપણે વિચારો ઉપર કાબૂ મેળવીએ તો ઘણી જીવન શક્તિ બચાવી શકીએ. આ માટે માત્ર ને માત્ર એક જ ઉપાય છે – ધ્યાન અને સામાયિક. Practicing silence for a few minutes everyday releases the power of conserved energy. This is the Immunity booster.

એક અલગ અભ્યાસ મુજબ હૃદય દિવસ દરમિયાન ૭૦૦૦ લિટર લોહી પંપ કરે છે. તે પૈકી મગજ ૭૦% લોહી વાપરે છે. ચિંતાગ્રસ્ત મગજને વધારે લોહીની જરૂર પડે છે. તેથી હૃદયને ઝડપથી લોહી પહોંચાડવું પડે. સામાન્ય સંજોગોમાં હૃદય એક ધબકાર માટે ૦.૮ સેકંડ (એક મિનિટના ૭૨ ધબકાર) લે છે. (0.3 Second for Systole and 0.5 second for Diastole resulting in 1 Cardiac Cycle). અહીં જે ૦.૫ સેકંડ છે તે સમય દરમિયાન (Resting Time) અશુદ્ધ લોહી ફેફસામાં જઈને શુદ્ધ થાય છે. હવે ચિંતાગ્રસ્ત મગજની વધારાની જરૂરિયાત સંતોષવા માટે હૃદયને ૦.૫ સેકન્ડના (Resting Time) સમયમાં કાપ મૂકવો પડે છે. પરિણામે લોહી પૂર્ણ રીતે શુદ્ધ થતું નથી. જ્યારે અતિ ચિંતા અને ટેન્શનમાં આ ગાળો ઘટીને ૦.૩% થાય છે. તે કારણે ૨૦થી ૩૦% અશુદ્ધ લોહી શરીરમાં ભ્રમણ કરે છે. વારંવાર આવું થવાથી ધમનીઓમાં લોહીની અશુદ્ધિઓ જમા થાય છે અને હાર્ટ એટેકના ચાન્સ વધે છે. માટે મગજને શાંત રાખવા માટે વિચારોનો પ્રવાહ ઘટાડવો જરૂરી છે.

જ્યારે આપણે સૂઈએ ત્યારે એ રાત્રી આપણા જીવનની અંતિમ રાત્રી હોઈ શકે, જો સવારે વિધાતા આપણને વધારે એક દિવસની જિંદગી ન બક્ષે તો! **વિધાતાની પરમિશન લઇને સવારે સૂર્ય આપણી આંગળી પકડીને નવા દિવસનું દાન કરે છે.** એ દાનને સાર્થક કરીએ. માનવ છીએ, માનવ તરીકે જીવીએ. અનેક જીવોનું અસ્તિત્વ છે માટે આપણે જીવીએ છીએ. (Let's mean the Co-existance). માટે કોઈના જીવવાના અધિકારનું હનન કરવાનો આપણને હક્ક નથી. આટલી સરળ સમજ માનવ કેળવશે તો કુદરતને કોઈ સ્કીમનો અમલ નહીં કરવો પડે.

એકવીસમી સદીનું સનાતન સત્ય એ છે કે **ભવિષ્યનું જીવન માત્ર રોગપ્રતિકારક શક્તિ (Immunity) આધારિત હશે અને એ જ વ્યક્તિ જીવી શકશે જે 'શિવમસ્તુ સર્વજગતઃ'નો મર્મ સમજશે.** પરંતુ યુધિષ્ઠિરને પૂછાયેલ યક્ષ પ્રશ્નનો જવાબ એ છે કે માનવી ભૂતકાળમાંથી કાંઈ શીખતો નથી.

*૫૦૨, અજરામર એન્કલેવ, પ્લોટ નં.-૨૦૭,*
*રોડ નં.-૧૪, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ.*
*મો. ૯૪૨૬૩૮૩૬૧૧*

## મહાવ્રત

સત્યને બદલે અહીં અસત્યના પ્રયોગો થાય છે
અહિંસા કેવી? ઠેર ઠેર જુઓ અહીં હિંસા ખેલાય છે

ચોરી ચોરથી નહીં અહીં સજ્જનો દ્વારા થાય છે
જોતુ કે વણજોતુ – દરેક ચીજની સંઘરાખોરી થાય છે

ને બ્રહ્મચર્ય? ભાગ્યે જ એનું પાલન થાય છે
જાત મહેનત ન કરો - હવે પારકે પૈસે કામ થાય છે

ને કોઈ અડે તો હજુ પણ પાણીની છાંટ નખાય છે
અભય એ રહે જેને હાથવગુ હથિયાર છે

**ને સ્વદેશીને સ્થાને વિદેશી માલ વપરાય છે**
સ્વાદ કરવા માટે ખાણીપીણીની હોડો બકાય છે

સર્વધર્મ સરખા ગણવાની ખાલી વાતો થાય છે
ગાંધી તમારા આપેલા અગિયાર મહાવ્રત
આ રીતે જો ઉલટી રસમથી પળાય છે

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

કાનૂન

# ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ-૬૬(A) – વાંચો પછી લખો



મિતેષ એમ. સોલંકી,
M.Sc., M.Phil., MBA
ઍંકર, જર્નાલિસ્ટ

***નોંધ*** *: તજજ્ઞ લેખક શ્રી મિતેષ સોલંકીના કાનૂની પ્રક્રિયા સંબંધી આર્ટિકલ્સ વાચકવર્ગને ખૂબ જ ઉપયોગી સાબિત થશે, તેમાં બે-મત નથી.*

*– તંત્રી મંડળ*

● **પૃષ્ઠભૂમિ :**

ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ - ૨૦૦૦ તત્કાલિન ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી પ્રમોદ મહાજનની અધ્યક્ષતામાં તૈયાર કરવામાં આવ્યો હતો, જે વર્ષ ૨૦૦૦માં સંસદમાંથી પસાર થયો. આ કાયદાને તે સમયના રાષ્ટ્રપતિ શ્રી કે.આર. નારાયણે ૯મે, ૨૦૦૦ના રોજ મંજૂરી આપી હતી.

● **કાયદાના ભાગ :**

ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ - ૨૦૦૦ જ્યારે તૈયાર થયો ત્યારે તેમાં કુલ ૧૩ ભાગ, ૯૪ કલમ અને ૪ અનુસૂચિઓ હતી. આ કાયદો બન્યા પછી ભારતના બીજા ઘણા કાયદા જેવા કે IPC 1860 (કલમ-૨૯એ – ઈલેક્ટ્રોનિક દસ્તાવેજની વ્યાખ્યા ઉમેરવામાં આવી), Evidence Act – 1872, Banker's Book Evidence Act - 1891 અને Reserve Bank of India Act - 1934 ની ઘણી કલમમાં પણ ફેરફાર કરવામાં આવ્યા.

● **કલમ-૬૬એ ક્યારે દાખલ કરવામાં આવી?**

ઈન્ફોર્મેશન એક્ટ - ૨૦૦૦માં ઘણા સુધારા કરવામાં આવ્યા. પરંતુ વર્ષ ૨૦૦૮માં આ કાયદામાં કલમ-૬૬એ દાખલ કરવામાં આવી. આ ઉપરાંત કલમ-૬૯ પણ દાખલ કરવામાં આવી **જે અંતર્ગત યોગ્ય સત્તાધીશો કોમ્પ્યુટર દ્વારા આપ-લે કરવામાં આવતી માહિતીને વચ્ચેથી આંતરીને તેના પર દેખરેખ રાખી શકે છે –** "Interception or monitoring or decryption of any information through any computer resource."

● **કાયદો કોને લાગુ પડે?**

આ કાયદો ભારતની અંદર રહેલ કોમ્પ્યુટર નેટવર્ક તેમજ વિદેશથી આવેલ અન્ય વ્યક્તિને પણ લાગુ પડે છે.

● **કલમ-૬૬એ ની મહત્ત્વની જોગવાઈઓ જાણીએ**

ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની કલમ-૬૬એ અંતર્ગત નીચેની બાબતોમાં સજાની જોગવાઈ છે.

*કોમ્પ્યુટર અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધન દ્વારા જો કોઈ એવી બાબત પોસ્ટ કરવામાં આવશે જે....*

(A) એકંદરે કોઈ માટે અપમાનજનક હોય.

(B) કોઈ માહિતી જે ખોટી હોય, કોઈને હેરાન કરે તેવી હોય, અગવડતા ઊભી કરે તેવી હોય, ખતરો થાય તેવી હોય, અવરોધ ઊભો કરે, અપમાન કરે, ગુનાહિત ધાકધમકી લાગે, દુશ્મની ઊભી કરે, દ્વેષ અથવા હીનભાવ ઊભો કરે.

(C) એવો કોઈપણ ઈલેક્ટ્રોનિક મેઈલ, સંદેશ અથવા કોઈ બાબત જે અન્યને હેરાન કરવાના ઈરાદાથી, અગવડતા ઊભી કરવાની ઈચ્છાથી અથવા જે વ્યક્તિને સંદેશ મળે છે તે વ્યક્તિને ગેરમાર્ગે અથવા છેતરવા માટે કરવામાં આવે.

તો ઉપરોક્ત કલમ અંતર્ગત જો કોઈ વ્યક્તિ આ પ્રકારની પોસ્ટ કરે તો તેની ધરપકડ કરી શકાય અને વ્યક્તિને મહત્તમ ૩ વર્ષની જેલ તેમજ રોકડ દંડ કરવાની જોગવાઈ છે.

● **કલમ-૬૬એ અને કેટલીક ઘટનાઓ :**

■ **૧૨ એપ્રિલ, ૨૦૧૨ :** ***જાદવપુર, યુનિવર્સિટી - કેમિસ્ટ્રી પ્રોફેસર - અંબિકેશ મહાપાત્રાની ધરપકડ કરવામાં આવી.***

***કયા કાયદા અંતર્ગત?*** ૬૬એ અને બી (IT Act, 2000), IPC ની કલમ-૫૦૦ માનહાનિ અને IPC ની કલમ-૫૦૯ – મહિલાને અયોગ્ય રીતે દર્શાવવા બદલ.

***ધરપકડનું કારણ?*** – એક કાર્ટુન બનાવ્યું. જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને રેલવે મંત્રી મુકુલ રોયને દર્શાવવામાં આવ્યા હતા. આ કાર્ટુનનો ઇ-મેઈલ હાઉસિંગ સોસાયટીના સેક્રેટરી સુબ્રતો સેન ગુપ્તામાંથી કરવામાં આવ્યો હતો. તેથી તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી.

■ **સપ્ટેમ્બર-૨૦૧૨ :** *કાર્ટુનિસ્ટ અસીમ ત્રિવેદીની ધરપકડ કરવામાં આવી.*

*કયા કાયદા અંતર્ગત :* ૬૬એ (IT Act, 2000) અને કલમ-૨ (Prevention of Insults to National Honour Act, 1971), કલમ-૧૨૪ (IPC, 1860).

*ધરપકડનું કારણ?* – **તેના કાર્ટુનમાં ભારતમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચારને દર્શાવવામાં આવ્યો હતો.**

■ **૩૦ ઓક્ટોબર, ૨૦૧૨ :** *પુદુચેરીના વેપારી રવિ શ્રીનિવાસનની ધરપકડ કરવામાં આવી.*

*કયા કાયદા અંતર્ગત?* – ૬૬એ (IT ACT, 2000)

*ધરપકડનું કારણ?* – ભૂતપૂર્વ નાણાંમંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ પર ભ્રષ્ટાચારનો આરોપ કરતી એક ટ્વિટ કરી હતી.

■ **૧૯ નવેમ્બર, ૨૦૧૨** – *૨૧ વર્ષની યુવતીની પાલઘરથી ધરપકડ કરવામાં આવી હતી.*

*કયા કાયદા અંતર્ગત :* ૬૬એ (IT Act, 2000)

*ધરપકડનું કારણ?* – શિવસેના પ્રમુખ બાલ ઠાકરેના અવસાન પછી જે સ્મશાનયાત્રા કાઢવામાં આવી તે માટે મુંબઈ બંધનું એલાન કરવામાં આવ્યું હતું. તેના વિરોધમાં તેણે ફેસબુક ઉપર પોસ્ટ કરી હતી.

૩૧ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ મુંબઈની સ્થાનિક અદાલતે યુવતી સામેના આક્ષેપોને નકારી કાઢ્યા હતા.

● **પડકારવાના કારણો :**

ઈન્ફોર્મેશન એક્ટ – ૨૦૦૦ કાયદાનો વાસ્તવિક હેતુ શું હતો? – વાસ્તવમાં કલમ-૬૬એ લાગુ કરવાનો હેતુ સોશિયલ મીડિયા દ્વારા ફેલાતી ખોટી માહિતીને અટકાવવાનો હતો, નહીં કે કોઈપણ વ્યક્તિના અંગત મંતવ્યોને આધારે તેની ધરપકડ કરવાનો.

● **કલમ-૬૬એ ને કોણે પડકારી?**

*ફરિયાદી :* શ્રેયા સિંઘલ વિ. ભારત સંઘ

● **ફરિયાદ દાખલ કરનાર વ્યક્તિની દલીલો શું હતી?**

ઈન્ફોર્મેશન ટેકનોલોજીના કાયદામાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે દરેક શબ્દની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા કે અર્થઘટન કાયદામાં આપવામાં આવેલ ન હતા.

કલમ-૬૬એ માં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનું અર્થઘટન ખૂબ વિસ્તૃત હતું. જેના લીધે કાયદાનું અર્થઘટન તરંગી / મનસ્વી રીતે પણ કરી શકાય તેવી શક્યતા ખૂબ વધારે હતી અને તે બાબતનો જ લાભ કાયદાકીય સંસ્થાઓ કરતી હતી. પરિણામે ફરિયાદીના કહેવા મુજબ આ કાયદાના ઉપયોગ દ્વારા બંધારણ દ્વારા આપવામાં આવેલ વાણી અને અભિવ્યક્તિના અધિકાર (આર્ટીકલ-૧૯)ની જે બાંહેધરી આપવામાં આવી છે તે નાગરિક ભોગવી શકતા નથી.

● **સુપ્રીમ કોર્ટના તારણો :**

ઉપરોક્ત દલીલોને ધ્યાને લેતા સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું કે કલમ-૬૬એ નાગરિકના વાણી અને અભિવ્યક્તિના મુળભૂત અધિકારનો ભંગ કરવામાં આવી રહ્યો છે.

**કલમ-૬૬એ નો વિસ્તાર એટલો બહોળો / વિસ્તૃત છે કે કોઈપણ બાબત પર આપવામાં આવેલ કોઈપણ મંતવ્યને આ કલમ અંતર્ગત લાવી શકાય છે** અને પરિણામે વ્યક્તિની વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને રૂંધી શકાય છે. તેથી કલમ-૬૬એ ને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ઘોષિત કરી.

● **સમાપન :**

સુપ્રીમ કોર્ટના તારણ મુજબ ઉપરોક્ત કલમ બંધારણના આર્ટિકલ-૧૯ દ્વારા આપવામાં આવતી સ્વતંત્રતાનો ભંગ કરે છે અને તેથી સંપૂર્ણ રીતે કલમ-૬૬એ રદ કરવામાં આવે છે. આ રીતે સુપ્રીમ કોર્ટે બંધારણના રક્ષક તેમજ મુળભૂત અધિકારોનું રક્ષણ કરતો એક મહત્ત્વનો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો.

● **વિશેષ નોંધ :**

આર્ટિકલ-૧૯ અંતર્ગત આપવામાં આવેલ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પણ નાગરિક વ્યાજબી નિયંત્રમ હેઠળ જ ઉપયોગ કરી શકે છે. જો નાગરિક પોતાની વાણી અને અભિવ્યક્તિના અધિકારનો ઉપયોગ કરીને દેશની એકતા, અખંડિતતા, સમાજની શાંતિ અને સુલેહ અથવા કાયદા અને વ્યવસ્થાને ભંગ કરવાનો પ્રયત્ન કરે તો સરકાર અભિવ્યક્તિના અધિકાર પર નિયંત્રણ મૂકી શકે છે.

● **મિનિ કટ :**

*જૂની કહેવત : ન બોલવામાં નવ ગુણ.*

***નવી કહેવત :*** *સોશિયલ મીડિયા માટે – "ન લખો તો લાખના અને લખો તો સલાખો પાછળ."*

*૬/૧, ગોયલ પ્લાઝા, જજીસ બંગલા રોડ, વસ્ત્રાપુર,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૭૧૨૯૨૪૨૦૧*

***મોહનલાલ થવું તો બહુ સહેલું છે***
***"ગાંધી" થવું બહુ મુશ્કેલ છે.***

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

અભિગમ

# કિન્નરો પ્રત્યેની સમાજ અને સરકારની ફરજ



જશવંતીબેન નવીનચંદ્ર મહેતા

આજે હું મારા જીવનનો સ્વાનુભાવ કહેવા જઈ રહી છું. એ જોયા જાણ્યા પછી મારા હૃદયમાં એટલી બધી વેદના ઉપડી કે હું આ બધું લખવા માટે પ્રેરાઈ.

એક દંપતી છે, જેને હું ઘણા વર્ષોથી ઓળખું છું. જેમના ઘરે ઘણા વર્ષો પછી અનેક દવાઓ અને ઉપચારો બાદ પારણું બંધાયું ત્યારે એ દંપતી એટલું બધું ખુશ થયું કે જાણે તેમને દુનિયાની બધી જ ખુશીઓ મળી ગઈ. થોડા સમય બાદ તે બાળક કિન્નર હોવાની જાણ થતાં ડૉક્ટર પાસે લઇ જતાં જાણવા મળ્યું કે બાળકની આ ખોટ નાઈલાજ છે. તેના માતા-પિતા ઉપર તો જાણે આભ તૂટી પડ્યું. થોડા સમયમાં જ આમ સમાજમાં વાત વહેતી થઈ કે આ બાળક કિન્નર છે અને બધાની ઉપેક્ષાને લીધે આ બાળક અતડું રહેવા લાગ્યું અને કિન્નરોને જાણ જતાં એ લોકો આ બાળકને તેમની જમાતમાં લઈ ગયા. તેના મા-બાપ તેમના એકના એક વહાલસોયા બાળક વગર જુરવા લાગ્યા ત્યારે આ દંપતીનો ઝુરાપો જોઈને મારો અંતરાત્મા કકળી ઉઠ્યો અને મને લાગે છે કે **આપણે પણ, કિન્નરો સમાજ વચ્ચે ઇજ્જતથી રહી શકે એવું કંઈક કરવું જોઇએ.**

મહાનગરોમાં તો ભીખારીઓનાય અડ્ડા ચાલે છે. **ભીખ માંગનારને તેમના યુનિયનના સભ્ય બનવું પડે છે. ભીખમાં મળેલી રકમમાંથી અમુક ભાગ યુનિયનને આપવો પડે.** આવી બધી પ્રવૃત્તિઓ વિશે તો અવારનવાર લખાતું ને વંચાતું હોય છે. આ સામે ક્યારેક ઉહાપોહ પણ મચે છે. પોલીસની રેડ પણ પડે છે. એ સિવાય જાણીતા છતાં નજરઅંદાજ કરી દેવાયેલા અડ્ડાઓમાં વ્યંઢળોના પણ અડ્ડાઓ ચાલે છે. **વ્યંઢળો વિશે, એમની પ્રવૃત્તિઓ વિશે કે એમના ગુજરાન વિશે વિચારવાની ક્યારેય કોઇએ દરકાર લીધી હોવાનું જણાતું નથી.** આ લોકો ભીખ માંગે છે. ટ્રાફિક સિગ્નલ પર અથવા ટ્રેનના ડબ્બાઓમાં  એ તાબોટા (બે હથેળી સાથેનો અવાજ) મારીને ભીખ માંગતા જોવામાં આવે છે.

આપણને ગમતું નથી. કદાચ આપણને એના પ્રત્યે સુગ પણ આવતી હશે. પણ એમની આ દશા માટે કોણ જવાબદાર છે, એ વિશે વિચારવાનું આપણને જરૂરી લાગતું નથી. એ વ્યંઢળ છે, એટલું આપણે જાણીએ છીએ. એ માટે કુદરત પર દોષ ઢોળીએ છીએ ને આપણે આપણી ક્ષુદ્ર સામાજિકતાને, એના પ્રત્યેની જવાબદારીને અળગી સેરવી લઈએ છીએ. **એનું વ્યંઢળપણું કુદરત આધીન હોઈ શકે. પરંતુ એની ભીખ માંગવાની પરિસ્થિતિ વિશે શું આપણે જવાબદાર નથી? શું એ માટે આપણી સરકાર જવાબદાર નથી?** આપણને એના પર દાઝ ચડે છે, એટલી જ એને પણ આપણી પ્રત્યે દાઝ નહીં હોય એની શી ખાતરી? ટ્રેનમાં એ તમારા માથા પર ટપલી મારે છે, એ જ તો એની દાઝ છે. વ્યંઢળના હાથમાં બે પાંચ રૂપિયા મૂકીને તમે છુટકારો મેળવી લેતા હશો. પરંતુ એ પોતાની દયાજનક છતાં તિરસ્કાર અવસ્થામાંથી શી રીતે છુટકારો મેળવે? એના છુટકારા વિશે આપણે ક્યારેય કશું વિચાર્યું છે ખરું? એમને ભીખ ન માંગવી પડે એની કોઈ વ્યવસ્થા આપણી પાસે છે ખરી?

કોઈ દુકાન પર કે કોઈ ઓફિસમાં એને નોકરી પણ આપતું નથી. આ રીતે આપણે એને તિરસ્કારી બનાવી દીધા છે. **આપણા સમાજમાં કાર્યરત અનેક પ્રકારના સેવા મંડળોથી માંડીને આપણી સરકાર સુધી એમના માટે કોઈ જોગવાઈ અમલમાં નથી.** સરકારે વિકલાંગો માટે સંસદમાં ખરડો પસાર કરીને અનેક જાતની અનેક ક્ષેત્રે સગવડો પ્રદાન કરી છે તે આવકાર્ય બાબત છે. પરંતુ એનો લાભ વ્યંઢળોને કેમ મળતો નથી? શું વ્યંઢળો વિકલાંગની ગણતરીમાં નથી આવતા? તેનું કારણ શું? કોઈનો હાથ કે પગ ન હોય, શરીરનું કોઈ પણ એક અંગ અગર ખોડખાંપણવાળું હોય તો એ ખોડખાંપણવાળા માટે સરકારે મુસાફરીથી માંડીને  અનેક પ્રકારની સુવિધાઓ ઊભી કરી છે. વિકલાંગ માટે સરકારી નોકરીમાં વિશેષ ક્વોટા ફાળવવામાં આવે છે. સરકારી અને ખાનગી ક્ષેત્રે પણ એની ક્ષમતા પ્રમાણે એમને નોકરી મળે છે. એમને ત્રણ પૈડાંવાળું વ્હીકલ પણ સહાયમાં મળે છે કારણકે એનું એક અંગ ખામીયુક્ત છે. **સમાજનું વિકલાંગો તરફનું આ વલણ અને જવાબદારી આવકાર્ય ગણાવી જોઈએ. સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે વ્યંઢળનું પણ એક અંગ ખામીયુક્ત છે.** એ સ્થિતિમાં એને નોકરી કેમ નથી મળતી? કોઈ પણ દુકાન અથવા શો રૂમમાં એક વિકલાંગ નોકરી કરી શકે છે, તો વ્યંઢળ કેમ નહીં? વ્યંઢળનું એક અંગ નકામું છે એ સિવાય એ બધી રીતે તંદુરસ્ત પણ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૮ ઉપર)

મનોરંજન / હાસ્ય તરંગ

# હાસ્યના પ્રયોગો – રિસેપ્શન છૂટાછેડાનો જાપાનમાં!!...



ચિત્રસેન શાહ
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)

મહાત્માજીએ સત્યના પ્રયોગો કર્યા હતા. અમે 'મહા આત્મા' નથી, 'સામાન્ય આત્મા' છીએ (આને શું કહેવાય 'સામાન્યાત્મા'?!), તેથી અમારામાં સત્યના પ્રયોગો કરવાની હિંમત નથી. **તેથી અમે હાસ્યના પ્રયોગો કર્યા.**

એક ટી.વી. ચેનલ પરથી 'સચ કા સામના' નામનો ગેમ શો પ્રસારિત થયો હતો. જે જોયા પછી તો લાગ્યું કે 'સત્યના પ્રયોગો' કરવા એ સામાન્ય માણસ માટે લોઢાના ચણા ચાવવા જેટલું મુશ્કેલ કામ છે.

'સચ કા સામના' કાર્યક્રમમાં જે સવાલો પૂછવામાં આવ્યા છે તેના જવાબ સાચા હોય તો જ જાયન્ટ સાઈઝના પુરસ્કારવાળી ગેમમાં આગળ વધી શકાય છે, નહીં તો આઉટ! જવાબ સાચો છે કે ખોટો તે પૉલિગ્રાફ નામનું મશીન નક્કી કરે છે. આમ માણસ કરતાં મશીનની વિશ્વસનીયતા વધારે આંકવામાં આવે છે!

હવે ચાલો જોઈએ આ કાર્યક્રમના બેએક કાલ્પનિક એપિસોડના અંશો!

ઍન્કરે પ્રથમ મહિલા સ્પર્ધકને કહ્યું કે 'પહેલા પાંચ સવાલ હું આપને આપના પતિ, ફૅમિલી, પડોશી-પડોશણ વગેરે અંગે પૂછીશ. પહેલો સવાલ કદાચ તમારા અંગે અથવા તમારી પડોશણ અંગે હોઈ શકે. તો ચાલો, થઈ જાઓ તૈયાર 'સચ કા સામના' માટે!

ઍન્કર : 'આપની ઉંમર કેટલી?'

લ્યો, થયું! સ્પર્ધક પહેલા બૉલે જ આઉટ થઈ જાય તેવો સવાલ પુછાયો!

૩૦ વર્ષની મહિલા સ્પર્ધક : ૩૫ વર્ષ!

પૉલિગ્રાફ મશીને જાહેર કર્યું કે 'યે જવાબ જૂઠા હૈ. સ્પર્ધક ૩૦ વર્ષનાં છે!'

હવે એન્કર ગોથું ખાઈ ગયા! કારણ કે સામાન્ય માન્યતા એવી છે કે સ્ત્રી પોતાની ઉંમર કદી સાચી કહેતી નથી! બે-પાંચ વર્ષ 'માઈનસ' કરીને જ કહે! જ્યારે અહીં ઊલટું થયું હતું! અહીં મહિલા સ્પર્ધકે પાંચ વર્ષ ઉમેરીને કહ્યાં હતાં! આ અંગે ઍન્કરે જ્યારે પૂછ્યું ત્યારે મહિલા સ્પર્ધકે જવાબ આપ્યો, 'સાહેબ, હું સવાલ મારી પડોશણ અંગેનો સમજી હતી, જે લગભગ મારા જેટલી જ છે! બાકી હું તો પચીસ વર્ષની છું!' (મહિલા સ્પર્ધકે આ રીતે પોતાનાં પાંચ વર્ષ પડોશણની ઉંમરમાં ઉમેરી દીધાં હતાં!) આમ પ્રથમ મહિલા સ્પર્ધક પ્રથમ બૉલે જ ક્લીન બોલ્ડ થયા!

ત્યારબાદના પુરુષ સ્પર્ધકને ઍન્કર પહેલો સવાલ પૂછે છે : 'સાહેબ, આપનો પગાર કેટલો?'

મોટા ભાગના પુરુષો આ સવાલનો સાચો જવાબ એટલા માટે નહીં આપી શકે કે જો સાચો જવાબ આપે તો પત્ની દ્વારા છેલ્લાં પચીસ વર્ષના પગારની રકમનું ઑડિટ થાય! પત્ની તરત જ પતિને પકડશે કે 'તમે તો આટલો પગાર ઘરમાં લાવતા હતા, તો બાકીની રકમ ગઈ ક્યાં?!'

તેથી સ્પર્ધક જાતે જ ગેમ શો છોડી જાય છે!

તે પછીના બીજા પુરુષ સ્પર્ધકને એન્કર પૂછે છે કે,

'અમને જાણવા મળ્યું છે કે આપ બાથરૂમ સિંગર છો! અને પાનખરની ઋતુમાં બાથરૂમમાં આપ ધરાર આ ગીત ગાઓ છો : ''પાંદડું લીલું જોયું ને તમે યાદ આવ્યા!''

તો આ ગીતમાં તમારી કલ્પિત વ્યક્તિ ''તમે'' કોણ છે અને ક્યાં છે?!'

સ્પર્ધક જવાબમાં કહે છે : 'તમે' મેં પત્નીને ઉદ્દેશીને ગાયું છે!

પૉલિગ્રાફ મશીનમાંથી અવાજ આવે છે 'યે જવાબ જૂઠ હૈ!'

અને સ્પર્ધક આઉટ!

તે પછીનો પુરુષ સ્પર્ધક કે જે લગભગ પ્રસિદ્ધ કવિ સ્વ. રમેશ પારેખ જેવો જ દેખાતો હતો તેને એન્કર પૂછે છે : 'તમે ઘણી વાર સ્વ. રમેશ પારેખની કવિતા ''ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ!' ગણગણતા ઝડપાયા છો. તો બોલો, આમાં ''તમને'' કોણ છે? અને તમે તે વ્યક્તિને કેટલી વાર ફૂલ આપેલાં?!'

રોમૅન્ટિક સ્પર્ધક આનો સાચો જવાબ આપી શકે તેમ નો'તો, કારણ કે સ્ટુડિયોમાં રેકૉર્ડિંગ વખતે તેનું આખું કુટુંબ તેની સામે બેઠું હતું! વળી પત્ની તો અગાઉથી તૈયારી કરીને

જ આવી હતી - હાથમાં વેલણ લઈને! આમ આ સ્પર્ધક પણ આઉટ થઈ જાય છે!

કાલ્પનિક એપિસોડ અહીં પૂરો થાય છે.

અગાઉ જણાવ્યું છે તેમ આ ગેમ શોની કલ્પનામાત્રથી અમને ગળા સુધી ખાતરી થઈ ગઈ છે કે અમે કોઈ દિવસ સત્યના પ્રયોગો કરી શકીએ નહીં કારણ કે સત્યના પ્રયોગો તો 'સચ કા સામના' કરતાં પણ મુશ્કેલ બને!

તો પછી નવરા બેઠા કરવું શું તેના વિચારમાં અમે ખોવાયેલા હતા, ત્યાં અમારા મગજમાં એક ઝબકારો થયો! ગાંધીજી પરથી પ્રેરણા લઈ અમે એક આત્મકથા લખવાનું નક્કી કર્યું! વળી તેનું નામ પણ અમે વિચારી લીધું

'હાસ્યના પ્રયોગો!' (મારું હાસ્ય એ જ મારો સંદેશ!)

હાસ્યના પ્રયોગો કરવા માટે સૌપ્રથમ જોઈશે કેટલાંક એવાં પાત્રો કે જેમને સાંકળીને કે સંડોવીને (!) નિર્દોષ, નિર્મળ, હાસ્ય નિષ્પન્ન કરી શકાય.

હાસ્યલેખકો, હાસ્યકલાકારો કે મિમિક્રી આર્ટિસ્ટો આવાં કેટલાંક પાત્રોને હાથવગાં રાખે છે, જેમને તેઓ સંકટ સમયની સાંકળ કહે છે.

તેમાંના કેટલાંક આ રહ્યાં - પત્ની, સાસુ, પોલીસ, રામો વગેરે. 'ચેરિટી બિગિન્સ ઍટ હોમ' એ ન્યાયે મિમિક્રી આર્ટિસ્ટો સૌપ્રથમ 'માઈક' પર પોતાની પત્નીને લાવે છે! અને ઘણી વાર તો સાસુસહિત પત્નીને લાવે છે!

એક મિમિક્રી આર્ટિસ્ટે એક પ્રોગ્રામમાં પત્ની અને સાસુ અંગેની નીચેની જોક રજૂ કરેલી.

**'સાસુ કા એક્સચેન્જ મેલા!**

**જૂની આપી નવી લઈ જાઓ!'**

એક ભાઈ તો પોતાની સાસુને લઈને ઉપડ્યા! (તેની સાસુ ભારે માથાભારે હતી!) ત્યાં જઈને જોયું તો **'સાસુ' નામના એક અદ્યતન સાડીના શોરૂમવાળાએ** સાડીના સેલ માટે આ પ્રમાણેની જાહેરાત આપી હતી!

હવે ઉપરોક્ત ભાઈ કે જે પોતાની સાસુને લઈને ગયા હતા તેમનો પોતાનો 'વાઈફ' નામનો કિચનની આઈટમ્સ - કિચનવેરને મોટો સ્ટોર હતો. તેણે 'સાંસુ'વાળા સ્ટોરની જાહેરાતના 'આઈડિયા' ની ઉઠાંતરી કરી!

તેણે તોફાની જાહેરાત આપી :

**'વાઈફકા એક્સચેન્જ મેલા!**

**જૂનીના બદલે નવી આપવામાં આવશે!'**

આ જાહેરાત વાંચીને તો પતિદેવોની લાંબી લાઈન લાગી ગઈ! કેટલાક લોકો તો ઑફિસમાં રજા મૂકીને પોતાની પત્નીને લઈને આવ્યા હતા! કારણ કે આવો ચાન્સ ક્યારે મળે! જાહેરાતવાળી જગ્યા પર આવીને લોકો જોતા જ રહી ગયા! મોટા સ્ટોક પર મોટું હોર્ડિંગ લાગ્યું હતું

**'વાઈફ - કિચનવેર સ્ટોર!**

જૂની આપી, નવી લઈ જાઓ! (કિચનવેર આઈટમ!)'

આ મિમિક્રી આર્ટિસ્ટ પત્નીઓ અંગે હજુ વધારે જોક કહેવાનો હતો પરંતુ પછી યાદ આવ્યું કે આ પ્રોગ્રામ ટી.વી. પર લાઈવ બતાવવાના હતા અને શો પત્યા પછી પોતાને ઘેર જ જવું પડશે ને! ત્યારે પત્ની કદાચ ઘરના બારણે આંખો પર હાથની છાજલી કરી કાગડોળે પોતાની રાહ જોતી ઊભી હશે તો!?

તેથી તે આર્ટિસ્ટે પોતાનું સુકાન બદલ્યું! હવે તે પત્ની પરથી **પોલીસ** પર આવી ગયો!

તે આર્ટિસ્ટે એક વાર એક જાણીતા પોલીસને (જાણીતા પોલીસને જ પુછાય, બાકી અજાણ્યા પોલીસને પૂછીએ તો તેના મનમાં શંકાનાં વાદળ ઘેરાય! અને ઇન્ડિયન પીનલ કોડની કોઈ પણ કલમ નીચે અંદર કરી દે!) પૂછ્યું : 'આટલામાં ક્યાંય કોઈ પણ બૅન્કનું ATM હશે?'

તો પોલીસે જવાબ આપ્યો : 'અમને બીજા કોઈ ATM ની ખબર જ ના હોય! કારણ કે અમારું ATM એટલે ટ્રાફિક જંક્શન! લોકો ટ્રાફિકના નિયમોના જાણતાં કે અજાણતાં ભંગ કરતા જ હોય છે અને એ રીતે અમારું ગાડું ગબડ્યે રાખે છે! અમારો દંડો, વ્હિસલ અને મેમોબુક એ અમારા ''પાસવર્ડ'' છે! જોઈએ તે પ્રમાણે ATM માંથી પૈસા મળી જાય!'

પોલીસ પરથી ઘરઘાટી **રામા** પર આવીએ તો મોંઘવારી અગે ફરિયાદ કરતાં અમારા એક મિત્રે કહ્યું : 'હવે તો મોંઘવારીએ માઝા મૂકી છે! જ્યારથી મોંઘવારીએ માઝા મૂકવાનું શરૂ કર્યું છે ત્યારથી તસ્કરોએ પણ પોતાની ઍક્ટિવિટી વધારી દીધી છે! અને ખરેખર જોવા જઈએ તો તસ્કરીનો સીધો સંબંધ મોંઘવારી સાથે જ હોઈ શકે ને! મોંઘવારી તો તસ્કરની વાઈફને પણ નડતી જ હોય ને! પરંતુ તસ્કરોએ હવે રાતના ઉજાગરા બંધ કર્યા છે અને દિવસે તાળાં તોડવાનું શરૂ કર્યું છે. (કારણ કે દિવસેય લોકો ઊંઘતા હોય છે!)

ઘર એકાદ કલાક પણ બંધ હોય ત્યારે દિવસે પણ ઘર લૂંટાઈ જવાના બનાવ વધવા લાગ્યા છે. અત્યાર સુધી તો પોલીસ ડિપાર્ટમેન્ટ ચોરીના કિસ્સાઓ ઉપર ફક્ત ચાંપતી નજર જ રાખી રહ્યું હતું, પરંતુ ચોરીના કિસ્સા વધવાને કારણે લોકોએ અને ન્યૂઝપેપરવાળાઓએ જ્યારે કકળાટ કરી મૂક્યો ત્યારે પોલીસ સફાળી જાગી! તેણે ઍક્શન પ્લાન અમલમાં મૂક્યો. પોલીસ

ડિપાર્ટમેન્ટે નાગરિકોને ઉદ્દેશીને અપીલ બહાર પાડી કે '**આપને ત્યાં ઘરકામ કરતા રામાઓના ફોટા તેમ જ તેમની જરૂરી વિગતો નજીકના પોલીસ સ્ટેશને પહોંચાડો. ત્યાર બાદ નિરાંતે ઊંઘી જાઓ કારણ કે અમે જાગતા રહીશું!**'

અમે અમારા રામાને તેનો ફોટો તેમ જ જરૂરી વિગતો આપવા જણાવ્યું ત્યારે તેને ગેરસમજણ થઈ હોય તેવું લાગ્યું. બીજે જ દિવસે તે નવાનકોર કપડાં પહેરીને બનીઠનીને આવ્યો અને સાથે ફોટો તેમજ બીજી વિગતો પણ લઈ આવ્યો, જે તેણે અમને આપી. પાછળથી જાણવા મળ્યું કે તે એમ સમજેલો કે તેના માટે કોઈ માગું આવ્યું છે!

આ પ્રમાણે હાસ્યકલાકારો કે હાસ્યલેખકોનાં હાથવગાં પાત્રો, જેવાં કે પત્ની, સાસુ, પોલીસ, રામો વગેરેને વાતોમાં વણી લઈ અમે હાસ્યના પ્રયોગો આરંભ્યા!

હાસ્યના પ્રયોગો એ જીવનનો **અંત** નથી, જીવનનો **આરંભ** છે!

★

## રિસેપ્શન છૂટાછેડાનો - જાપાનમાં

લોકો ધામધૂમથી ઘોડે ચડે, એટલે કે ધામધૂમથી લગ્ન થાય, પરંતુ છૂટાછેડા પણ ધામધૂમથી થાય તેવું સાંભળ્યું છે?! નહીં જ સાંભળ્યું હોય. મેં પણ નો'તું સાંભળ્યું, પરંતુ આજે ન્યૂઝપેપરમાં વાંચ્યું.

જાપાનમાં છૂટાછેડા પણ ધામધૂમથી લેવાય છે! અરે, ઘણીવાર તો લગ્ન કરતાં છૂટાછેડામાં વધારે ધામધૂમ થાય છે; કારણ કે ઘણીવાર લોકોને લગ્ન વખતે અમુક પ્રોગ્રામ કરી શક્યા ન હોવાને કારણે અફસોસ રહી ગયો હોય છે! ત્યારે તેવા લોકો મનમાં વિચારતા હોય છે કે હવે બીજા કોઈ પ્રસંગને ધામધૂમથી ઊજવીશું. બીજો કોઈ પ્રસંગ છૂટાછેડાનો જ હોય તો?! તો ત્યારે સાટું વાળવું જ પડે! ન્યૂઝપેપરમાં સમાચાર હતા કે –

જાપાનમાં લગ્નજીવનથી અસંતુષ્ટ હોય તેવાં યુગલો પરિવાર અને મિત્રમંડળ સહિત એકઠાં થઈને ઉજવણી કરે છે અને એકબીજાને '**કબૂલ છે**' કહીને આનંદથી છૂટાં પડે છે અને **આખા લગ્નજીવન દરમિયાન અનુભવેલી ન હોય તેવી હળવાશ અનુભવે છે.** જેમ લગ્ન તેમ જ લગ્નના રિસેપ્શન માટે આમંત્રણકાર્ડ સગાં-સંબંધીઓને મોકલાય છે, તે જ રીતે **છૂટાછેડા માટે પણ આમંત્રણકાર્ડ મોકલાય છે!**

આ પ્રમાણેની ઉજવણીનો આરંભ આજથી એકાદ વર્ષ પહેલાંથી થયો. એકાદ વર્ષ પહેલાં જ્યારે એક હિરોકી તેરાઈ નામના જાપાનીસ રિટાયર થવાની તૈયારીમાં હતો ત્યારે જ તેના લગ્નજીવનના શાંત જળમાં પથ્થર પડવાને કારણે વમળો સર્જાયાં હતાં. વાત ડિવોર્સ સુધી પહોંચી ગઈ હતી.

રિટાયર થતાં બીજા ઘણા લોકોની માફક જ તેને પણ પ્રશ્ન થયો હોવો જોઈએ - 'રિટાયર થયા પછી કરવું શું?!'

પરંતુ ત્યારે જ તેને અણીને સમયે '**ડિવોર્સ મેન્શન**' બનાવવાનો અને તેને આનુષંગિક પ્રવૃત્તિઓમાં લાગવાનો વિચાર આવ્યો! આ રીતે એક કાંકરે બે પક્ષી... પ્રવૃત્તિની સાથે પૈસા પણ મળે તેવો વિચાર મગજમાં ઝબક્યો. **ટોકિયોમાં 'ડિવોર્સ મેન્શન' બનાવ્યું કે જ્યાં છૂટાછેડા પાર્ટીની ઉજવણીઓ તેમ જ રિસેપ્શન વગેરે ગોઠવી શકાય.** દરેક દુઃખી યુગલ ૬૦૬ ડોલર ભરીને ધામધૂમ સાથે છૂટાછેડા ઊજવી શકે છે. તે પ્રસંગે લગ્નસમયે એકબીજાને પહેરાવેલી વીંટીઓની પણ અદલાબદલી કરાય છે. ફેરબદલી વખતે ક્યારેક તકરાર થવાની પણ સંભાવના રહે છે! પરંતુ બેમાંથી કોઈ પાર્ટી એમ તો કહે નહીં કે 'મારી ઑરિજિનલ વીંટી આપો, નહીં તો જાવ, નથી લેવા છૂટાછેડા!'

છૂટાછેડાની ઉજવણીનો વાયરો ઇન્ડિયામાં અને ગુજરાતમાં પણ ફૂંકાયો! અમારા એક મિત્રનું માનવું છે કે જાપાનમાં 'ડિવોર્સ મેન્શન' ઊભું કરનાર કદાચ ગુજરાતની કોઈ કંપની સાથે **'વાઈબ્રન્ટ ડિવોર્સ મેન્શન' ઊભું કરવા માટેના એમ.ઓ.યુ. પણ કરી શકે!**

આવી એક પાર્ટીએ તો વળી પોતાના આમંત્રણ કાર્ડમાં નીચે પ્રમાણેની ખાસ નોંધ લખી : "આજના પ્રસંગે હાજરી આપનાર જો આ છૂટાં પડી રહેલાં દંપતીના આજથી ૨૫ વર્ષ પહેલાં યોજાયેલા લગ્નસમારંભમાં પણ આવ્યા હોય અને તેમણે 'ચાંદલો' કરેલ હોય તો 'ચાંદલો' કર્યાના પુરાવા રજૂ કરી રિફંડ મેળવી લેવું!

ચાંદલાની રકમમાંથી સર્વિસ ટેક્સ અને ટી.ડી.એસ. કાપીને રકમ ચૂકવાશે. ૧૫-એચ ફોર્મ ભરીને આપવાથી ટી.ડી.એસ. કપાશે નહીં.

ચાંદલાનું રિફંડ એ દિવસે જ મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ ક્લેમ થયેલ ન હોય તે બધી રકમ સરકારશ્રીના 'કન્યાદાન' ફંડમાં જમા કરાવી દેવામાં આવશે. પછી તમે જાણો ને 'કન્યાદાન'વાળા જાણે!"

**સમૂહલગ્નની માફક જ છૂટાછેડાના પ્રસંગ પણ સમૂહમાં યોજાઈ શકે છે.** જેમ કોઈ મોટી ઇન્ડસ્ટ્રી એક જગ્યાએ ઊભી થાય તો તેની આસપાસ તેને આનુષંગિક સ્પેરપાર્ટ્સ વગેરે બનાવતી નાની-નાની ફેક્ટરીઓ પણ ઊભી થઈ જાય છે, તેમ **'ડિવોર્સ મેન્શન' ની આસપાસ 'મેરેજ બ્યૂરો' વગેરે પણ ઊભાં થઈ જાય છે,** કારણ કે ઘણા અધીરા લોકોમાં ધીરજ હોતી નથી. લોકો તો ડિવોર્સ લઈને સીધા પહોંચે છે 'મેરેજ

બ્યુરો' માં ફરીથી ઘોડે ચડવાના અરમાન સાથે! સામાન્ય રીતે દૂધના દાઝેલા લોકો છાશ પણ ફૂંકીફૂંકીને પીતા હોય છે! પરંતુ આગળ લખ્યું તેમ અહીં અધીરા લોકો તો એમ વિચારે છે કે જેમ-જેમ ક્ષણ વીતતી જશે તેમ-તેમ ઉંમરમાં ક્ષણ-ક્ષણનો ઉમેરો થતો રહેશે અને લગ્નની બજારમાં તેના ભાવ ઘટતા જશે! તેથી તેવા લોકો તો 'દૂધથી દાઝેલા લોકો છાશ પણ ફૂંકી-ફૂંકીને પીએ છે' એ કહેવતને જ ધોળીને પી જાય છે!

પરંતુ બીજા કેટલાય ડિવોર્સ લીધેલા ઠરેલ લોકો એવી જલ્દબાજીમાં માનતા નથી. તે લોકો માનતા હોય છે કે '**ઉતાવળે આંબા ન પાકે!**' તેવા લોકો કાર્બાઈડનાં ઈન્જેક્શન આપીને આંબા પકવવામાં માનતા નથી! વળી છૂટાછેડા લીધા પછી યુગલોમાંના ઘણા પતિઓને પત્ની વગર જિંદગી અને ઘણી પત્નીઓને પતિ વગરની જિંદગી જીવતી વખતે શૂન્યના શોધક આર્યભટ્ટ યાદ આવી જાય છે (વિશ્વને શૂન્યની મહાન ભેટ આપનાર વિદ્વાન ગણિતશાસ્ત્રી આર્યભટ્ટ) કારણ કે **પતિ કે પત્ની વગરની એકાકી જિંદગી એકડા વગરના શૂન્ય જેવી થઈ જાય છે!**

એટલે શૂન્યમાંથી સર્જન કરવા બંને આત્માઓ કદાચ ફરીથી એક થવા પણ વિચારે! અમેરિકામાં તો આવા કેસ અવારનવાર બને છે! ઘણીવાર છૂટાં પડે છે અને ઘણીવાર ભેગાં થાય છે! હવે આપણે લેખના તેમ જ યુગલના લગ્નજીવનના અંતિમ ચરણમાં આવી ગયા છીએ!

છૂટાછેડા - વિદાય સમારંભના સ્ટેજ પર આજુબાજુમાં ગોઠવાયેલ પતિ-પત્નીમાંથી પત્ની છૂટાં પડતી વખતે 'લવ ઈન ટોકિયો' પિક્ચરનું ગીત '**સાયોનારા... સાયોનારા... કલ ફિર આઉંગી સાયોનારા' (આવજો!)** ગણગણતી સ્ટેજની એક બાજુથી ઊતરે છે અને પતિ સ્ટેજની બીજી બાજુથી ઊતરતાં હસીને જવાબ આપે છે : 'મિલેંગે!' ક્યારેક ફરીથી!

*'વ્હાઈટ હાઉસ'*
*પ્લોટ ૩૧૪/એ, રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨, મો. ૯૯૭૯૫ ૦૭૧૯૯*

---

## કિન્નરો પ્રત્યેની સમાજ અને સરકારની ફરજ

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

આમ જુઓ તો વિકલાંગો કરતા મજબૂત પણ છે. એ બંને હાથે કામ કરી શકે છે. પગે ચાલી શકે છે, બંને આંખે જોઈ શકે છે અને બંને કાનથી સાંભળી પણ શકે છે, બોલી પણ શકે છે. ગ્રાહકને રિઝવી પણ શકે છે. છતાં એને નોકરી આપવા કોઈ તૈયાર કેમ નથી? કમસે કમ પેટ્રોલ પંપ પર એને કામ આપવામાં શું વાંધો છે? પેટ્રોલ પંપ પર તો હવે મહિલાઓ પણ કામ કરતી જોવા મળે છે, તો વ્યંઢળ કેમ નહીં? શો રૂમમાં એની હાજરી ગ્રાહકને જુગુપ્સાજનક (નિંદાજનક) લાગતી હોય તો પેટ્રોલપંપના ગ્રાહકોને ક્યાં એની સુગ આવવાની હતી? આશ્ચર્ય એ વાતનું છે કે બાળ મજૂરી વિરોધી કાયદો હોવા છતાં બાળકો નોકરી કરતા જણાય છે. એક માત્ર વ્યંઢળને કોઈ નોકરી આપતું નથી. નોકરી તો ઠીક, આપણે એને ધિક્કારીએ છીએ. એમને ધિક્કારવાનો આપણને શો અધિકાર છે? કુદરતે એને એવા બનાવ્યા એમાં એનો શો વાંક? એ ભીખ માંગે છે એ આપણને ગમતું નથી. પણ એ માટે આપણે જ જવાબદાર છીએ. આપણે એમને નોકરી આપીએ, તો તેઓ શા માટે ભીખ માંગે? હકીકતમાં આપણે વ્યંઢળો માટે કશું વિચાર્યું નથી. બીજી તરફ, કતલખાના, વેશ્યા બજાર, ઝુંપડપટ્ટી હટાવવા અને વસાવવાની જોગવાઈ આપણે કરી શકીએ છીએ.

પત્ની તરીકેના અધિકાર માટે અદાલતોમાંથી આદેશ મેળવી શકીએ છીએ. આપણે કોઈ માણસ એક અંગે ખામીયુક્ત હોય તો તેને વિકલાંગ છે, તેમ માનભેર કહીને બિરદાવીએ છીએ અને એવા જ ખામીયુક્ત બીજાને 'હીજડો' કહીને ઉતારી પાડીએ છીએ. આ બેવડી નીતિ કે બેવડા ધોરણ નથી?


સમાજની અંદર એવા ઘણાં લોકો છે, જે વ્યંઢળથી પણ બદતર હોવા છતાં સારું જીવન જીવતા હોય છે. ફરક એટલો જ કે એમને વ્યંઢળનું લેબલ નથી લાગતું અને આ કમનસીબ લોકો વ્યંઢળ તરીકે જાણીતા થયા. આ વ્યંઢળોનું લેબલ આપણે જ લગાવ્યું છે. એમના માટે વ્યંઢળ શબ્દ આપણે જ શોધ્યો છે.

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ ઉપાડીને દલીતો, પીડિતોને સામાજિક પ્રવાહમાં ભેળવી દેવા ધરણાં અને સત્યાગ્રહ જેવા કાર્યક્રમો આદર્યા ત્યારે એમને વ્યંઢળોને સામાજિક પ્રવાહમાં લાવવાનો વિચાર કેમ નહીં આવ્યો હોય?

મિત્રો, **આ લેખ માત્ર આપણા એક સમાજ માટે જ નથી, સમગ્ર માનવ સમાજને લાગુ પડે છે.** એટલે ઘણા વાચકો સુધી આ વાત પહોંચે તો કદાચ વ્યંઢળ પ્રત્યેનો અભિગમ બદલાય અને તેમના પ્રત્યેની જે નકારાત્મકતા છે તે ઓછી થાય. તો કોઈ મા-બાપને પોતાના સંતાનનો ઝુરાપો વેઠવો ન પડે અને કોઈ બાળક મા-બાપ વિહોણું ન થઈ જાય.

*રાપર, કચ્છ.*

---



*ગાંધીજી ગયા*
*સત્ય બિચારું જુઓ*
*ડુસકા ભરે.*

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

મનોરંજન / હાસ્ય તરંગ

# શરૂ થાય છે લગ્નમાં સુધારાઓ!

નિરંજન ત્રિવેદી

લગ્ન-ઉત્સવમાં ફેરફારો થયા તેમાં સૌથી મોટી અસર જમણો ઉપર થઈ. છેલ્લાં પચાસ વર્ષમાં જમણમાં ઘણા ફેરફારો થયાં.

મનુષ્ય અને પ્રાણીઓમાં મુખ્ય તફાવત શું છે? આ પ્રશ્નના જવાબમાં કહેવાયું છે મનુષ્ય હસી શકે છે, પ્રાણીઓ નહિ. હસવાની વાત પછી રૂદનની વાત કરું. એટલે કે લગ્ન અંગેની વાત. માણસો લગ્ન કરે છે, પ્રાણીઓ લગ્ન નથી કરતાં. સિવાય કે પ્રાણીકથાઓમાં ગધેડા લગ્ન નથી કરતા તેમ છતાં કોઈ લગ્નોત્સુક યુવાન માટે ઉપહાસમાં કેટલાંક કહે છે, 'ભાઈને લગ્ન કરવાં છે. સાવ ગધેડો છે.' ભલા માણસ, લગ્ન કર્યા હોય-તેમ છતાં લગ્ન કરવા જનારને તમે ગધેડો કહો છો! શેઈમ.

અમને ખબર નથી કે આદમ-ઈવે લગ્ન કર્યા હતાં કે નહિ? કદાચ તેઓએ મૈત્રી કરાર કર્યો હશે. લગ્ન કર્યા વગર સાથે રહેનાર તેઓ પ્રથમ 'કપલ' હશે, જેને તમે મૈત્રી કરાર કહી શકો. એની સામે લગ્ન કરીને સાથે રહેતા, પતિ-પત્ની તરીકે રહેતા કેટલાક લોકો **'દુશ્મન કરાર'** કરીને રહેતા હોય એમ લાગે, બિલકુલ મૈત્રી-કરારથી ઉલટું - વિપરીત.

અમે પોળમાં રહેતા ત્યાં કેટલાંક દંપતી, જાણે દુશ્મની-કરાર કરીને રહેતાં હોય એમ રહેતાં અમે જોયાં છે. એક કેન્દ્ર સરકારના કર્મચારી પત્ની સાથે રહે. એ ઘરમાં કેન્દ્રમાં પોતાની જાતને જ રાખતા. પત્તાની કેટમાં ભલે ચાર એક્કા હોય, પણ હુકમનો એક્કો તો એક જ હોય ને? એટલે નાની નાની બાબતે એ ભાઈને પત્ની સાથે માથાકૂટ થયા કરતી. **એમના ઘરમાં જ્યારે શાંતિ જેવું લાગે ત્યારે માનવું કે એ તોફાન પહેલાની શાંતિ છે.** થોડી જ વારમાં બમણા જોરથી એમની વચ્ચે યુદ્ધ ફાટી નીકળતું. એ લોકો ઊંઘમાં પણ એક બીજા સાથે લડતા રહેતા.

બીજા એક અમારી ગલીના રહીશ, ધનુભાઈ, એક મિલમાં કામ કરતાં, (ત્યારે મિલો ચાલુ હતી.) એમનો પત્ની સાથે સતત ઝઘડો ચાલુ રહેતો, પણ જેમ વન-ડે મેચમાં ખરી ધબાધબી 'સ્લોગ-ઓવર' આખરી ઓવરોમાં થાય તેમ ધનુભાઈને પત્ની સાથે સતત ખીટપીટ ચાલતી જ હોય, પણ એ જમવા બેઠા હોય ત્યારે યુદ્ધ એની ચરમ સીમા પર હોય, વન-ડેની આખરી ઓવરોની જેમ!! એ જમવા બેઠા હોય ત્યારે એમની રૂમ પાસેથી પસાર ન થવાય. તેમાં જોખમ હતું. **ગમે ત્યારે થાળી-વાડકો કે કોઈ પણ વાસણ ઉછળીને બહાર આવે.** તમને કેચ કરવાની પ્રેક્ટિસ ન હોય તો વાગી જાય. જમતી વખતે ધનુભાઈ પત્ની સાથે અવશ્ય ઝઘડી પડતા. પછી તો એમની મિલ બંધ થઈ ગઈ, પણ એમના ઝઘડા બંધ થયા ન હતા. આવા લોકો દુશ્મની-કરાર કરીને સાથે રહેતા લોકો કહેવાય.

લગ્નપ્રથા, માનવ ઈતિહાસમાં ક્યારે શરૂ થઈ હશે? પણ લગ્ન શરૂ થતાં તેમાં સતત ફેરફારો થતા રહ્યા એ જણાઈ આવે છે. મધ્યયુગમાં **કન્યાને ઉપાડી જઈને** એની સાથે લગ્ન કરવાનો પણ એક ચાલ હતો. જોરાવર જણ કન્યાને ઘોડા ઉપર નાખીને લઈ જાય. ઘોડા ઉપર આ રીતે ઉઠાવી જતી કન્યાને એ લોકો **હરણ** કહેતા. એટલે કે ઘોડા, હરણમાં સહાયરૂપ થતા. હરણ કરાયેલી કન્યા સાથે ડબલ સવારીમાં શૂરવીર ઉપડી જતો. એ રીતે પણ લગ્નો થતાં. એમાં પણ પરિવર્તનો દેખાવા લાગ્યાં.

સ્વયંવર મારફત લગ્ન એ વળી એક આ પ્રથાનું નવું પાસું હતું. રામનું લગ્ન થાય અને શિવનું ધનુષ્ય ભાંગે, એવું આ પ્રથાનું લક્ષણ હતું. દમયંતીના સ્વયંવરમાં દેવો પણ ખોટા 'આઈ-કાર્ડ' સાથે આવ્યા હતા તેમ કહેવાય છે. પૌરાણિક સ્વયંવરની પ્રથાની લાઈન ઉપર, શેણી-વિજાણંદની વાતમાં શેણીના પિતાએ વિજાણંદ પાસે નવચંદર ભેંસો માગી હતી. (રિવર્સ દહેજ) અને બિચારો વિજાણંદ ભેંસો લઈને રખડતાં ઢોર હાંકીને જતા મ્યુનિસિપલ કર્મચારીની જેમ, શેણીના પિતાને આંગણે પહોંચ્યો હતો, પણ એનું પત્તું કપાઈ ગયું હતું. આ પછી પણ લગ્ન પ્રથામાં અવનવા ફેરફારો થતા રહ્યા.

લગ્ન-ઉત્સવમાં ફેરફારો થયા તેમાં સૌથી મોટી અસર જમણો ઉપર થઈ. છેલ્લાં પચાસ વર્ષમાં જમણમાં ઘણા ફેરફારો થયા. પહેલાં લોકો પાટલા ઉપર બેસીને પતરાળામાં ખાતા. એવો જમાનો પણ હતો કે લોકો ગલીઓમાં-શેરીઓમાં જમીન ઉપર બેસીને લગ્નનું જમણ માણતા. પછી સુધારા શરૂ થયા. વાડીમાં કે પાર્ટી પ્લોટમાં ખુરશી-ટેબલ ઉપર જમણો અપાવા માંડ્યાં. પછીની ક્રાંતિમાં ખુરશીઓ ગઈ. (ટેબલની સાથે) અને માણેક ચોક કે લૉ-ગાર્ડનના બજારમાં ઊભા ઊભા ખાતા હોઈએ તેમ લોકો બૂફે ડિનરમાં જમવા લાગ્યા. આ બૂફે-ડિનરની અનેક કઠણાઈઓ વિષે અમે પણ લખ્યું છે, અમારા લેખક મિત્રોએ પણ તેની ઉપર લખ્યું છે. જેલમાં કેદી હાથમાં થાળી લઈને લાઈનમાં ઊભો રહી, રોટી લેવા જાય તેમ બૂફે-ડિનરમાં જમવા માટે જવાનું હોય છે. કવિ કાલિદાસે મૂર્ખની વ્યાખ્યા સમજાવતાં કહ્યું હતું કે, **'ખાદામ્ ન ગચ્છામિ'** હું ચાલતાં ચાલતાં ખાતો નથી (કારણ કે હું મૂર્ખ નથી.)

પણ બૂફે-ડિનરમાં ચાલતાં ચાલતાં જ ખાવાનું હોય છે. પ્લેટમાં ખોરાક લઈ આમથી તેમ ચાલતા રહેવું પડે છે. મારો મિત્ર સિંદબાદ કહેતો હતો કે, **બૂફે-ડિનરમાં તે ઘણી વાર દોઢ-બે કિલોમીટર જેટલું ચાલી નાખે છે.** હવે તો વધુ ચલાય એટલા માટે પાર્ટી પ્લોટ પણ ઘણા મોટા થઈ ગયા છે.

જમણની ક્રાંતિ લગ્નોમાં થઈ ગઈ છે. હવે જે ક્ષેત્રે લગ્નમાં ક્રાંતિ થઈ શકે, જ્યાં ક્રાંતિ કરવાનો 'સ્કોપ' છે તેવી એકાદ બાબત પ્રત્યે મારે ધ્યાન દોરવું છે. આ અંગે જ્યાં સુધારો કરવાની તાકીદની જરૂર છે, તે કંકોત્રીની બાબતમાં. કંકોત્રીની શૈલીમાં ઘણા ફેરફારો થયા છે. પહેલાંના વખતમાં કંકોત્રીની અવેજીમાં લાલ શાહીથી લખેલાં પોસ્ટકાર્ડ ચાલી જતાં. તેમાં જાત-જાતની ડિઝાઈનો આવવા લાગી. કિંમતી કાર્ડ્ઝ પર છપાતી કંકોત્રી ઘણા સાચવી રાખવા માંડ્યા. મુંબઈના એક ઉદ્યોગપતિને ત્યાં લગ્ન હતાં. તેણે પ્રસંગ પ્રમાણે અલગ અલગ કંકોત્રી છપાવી. વરઘોડાની જાણ માટે અલગ, લગ્નની માહિતી માટે અલગ, જમણ માટે અલગ, ગરબા માટે અલગ, વગેરે વગેરે. એ કંકોત્રી પણ પાછી મોટા કાર્ડસ ઉપર હતી. **દૂરથી કવર જોતાં લાગે કે 'એક્સ-રે' ફોટા એમાં હશે.** કેટલાક વળી કંકોત્રી કેસેટ કે સીડીમાં પણ મોકલે છે, પણ એ બધાં નખરાં તો કરોડપતિઓ કરે, પણ સરેરાશ માણસો પણ લગ્નની કંકોત્રીઓમાં અનેક પ્રકારની નવીનતા, ડિઝાઈન અને કાગળમાં દાખવે છે. આ બધી નવીનતા વચ્ચે સામાન્ય માણસ માટે માથાકૂટ લાગતો એક પ્રશ્ન છે તે છે આ કંકોત્રીઓની વહેંચણીનો. અમદાવાદ જેવા શહેરમાં તો ૧૫-૨૦ કિલોમીટરના અંતરે કંકોત્રી આપવા તમારે જવું પડે. મને લાગે છે કે, સજા માટે તમે કોઈને કંકોત્રી વહેંચવાનું કામ સોંપી શકો. કંકોત્રી વહેંચનારો, ઉત્સાહથી કંકોત્રી વહેંચવા બહાર તો પડશે, પછી એને ખબર પડશે કે, પંથમાં શું આફત ખડી છે. કંકોત્રી વહેંચનારો સાંજે ઘરે આવે પછી બીજા બે દિવસ સુધી એ કોઈ કામ કરવા લાયક રહેતો નથી. એ માણસ ઈસનપુર જાય. ત્યાંથી તે સેટેલાઈટ જાય!! જેમ જમણમાં પાણી આપવા (ફેરવવા નહિ) કુંવારી કન્યાઓને મોટે ભાગે આગળ કરવામાં આવે છે, તેમ કંકોત્રી વહેંચવામાં વિદ્યાર્થી અવસ્થાવાળાને, સાઈકલ ધરાવનારાને પસંદગી આપવામાં આવે છે. ભૂતકાળમાં આવું કંકોત્રી વહેંચવાનું કામ અમે અનેક વાર કરેલું છે, એટલે જેમ અનુભવી ખેલાડી, એક્ષપર્ટ કોમેન્ટેટર થઈ સલાહ આપવાનું કામ કરે છે, તેમ હું આ બાબતે યોગ્ય સલાહ આપી શકું તેમ છું.

લગ્ન પ્રસંગમાં અનેક વિભાગમાં ઘણી ક્રાંતિકારી પ્રથાઓ દાખલ થઈ છે, તેમ કંકોત્રી-વિતરણમાં પણ ક્રાંતિકારી પ્રથાઓનો અમલ થઈ શકે તેમ છે. **લગ્નમાં વર કન્યા ચાર ફેરા ફરે, એ માટે કંકોત્રી વહેંચવાવાળો કેટલું ફરે છે એનો ખ્યાલ છે કોઈને?** લગ્નમાં ચાર ફેરા ફરનાર દંપતિ માંડ પાંત્રીસ-ચાલીસ પગલાં ચાલે, પણ એ માટે કંકોત્રી વહેંચનારાને પાંત્રીસ-ચાલીસ મીટર ફરવું પડે. ચાહે પેદલ, કે સાયકલ કે સ્કૂટર! એક શાયરે સંગીતના સૂર માટે લખેલું કે સંગીત તો બધા માણે છે, પણ એ માટે સાઝની તકલીફનો કોઈને ખ્યાલ છે? **'જો સાઝ પર ગૂજરી વો કીસને દેખા હૈ?'** બસ એવો ઘાટ છે.

આ અંગે મારી પાસે એક સરળ ઉપાય છે. જેમ પરીક્ષાના પરિણામોની યાદી બહાર પાડવામાં આવે છે તેમ કંકોત્રીઓની યાદી બહાર પાડવાની. **કંકોત્રીની યાદી શહેરનાં ચાર-પાંચ સ્થળોએ રાખી દેવાની.** તેની જાહેરાત નગરનોંધની બાજુમાં છાપાવાળા પણ છાપે, આજની લગ્નયાદીઓ જેવા મથાળા હેઠળ. જેમ કે આજે સાંજે ચાર વાગે કવિ શ્રી મત્તમયૂરના પુત્રની લગ્નયાદી એમ. જે. લાયબ્રેરી, ઈસ્કોન મંદિર અને મણિનગર સ્વામિનારાયણ મંદિરમાં મુકાશે. આ વાંચીને કવિનાં સગાં-વ્હાલા, મિત્રો યાદી જોઈ લે. એમને નજીક પડતા સ્થળેથી પોતાની કંકોત્રી મેળવી લે. કોઈનું નામ રહી જતું હોય, તો બીજા મિત્રો કે સગાંવહાલા ધ્યાન પણ દોરી શકે.આપણને અનુભવ છે કે, દરેક પ્રસંગોએ અમુક નામ તો રહી જ જતાં હોય છે. વળી, આ નવી પ્રથાનો અમલ થતાં, આપણા સિવાય બીજા કોને કોને આમંત્રણ છે તે પણ ખબર પડે. એવી જાણ થતાં ઘણી અનુકૂળતા રહે. મિત્રદળ કે દુશ્મનદળની સંખ્યા કેટલી હશે તે અગાઉથી જાણી શકાશે અને **ખાસ કરીને મહિલાઓને તેથી ખબર પડશે કે કેવાં કપડાં કે દાગીના પહેરવા.** આ પ્રથાથી અમને કંકોત્રી મળી નથી તેવી ફરિયાદ કરવાનો 'સ્કોપ' પછી રહેશે નહિ.

આવી યાદીની પ્રસિદ્ધિ સાથે, યાદીના સ્થળે આગોતરો ચાંલ્લો લેવાની વ્યવસ્થા પણ કરી શકાય. **આગોતરા જામીનની જેમ આગોતરા ચાંલ્લાની પ્રથાનો આમાંથી વિકાસ થશે.**

બીજી એક પ્રથા બદલવાનું પણ શક્ય અને જરૂરી છે, તે છે રિસેપ્શનમાં વર-કન્યાની હાલત અંગે. રિસેપ્શનમાં લોકો આવતા જાય, વર-કન્યા વારેઘડીએ ઊભાં થાય - બેસે, પાછાં ઊભાં થાય...આમ આપણે જોયું છે કે, રિસેપ્શનમાં વર-કન્યાને ઊઠ-બેસની સજા કરવામાં આવતી હોય છે. બિચારાં પછીના જીવનમાં અનેક તકલીફો ઉઠાવવાનાં જ છે, પણ અત્યારથી શા માટે તેમને ભડકાવવાં? આમ તો આપણે વરરાજા એમ કહીએ છીએ, તો પછી એ દંપતી રાજા-રાણીના ઠાઠથી બેસે તેવું કરવું જોઈએ. એ લોકો માટે સિંહાસન જેવી ખુરશીઓ હોય છે, પણ તેમાં તેઓ ભાગ્યે જ બેસે છે કે બેસી શકે છે. આ પ્રથામાં ફેરફાર કરી, સિંહાસન જેવી ખુરશીઓમાં વર-કન્યા આરામથી ટેકો દઈને બેસે, પીઠ અઢેલીને શાહી અદાથી એ લોકો બેસે, આવનારાઓ સામે કેવળ સહેજ સ્મિત જ કરે કે માથું હલાવે (ઠાઠથી), આખરે તેઓ રાજા-રાણીનો દરજ્જો ભોગવે છે. વરરાજા-વહુરાણી...શા માટે એ લોકો હાથ જોડીને ઊભાં રહે? તેમને ઊભાં રાખવાં ઠીક ન કહેવાય. ભલે તેઓ આરામથી સિંહાસન ઉપર બેસી લે...પછી તો? તમે જાણો જ છો...મને આશા છે કે, સમાજ મારા આ સુધારાઓના સૂચન અંગે વિચારશે.

*૫૦, લેઈક-વ્યુ સોસાયટી, ઈસનપુર,*
*ગોવિંદ વાડી પાસે, અમદાવાદ-૩૮૨ ૪૪૩.*

મનોરંજન / હાસ્ય તરંગ

# ઘર હોય તો બે વાસણ ખખડેય ખરાં!

ચંદ્રકાંત વાગડિયા

એક દિવસ ઘરમાં ફરી એકવાર બે વાસણ લગરીક વધારે ખખડી પડ્યાં અને એ પણ વળી પાછાં ડિજિટલ સાઉન્ડે ખખડ્યાં! આથી એના પડઘા રૂપે પતિ-પત્નીએ છેડા છૂટા કરવા માટે અદાલતમાં ધા નાખી.

'પણ તમારા બંનેના વકીલો ક્યાં છે?' જજે પૂછ્યું.

'સાહેબ, જે ગણો તે હવે તો આપ જ અમારા વકીલ છો, આપ જ અમારા વડીલ છો અને અમારું સર્વસ્વ પણ આપ જ છો!' પત્ની બોલી.

'ઓર્ડર...ઓર્ડર...' જજ લાકડાની હથોડી પછાડતાં બોલ્યાં, 'આ અદાલત છે, હું જજ છું એટલે મારાથી આવો કોઈ રોલ ભજવી શકાય નહિ.'

'પણ સાહેબ, આમ તો અમારે વકીલ બકીલની કોઈ જ જરૂર નથી, કારણ કે એ લોકો અમને હમ્બગ દલીલો કરવાનું શીખવાડે છે!' પતિ બોલ્યો.

'એ વાત જવા દો. એ સિવાય બીજું કોઈ કારણ છે ખરું?' જજે પૂછ્યું.

'હા સાહેબ, ઘરમાં સામસામી દલીલબાજી કરી કરીને આમ તો અમે વકીલ જેવાં બની ગયાં છીએ!'

'અને બહેન, તમારે વકીલની જરૂર છે ખરી?' જજે પૂછ્યું.

'ના સાહેબ, મારે તો કોઈનીયે જરૂર નથી.'

'કોઈની એટલે તમારો કહેવાનો ભાવાર્થ શું છે?' જજે પૂછ્યું.

'સાહેબ, એની ખબર તો ફેંસલો આવી જાય પછી જ પડશે!'

'પણ તમારે વકીલની જરૂર કેમ નથી?'

'કારણ કે તમારા વકીલો તો દલીલ કરવામાં મારી આગળ પાણી ભરે છે!'

'વારુ, હવે એ કહેશો કે વાસણ ખખડ્યાં કેમનાં? મતલબ કે વાત વણસી ક્યાંથી?'

'સાહેબ, દરરોજ એની બનાવેલી કાચીપાકી રોટલીઓ ખાઈ ખાઈને તો હું અને મારું પેટ બંને એકદમ તંગ આવી ગયાં છીએ!' પતિ બોલ્યો.

'પણ સાહેબ, એમાં મારો જરીકેય વાંક નથી.' પત્ની બોલી, 'રોટલી પાકી કરું તો કહે છે કે આ તો બળી ગઈ છે. એમને નથી તો ઊનું સહેવાતું કે પછી નથી તો ટાઢું સહેવાતું. આમાં મારે કરવું શું?'

'સાહેબ, કાચીપાકી રોટલીની વાત જવા દો. એ રોટલી ઉપર ઘી પણ છોકરાને ફોસલાવતી હોય એમ ખોટું ખોટું ચોપડે છે!' પતિ બોલ્યો.

'સાહેબ, આમ તો એમને હૃદય નથી. તેમ છતાં પણ હૃદયરોગથી બચાવવા માટે જ હું એમને ઘી દૂધ ઓછાં આપું છું!'

'સાહેબ, એ બધી વાત જવા દો. મારાં દાળશાક પણ એ સાવ મોળાં છાણ જેવાં બનાવે છે.' પતિ બોલ્યો.

'શ્રીમાન, છાણનો સ્વાદ કેવો હોય?' જજે પૂછ્યું.

'સાહેબ, મોળો છાણ જેવો સ્તો!'

'એમને એમ તમને કેવી રીતે ખબર પડી?'

'એવું કહેવાય છે એટલે.'

'બોલો બહેન, આ બાબતમાં તમારું કહેવું શું છે?' જજે પૂછ્યું.

'સાહેબ, અમારા એમનો સ્વભાવ...''

'તમારા એમનો એટલે?' જજે વચ્ચે જ પૂછ્યું.

'સાહેબ, હજી છેડા છૂટા ક્યાં થયા છે? એટલે અત્યારે તો એ અમારા જ ગણાય ને?!'

'અને પછી?' જજે પૂછ્યું.

'રામ જાણે. પછી તો નવી-જૂની જે હશે તેના સ્તો!'

'હં...તો તમે શું કહેતાં હતાં?'

'સાહેબ, એમનો ગુસ્સો દુર્વાસાનેય સારા કહેવરાવે એવો છે. વાતવાતમાં એ ભયંકર ગુસ્સે થઈ જાય છે. આથી એમનું બીપી વધી ન જાય એટલા માટે જ હું એમની રસોઈમાં મીઠું સાવ ખોટેખોટું નાખું છું!'

'દાળશાકની વાતેય જવા દો સાહેબ, એ મારી ચા પણ સાવ મોળી શિવામ્બુ જેવી બનાવે છે!' પતિ બોલ્યો, 'સાહેબ, તમે વળી પાછા છાણની જેમ શિવામ્બુના સ્વાદની રામાયણ કરશો નહિ!'

'ઓકે...ઓકે...' જજ બોલ્યા, પછી તેમણે પત્નીને

પૂછ્યું, 'બોલો બહેન, ચા મોળી કેમ બનાવો છો?'

'સાહેબ, ખાંડવાળી ચાથી એમને ડાયાબિટીસ થાય તો પછી એમની વેઠ તો મારે જ કરવી પડે ને? આથી હું હંમેશાં એમની ચામાં ખાંડ ખોટેખોટી જ નાખું છું!'

'બાય ધ વે,' જજ બોલ્યા : 'બહેન તમે તમારા માટે કેવી ચા બનાવો છો?'

'સાચું કહું સાહેબ, હું તો મારી ચા શરબતનેય શરમાવે તેવી બનાવું છું!'

'શ્રીમાન,' જજ પતિને ઉદ્દેશીને બોલ્યા, 'તમારી પત્ની તમારી તબિયતનો આટલો બધો ખ્યાલ રાખે છે, તમારી કેટલી બધી ચિંતા કરે છે, પછી વાસણ કેમ ખખડાવો છો?

'સાહેબ, આવું કાચુંકોરું અને મોળુંમોળું ખાઈ ખાઈને તો હું વહેલો ઊકલી જઈશ. એના કરતાં તો મારું બીપી વધશે કે મને ડાયાબિટીસ થશે કે પછી હાર્ટએટેક આવશે તો પણ હું વધારે જીવી શકીશ એની મને પૂરેપૂરી ખાતરી છે!'

'પણ શ્રીમાન, ઘડીભર ધારી લો કે તમારી પત્ની તમને રોટલી ઘીમાં ઝબોળીને આપશે, દાળશાકમાં મીઠું-મસાલા ચડિયાતાં નાખશે અને ચા પણ ગળી મધ જેવી બનાવી આપશે, પછી તો તમને કાંઈ વાંધો નથી ને?'

'સાહેબ, તમે એને બરાબર જાણતા નથી...'

'મિસ્ટર, એમ તો હું પણ મારી પત્નીને બરાબર જાણતો નથી. એટલે શું મારે જજગીરી છોડી દેવી?'

'ના સાહેબ, મારો કહેવાનો મતલબ એ છે કે બધું જ બરાબર થઈ જાય તો પણ એ અવશ્ય ચીપિયો પછાડશે અને વાસણ ખખડાવશે!'

'તો પછી તમે બેઉ બરાબર ધ્યાનથી સાંભળી લો,' જજ બોલ્યા, 'કે આમ ખાલી ખાલી વાસણ ખખડે એટલે એમ કાંઈ છૂટાછેડા આપી ન શકાય.'

આ સાંભળીને પતિ-પત્ની બંને એક સાથે બોલી ઊઠ્યાં :

'તો પછી અમને છૂટાછેડા ક્યારે મળે?'

અને તરત જ જજ બોલી ઉઠ્યા.

'વાસણમાં ગોબા પડે ત્યારે સ્તો!!'

*પ્લોટ નં. ૧૪૪-બી, મંગલમ્,*
*સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮*

## વિરાટ દર્શનના વિધિ-વિધાન

**(અનુસંધાન : પાના નં. – ૩૮ ઉપરથી ચાલુ)**

એમના મતે સંતાનોને દોષપૂર્ણ મનોરંજન સામગ્રીથી દૂર રાખવાની ફરજ એમના મા-બાપ અથવા વડીલોની છે. આ કમિટીની ભલામણોનો અમલ કરવામાં પ્રશાસને જરા પણ રસ ન લીધો.

ફિલ્મને અવાજ મળતાં, વિદેશી ફિલ્મોનો વ્યાપ ઘટ્યો. મહારાષ્ટ્ર, બંગાળ, તમિલનાડુ, કેરાલા, ગુજરાત આદિ રાજ્યોનાં **સ્થાનિક કલર અને કલ્ચર પ્રતિબિંબિત કરતી હિન્દી ઉપરાંત અન્ય ભાષી ફિલ્મોનું પ્રમાણ વધ્યું.** આ સામાજિક ફિલ્મોમાં પોલિટિકલ સબવર્સનની સંભાવના નહિવત હોતાં સેન્સર કાતર કદાચ હળવી રહી હશે. વધુમાં એક તરફ બીજા વિશ્વયુદ્ધે સર્જેલા બ્લેક (રેડ) મનીના ઉપયોગે ફોર્મ્યુલા ફિલ્મો બનવા લાગી તો બીજી તરફ થોડી પણ, અર્થપૂર્ણ, વાસ્તવવાદી ફિલ્મો બનવા લાગી.

**૧૯૪૭માં દેશ આઝાદ થયો. ૧૯૪૯માં સદોબા પાટિલના અધ્યક્ષપદે 'ફિલ્મ એન્કવાયરી કમિટી' નું ગઠન થયું. વ્હી. શાંતારામ અને મહેબુબખાન જેવા દિગ્ગજ ફિલ્મદષ્ટાઓ આ કમિટીના સભ્યો હતા.** કમિટીએ ૧૯૫૧માં એનો રિપોર્ટ આપ્યો. ૧૯૫૨ માં નવો સિનેમેટોગ્રાફ એક્ટ પસાર થયો. નવો સેન્સર કોડ થયો. દૃષ્ટિકોણ બદલાયો. ભારતીય બંધારણ આર્ટિકલ ૧૯(૨) અંતર્ગત ફિલ્મ સર્જનને પણ આર્ટ ફોર્મ તરીકે 'રીઝનેબલ રેસ્ટ્રીક્શન' સાથે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય મળ્યું. **ફિલ્મોની U, A, UA અને S કેટેગરી થઈ.**

૧૯૫૨માં મુંબઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહનું ઉદ્ઘાટન કરતાં પંડિત નેહરુએ વિશ્વ સિનેમા એપ્રિશિએશન માટે દેશનાં દ્વાર ખોલી દીધાં. ઇટાલીયન દિગ્દર્શક ડી. સિકાની **'બાઇસિકલ થીફ'** જેવી ફિલ્મોએ ભારતીય નિર્માતા દિગ્દર્શકોને યથાર્થદર્શી કલાત્મક ફિલ્મોના સર્જન માટે પ્રેરણા આપી. ૧૯૭૭માં પાટીલ કમિટીની ભલામણોના અમલના પરિણામે થયેલા વિકાસનું બી.વી. કાર્થના અધ્યક્ષપદે નિમાયેલા વર્કિંગ ગ્રુપે ફિલ્મક્ષેત્રે થયેલ પ્રગતિનું વિશ્લેષણ કર્યું.

૧૯૫૨ના એક્ટ અંતર્ગત ફિલ્મ સર્ટિફિકેશન રૂલ્સ ૧૯૮૩ ઘડાયા. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સેન્સર્સનું 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન' નામકરણ થયું. આ બોર્ડના અધ્યક્ષ તરીકે ફિલ્મક્ષેત્રે ગણમાન્ય હસ્તીની ત્રણ વર્ષ માટે નિમણૂંક થાય છે. બોર્ડની ક્ષેત્રિય એડવાઈઝરી પેનલો દ્વારા વિવિધ ક્ષેત્રના વિશેષજ્ઞોની માનદ્ સભ્યો તરીકે નિમણૂંક થાય છે. ફિલ્મ સમીક્ષા માટે એકઝામિનિંગ અને રિવ્યૂ કમિટીઓ છે. બેંગ્લોર, કોલકાતા, કટક, ગુવાહાટી, હૈદ્રાબાદ, મદ્રાસ, ન્યૂ દિલ્હી અને થિરૂવનંતપુરમમાં એના ક્ષેત્રીય કાર્યાલયો છે. તદ્ઉપરાંત 'ફિલ્મ પબ્લિસિટી મટિરીયલ કમિટી' નું પણ ગઠન થયું છે. એનું હેડક્વાર્ટર મુંબઈ છે. બેંગ્લોર, મુંબઈ, હૈદ્રાબાદ, ચેન્નાઈ અને થિરૂવનંતપુરમમાં એના ચેપ્ટર્સ છે. **ફિલ્મ પોસ્ટર્સ અને અન્ય ફિલ્મ પ્રચાર સામગ્રીના પ્રોડક્શન અને પ્રસારણમાં મહિલાઓ માટે અપમાનજનક તેમજ વાયોલન્સ, ઉત્તેજક મટિરીયલ પ્રસારિત ન થાય તેનું ધ્યાન રાખે છે.**

*સંદર્ભ : (૧) ફિલ્મોગ્રાફી : લેખક ડૉ. આર. કે. વર્મા, ગણમાન્ય ફિલ્મોલોજિસ્ટ. પ્રકાશક : મનીષ વર્મા, ગાંધીરોડ, દહેરાદૂન (૨) ડોક્યુમેન્ટરી ફિલ્મ્સ એન્ડ ઈન્ડિયન અવેકનિંગ, લેખક : જગમોહન, ગણમાન્ય ફિલ્મોલોજિસ્ટ, પબ્લિકેશન ડિવિઝન પ્રકાશન - ન્યુ દિલ્હી*

મનોરંજન / હાસ્ય તરંગ

# 'ગિફ્ટ' – દુનિયા ગોળ છે



કિરણ પરેશ ઠક્કર

આજે તો સવારથીજ ફોન, વોટ્સઅપ, ફેસબુક ઉપર જન્મદિવસની શુભકામનાઓ આવવા માંડી હતી, હું પણ ખૂબ ખુશ હતી. કે આટલા બધા લોકો મને યાદ કરીને મુબારકવાદી પાઠવે છે.

સવારેજ મારી ભાભી શ્રેયા આવી મને બર્થડે વિશ કરીને ગિફ્ટ આપી ગઈ. ગિફ્ટ, કોઈ પણ વ્યક્તિને લેવી હંમેશાં ગમે છે, સરસ રીતે પેક કરેલી ગિફ્ટ આહાહા...હું પણ ખૂબ ખુશ હતી. ગિફ્ટ સ્વીકારી, થોડી આડીઅવળી વાતો કરી. પછી **શ્રેયા** જતી રહી.

મેં પણ વિચાર્યું કે આ ગિફ્ટ તો હું પતિદેવ અને બાળકો સામેજ ખોલીશ. એમને પણ ખબર પડે ને - કે મને પણ ગિફ્ટ આપનારા છે અને વટ પાડી દઈશ. સાંજે જમી પરવારીને મેં ગિફ્ટ હાથમાં લઈ પતિ દેવને કહ્યું, "જુઓ, મારી ભાભી શ્રેયાએ આજે મને બર્થડે ગિફ્ટ આપી. તમે તો ક્યારેય ગિફ્ટ આપતા નથી" મેં નારાજગી દર્શાવી!

પતિ દેવ ટહુક્યા. "કેમ? ગયા વર્ષે જ તો તને ૧૦ હજારની સાડી આપી હતી તે?"

"હા, પણ બીજાજ અઠવાડિયે તમારી બહેન **રિયા**નું શ્રીમંત હતું, ત્યારે તમેજ કહ્યું હતું ને કે, એ સાડી તેને આપી દેવાનું, અને મને આવીજ બીજી સાડી મારી બહેનના લગ્નમાં પહેરવા લાવી આપશો એવું કહ્યું હતું ને? આ આવ્યા બહેનના લગ્ન! પણ સાડીના ક્યાં ઠેકાણા છે?" મેં પણ હસતા-હસતાંજ કહ્યું હતું. "હા, વાત તો તારી સાચી, પણ હું આટલી મોંઘી સાડી વારેઘડીયે ના લઈ શકું, ખરેખર દિલથી જ તારી માટે લીધી હતી, પણ રિયાને ગમી ગઈ, અને આટલી મોંઘી સાડી બીજી લઈ શકું નહીં. એટલે તને એ સાડી તેને આપવા કહ્યું હતું. "Sorry" પતિએ દિલગીરી દર્શાવી.

"ના, એમાં સોરી નહીં કહેવાનું, મારે સાડીથી નહીં તમારી સાચી ભાવનાથી જ મતલબ છે." હું સમજી શકતી હતી એમની વાત.

"ચાલ હવે શ્રેયાએ આપેલી ગિફ્ટ તો ખોલ. જોઈએ શું આવ્યું છે." પતિદેવે વાતનો દોર બદલતા કહ્યું.

મેં તો ગિફ્ટનો કાગળ ફાટે નહી એ રીતે, ધીમે ધીમે સાચવીને ગિફ્ટ ખોલવા માંડી. પતિદેવ અને બાળકો ઉત્સુકતાં પૂર્વક રાહ જોઈને ઉભા હતા.

જેવું ગિફ્ટનું બોક્સ ખોલ્યું મારી આંખમાં ખુશી સાથે આશ્ચર્ય હતું!

"શું છે, આમ અવાચક થઈને ઉભી છે, પતિદેવ બોલ્યા. અને મારા હાથમાંથી બોક્સ લઈને જોવા માંડ્યા.

"અરે, આ...આતો એ જ સાડી, પણ શ્રેયા પાસે કેવી રીતે આવી અને બર્થડેમાં આટલી મોંઘી ગિફ્ટ કેમ આપી? પતિદેવ તો મને મારી મનગમતી સાડી મળી ગઈ અને તેમનો ખર્ચ બચ્યો એમ સંતોષ માની ટીવી સમાચાર જોવામાં પરોવાઈ ગયા.

પણ મને ચેન પડ્યું નહીં. મેં રિયાને ફોન કર્યો "હાય, રિયા, "હાય" "સામેથી રિયાએ કહ્યું. કેમ છો? મજામાં" એવી થોડી આડીઅવળી વાતો કરી. પછી મેં પૂછ્યું, "રીયા તને શ્રીમંતમાં આપેલી સાડી ન ગમી કે શું? મેં તને કોઈ દિવસ પહેરતા નથી જોઈ?"

"અચાનક એ સાડી કેમ યાદ આવી?" "આ તો મારી બહેનના લગ્ન છે, તો મને થયું તારા ભાઈને ખર્ચો ન કરાવતા હું એજ સાડી પહેરી લઉં તો? તું મને પ્લીઝ, એ સાડી મોકલી આપીશ?"

"ભાભી, એ સાડી તો મારી નણંદ **જીયા**ને આપી દીધી, કેમ કે, સાડી બહુજ મોંઘી હતી. આ નાનું બાળક મારે લેવાનું, તો આટલી ભારે સાડી પહેરવી ન ફાવે. વળી, પડી રહે તો ફેશન પણ જતી રહે એટલે જ્યારે જિયાના મકાનનું વાસ્તુ હતું ત્યારે મેં તેને એ સાડી પહેરામણીમાં આપી દીધી. Don't mind please, પણ મારો વહેવાર સચવાઈ ગયો ને" "ના એમાં માઈન્ડ કરવાનું કાંઈ નથી. Its OK" હા, આપણે વ્યવહાર સાચવવા આપણી મનગમતી વસ્તુઓ બીજાને આપવી પડે છે. શું કરે રિયા પણ.

**પણ પ્રશ્ન એ હતો કે જીયા પાસેની એ સાડી શ્રેયા પાસે કેવી રીતે આવી.** મેં શ્રેયાને ફોન કર્યો. "ગિફ્ટ આપવા બદલ આભાર માન્યો, અને આટલી મોંઘી ગિફ્ટ બર્થડેમાં આપવા માટે ઠપકો પણ" અને વાતવાતમાં પૂછી પણ લીધું કે આ સાડી ક્યાંથી ખરીદી છે. "દીદી, સાચું કહું તો આ સાડી છે ને મારી ભાભી પ્રિયાએ મને બળેવના ગિફ્ટમાં આપી, કહ્યું કે આ તું તારી નણંદ (મારી નાની બહેન) ના લગ્નમાં પહેરી લેજે."

"ઓહ! જીયાએ આ સાડી પોતાની નણંદ પ્રિયાને તેના દિયરના લગ્નની પેરામણીમાં આપી હતી." **હવે મને સમજાયું. આ નણંદ ભાભીનું ચક્કર.**

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

મનોરંજન / હાસ્ય તરંગ

# એ સાસુ કેમ વિસરે?



એમ. ડી. સોલંકી

રાષ્ટ્રીય કવિ અને સમર્થ લોકસાહિત્યકાર સ્વ. ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતી નિમિત્તે ભાવનગરમાં યોજાયેલ એક પરિસંવાદમાં ભાગ લઈ રેલમાર્ગે અમદાવાદ જવા હું બોટાદ રેલવે સ્ટેશને પહોંચ્યો ત્યારે બોટાદ - અમદાવાદ પેસેન્જર ટ્રેન પ્લેટફોર્મ પર મૂકાઈ ગઈ હતી. બારી પાસેની બેઠક લઈ હું રેલવેના ડબ્બામાંથી બહાર નજર નાખતો હતો ત્યાં અચાનક મારી નજર રેલવેના પ્લેટફોર્મના બાંકડા પાસે ઊભેલી બે સ્ત્રીઓ પર પડી.

એક સ્ત્રી આશરે પિસ્તાલીસેક વર્ષની હશે અને એની પાસે ઊભેલી બીજી સ્ત્રીની ઉંમર બાવીસ-તેવીસ વરસની લાગી. એમની સાથે એક વાંકડિયા વાળવાળો છએક મહિનાનો દૂધમલિયો દીકરો હતો. ઘુઘવાટા કરતો એ નાનકડો દીકરો વારંવાર પેલી યુવાન સ્ત્રીના હાથમાંથી છટકી જઈ બે હાથ પહોળા કરી એ આધેડ ઉંમરની સ્ત્રી પાસે જવાનો પ્રયત્ન કરતો હતો. એ આધેડ ઉંમરની સ્ત્રી દૂધમલિયા દીકરાને પોતાની પાસે લઈ, ગાલ અને માથે હાથ ફેરવી ફરીવાર એને યુવાન સ્ત્રીના હાથમાં મૂકવાનો પ્રયત્ન કરતી હતી. પણ એ દીકરો વળીવળીને એ આધેડ ઉંમરની સ્ત્રી પાસે જ જવા મથતો હતો. કુતુહલતાથી મને આ દૃશ્ય જોવામાં રસ પડ્યો. મેં ઝીણી નજરે જોયું તો એ બંને સ્ત્રીઓ વારાફરતી એકબીજાને કંઈક ભલામણ કરીને કહેતી હોય એવું લાગ્યું. એમની વાતો મને સંભળાતી નહોતી પણ એ બંને સ્ત્રીઓની આંખમાં આંસુ તગતગતા હોય એવું લાગ્યું. આ દૃશ્ય જોયા પછી મેં મનોમન - સ્વાભાવિકપણે અનુમાન કર્યું કે આ બંને વચ્ચે મા-દીકરીનો સંબંધ હશે. દીકરી સાસરે જતી હશે એટલે એને વળાવવા એના મા રેલવે સ્ટેશને આવ્યા હશે.

નિયત સમયે ટ્રેન ઉપડવાની તૈયારી થઈ ગઈ. એટલે એ યુવાન સ્ત્રી એના નાના બાળકને લઈને મારા જ ડબ્બામાં મારી સામે બારીની નજીક બેસી ગઈ. બારીની બહાર એને મૂકવા આવેલ આધેડ ઉંમરની સ્ત્રી જાણે કે સાવ ઉદાસ બની ગઈ હોય એવું લાગ્યું. નાના બાળકને લઈને મારી સામે બેઠેલી એ યુવાન સ્ત્રી પણ ગમગીન થઈ ગઈ. વ્હીસલ વગાડીને ટ્રેને પ્લેટફોર્મ પરથી રવાના થવાની શરૂઆત કરી ત્યારે એ યુવાન સ્ત્રીએ ઉપડતી ટ્રેનની બારીમાંથી સહેજ મોં બહાર કાઢીને જાણે કે છેલ્લી ભલામણ કરતી હોય એમ કહ્યું, "બા, તમે ટાઈમસર જમી લેજો. મારી અને આ નાનકાની જરાયે ચિંતા કરશો નહીં. હું વહેલી ઘેર આવી જઈશ..." સામે એ આધેડ ઉંમરની સ્ત્રીએ જવાબ આપતા કહ્યું, "તું તારી અને નાનકાની ખબર..." બાકીના શબ્દો ચાલતી ટ્રેનના અવાજમાં મને સંભળાયા નહીં.

ધીરે ધીરે ટ્રેન ગતિ પકડતી જતી હતી. ટ્રેનના ડબ્બા સહેજ હાલક-ડોલક થતા હતા. મારી સામેની બેઠક પર બેઠેલી એ યુવાન સ્ત્રીના ખોળામાં રહેલું નાનું બાળક આંખો બંધ કરીને ઊંઘી ગયું હતું. હું મારા મનમાં ઉઠતા સવાલોના જવાબ મેળવવા અધીરો બની ગયો હતો. બીજી બાજુ મારા મનમાં થોડો સંકોચ થતો હતો કે મારાથી સાવ અપરીચિત એવી આ યુવાન સ્ત્રી સાથે વાતચીતની શરૂઆત કેવી રીતે કરવી?

બોટાદથી ઉપડેલી એ પેસેન્જર ટ્રેન બે-ત્રણ સ્ટેશનો વટાવી ચૂકી હતી. રવિવારનો દિવસ હોવાથી પેસેન્જરોની ચહલ-પહલ પાંખી હતી.

અને આખરે મેં હિંમત કરીને એ યુવાન સ્ત્રીને પૂછી જ નાખ્યું : "બેન, તમે તમારા સાસરે જાઓ છો? અને તમને મા-દીકરાને રેલવે સ્ટેશને વળાવવા આવેલા એ તમારા મમ્મી હતા?"

મારા સવાલ સાંભળીને પ્રથમ તો એ યુવાન સ્ત્રીના ચહેરા ઉપર આછો મલકાટ આવી ગયો. થોડીવાર પછી મારા સવાલોના ઉત્તર આપતા એણે કહ્યું, "સાહેબ, હું મારા સાસરે નહીં પણ મારા પીયર જાઉં છું અને મને સ્ટેશને મૂકવા આવેલ, એ મારા મમ્મી નહીં પણ મારા બા હતા."

'મમ્મી' અને 'બા' શબ્દ સાંભળીને હું સહેજ મૂંઝવણમાં મૂકાઈ ગયો.

શબ્દોને સમજવાની મારી મૂંઝવણ પારખી ગઈ હોય તેમ એ યુવાન સ્ત્રીએ ખુલાસો કરતા કહ્યું, "જુઓ સાહેબ, જેણે મને જનમ આપ્યો છે એ મારી જનેતાને હું મમ્મી કહું છું અને લગ્ન પછી હું મારા સાસરે રહું છું. ત્યાં મારા સાસુને હું બા કહું છું.'

મને મારી મૂંઝવણનો જાણે કે જવાબ મળી ગયો. પણ અગાઉ એ મા-દીકરીનું જે અનુમાન કરેલું એ તો સાવ ખોટું નીકળ્યું!

હવે મારા મનમાં એક પ્રકારની હિંમત અને વિશ્વાસ આવી ગયા હતા. એટલે વાતચીતનો દોર ચાલુ રાખતા મેં પૂછ્યું, 'તમને તમારા સાસુ એટલે કે 'બા' રેલવે સ્ટેશને વળાવવા આવ્યા ત્યારે તમારી બંનેની આંખમાં આંસુ કેમ આવી ગયા હતા?'

**'મારા સાસુ ભગવાનના માણસ છે. એ મને વહુ તરીકે નહીં પણ પોતાની સગી દીકરીની જેમ રાખે છે.'**

'એટલે?' હું અધીરાઈથી બોલી ઉઠ્યો.

હું જ્યારથી મારું પીયર છોડીને મારા સાસરે આવી છું ત્યારથી નવા વાતાવરણમાં મને જરાય અગવડ ના પડે – સહેજેય અણોહરું ના લાગે એની કાળજી કાયમ મારા સાસુએ રાખી છે. એમાંય આ નાનકાના જનમ પછી તો મારા સાસુ મારી ખૂબ જ સંભાળ રાખે છે. આ નાનકાને પણ મારા કરતાંય મારા સાસુ પાસે રહેવાનું વધારે ગમે છે. જાણે કે એ મારા સાસુનો હેવાયો થઈ ગયો છે. **સાહેબ, ઘરમાં - કુટુંબમાં ભેગા રહીએ એટલે ઘરમાં કોઈવાર વાસણ ખખડેય ખરા! પણ અમારા ઘરમાં હજુ સુધી આવા વાસણ ખખડ્યા જ નથી!** મારા સાસુએ મને સગી દીકરીને જેમ રાખીને મને જનમ આપનાર જનેતાને પણ ભૂલાવી દીધી છે એવું કહું તો જરાય ખોટું ના કહેવાય! એમને હું મારા સાસુ નહીં પણ 'બા' કહું છું. એક દીકરી એની જનેતાને (મમ્મીને) સાચવે એવી રીતે હું પણ મારા બા ને સાચવું છું. અમને બંનેને એકબીજા વગર જરાય ગોઠતું જ નથી. હું બે ત્રણ દિવસ માટે મારા પીયર જાઉં છું. આટલા દિવસો અમારા બંને માટે વરસ જેવડાં થઈ જશે. અમે એકબીજાથી જુદા પડતા હતા એટલે અમારી બંનેની આંખમાં આંસુ આવી ગયા હતા.'

**પુત્રવધૂ જ્યારે પોતાના સાસુના વખાણ કરે ત્યારે આ ઘટના સામાજિક રીતે સુખદ કહેવાય.** હું મનોમન વિચારતો રહ્યો.

અમારી વાતચીત દરમિયાન નાનકો જાગી ગયો હતો. એ યુવાન સ્ત્રી હવે એના નાનકાને રાજી કરવામાં પરોવાઈ ગઈ હતી.

નિયત સ્ટેશન આવતાં એ યુવાન સ્ત્રી એના નાનકાને લઈને ડબ્બામાંથી ઉતરી ગઈ. પણ મારા મનમાં સાસુ-વહુના સંબંધોનું વિચારવલોણું શરૂ કરતી ગઈ.

આપણી સમાજ વ્યવસ્થામાં સાસુ અને વહુના પાત્ર જાણે એક જ સિક્કાની બે બાજુ જેવા છે. **આજની સાસુ ગઈકાલે કોઈની પુત્રવધૂ હતી, તો આજની પુત્રવધુ આવતીકાલે સાસુ બનવાની જ છે.** સાસુ-વહુના સંબંધોમાં સામાન્ય રીતે મીઠાશ ઓછી અને કડવાશ વધુ જોવા મળે છે. આમ થવાના અનેક કારણો બંને પક્ષે હોઈ શકે.

સમાજમાં ઘણી વખત દીકરીનું સગપણ નક્કી થાય ત્યારથી જ એના થનાર સાસુની ચર્ચા શરૂ થઈ જાય છે. દીકરીના મનમાં સાસુનો સાચો-ખોટો હાઉ ઊભો કરી દેવામાં આવે છે. 'તારી થનાર સાસુ તો કટકનો ઘોડો છે. બહુ કડક છે. એટલે તું બરાબર સાવચેત રહેજે. તારા સાસુથી તું દબાઈ ના જતી. બોલવાનું રાખજે.' તો સામા પક્ષે સાસુના મનમાં પણ એની થનાર પુત્રવધૂ વિશે ધીમું ઝેર રેડવામાં આવે છે. 'ચંપા બા, તમારી આવનાર વહુ તો ભણેલી છે. એટલે તમે એને જરા દાબમાં રાખજો. તમે બરાબર પકડ નહીં રાખો, ને ઢીલા પડશો તો તમારી જ વહુ તમને પાકેલી કેરીની જેમ ઘોળીને પી જશે. તમે જરાય ગફલતમાં રહેશો નહીં.' આમ આવનાર પુત્રવધૂ વિશે સાસુના મનમાં ખરી-ખોટી ભ્રમણા ઊભી કરવામાં આવે છે.

**કોઈપણ ઘર કે કુટુંબની શાંતિનો આધાર સામાન્ય રીતે સાસુ-વહુના સંબંધો પર અવલંબે છે.** જે ઘર-કુટુંબમાં સાસુ-વહુના સંબંધો સુમેળભર્યા હોય, તે ઘર-કુટુંબમાં અન્ય પ્રશ્નો ઓછા ઉદ્ભવે છે અથવા ગૌણ બની જાય છે. પણ જે ઘરમાં સાસુ-વહુના સંબંધો કડવાશભર્યા હોય ત્યાં નાનકડી વાતમાં પણ તણખા ઝરતા હોય છે અને વણનોતર્યા પ્રશ્નોની હારમાળા સર્જાય છે. એટલું જ નહીં, ઘર-કુટુંબના સભ્યોના મન પણ તણાવગ્રસ્ત બની જતા હોય છે. એટલે સાસુ-વહુના સંબંધો સુમેળભર્યા હોય એ સૌ માટે ખૂબ જ જરૂરી છે.

**વહુના પક્ષે એના પીયરમાં અનેક જાતની સુખ-સગવડ હોય, પણ લગ્ન પછી સાસરિયે આવ્યા પછી ત્યાંની રીતભાત, રહનસહન અને વ્યવસ્થામાં ગોઠવાઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ.** સંજોગોવશાત્ કોઈપણ વસ્તુની ઉણપ હોય તો ચલાવી લેતાં શીખવું જોઈએ. બાકી, મારા પીયરમાં આમ છે, તેમ છે; અહિંયા આ નથી, આવું નથી – આવી આવી વાતો અર્થ વગરની અને અહમ્‌વાળી હોય છે. **સાસરિયા અને પીયરપક્ષની સરખામણી ક્યારેય ના કરવી જોઈએ.** મારા સાસુ અભણ છે, જૂનવાણી છે, એમને કશી ખબર પડતી નથી એવું વિચારવું જરાય વ્યાજબી નથી. તમારા સાસુએ પણ આ જ ઘરમાં વહુની જવાબદારી નિભાવેલ છે અને ઘરમાં - કુટુંબમાં માનભર્યું સ્થાન મેળવેલ છે.

**સામા પક્ષે સાસુએ પણ આજના સમયને અનુરૂપ તેમનાં વાણી, વલણ અને વ્યવહારમાં ફેરફાર કરવો જોઈએ.** જૂનવાણી વિચારો અને રૂઢ માન્યતાઓ આજના સમયે સાવ નિરર્થક છે. આપણાં દીકરાની વહુ બનીને આપણા ઘરમાં આવનાર પુત્રવધૂ પણ આખરે તો કોઈકની દીકરી છે. એટલું જ

નહીં, એ પણ એક સ્ત્રી જ છે અને સરવાળે સ્ત્રી જ સ્ત્રીને સારી રીતે સમજી શકે છે. **પુત્રવધૂને માત્ર તમારા ઘરની વહુ જ ના માનશો. ખરા અર્થમાં તો એ તમારા ઘરની ગૃહલક્ષ્મી જ છે** અને એ ગૃહલક્ષ્મીને અંતરના ખરા ઉમળકાથી આવકાર આપશો તો જરૂર તમારા ઘરમાં પણ સુખનો સૂરજ ઊગશે. આપણા ઘરમાં વહુ બનીને આવનાર હવે આપણા જ ઘરની સભ્ય છે એવું માની કદાચ ઘરના કામકાજમાં વહુના હાથે ભૂલ થાય અથવા નુકસાન થઈ જાય તો પણ ઘરના સૌ સભ્યોએ ખાસ કરીને સાસુએ ઉદાર બનીને એ બાબતને દરગુજર કરવી જોઈએ.

આજના આધુનિક સમયમાં મોબાઈલ ઘર-ઘરની અનિવાર્ય વસ્તુ બની ગઈ છે. મોબાઈલનો સમજણપૂર્વકનો ઉપયોગ થાય એ બરાબર છે પણ મોબાઈલથી દીકરીની મમ્મી, પીયરમાં બેઠા બેઠા દીકરીના ઘરની રજેરજ માહિતી મેળવી લે છે અથવા તેમની દીકરી આવી માહિતી પીયર પહોંચાડી દે છે અને પછી દીકરીના મમ્મી રીમોટ બનીને સાસરે રહેલી દીકરીને સલાહસૂચન આપી દીકરીના ઘર સંસારમાં વણજોઈતા ચંચુપાત કર્યે રાખે છે. આના કારણે ક્યારેક વાતનું વતેસર પણ થઈ જાય છે. તો ક્યારેક વણનોતર્યા પ્રશ્નોની હારમાળા ખડી થઈ જાય છે. આપણા દેશના ન્યાયાલયોએ પણ હવે તો આવી મમ્મીઓને મીઠી ટકોર કરતાં કહ્યું છે કે લગ્ન પછી દીકરીને એના સાસરિયે એની રીતે સેટ થવા દેવી જોઈએ. **દીકરીના ઘર-સંસારમાં વણજોઇતો ચંચુપાત કરશો નહીં.** મમ્મીને એની દીકરી પ્રત્યે લાગણી હોય એ વાત ખરી, પણ એની મુશ્કેલી કે મૂંઝવણના સમયે જ વ્યવહારુ બનીને માર્ગદર્શન આપવામાં આવે તો સમસ્યાનો ઉકેલ મળી જાય અને સાસરિયામાં દીકરીનું માન પણ વધે.

હું સાસુ છું એટલે આ ઘરમાં મારા ધાર્યા પ્રમાણે જ થાય! હું કહું એ જ સાચું! એવો અહંભાવ કોઈપણ સાસુના મનમાં હોય તો છોડી દેવો જોઈએ. **દરેક ઘરમાં પુત્રવધૂની લાગણી અને એના સ્વમાનની કદર થવી જોઈએ. દરેક ઘરમાં પુત્રવધૂએ પણ સાસરિયામાં દૂધમાં સાકરની જેમ ભળી જવું જોઈએ.** ઘર-કુટુંબના સૌ સભ્યો સાથે એનો વ્યવહાર વિવેકપૂર્ણ હોવો જોઈએ. ખાસ કરીને ઘરના વડીલ એવા સાસુ-સસરા પ્રત્યેનો વ્યવહાર આત્મિયતાભર્યો હોવો જોઈએ. પોતાની વાણી, વર્તન અને વ્યવહારથી ઘરના સૌ સભ્યોના દિલ જીતી લેનાર પુત્રવધૂ સાસરિયામાં સૌની લાડકી બની જાય છે. જરૂર છે માત્ર વિવેકપૂર્ણ વ્યવહારની!

ઘણીવાર આધુનિકતાનો અંચળો ઓઢીને આવેલી પુત્રવધૂ પોતાની સાસુને જૂનવાણી, અભણ અને ઓછી સમજણવાળા માને છે. પોતે ભણેલી છે એવો અહમ્ રાખીને સાસુ સાથેની વ્યવહારમાં અવિવેક દાખવે છે. આવું બને ત્યારે સાસુ-વહુના સંબંધો કડવાશભર્યા બની જાય છે. તમે ભણેલા છો એ બહુ સારી વાત છે. પણ તમારા ભણતરનો લાભ તમારા ઘર - કુટુંબને મળી રહે એવો સૌજન્યપૂર્ણ વ્યવહાર કરશો તો તમે માનભર્યું સ્થાન મેળવી શકશો. સોનામાં સુગંધ ભળશે. એટલું જ નહીં, તમારા સાસુ સાથેનો વ્યવહાર પણ મીઠાશભર્યો બની રહેશે.

ટૂંકમાં, પ્રત્યેક સાસુને એની પુત્રવધૂમાં પોતાની સગી દીકરી દેખાય અને દરેક પુત્રવધૂને એની સાસુમાં પોતાને જન્મ આપનાર પોતાની જનેતા દેખાય, **સાસુ અને પુત્રવધૂ મા-દીકરી બનીને રહે અને બંનેના દિલમાં સમજણનો સૂરજ ઊગે તો એ સમજણના સૂરજના પાવનકારી પ્રકાશમાં સમગ્ર ઘર-કુટુંબના સભ્યોના દિલમાં લાગણીની લીલોતરી લહેરાશે.** પછી એ ઘર, ઘર ન રહેતા એક મંદિર બની જશે. આવું થશે ત્યારે સાસુ અને મા ની સરખામણી કરતા વરસોથી ગવાતા પેલા લોકગીતની પંક્તિઓમાં પણ નીચે મુજબનો ફેરફાર થઈ જશેઃ

*મારા સાસુએ માથા ઓળિયા,*
*એમાં પાંતિએ પાંતિએ તેલ રે, એ સાસુ કેમ વિસરે?*
*મારા સાસુએ રાંધી લાપશી,*
*એમાં ઘી ની રેલમછેલ રે, એ સાસુ કેમ વિસરે?*

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ. મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## 'ગિફ્ટ' – દુનિયા ગોળ છે

**(અનુસંધાન : પાના નં. – ૩૩ ઉપરથી ચાલુ)**

**સાડી મારી પાસેથી મારી નણંદ રીયાને મળી-રિયાએ એની નણંદ જીયાને આપી - જીયાએ પોતાની નણંદ પ્રિયાને અને પ્રિયાએ એની નણંદ શ્રેયાને આપી છેવટે શ્રેયાએ પણ પોતાની નણંદને (એટલે કે મને) સાડી ગિફ્ટમાં આપી.**

છેવટે ફરી ફરીને સાડી જેની હતી તેને પાછી મળી. આમાં લોકોની એકબીજાની વ્યવહાર સારી રીતે સાચવવાની ભાવનાએ ભાગ ભજવ્યો. કોઈની માટેની સાચી ભાવના, પછી એ દુઆ સ્વરૂપે હોય કે ભેટ સ્વરૂપે જરૂર ફરતી ફરતી પણ પહોંચે તો છે જ!

દરેકે ૧૦ હજારની ગિફ્ટ આપી પણ કોઈના પૈસા વપરાયા નહી. છેવટે જેના વપરાયા હતા તેને તે ગિફ્ટ પાછી મળી ગઈ. કોઈનું કાંઈ ગયું નહીં અને કોઈને કાંઈ મળ્યુ નહીં, છતાંય વહેવાર સચવાઈ ગયો.


મજા તો ત્યારે આવી જ્યારે મેં મારી બહેનના લગ્નમાં સાડી પહેરી. અંદરોઅંદર સંબંધ હોવાને નાતેથી ચારેય જણીઓ લગ્નમાં હાજર હતી. પછી તો બધાને આ ગિફ્ટનું રહસ્ય જાણવા મળ્યું, ત્યારે સૌ ખૂબ હસ્યા. અને મારા પતિદેવની સાચી લાગણીને બિરદાવી.

દુનિયા ગોળ છે. આના પરથી સાબિત થઈ શકે.

***મો. ૮૮૬૬૦ ૨૦૧૭૦***

રૂપેરી રંજન

# વિરાટ દર્શનના વિધિ-વિધાન



હંસરાજ કંસારા

સેન્સર સર્ટિફિકેટ ભારતમાં પ્રત્યેક ફિલ્મનું અવિભાજ્ય અંગ છે. આ સર્ટિફિકેટ ભારતીય સેન્સર બોર્ડ પ્રદાન કરે છે. થોડા સમય પહેલાં અલ્હાબાદ હાઈકોર્ટમાં બોર્ડને વિખેરી નાખવાની જાહેર હિતની અરજી થઈ હતી. '**ઇટ્સ એન્ટરટેઇનમેન્ટ**' ફિલ્મમાં એક પાત્ર 'અબ્દુલ્લા' નામનો તેમજ એમાં ત્રિશુળના ઉપયોગના દશ્યનો બોર્ડે વાંધો લીધો હતો. '**ફાઉન્ડિંગ ફેની**' ફિલ્મમાં હીરોઈનના એક દશ્ય અને એણે ઉચ્ચારેલા એક વાક્યમાં 'વર્જિન' શબ્દ વિશે બોર્ડે આપત્તિ વ્યક્ત કરી હતી. સેન્સર બોર્ડ વિશે આવા સમાચાર અવારનવાર પ્રકાશિત થતા રહે છે, ત્યારે, એક સદીનો ઈતિહાસ ધરાવતી આ સંસ્થાની કેટલીક રસપ્રદ વાતો અત્રે પ્રસ્તુત છે.

**૭ જુલાઈ, ૧૮૯૬ ના રોજ, મુંબઈ મધ્યે, લૂમિયેર બ્રધર્સના 'માર્વેલ ઓફ ધ સેન્ચરી' સ્નિપેટસના સ્ક્રિનિંગ સાથે હિન્દુસ્તાનમાં ચલચિત્રનું આગમન થયું.** ત્યારબાદ મુંબઈમાં હરિશચંદ્ર ભાતવડેકર (સાવેદાદા) અને કોલકતામાં હીરાલાલ સેન ઉપરાંત બીજા કેટલાક ઉદ્યમીઓએ ટોપીકલ કેમીઓસ બનાવી પ્રદર્શિત કર્યા. ૧૯૦૫ માં કોલકતામાં સરકારે બંગાળના ભાગલા વિરુદ્ધની સુરેન્દ્રનાથ સેનની ઝુંબેશ દર્શાવતી ડોક્યુમેન્ટરી 'ધ ગ્રેટ બેંગાલ પાર્ટિશન મુવમેન્ટ' પ્રદર્શિત કરી. ભારતીય સિને જગતની આ પ્રથમ પોલિટિકલ ડોક્યુમેન્ટરી હતી. ભારતમાં અંગ્રેજી રાજ વિરુદ્ધ જનમત કેળવવા આ માધ્યમના અસરકારક ઉપયોગનો એમાં સંકેત હતો. આ ડોક્યુમેન્ટરીએ હકૂમતના કાન સરવા કર્યા. તદુપરાંત બ્રિટિશ એમ્પાયરને બ્રિટનના વ્યવસાયિક હિતોને અસર કરતી અમેરિકન ફિલ્મોની આયાત પર અંકુશ મૂકવો હતો. પરિણામે, ૧૯૧૮ માં 'ઇન્ડિયન સિનેમેટોગ્રાફ એક્ટ' પસાર થયો. ૧૯૧૯-૨૦ માં એમાં સુધારા થયા. **આ એક્ટ અન્વયે હિન્દુસ્તાનમાં નિર્મિત અને આયાતી બધી જ ફિલ્મો માટે સેન્સર સર્ટિફિકેટ લેવાનું ફરજિયાત થયું.** ૧૯૨૦ માં મુંબઈ, કોલકત્તા, મદ્રાસ અને રંગુનમાં, ૧૯૨૭ માં લાહોરમાં અને ૧૯૪૭ (ફેબ્રુઆરી) માં નોર્થ-વેસ્ટ-ફ્રન્ટીયર પ્રોવિન્સીસ માટે સાત સ્થળોએ ક્ષેત્રિય સેન્સર બોર્ડો સ્થપાયા.

૧૯૨૦ ની ૨૦ જૂને કોલકતા અને ૬ ઓગસ્ટે મુંબઈમાં સેન્સર બોર્ડોની કામગીરી શરૂ થઈ. મુંબઈ બોર્ડે ગૌમાન્ત કંપનીની ફિલ્મ '**ગૌમાન્ત ગ્રાફિક**' ને પ્રથમ સર્ટિફિકેટ આપ્યું. **સાઉન્ડ ફિલ્મ (બોલપટ) નું પ્રથમ સર્ટિફિકેટ યુનિવર્સલ પિક્ચર કોર્પોરેશનની ફિલ્મ 'અલ્પાઈન રોમાન્સ' ને અપાયું.** હિન્દુસ્તાનમાં નિર્મિત અરદેશર ઈરાની નિર્મિત બોલપટ **'આલમઆરા' ને ૧૧ માર્ચ, ૧૯૩૧ ના રોજ સેન્સર સર્ટિફિકેટ મળ્યું.**

આમ જનતાને ચલચિત્રનું અચરજ એ આકર્ષણ હતું. સેન્સરશિપના પ્રથમ પંદરેક વર્ષ દરમ્યાન મૂંગી વિદેશી ફિલ્મોનું પ્રમાણ વધુ હતું. સાથેસાથે સ્થાનિકે ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક ફિલ્મો બનવા લાગી. એનો પ્રસાર પણ વધતો ગયો. આ સમયગાળા દરમ્યાન જે ફિલ્મોને સર્ટિફિકેટ આપવામાં ન આવ્યું અથવા કાંટછાંટ પછી અપાયું તેવી કેટલીક ફિલ્મોની વીણેલી વિગતો જાણવા જેવી છે.

મુંબઈ બોર્ડે ૧૯૨૦ માં હેમ્પટન કંપનીની ફિલ્મ **'વૂમન ઓફ પ્લેઝર'** માં બ્રિટિશ ચરિત્ર અંગે તેમજ બ્રિટનના ઝુલુ સાથેના સંબંધો ખોટી રીતે દર્શાવેલા છે, એવા રિમાર્ક સાથે એને સર્ટિફિકેટ ન આપ્યું. ૨૩ ડિસેમ્બર, ૧૯૨૦ ના રોજ, સેમ્યુઅલસન કંપની નિર્મિત ફિલ્મ **'ડેમેજડ ગુડ્સ'** ને મુંબઈ બોર્ડે 'માત્ર વયસ્કો માટે' મંજૂર કરી. આ ફિલ્મને કોલકતા બોર્ડે પૂર્ણતઃ પ્રતિબંધિત કરી. ૧૯૨૬માં દેશભક્ત બાબુરાવ પેંઢારકરની કંપની **'વંદે માતરમ્'**ની ફિલ્મ 'વંદે માતરમ્ આશ્રમ' જે ભારતના યુવાવર્ગમાં રાષ્ટ્ર ઘડતરના આદર્શોનું સિંચન કરવા બનાવી હતી, તેને બોર્ડે સર્ટિફિકેટ ન આપ્યું. બોર્ડે એવી આશંકા વ્યક્ત કરી હતી કે ફિલ્મ હિન્દુસ્તાનમાં યુનિવર્સિટી એજ્યુકેશનનું અવમૂલ્યન કરશે. ૨૩ એપ્રિલ, ૧૯૨૮ ના રોજ મેજેસ્ટિક કંપનીની ફિલ્મ **'ફેઈટ ઓફ ધ આઉટલો'** ગુનાખોરીને ગૌરવાન્વિત કરે છે, તેવા રિમાર્ક સાથે અને સિકન્દરાબાદની મહાવીર ફોટો પ્લેયસની ફિલ્મ **'સરોજકુમારી'** વિદ્રોહ પ્રેરક હોવાની આશંકા સાથે રિજેક્ટ કરી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અનાજની કારમી અછતે ભૂખમરો વેઠતા લોકોનું શોષણ અને દુર્દશા દર્શાવતી મહેબૂબખાન દિગ્દર્શિત ફિલ્મ **'રોટી'** પર પ્રતિબંધ મુકાયો હતો.

૧૯૨૦ના ઉત્તરાર્ધમાં સેન્સર બોર્ડો કાર્યરત થયા. તેનાથી અગાઉ આઝાદીના અવાજને આકાર આપતી કેટલીક ન્યૂઝ રીલ્સ અને ટૂંકી દસ્તાવેજી ફિલ્મો બની હતી. આ ન્યૂઝ રીલમાં દ્વારકાદાસ સંપટ નિર્મિત લોકમાન્ય તિલકની સ્મશાનયાત્રા; મદ્રાસ મધ્યે નેશનલ કોંગ્રેસ અધિવેશનની સેશન્સ અને વિદેશી કપડાંની હોળી પ્રગટાવતા ગાંધીજીને દર્શાવતી ન્યૂઝ રીલ્સ ખાસ હતી. તદુપરાંત વિશાળ જનમેદનીને સંબોધતા રાષ્ટ્રીય નેતાઓ, બિપિનચંદ્ર પાલ,

સરોજીની નાયડુ અને બી.જી. હોર્નિમનને પ્રોજેક્ટ કરતી તેમજ વીર સાવરકરની કોલકતા મુલાકાત દર્શાવતી દસ્તાવેજી ફિલ્મો દેશના વિવિધ વિસ્તારોમાં બેરોકટોક દર્શાવાતી હતી. કમર્શિયલ ફિલ્મ નિર્માતાઓ પણ એમની ફિચર ફિલ્મોમાં સ્વાતંત્ર્ય સંગ્રામનો સંદેશ એક યા બીજી રીતે બ્લેન્ડ કરી દેતા હતા. દ્વારકાદાસ સંપટ નિર્મિત **'ભક્ત વિદૂર'** નું પાત્ર, જે સંપટે જાતે જ અદા કર્યું હતું, તેની વેશભૂષા હાવભાવ બધામાં આબેહૂબ ગાંધીજીનું પ્રતિબિંબ પડતું હતું.

સમય જતાં સેન્સર બોર્ડો થોડા સતેજ થયા. ૬ એપ્રિલ ૧૯૩૦ ની 'દાંડીયાત્રા-નમક કાનૂન ભંગ' અને ૭ એપ્રિલ, ૧૯૩૦ ના રોજ મુંબઈમાં કાનૂન ભંગ કાર્યક્રમની કૃષ્ણા ફિલ્મ કંપની નિર્મિત દસ્તાવેજી ફિલ્મને પ્રશાસન વિરોધી અને લોકોને કાનૂન તેમજ વ્યવસ્થા ભંગ કરવા ઉશ્કેરે તેવી હોવાના આરોપ સાથે પ્રતિબંધિત કરી. ૧૯૩૧માં પ્રભાત કંપની નિર્મિત ફિલ્મ **'ફ્લેગ ઓફ ફ્રીડમ'** ને તત્સમયની રાજકીય સ્થિતિ માટે સ્ફોટક સ્થિતિ સર્જે તેવી ગણી પ્રતિબંધિત કરી. જો કે પાછળથી આ ફિલ્મમાંના પ્રશાસનને વાંધાજનક લાગેલા દશ્યો દૂર કર્યા અને એનું ટાઈટલ બદલી, **'ઉદયકાલ'** (કેટલું સૂચક!) કર્યું, એટલે બોર્ડે એ ફિલ્મ પાસ કરી.

૧૯૩૫ પછી દેશનો પોલિટિકલ સિનારિયો બદલાઈ ગયો. હવે વિદેશી શાસનનો છડેચોક વિરોધ થતો હતો. દેશમાં ફિલ્મ નિર્માણક્ષેત્રે પણ તેની અસર થઈ હતી. મોશન પિક્ચર સોસાયટી ઓફ ઇન્ડિયાના મંત્રી હિરલેકરે ઇન્ડિયન ન્યૂઝ રીલ યુનિટ બનાવ્યું હતું. અહીં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની ફેઝપુર સેશનની ૧૬ રીલ બનાવી. ૧૯૩૮માં વાડિયા મૂવીટોન અને ચિકાગો રેડિયોએ હરિપુરા કોંગ્રેસની સેશન્સ કવર કરી. હરિપુરા કોંગ્રેસના અધ્યક્ષ સુભાષચંદ્ર બોઝ હતા.

ઉપરોક્ત ઉદાહરણો પરથી જણાય છે કે બ્રિટિશ હકૂમતને એની દેશી પ્રજા, એમના દેવદેવીઓના ચમત્કારી દર્શનના નશામાં રહે, એમના વડવાઓનાં વિસરાયેલા વીરત્વની વાતો વાગોળતા રહે, વિદેશીઓની વેશભૂષા અને વર્તન જોઈ મન બહેલાવતા રહે એનો કંઈ વાંધો નહોતો, પરંતુ દેશીઓ એમની આઝાદીની આરઝુ સંતોષતું પરોઢનું સ્વપ્ન જુએ કે દેશના યુવાનોને દેશના રાષ્ટ્ર ઘડતરની પ્રેરણા મળે કે દેશની દારૂણ દુર્દશાનાં દશ્યો જોવા પડે એનો વાંધો હતો. વિદેશી હકૂમતની સેન્સર કાતર મહદઅંશે આવી ફિલ્મો માટે જ હતી.

૧૯૨૧માં ફિલ્મ એક્સપર્ટ ડબલ્યુ ઇવાન્સે ઇન્ડિયન સેન્સર બોર્ડોની કામગીરી તપાસી, પ્રાંતીય સરકારોને એના અસરકારક અમલ માટે સૂચનાઓ આપી.

આ સંદર્ભે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડિયા મિ. એડવિન મોન્ટેગ્યુએ ૧૭ નવેમ્બર, ૧૯૨૧ના રોજ વેસ્ટ મિનિસ્ટર ગેઝેટમાં પ્રકાશિત એક લેખની નકલ ઇન્ડિયન ગવર્નમેન્ટને મોકલી અને બોર્ડની કામગીરીનો રિપોર્ટ મોકલવા આદેશ આપ્યો.

આ લેખ વિષે બ્રિટિશ હાકેમનું તારણ એ હતું કે હિન્દીઓની બ્રિટિશરો પ્રત્યેની અવમાનનાં મૂળમાં પાશ્ચાત્ય ચલચિત્રોનો પ્રભાવ હતો. પશ્ચિમી સભ્યતાને અનુરૂપ કથાનક અને પરિવેશને સમજ્યા વિના, દેશી દર્શકો સિને પાત્રોના અર્ધ ઢાંક્યા બદન અને વિચિત્ર વર્તન જુએ છે. એમની ભિન્ન પ્રકારની વેશભૂષા જુએ છે. એમને **કાઉબોય** ફિલ્મો કે **ચાર્લીચેપ્લીન**ના રમૂજ પ્રેરક હાવભાવોનું હાર્દ સમજાતું નથી. ફિલ્મોમાં પાત્રો દ્વારા અભિનિત પત્નીઓની બેવફાઈ, પતિઓની નીતિભ્રષ્ટતા, કાયદાની અવમાનના, નીતિમત્તાનો હ્રાસ દર્શાવતા વ્યવહારો આદિની દેશી પ્રેક્ષકોના માનસપટ પર જે છાપ ઉપસે છે તેના આધારે તેઓ તેમના (બ્રિટિશરો) વિશે અભિપ્રાય બાંધે છે. પરિણામે હિન્દુસ્તાનમાં વસતા બ્રિટિશરો માટે એમનું સન્માન જળવાવું કઠિન છે. એમના માટે દેશીઓ પાસેથી કાયદો અને વ્યવસ્થાનું તેમજ નીતિમત્તાના ધોરણોનું પાલન કરાવવું મુશ્કેલ છે.

સેક્રેટરી ઓફ સ્ટેટની સેન્સર બોર્ડ અંગેની હિદાયત પછી ૧૯૨૪માં ઇન્ડિયન પ્રશાસને એક નોંધ રેકોર્ડ કરી હતી કે, હિન્દમાં સિને ટ્રેડ વ્યવસ્થિત ન હોતાં 'સેલ્ફ સેન્સરશિપ' સંભવ નથી, બોર્ડનું કામ અસરકારક કરાવવા અધ્યક્ષ સહિત પૂરા સમયનો પગારદાર સ્ટાફ આવશ્યક છે. આના અનુસંધાને ૧૫ સપ્ટેમ્બર, ૧૯૨૭ની કાઉન્સિલ ઓફ સ્ટેટના ઠરાવ મુજબ ૬ ઓક્ટોબર ૧૯૨૭ ના રોજ દીવાન બહાદુર ટી. રંગાચારીયરના અધ્યક્ષપદે 'ધ ઇન્ડિયન સિનેમેટ્રોગ્રાફ એન્કવાયરી કમિટી'નું ગઠન થયું. સર ઇબ્રાહીમ જાફર, કર્નલ જે.ડી. ક્રાફર્ડ, એ.એન.ગ્રીન, કે.સી.નેગી અને જે. કોટમેન આ કમિટીના સભ્યો હતા. મંત્રી તરીકે જી.સી. હોપર નીમાયા હતા. આ કમિટીએ ૪૫ સિનેમા હોલ્સ અને ૧૩ ફિલ્મ સ્ટુડિયો તપાસ્યા હતા. ૩૬ વિદેશી અને ૨૧ દેશી ફિલ્મો જોઈ હતી. ૪૩૨૫ લોકોને પ્રશ્નાવલિ મૂકી હતી. એમાંના ૩૦૦ ઉત્તરોનું વિશ્લેષણ કર્યું હતું. ૩૪૩ સાક્ષીઓ તપાસ્યા હતા. પ્રાંતીય સેન્સર બોર્ડોની કામગીરી જોઈ હતી. કમિટીના સભ્યોએ નામી ફિલ્મી હસ્તીઓ **ફડકે દાદા, સુલોચના, જે. મદાન, ડી.એન. ગાંગુલી** અને **હિમાંશુ રાય**નો સાક્ષાત્કાર કર્યો હતો. કમિટીએ એમનો ૩૩૦૦ પૃષ્ઠોનો ચાર ભાગનો રિપોર્ટ એક વર્ષની અંદર સરકારને પ્રસ્તુત કર્યો હતો.

આ કમિટીની મહત્ત્વની ભલામણોમાં સેન્સર બોર્ડને કોમવાદ, જાતિવાદ, વંશવાદ અને રંગભેદની માનસિકતા પ્રત્યે ધ્યાન ન આપવા અને ઉદાર મત અપનાવવાની શીખ આપી હતી. સેન્સર સર્ટિફિકેટ માટેની ફિલ્મોની સ્ક્રીનિંગમાં ફિલ્મ ટ્રેડ, મ્યુનિસિપાલિટી, યુનિવર્સિટી, પોલીસ અને માન્ય સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓને સલાહકાર તરીકે બોલાવવાનું સૂચન કર્યું હતું. ફિલ્મોને એડલ્ટ કે એવી અન્ય કેટેગરીમાં વિભાજિત પ્રમાણિત કરવાની પ્રણાલી અંગે કમિટીએ અસહમતિ દર્શાવી હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)**

રૂપેરી રંજન

# પુરુષ યુગલ ગીત

નિમિષ વોરા

ભારે વૈવિધ્ય ધરાવતા ભારતીય હિન્દી ફિલ્મ સંગીતે છેલ્લી સદીમાં સંગીતપ્રેમી શ્રોતાઓને સુરીલા તોહફારૂપી અમૂલ્ય પ્રદાન આપ્યું છે, જેમાં કવ્વાલી, મુઝરા, ગઝલ, એકલગીત, કેબ્રે, સમૂહનૃત્ય, કોરસ અને યુગલગીતનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે યુગલગીત સ્ત્રી-પુરુષના કંઠમાં હોય છે **પરંતુ આપણે ત્યાં બંને સ્ત્રી કે પુરુષોના કંઠના પ્રયોગ થયા છે.**

પુરુષ કંઠમાં ગવાયેલા યુગલગીતોની સંખ્યા આમ તો ખાસ્સી છે. **મહંમદ રફી, મુકેશ, મન્નાડે, તલત મહેમૂદ કે કિશોરકુમાર**ના આવા દ્વંદ્વ ગીતો પૈકી ઘણા જાણીતા છે. આ પછી ૧૯૮૦ના દાયકામાં રફી અને કિશોરકુમારે સાથે ઘણું કામ કર્યું હતું.

મેલ ડ્યુએટનો આરંભ અને સફળતાની વાત કરીએ તો **તેનું શ્રેય સંગીતકાર નૌશાદને આપી શકાય.** ૧૯૫૨ની મ્યુઝિકલ હિટ **'બૈજુ બાવરા'** માં તાનસેન અને બૈજુ બાવરા વચ્ચેનું સ્પર્ધાત્મક ગીત ભારે હિટ નીવડ્યું. 'દેશ' રાગમાં કમ્પોઝ થયેલું 'આજ ગાવત મન મેરો ઝૂમકે...' ગીત દિગ્ગજ શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ અમીર ખાં અને ડી.વી. પલુસ્કરે ગાયું હતું. આ બંનેને ફિલ્મી ગીત માટે મનાવવાનું કાર્ય પણ કપરું હતું. તે પછી આવો પ્રયોગ ફરી **'બસંત બહાર' માં શંકર-જયકિશને કર્યો હતો.** ૧૯૫૬ ની આ ફિલ્મમાં કેતકી ગુલાબ જુહી...પં. ભીમસેન જોશી અને મન્નાડેએ ગાયું હતું.

કેટલાક વર્ષો પછી **કલ્પના ફિલ્મ માટે ઓ. પી. નૈયરે** આવું ગીત બનાવ્યું. તુ હૈ મેરા પ્રેમ દેવતા...જેને ગાયક મન્નાડે અને મહંમદ રફીએ અમરત્વ બક્ષ્યું.

૧૯૬૦ ના દાયકામાં આ બંને ગાયકોએ અનેક ગીતો ગાયાં જેમાં કયા હમને ખોયા થા...**(ઓ તેરા કહેના)**, ઓ બાબુ તેલ માલિશ, કરા લો બૂટ પાલિશ **(બારાત)**, લે લો બાબુ પુડિયા યે જાદુવાલી પુડિયા **(મદન મજરી)**, ઈન્સાફવાલા જો ભગવાન હોતા **(સુહાના સિંદૂર)**, દુનિયા જીધર ઝૂકે ઝૂક જા **(અપલમ ચપલમ)**, ઓ પૈસે તુ ભગવાન નહીં **(મેં શાદી કરને ચલા)**, યે દો દિવાને દિલ કે **(જોહર મહેમૂદ ઇન ગોવા)**, એ દોસ્ત મેરે મૈંને દુનિયા દેખી હૈ **(સચ્ચાઈ)** આવાં અનેક ગીતો સ્મૃતિપટ પર આવી જાય છે.

મન્નાડેનો ઘેઘૂર કંઠ અને મર્દાના અવાજના ધણી કિશોરકુમારે પણ અનેક પ્રસંગોએ સહગાયન કર્યું છે. **જેમાંનું સૌથી શિરમોર કહી શકાય તેવું 'પડોશન' નું એક ચતુર નાર બડી હોશિયાર પ્રથમ ક્રમે આવે છે.** જો કે, આ જોડીને સેટ કરવામાં એસ. ડી. બર્મનનો ફાળો છે. ફિલ્મ ચલતી કા નામ ગાડીમાં **'બાબુ સમજો ઇશારે...' ગીતે ધૂમ મચાવી હતી.** આ ઉપરાંત 'યે દોસ્તી... હમ નહીં છોડેંગે' **(શોલે)**, બૂરા ઘર હો ભલા ઘર હો **(દો પ્રેમી)**, ખુલ ગઈ પઘડી ગુલાબી બન **(આપબીતી)**, તક ધીન તક ધીન મૈં શુભ હું એ ચિંતક **(ખલીફા)**, આજ કા દિન હૈ તુમ્હારે નામ **(ઝમીર)**, મેરે પ્યાલે મેં શરાબ ડાલ દે ફિર દેખ તમાશા **(અમીર ગરીબ)**, એક દિન ઔર ગયા **(દૂર કા રાહી)**, આ જરા આજ તો મુશ્કિરા લે **(ભાઈ-બહેન)**, ઓ જગ કે રખવાલે હમેં તુજ **(દૂર ગગન કી છાંવ મેં)**.

મહમદ રફી અને કિશોરકુમાર જેવા મહાન હસ્તીઓનાં ગીતોની સંખ્યા પણ વિશેષ છે. તે પૈકી કેટલીક જાણીતી રચનાઓ યાદ કરવી પડે તેમ છે. ચલ શુરૂ હો જા **(હમજોલી)**, એક રાસ્તા, આહા આહા દો રાહી **(રામ બલરામ)**, મેરે દિલદાર કા બાંકપન અલ્લાહ **(દિદારે યાર)**, તુમકો ખુશ દેખકર મૈં બહોત ખુશ હુઆ **(આપકે દિવાને)**, બડે મઝે સે ગુજર જાયેગી યે જિંદગી **(ચોર-સિપાહી)** જેવાં અનેક ગીતો છે. આ તમામ ગીતો **લક્ષ્મીકાંત-પ્યારેલાલ**ની દેન હતી.

**પુરુષ ડ્યુએટમાં લક્ષ્મી-પ્યારેની માસ્ટરી હતી તેમ કહીએ તો ખોટું નથી.** અન્ય ગાયકોનાં આવાં ગીતોમાં સાત અજુબે ઈસ દુનિયામેં **(ધરમવીર)**, તુને મુઝે બુલાયા શેરાવાલીએ **(આશા)**, હમ પાંચ પાંડવ યે શકુનિ મામા **(હમ પાંચ)**, મૈં આત્મા તુ પરમાત્મા, ઈમલી કા બૂટા બેરી કા બેર **(સૌદાગર)** જેવાં ગીતો ભારે સફળતાને વર્યા હતા.

વધુમાં અન્ય સંગીતકારોની જાણીતી રચનામાં યારો નિલામ કરો સુસ્તી **(પ્રેમ પૂજારી)**, અય માં તેરી સુરત સે અલગ **(દાદીમાં)**, હુઝુર ઈસ કદર ભી ના ઈતરાતે ચલીયે **(માસૂમ)**, યમ્મા યમ્મા યે ખૂબસુરત શમા **(શાન)**, જા જલ્દી ભાગ જા નહીં બાબા નહીં **(દેશપ્રેમ)**, મહોબ્બત કે ચક્કર મેં પડના નહીં **(દિવાનગી)**, દો બેચારે બિના સહારે **(વિક્ટોરિયા નં. ૨૦૩)**, લંબુજી લંબુજી **(કુલી)**, ચલ મેરે ભાઈ **(નસીબ)**, સારેગામા સારેગામા **(ચૂપકે ચૂપકે)**, તેરા જલવા તૌબા હૈ **(આપકે દિવાને)**, વક્ત કી હેરાફેરી હૈ **(હેરાફેરી)**, સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ **(શહીદ)**, મેરા રંગ દે બસંતી ચોલા, અય યાર સુન યારા તેરી **(સુહાગ)**, દો જાસૂસ કરે મહેસૂસ **(દો જાસૂસ)**, સંદેશે આતે હૈ **(બોર્ડર)**, જિંદગી મોત ના બન જાયે સંભાલો યારો **(સરફરોશ)**, સૂરજ કી ગરમી સે જલતે હુએ તન કો **(પરિણય)** જેવાં થોકબંધ ગીતો લખી શકાય. ■

રૂપેરી રંજન

# ફિલ્મોમાં રાસ-ગરબાની રમઝટ

**ઢોલી તારો ઢોલ બાજે... ઢોલ બાજે...** એ ગીત કાને પડે અને તરત જ પગ થનગનવા લાગે. 'હમ દિલ દે ચૂકે સનમ'નું આ ગીત ભલે ફિલ્મી ગીત હોય પરંતુ નવરાત્રિમાં એ ઠેર ઠેર ગાજવાનું. આ જ ફિલ્મનું **નિંબુડા... નિંબુડા...** ગીત પણ રાસ ગરબાના રસિકોમાં ખૂબ લોકપ્રિય થયું છે.

ગરબાની વાત સાથે રંગીન નવરાત્રિ અને ગરબે ઘૂમતી ગોરીઓ અને છેલબટાઉ યુવાનો ધ્યાનમાં આવ્યા વગર ન રહે. **ગુજરાત સૌરાષ્ટ્રની પ્રજાનો આ માનીતો ઉત્સવ તો હવે સમાજની દરેક જાતિ અને દરેક સ્તરમાં લોકપ્રિય બન્યો છે.** અરે ટેલિવિઝન સિરિયલવાળા પણ એક યા બીજી રીતે દાંડિયા રાસ-ગરબાના દૃશ્ય ધારાવાહિકોમાં ઉમેરે છે.

સૌ જાણે છે કે, રાસ-ગરબાની લોકપ્રિયતા કેટલી છે અને એટલે જ તો ફિલ્મવાળાઓએ લોકરૂચિને ધ્યાનમાં રાખીને સૌથી વધુ લાભ લીધો છે. અમિતાભ બચ્ચન અને રેખાએ **'સુહાગ'** માં જે દાંડિયારાસ લીધા હતા એ દૃશ્ય બધાને યાદ હશે. એવી જ રીતે ફિલ્મ **'આ અબ લૌટ ચલે'** માં અક્ષય ખન્ના, ઐશ્વર્યા અને સુમન રંગનાથનનો રાસ પણ ખૂબજ દિલચશ્પ હતો.

રાસ-ગરબાને ગુજરાતી ફિલ્મવાળાઓએ ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા છે, એ વાત પણ સૌ જાણે છે. અત્યારે તો ગુજરાતી ફિલ્મોની સંખ્યા જ સાવ નહિવત્ થઈ ગઈ છે. પણ ગુજરાતી ફિલ્મોના સુવર્ણયુગમાં અનેક ફિલ્મોમાં ગરબો અચૂક સમાવાયો છે એ હકીકત છે. અમુક નિર્માતાઓ માટે તો રાસ-ગરબો એ ફિલ્મનું અવિભાજ્ય અંગ બની ગયો હતો. એક જમાનો તો એવો પણ આવ્યો હતો કે ગુજરાતી ફિલ્મ સાવ નબળી હોય તો પણ એમાં એક-બે હીટ ગરબા હોય તો બોક્સ ઑફિસ પર ચાલી જતી. કેટલીકવાર કલાકારો નબળા અથવા નવા હોય તો પણ ફિલ્મ આરામથી ૧૫-૨૦ અઠવાડિયા ચાલી જતી.

ગુજરાતના ગરબાએ અગાઉ કહ્યું તેમ **ગુજરાતની બહાર પણ લોકોને ઘેલા કર્યા છે.** પ્રાંતની બહાર ગરબાનું મહત્ત્વ વધારવામાં બહાર વસતા ગુજરાતીઓને મોટો ફાળો છે.

બહાર વસતા ગુજરાતીઓનો એક મોટો હિસ્સો મુંબઈમાં વસે છે ને એ ગુજરાતીઓએ મુંબઈ નગરીમાં વસતા ફિલ્મવાળાઓને ગરબાનો ચસ્કો લગાડ્યો છે. આજે મુંબઈમાં મોટા મંડળો દ્વારા યોજાતા નવરાત્રિ ઉત્સવમાં મરાઠી, પંજાબી, સિંધી અને સરદારજીઓ સુદ્ધાં ભાગ લે છે.

ગરબાનો ચસ્કો મુંબઈના ફિલ્મવાળાઓને લાગે પછી તો પૂછવું જ શું? ફિલ્મવાળાઓએ રાસ-ગરબાની લોકપ્રિયતા જોઈને એને રોકડી કરવાનો તુક્કો લડાવ્યો. ફિલ્મવાળા આમેય કોઈપણ ચીજને હંમેશાં ધંધાકીય દૃષ્ટિથી જુએ છે. એટલે એમણે ગુજરાતના ગરબાને સીધે સીધો રૂપેરી પડદે ઢાળી દીધો.

ગોવિંદ સરૈયાએ ઘણા વર્ષો પહેલાં 'સરસ્વતી ચંદ્ર'માં લતા પાસે **"મૈં તો ભૂલ ચલી બાબુલ કા દેશ, પિયા કા ઘર પ્યારા લગે..."** માં રાસ-ગરબાનો ઉપયોગ કર્યો હતો. એ ગીત એટલું બધું લોકપ્રિય બન્યું હતું કે મહિનાઓ સુધી ગલીએ ગલીએ ગૂંજતું રહ્યું હતું.

ફિલ્મોવાળા દરેક વસ્તુમાં નવીનતા આણવાની કોશિશો કરતા રહે છે. એમણે શેરીઓમાં ગુજરાત-સૌરાષ્ટ્રના રાસ ગરબાની મજા માણી અને એને રૂપેરી પડદે પેશ કર્યો. પણ એને વધુ રસપ્રદ અને દર્શનીય બનાવવા એમાં પણ અવનવા પ્રયોગો કર્યા. સરસ્વતીચંદ્ર પછીની જે જે ફિલ્મોમાં રાસ-ગરબાનો ઉપયોગ થયો એમાં કંઈને કંઈ નવીનતા લાવવાના પ્રયત્નો ફિલ્મવાળાઓએ કર્યા છે.

'સુહાગ' માં અમિતાભ-રેખા, **'લવ લવ લવ'** માં આમિર-જૂહી, **'ક્રાંતિવીર'** માં નાના-ડીમ્પલ વગેરે ઘણાં ઉદાહરણો છે. જરા વિચાર કરો કે રૂપેરી પડદે અમિતાભ રેખા, માધુરી દિક્ષીત - અનિલ કપૂર, જૂહી ચાવલા અને આમિર ખાન જેવા સ્ટાર ગરબે ઘૂમતા જોવા મળે તો લોકોને કેવી મજા આવે! 'સુહાગ' નું **મા તું શેરોવાલી, ઊંચી ડેરોવાલી ગીત રાસ-ગરબા રૂપે ખૂબ લોકપ્રિય થયું હતું** પણ તે ગીતના શૂટિંગ વખતે **કલ્યાણજી આણંદજીએ** તેને ગરબાના ઢાળમાં ઢાળી અમિતાભ-રેખા પાસે દાંડિયા રાસ રમાડવાની પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી. પણ અમિતાભે એમ કહીને ના પાડી કે ગરબાના ઢાળમાં આ ગીત નહીં જામે અને બીજું પોતાને ગરબા ગાતા નહીં ફાવે.

તો કલ્યાણજીભાઈએ જણાવ્યું હતું કે, આ ગરબામાં નાચવું આસાન છે અને તે મોહક લાગશે. ગીત હિટ જશે. ખુદ કલ્યાણજીભાઈએ દાંડિયારાસ રમી અમિતાભને દેખાડ્યું ત્યારે અમિતાભ તેનાથી પ્રભાવિત થયો અને સુહાગનું તે ગીત ખૂબ જ વખણાયું. તેમાં અમિતાભ રેખાના દાંડિયારાસ પણ વખણાયા.

એવું જ **'અંગાર'** ફિલ્મમાં જેકી શ્રોફ અને ડિમ્પલ કાપડિયાના દાંડિયારાસ વખતે થયું. બન્ને કલાકારો ગુજરાતી હોવાથી રાસના સ્ટેપ્સ યોગ્ય રીતે લઈ શકતા હતા.

ગુજરાતી ફિલ્મોમાં જે હદે દાંડિયા રાસ છવાયા છે તેના સંદર્ભે **નરેશ કનોડિયા**એ એક સ્થળે જણાવ્યું હતું કે, દાંડિયા ગરબાનો જાદુ લોકો પર એટલી હદે છવાઈ ચૂક્યો છે કે દેશ વિદેશમાંના તેમના પ્રશંસકો તેમની ફિલ્મમાં દાંડિયારાસ હોવા જ જોઈએ તેવી ફરમાઈશ કરતા થઈ ગયા છે અને ગરબા રાસ જુદી જુદી અનેક રીતે રજૂ કરી શકાય છે.

**કવિ પ્રદીપ**ને વર્ષોની સાધના બાદ પણ સફળતા પ્રાપ્ત નહોતી થઈ. તે વખતે **'જય જય સંતોષી મા'** એ, ન માત્ર આર્થિક પણ સામાજિક સફળતા પ્રાપ્ત કરાવી દીધી અને તેમાં 'જય સંતોષી માતા જય જય મા' ની આરતીને ગરબાના ઢાળમાં રજૂ કરવામાં આવી હતી અને નોંધપાત્ર સફળતા મળી હતી. **ગુજરાતના રાસ-ગરબાને ફિલ્મવાળાઓએ રૂપેરી પડદા પર રોકડી કરવા માંડ્યા** તેમ કેટલાક ચતુર આયોજકોએ પ્રાઈવેટ પ્લોટોમાં જાણીતા ફિલ્મ કલાકારોને બોલાવી બિઝનેસ શરૂ કર્યો. આવા આયોજકો પ્રાઈવેટ પ્લોટમાં નવરાત્રિનું આયોજન કરે છે ને મોંઘી ટિકિટો રાખે છે. ત્યાં મનગમતો ફિલ્મ સ્ટાર આવવાનો હોઈ લોકો આંખો મીંચીને ટિકિટો ખરીદે છે. પેલા આયોજક ફિલ્મ સ્ટારને ત્યાં હાજરી આપવા બદલ ફી ચૂકવે છે ને છતાં એને સારો એવો નફો થાય છે.

ગુજરાત - સૌરાષ્ટ્ર જેવી રંગીન નવરાત્રિ મુંબઈ જેવા શહેરોમાં જોવા ન મળે પણ કેટલાક આયોજકોએ ફિલ્મ સ્ટારોને બોલાવી મુંબઈની ફિક્કી લાગતી નવરાત્રિને રંગીન બનાવી દીધી છે.

મુંબઈમાં નવરાત્રિના નવે નવ દિવસોએ જુદા જુદા ફિલ્મસ્ટારો દેખા દે છે. મોટી સોસાયટીઓ, બહુમાળી મકાનો, પાર્ટી પ્લોટો અને બંગલાઓમાં આવી નવરાત્રિ યોજાય છે. જુહુ જાગૃતિ, સંકલ્પ વગેરે સંસ્થાના આમંત્રણથી જિતેન્દ્ર, રેખા, રવિના, કરિશ્મા, આયશા ઝુલ્કા, અક્ષય કુમાર, જુહી, ડિમ્પલ, જેકી શ્રોફ, સની દેઓલ, આમિર ખાન વગેરે કલાકારો આવે છે. આવી નવરાત્રિમાં ફિલ્મ સ્ટારોને ગરબે ઘૂમતા જોવાની ફી કરતાં એમની સાથે ગરબે ઘૂમવાની ફી વધારે હોય છે.

આવા બિઝનેસમાં નફો થતો હોય તો કોણ ન કરે? આ બિઝનેસમાં સારી એવી કમાણી થતી હોઈ હવે ફિલ્મસ્ટારો અને ટી.વી. સ્ટારો પણ ઊંચા ભાવ લેવા માંડ્યા છે. કેટલાક કલાકારો તો નવરાત્રિ દરમ્યાન શૂટિંગો માટે તારીખો નથી આપતા અને આ નવ દિવસ દરમિયાન ખાસ્સી કમાણી કરી લે છે.

ગરબાના આયોજકો શરૂમાં આવા શોની કિંમત ૧૦૦ થી ૨૦૦ રૂપિયા રાખતા પણ હવે ખર્ચા અને કલાકારોના ભાવ પણ વધ્યા હોઈ ૨૫૦ થી ૫૦૦ રૂપિયા સુધીની ટિકિટો રખાય છે અને તોય પૈસા ખર્ચનારા ખર્ચે છે. એક ઉત્સવના સીઝન પાસ પાછળ બે-ત્રણ હજાર રૂપિયા ખર્ચી નાંખનારા શોખીનો પણ મુંબઈમાં છે. આવા શોના આયોજકોને પ્રાયોજક એટલે કે સ્પોન્સરો પણ મળી રહે છે કારણ કે ખાસ્સી મેદની એકઠી થતી હોઈ પ્રાયોજકોનો ત્યાં ખૂબ પ્રચાર થાય છે. રાસ-ગરબાનો આ ક્રેઝ અગાઉ કહ્યું તેમ ગુજરાતમાંથી મુંબઈમાં અને ત્યાંથી આગળ વધીને વિદેશોમાં પણ પહોંચ્યો છે. ગુજરાતીઓની વસ્તીવાળા દુબઈ, અમેરિકા, બ્રિટન, કેનેડામાં ફિલ્મસ્ટારોના સ્ટેજ શો તથા મ્યુઝિકલ નાઈટ્સ યોજાય છે.

આવા સ્ટેજ શો અને મ્યુઝિકલ નાઈટમાં પણ શરૂ શરૂમાં એકાદ ગરબાની આઈટમ રખાતી હતી પણ હવે તો અમેરિકા - કેનેડાના ગુજરાતીઓ પણ નવેનવ દિવસ નવરાત્રિ ઉત્સવ મનાવતા થઈ ગયા છે. વિદેશોમાં સ્ટેજ શો અને મ્યુઝિકલ નાઈટ્સનું આયોજન કરનાર આયોજકોના ધ્યાનમાં આ વાત આવતાં એમણે વિદેશોમાં પણ નવરાત્રિનું આયોજન કરીને એમાં ફિલ્મ સ્ટારોને બોલાવવા માંડ્યા છે.

કેટલાક ફિલ્મ કલાકારો નવરાત્રિના સમયમાં જ શૂટિંગોમાંથી રજા લઈને વિદેશ ફરવા જતા રહે છે ને ત્યાં કોઈ આયોજકના શોમાં હાજરી આપી કમાણી કરતા આવે છે. માધુરી દીક્ષિત, જુહી ચાવલા, રવિના ટંડન, આયેશા ઝુલ્કા, આમિરખાન, રીશી કપૂર, સલમાન ખાન જેવા કલાકારો વિદેશમાં વસતા ગુજરાતીઓને નચાવવા જાય છે અને અઢળક ડોલર પાઉન્ડ કમાઈ આવે છે.

ફિલ્મોમાં રાસ ગરબાની વાત કરીએ તો એક બાબત ઊડીને આંખે વળગે તેવી છે અને તે એ છે કે, **પાછલા વર્ષોમાં ગુજરાતી રાસ-ગરબામાં જે રીતે પરિવર્તન આવ્યું છે તેવું જ પરિવર્તન ફિલ્મોમાં દર્શાવાતા ગરબામાં પણ આવ્યું છે.**

પહેલાં અસલ ગુજરાતી ઢબનો ગરબો ફિલ્મોમાં રજૂ થતો પણ પછી પશ્ચિમનો વાયરો વાતા ગરબો પણ આધુનિક અને પાશ્ચાત્ય બનવા માંડ્યો. ડિસ્કો દાંડિયા, રેપ દાંડિયા અને બીજું ઘણું બધું ફિલ્મી ગરબામાં પ્રવેશ્યું છે.

ફિલ્મોમાં ગરબાને રજૂ કરીને એનું મહત્ત્વ વધારાય એ સારી વાત છે પણ હવેના યુગમાં ગરબામાં પણ **"હમ્મા...હમ્મા" ની તર્જ પર "અંબા...અંબા..." અને 'મુકાબલા મુકાબલા" ની તર્જપર "હે મારી મા...હે મારી મા... ગવાય છે. ટૂંકમાં ગરબો એનું અસલ સ્વરૂપ ગુમાવી રહ્યો છે.**

ગરબે રમનારા પણ પશ્ચિમના રંગે રંગાઈ ચૂક્યા છે. જાતજાતની રંગબેરંગી વેશભૂષા અને મેકઅપ પાછળ નવી પેઢી તો સાવ ઘેલી બનીને નવરાત્રિમાં ફરે છે. **આ પેઢીને માતાજીના ગરબાના ધાર્મિક મહત્ત્વ અને મૂલ્યની કશી પડી નથી.**

છેલ્લા બે-ત્રણ વર્ષથી તો વળી એક નવો ચેપ નવી પેઢીને લાગ્યો છે. એનું નામ છે **'રેઈન ડાન્સ.'** આ રેઈન ડાન્સ ધીમે ધીમે રેઈન ગરબા બની ગયો છે. **કેટલાંક લોકો વિશાળ પાર્ટી પ્લોટમાં આવા રેઈન ગરબા ગોઠવે છે,** જેમાં નાના-મોટા અનેક લોકો કૃત્રિમ વરસાદ હેઠળ મનફાવે તે રીતે નાચે છે, ગરબા ગાય છે અને ડિસ્કો પણ કરે છે.

આવી રીતે ગુજરાતના ભાતીગળ ગરબા જુદા જુદા સમયે, જુદી જુદી વ્યક્તિઓ દ્વારા જુદી જુદી રીતે રજૂ થતા રહ્યા છે તેમાં આધુનિક વાજિંત્રોના સૂર તાલ મળ્યા છે તો બિન ગુજરાતીઓના લહેકા ભળ્યા છે અને ફિલ્મી હસ્તીઓની દેખાદેખી, લટકા-ઝટકા ઉમેરાયા છે. ■

રૂપેરી રંજન

# ફિલ્મી પડદા પર ભાઈ-બહેનનાં પ્રેમ પ્રતીક જેવાં ગીતો

એક કિસ્સો છે. આશા ભોંસલે **'બંદીની'** માટે સચીન દેવ બર્મનના સંગીત નિર્દેશનમાં અબ કે બરસ ભેજ ભઈયા કો બાબુલ, સાવન મેં લીજો બુલાએ... ગીત રેકોર્ડ કરાવી રહી હતી. પરંતુ બર્મનદાને એના અવાજમાં ગીતનો આત્મા જ નહોતો દેખાતો. અંતે એમણે આશાને પૂછ્યું : 'તારો કોઈ ભાઈ નથી આશા?' તરત જ આશાને **હૃદયનાથ મંગેશકર**ની યાદ આવી. ભાઈને મળ્યે જમાનો વીતી ગયો હતો. આશા ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને એ જ ગમગીન મુડમાં સચીનદાએ ખૂબસૂરત ગીત રેકોર્ડ કરી લીધું. આજે એ કિસ્સો વાગોળતાં કહે છે, "ત્યારે હું તાબડતોડ હૃદય પાસે ગઈ અને એને રાખડી બાંધી આવી. ત્યાર પછી દર વર્ષે રક્ષાબંધનને દિવસે જ્યાં પણ હૃદય હોય છે ત્યાં હું એને રાખડી મોકલું જ છું."

આ તો એક સાચો કિસ્સો હતો. ફિલ્મી રક્ષા બંધનની વાત કરીએ તો ૯૫ ટકા એવાં ગીતો આશાજીની મોટી બહેન લતા મંગેશકરે ગાયા છે. સૌથી મશહૂર છે :

*'ભઈયા મેરે રાખી કે બંધન કો નિભાના*
*ભઈયા મેરે છોટી બહન કો ના ભૂલાના.'*

**શૈલેન્દ્ર**એ લખેલા આ ગીતમાં રક્ષા બંધનની ભાવના એટલી પ્રબળ છે કે વાત ન પૂછો. માની લ્યો કે કોઈ લાચાર, અજાણ છોકરી કોઈ ચોર લૂંટારાને એકવાર ભાઈનું સંબોધન કરે તો એની જવાબદારી પેલી છોકરી પ્રત્યે બેહદ વધી જાય છે.

જો કોઈ ધર્મની બહેન ભાઈને રાખડી બાંધવા બોલાવે તો ગમે તે શરતે ગમે તેવા પહેરાં છતાં એ અચૂક આવે. પછી ગમે તે ધર્મનો હોય કે જેલના સળિયા પાછળ હોય! **આનંદ બક્ષી**એ 'કચ્ચે ધાગે'માં રાખડીની મહત્તા ગાઈ છે.

*કચ્ચે ધાગોં કે સાથ જીસે બાંધ લિયા જાયે.*
*વો બંદી ક્યા છૂટે વહીં પે વહીં મર જાયે...*

આ ફિલ્મમાં ડાકુ **વિનોદ ખન્નાના કાંડે મૌસમી ચેટરજી** જ્યારે રાખડી બાંધે છે ત્યારે ભાઈ બનેલો વિનોદ ખન્ના બહેનનું રક્ષણ તો કરે જ છે. પરંતુ પ્રામાણિક માર્ગ અખત્યાર કરે છે. અગાઉ એણે જ મૌસમીનું અપહરણ કર્યું હતું.

'ચંબલ કી કસમ' ફિલ્મમાં ડાકુ ભાઈ રાજકુમારની યાદમાં બહેન મૌસમી ચેટરજી રક્ષાબંધનને દિવસે ગેરહાજર જોઈને ગાય છે :

*ચંદા મેરે ભાઈયા સે કહના*
*બહના યાદ કરે...*

અને રાજકુમારને બહેનની યાદ પરેશાન કરે છે.

આ જ ગીત માટે સંગીતકાર **ખય્યામ** કહે છે : 'સાહિરે લખેલું આ દર્દભર્યું ગીત ગાયા પછી લતા કેટલીકવાર સુધી ચૂપચાપ હતી અને સ્ટુડિયોમાંથી બહાર જતી વખતે તેની આંખો ભીંજાઈ ગઈ હતી."

'અનજાના'માં **નાઝિમા** ભાઈ **રાજેન્દ્રકુમાર**ને રાખડી બાંધતા ગાય છે.

*હમ બહનોં કે લિયે મેરે ભઈયા*
*આતા હૈ ઈક દિન સાલમેં*
*ચલે આના વહાં હર હાલમેં...*

**સુમન કલ્યાણપુરે** ગાયેલા પોતાના આ ગીત વિશે **આનંદ બક્ષી** કહે છે : "રાખડી ખૂબ જ પવિત્ર તહેવાર છે અને ભાઈ બહેન બંનેને કર્તવ્યની જાણ કરાવે છે. સૌથી દિલચસ્પ વાત તો એ છે કે આ મોકા પર લખેલાં ગીતો મારી સમજ પ્રમાણે બીજા કોઈ પણ મોકા માટે લખેલાં ગીત કરતાં વધુ મધુર બની શકે છે. **આજે અંગ્રેજી સંસ્કૃતિએ અમને એટલા નકામા બનાવી દીધા છે કે આપણે મૂલ્યો અને સંસ્કૃતિ ભૂલવા માંડ્યા છીએ.** તેથી જ એવી ફિલ્મોમાં એવા મોકા મળતા જ નથી.'

વાત તો સાચી છે કારણ કે એક જમાનામાં રક્ષાબંધન કેન્દ્રમાં રહેતું. કચ્ચે ધાગે અને છોટી બહેન સિવાય પ્યારી બહના, રેશમ કી ડોરી, રાખી ઔર હથકડી કે રાખી ફિલ્મો મહત્ત્વની ગણાય.

રાખીમાં **રાજેન્દ્ર કૃષ્ણ**એ લખેલું :

*બંધા હુઆ ઈક ઈક ધાગે મેં*
*ભાઈ બહન કા પ્યાર*
*રાખી ધાગોં કા ત્યોહાર...*

આ મધુરગીતમાં સંગીતકાર રવિએ જાણે પ્રાણ ફૂંકી દીધેલાં. એવી જ રીતે અનપઢમાં **રાજા મહેંદી અલી ખાન**નાં ગીતમાં **મદનમોહને** કમાલ કરેલી.

*રંગબીરંગી રાખી લે કે આઈ બહન*
*રાખી બંધવા લે મેરે વીર...*

રક્ષાબંધનની વાત થતી હોય ત્યારે **સાહિલ** અને રવિના કાજલનું ગીત પણ યાદ આવે છે.

*મેરે ભઈયા, મેરે ચંદા, મેરે અનમોલ રતન*
*તેરે બદલે મેં જમાને કી કોઈ ચીજ ન લું...*

**દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત મઝરૂહ સુલતાનપુરી 'લાગી નહિ છૂટે રામા'માં રાખી ગીતને યાદ કરતાં ફરમાવે છે, 'એવું ન માનવું કે હું મુસ્લિમ છું તેથી મને રાખડીની પવિત્રતાનું મૂલ્ય ખબર નથી. પરંતુ હું તો એને મારા ઘરનો તહેવાર ગણું છું જો એવું ન હોત તો હું આ પંક્તિઓ લખી શક્યો હોત?'**

*રખિયા -*
*બન્ધાલ ભઈયા સાવન આઈ લ*
*જીઅ, તુ લાખ બરિસ હા*

આજે **મનોજકુમાર બેઈમાન** ફિલ્મના રાખી ગીત માટે કહે છે : "**આપણે રોજબરોજ પૂર્વના કલ્ચરથી વિખૂટા પડીને પશ્ચિમ તરફ વળી રહ્યા છીએ.** એવે વખતે રાખીનો તહેવાર કેવો વળાંક લેશે એ કહેવું મુશ્કેલ છે.

બેઈમાનનું ગીત આવું છે

*યે રાખી બંધન હૈ ઐસા*
*જૈસે ચંદા ઔર કિરણ કા*
*જૈસે બદરી ઔર પવન કા*
*જૈસે ધરતી ઔર ગગન કા*
*યે રાખી...*

**રેશમ કી ડોરીમાં ઈન્દીવરે** જે ટાઈટલ સોંગ લખેલું એ આવું હતું.

*બહના ને ભાઈ કી કલાઈ પે*
*પ્યાર બાંધા હૈ*
*પ્યાર કે દો તાર સે સંસાર બાંધા હૈ...*
*રેશમ કી ડોરી સે સંસાર બાંધા...*

પ્યારી બહનામાં રાખડીના તહેવારની સાર્થકતા ઈન્દીવરે આવી રીતે સિદ્ધ કરી છે.

*'રાખી કે દિન વાદા કર લો, વાદા નિભાઓગે*
*અપની પ્યારી બહના કી લાજ બચાઓગે'*

પરખમાં રવિન્દ્ર જૈને રાખી વિષે કહ્યું છે :

*કહતે હૈ રાખી કે ધાગે લે કે ચુંબન તેરી કલાઈ કા*
*યુગ યુગ સે હૈ, રહેગા યુગોં તક*
*પ્યાર બહન ઔર ભાઈ કા...*

એવું નથી કે રક્ષાબંધનના મોકા પર માત્ર બહેનોએ જ ભાઈ માટે ગીત ગાવાનાં છે. જેમ બહેન ભાઈ માટે મેરે ભઈયા, મેરે રાજા, મેરે ચંદા અને મેરે વીર જેવા ખૂબસૂરત સંબોધનથી પોકારે છે **એમ ભાઈ પણ ઉત્સાહિત થઈને ગીત ગાય છે. જેમ અમિતાભ બચ્ચન મજબૂર**માં ગાય છે.

*દેખ સકતા હૂં મૈં કુછ ભી હોતે હુએ..*
*નહીં મૈં નહીં દેખ સકતા તુઝે રોતે હુએ...*

અને અદાલતમાં :

*બહના ઓ બહના તેરી ડોલી મૈ સજાઉંગા*
*તેરી જાયેગી બારાત હોગી આંખો મેં બરસાત*
*હંસ હંસ કે દુઃખડા બિદાઈ કા છુપાઉંગા*

એવી જ રીતે **દેવ આનંદે** પણ હરે રામ હરે કૃષ્ણમાં ગાયું છે.

*ફૂલોં કા તારોં કા સબકા કહના હૈ*
*એક હજારોં મે મેરી બહના હૈ...*

*આ થોડા ગીતો રાખી ગીતો તો નથી પરંતુ એમાં એક નાનકડું દશ્ય એવું તો હોય જ છે જેમાં બહેન ભાઈને રાખડી બાંધે છે અને ભાઈ બહેનને રક્ષણના આશીર્વાદ આપે છે.* ■

## માળો કર્યો હતો

(છંદ બંધારણ : ગાગાલગા – લગા – લલગા – ગાલગાલ – ગા)

દિલથી અમે ન કોઈ કિનારો કર્યો હતો,
મૂલવણીમાં તમે જ જુદારો કર્યો હતો.

ક્યાં તાપવા કર્યો હતો, ક્યાં શેકવા કર્યો હતો,
બીજાને ગુંગળાવવા ધૂમાડો કર્યો હતો!

તું સાંભળી શકે ન તો કોઈ શું કરે,
સમયે પળે પળે અહીં ડંકો કર્યો હતો!

તેં એક ઝાટકે વીંખી કાઢ્યો બેદિલ પવન,
એકેક તરણે તરણે જે માળો કર્યો હતો!

કોઈ બેઘરની છાજલી થઈને અમે ઝુક્યા,
તેં એ જ ડાળ કાપી કુહાડો કર્યો હતો!

છમકાર સંભળાઈ રહ્યા છે ભીતર મને,
મારા જ લોહીએ આજે બળવો કર્યો હતો.

**ઘૂમી વળ્યા અમે ભૂમિ જો કચ્છ દેશની,**
**તો લાગ્યું કે માનવતાએ અહીં માળો કર્યો હતો.**

*ચંદ્રકાંત પટેલ 'સરલ' - માણાવદર (જિ. જૂનાગઢ)*
**મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪**

# જોક્સ જંકશન

● સંકલન : દિનેશ આર. મહેતા ●

## ખતરનાક ઘટના

એક રાતના ટ્રેનમાં એક મુસાફરે સાતમી વાર એટેન્ડન્ટને ૫૦ની નોટ પકડાવતાં કહ્યું, 'જા, ક્યાંકથી થોડો બરફ લઈ આવ, બસ છેલ્લો પેગ બનાવી લઉં...'

એડેન્ટન્ડ : સાહેબ, હવે બરફ નહીં મળે.
મુસાફર : કેમ?
એટેન્ડન્ટ : કારણકે ટ્રેનમાં જે લાશ હતી એને છેલ્લા સ્ટેશન પર ઉતારી દેવામાં આવી છે...

## ખુલાસો

આમિરખાને સરકારના પર્યટન વિભાગને પૂછ્યું કે મને 'અતુલ્ય ભારત'ના પ્રચારમાંથી શા માટે દૂર કરવામાં આવ્યો?

પર્યટન મંત્રાલયનો જવાબ : શ્રીમાન, જે પોતાની પત્નીને દેશમાં રહેવાના ફાયદા ન સમજાવી શક્યો, તે બીજાને શું સમજાવશે?

## વોટ્સએપ સાસુ

સાસુજી વહુના બેડરૂમમાં જાય છે. જુએ છે કે.... વહુના થાકેલા ચહેરા પર ચશ્મા ચડેલા છે. બેડરૂમના રાઈટિંગ ટેબલની સફાઈ કરતાં કરતાં વહુ કદાચ ત્યાં જ માથું રાખીને સૂઈ ગઈ છે... મોબાઈલ પણ બાજુમાં રેઢો પડ્યો છે...

સાસુજી વહુની બાજુમાં બેસી, એની આંખો પરથી ચશ્મા ઉતારે છે, માથા પર હાથ ફેરવે છે અને પછી –

– સટાક કરતી એક ખેંચીને આપતાં કહે છે : 'મને શું મૂરખ સમજે છે? લાસ્ટ સીન ઓન વૉટ્સ ઍપ... વન મિનિટ ઍગો!!'

## સ્વાગત

આજકાલ બહારગામથી મહેમાનો ઘરમાં પધારે ત્યારે એમને 'પાણી પીશો?' એમ પૂછવાને બદલે કહો કે...

'લાવો, તમારો ફોન ચાર્જીંગમાં મૂકી દઉં?'

પછી પૂછો, 'તમે શું લેશો? ઘરના વાઈ-ફાઈનો પાસવર્ડ ચાલશે?'

સાચું કહું છું, મહેમાન રાજી થઈને તમને આશીર્વાદ આપશે! ...અતિથિ દેવો ભવ.

## બેસ્ટ ઓફ ઓલ

ભારતમાં જ્ઞાન વહેંચતી ૭ સૌથી મોટી યુનિવર્સિટીઓ આ મુજબ છે :



૧. સોસાયટીનો બાંકડો
૨. પાનનો ગલ્લો
૩. હેરકટિંગની દુકાન
૪. સિનિયર સિટીઝનની મંડળી
૫. દારૂ પીધેલો માણસ
૬. ટ્રેનનો જનરલ ડબ્બો
૭. વોટ્સ-ઍપ...

## આમિર અને હું

પત્ની : પેલા આમિર ખાનને જુઓ. એની પત્ની જે બોલે એ બરોબર સાંભળે છે. અને એક તમે છો...
પતિ : અરે, એ એની બીજી પત્ની છે. તને છોડીને જ્યારે હું બીજી લાવીશ ત્યારે એનું સાંભળીશ.

(રસોડામાંથી છૂટ્ટી તપેલી આવે છે... ધડામ!)

## મદદ

પતિ-પત્ની લગ્નમાં જતા હતા. રસ્તામાં પંચર પડ્યું. બંને નીચે ઉતર્યા. પતિ ટાયર બદલવાના કામે વળગ્યો. પત્નીએ કચકચ ચાલુ કરી.



કેમ પંચર પડ્યું?
હવા નો'તી પુરાવી?
ટાયર જૂનું છે?
સ્પેર-વ્હીલ છે?
ટાયર બદલવાનું સાધન છે?
તમને ફાવશે ને?
કપડાનું ધ્યાન રાખજો.. લગ્નમાં જવાનું છે...

એવામાં એક બાઈકવાળો આવ્યો. એણે પૂછ્યું, 'હું કઈ મદદ કરું?'

પતિએ કહ્યું : 'હા ભઈ, તમે થોડીવાર મારી પત્ની જોડે ગપ્પાં મારોને. ત્યાં સુધી હું ટાયર બદલી લઉં!'

## ભેંસની વ્યથા

ગૌમાતા, ગૌવંશ અને ગૌરક્ષાના આ જમાનામાં બિચારી ભેંસ રીસાઈ ગઈ છે! સાંભળો એની વ્યથા..

જ્યારે બાળક સહેજ મોટું થાય કે તરત અમારું દૂધ પીતું થાય છે. પણ નિબંધ લખવાની વાત આવે ત્યારે 'ગાય અમારી માતા છે...' આવું કેમ?

બાળકને લખતા વાંચતા ના આવડ્યું હોય તો 'કાળો અક્ષર ભેંસ બરાબર...' હા ભાઈ હા, પણ શું બીજા જાનવરોએ પીએચડી કરી રાખી છે?

સ્ત્રી સીધી હોય તો ગાય જેવી અને જાડી હોય તો ભેંસ જેવી! કેમ? બિચારી જાડી સ્ત્રીઓ સીધી સાદી નથી હોતી?

અમને ગાય જેટલું સન્માન આપવાનું ચાલુ કરો નહિતર માવાની મીઠાઈઓ, પનીરની સબ્જીઓ, કેસરીયા દૂધ, પેંડા અને બીજી સેંકડો ચીજો ભૂલી જજો... અમે હડતાલ કરીશું!

**કેજરીવાલ જોડે અમારી વાત થઈ છે. હવે પછી એક દિવસ ગાયનું અને બીજા દિવસે ભેંસનું દૂધ લેવાનું રહેશે...**

પછી ખબર પડશે કે ક્વોલિટી અને ક્વોન્ટીટીમાં 'બેસ્ટ' કોણ છે અને મીડિયામાં ફાલતું 'ટાઈપ' કોની છે...

## ઇન્ટરવ્યુ

બિલ ગેટ્સની કંપનીમાં એકવાર પ્રોગ્રામરની જોબ માટે ૧૦૦૦ ઉમેદવારો આવ્યા. એમાં એક ગુજરાતી પણ હતો.

બિલ ગેટ્સે આવીને કહ્યું, 'જેમને કોમ્પ્યુટરની જાવા લેંગ્વેજ નથી આવડતી એ મહેરબાની કરીને ચાલ્યા જાય.

લગભગ ૪૦૦ જણા જતા રહ્યા. ગુજરાતીને થયું ઠીક છે, પણ ટ્રાય કરવામાં શું જાય છે?

બિલ ગેટ્સે કહ્યું, 'જેની પાસે કોઈ કંપનીમાં મેનેજમેન્ટ જોબનો મિનિમમ બે વરસનો અનુભવ ન હોય એ જતા રહો.'

બીજા ૩૦૦ જણા જતા રહ્યા. ગુજરાતીને થયું, આપણે તો નવા છીએ. પણ ટ્રાય કરવામાં શું જાય છે?

બિલ ગેટ્સે કહ્યું, 'ભાઈ, મારે તો આરબ કન્ટ્રીઝમાં કામ કરવાનું છે એટલે જેમણે એ દેશો સાથે કામ કરવાનો અનુભવ ન હોય એ પ્લીઝ જતા રહો.'

વધુ ૨૦૦ જણા હોલ છોડીને જતા રહ્યા. ગુજરાતીને થયું આપણે તો ગુજરાતનીયે બહાર નથી ગયા, પણ ટ્રાય કરવામાં શું જાય છે?

છેવટે બિલ ગેટ્સે કીધું, 'મારે ઇઝરાયેલમાં બિઝનેસ માટે પ્રોગ્રામર જોઈએ છે. એટલે જેને હિબ્રુ ભાષા ના આવડતી હોય એ પ્લીઝ જતા રહો...'

બાકી રહેલા ૧૦૦માંથી ૯૮ જણા જતા રહ્યા. બાકી બચ્યા બે. આપણા ગુજ્જુભાઈ અને બીજો એક. બિલ ગેટ્સે કહ્યું, 'ઠીક છે. હવે તમે બંને એકબીજા જોડે હિબ્રુમાં વાત કરો.

ગુજ્જુભાઈને થયું કે બિલ ગેટ્સને પણ ક્યાં હિબ્રુ આવડતું હશે! એટલે એણે બીજા ઉમેદવારને કીધું, 'અલ્યા હું તો ગુજરાતી છું. તમે કેમ છો?'

બીજો બોલ્યો, 'અલ્યા... મજામાં હોં...'

## શાયરી

જલી કો આગ કહતે હૈ
બુઝી કો રાખ કહતે હૈં.
મગર જીસકા મિસ-કોલ
દેખતે હી દારૂ ઉતર જાયે
...ઉસે વાઈફ કહતે હૈ.



આઈવો, આઈવો... પાંચ મિનિટમાં...

## SMS

In a park, some ladies would always be talking and laughing loudly, everyday.

But one day they were all silent. So an old man went and asked, 'what happened? why are you all so silent?'

One lady replied, "Everybody is present today!"

## એક્સ્ચેન્જ ઑફર

એક મોટા હોર્ડિંગ પર ફોટામાં એક સેક્સી સુંદરી હાથમાં મિક્સર લઈને ઊભી છે. પતિ ક્યારનો એ હોર્ડિંગ સામે જોયા કરે છે.

છેવટે પત્ની પતિનું ધ્યાન દોરે છે : 'ઘરે ચાલો, ઑફર માત્ર મિક્સર ઉપર છે...'

## આર.એસ.વી.પી.

દક્ષિણ ભારતનાં લગ્નની પત્રિકામાં 'આર.એસ.વી.પી.'નો મતલબ શું થાય?

રસમ, સાંભાર, વડા, પયસ્સમ...

પંજાબી શાદીમાં 'આર.એસ.વી.પી.'નો મતલબ : રોટી, શોટી, વોટી ને પેગ!

બાકી ગુજરાતી કંકોત્રીમાં તો સૌ જાણે છે : રોકડા સાથે વહેલા પધારજો!

## ભોગ તારા!

કેજરીવાલની જાહેરખબરમાં એ દિલ્હીવાસીઓને ફોન કરીને કહે છે : 'હલો, મેં કેજરીવાલ બોલ રહા હૂં...'

દિલ્હીવાસી કહે છે : 'ભાઈ, તું બોલ હી મત! તેરે કારણ અબ બેટી કે દહેજમેં દો-દો કાર દેની પડેગી!'

## SMS

Tea is dangerous than whisky.

I discovered it yesterday. Last night I had 8 pegs of whisky at the bar, while my wife was having tea at home.

You should have seen how violent and angry she was when I reached home at 3.00 a.m.

## રેસિપી

કનુ પહેલીવાર ફાઈવ સ્ટાર હોટલમાં ગયો. એણે ડરતાં ડરતાં ચાનો ઓર્ડર આપ્યો. વેઈટર એક મોટી ટ્રેમાં ગરમ પાણી, દૂધ, ચાય પત્તીના પાઉચ, ખાંડના ક્યુબ એવું બધું આપીને જતો રહ્યો.

બિચારા કનુએ જાતે, જેવી આવડે એવી બનાવીને ચા પીધી. થોડીવારે વેઈટર પૂછવા આવ્યો : સર, ઔર કુછ?

કનુ : વૈસે બિરીયાની ખાની કી ઈચ્છા થી, મગર ક્યા કરું? બનાની નહીં આતી.

## ૭ પ્રકારની છોકરીઓ

*કોમ્પ્યુટરના જમાનામાં હવે ૭ પ્રકારની છોકરીઓ હોય છે:*

૧. હાર્ડ ડિસ્ક ગર્લ : આ બધું જ બાપ જન્મારા સુધીનું યાદ રાખે છે.

૨. રેમ ગર્લ : તમે એનો પ્રોગ્રામ બંધ કરો કે તરત બધું ભૂલી જાય છે.

૩. સ્ક્રીન સેવર ગર્લ : માત્ર જોવામાં સારી હોય.

૪. ઈન્ટરનેટ ગર્લ : ઝટ એક્સેસ ના મળે.

૫. સર્વર ગર્લ : જ્યારે જરૂર હોય ત્યારે બિઝી જ હોય.

૬. મલ્ટી મીડિયા ગર્લ : એકની એક ચીજનો સત્તર રીતે દેખાડો કરે.

૭. **વાઇરસ ગર્લ : આને પત્ની કહેવાય છે. એકવાર તમારી સિસ્ટમમાં ઘૂસે પછી ગમે એટલું ફોર્મેટ મારો, એ જતી જ નથી.**

## SMS

Respect you parents, they have passed school without Google!

## ટીપ

મનુ પહેલીવાર એક મોંઘી હોટલમાં ગયો. એહીં તો ફાઈવ સ્ટાર હોટલ જેવો સીન નહોતો. મનુએ પેટ ભરીને પરાઠા, સબ્જી, પુલાવ, પાપડ, રાઈતા, સલાડ બધું જ ખાધું.

પછી બીલ આવ્યું. મનુએ બીલ ચૂકવ્યું. વેઈટર છુટ્ટા પૈસા પાછા લઈને આવ્યો.

મનુએ એ ખિસ્સામાં મૂક્યા અને વેઈટરને કીધું, 'દેખો અગર પેટ મેં કબજિયાત રહતી હો તો ઊંઝા કા ઈસબગુલ રોજ રાત કો એક ચમ્મચ પાની કે સાથ પીયા કરો. બહુત અચ્છા રહતા હૈ.'

વેઈટર : મગર યે આપ મુઝે ક્યું બતા રહે હો?

**મનુ : મેરે એક દોસ્તને બોલા થા, બીલ ચૂકાને કે બાદ વેઇટર કો કુછ ટીપ જરૂર દેના.**

## લોચો

પોલીસ : (રાજુ રોમિયોને) અલ્યા, તારી ગર્લફ્રેન્ડ ખોવાઇ ગઈ છે તો પોલીસમાં કમ્પ્લેઇન કેમ નથી લખાવતો?

રાજુ રોમિયો : આની પહેલાં મારી બાઈક ખોવાઈ ગયેલી ત્યારે પોલીસવાળાઓએ ૧૫ દિવસ ચલાવીને પછી પાછી આપી હતી.

## નવી રેસિપી

ચંપકની પત્ની રેસિપી બુકમાં જોઈને કંઈ નવી વાનગી બનાવવાની તૈયારી કરતી હતી.

એવામાં એની સાસુએ આવીને ફ્રીજ ખોલ્યું : 'અરે બહુ, ફ્રીજ મેં મંદિર કા ઘંટા ક્યું રખા હૈ?'

ચંપકની પત્ની : 'કિતાબમેં લિખા હૈ, સબ ચીજોં કા મિશ્રણ કરને કે બાદ એક ઘંટા ફ્રીજ મેં રખિયે!'

## ઠંડી

'ભાઈ, તમારે ત્યાં ઠંડી કેવી છે?'

'બીએસએનએલ જેવી.'

'એટલે?'

'ઘરની બહાર નીકળીએ તો જ લાગે છે!'



## ઓછા છે

પત્નીને પૈસા... તથા

પાકિસ્તાનને પુરાવા....

જેટલા આપો એટલા ઓછા જ પડવાના!

## પતિઓ માટે જ્ઞાન

પ્રિય પતિઓ, જે દિવસે ઘરમાં કામવાળી ના આવવાની હોય એ દિવસે પત્ની જોડે લમણાકૂટ કરશો નહીં. બાકી ભોગ તમારા...

પતિઓને બીજી સલાહ : ફ્રીજમાંથી પાણીની બોટલ કાઢો તો પાછી ભરીને જ મૂકવી. નહિતર લેક્ચર પાણીની બોટલથી શરૂ થઈને દારૂની બોટલ આગળ પૂરું થશે.

## સવાલ છે

ટીચર : એકને છોડીને બધી છોકરીઓને બહેન માનવી જોઈએ.

ગટુ : જાવ, જાવ, હું ના માનું... એ બધીનું મામેરું કોણ કરશે, તમારો બાપો?

## જીગરની સમજદારી

એક ટ્રકમાં કેટલાક સૈનિકો અને મેજર સાહેબ બેઠા હતા. જીગર ટ્રક ચલાવતો હતો. અચાનક ટ્રક બંધ પડી ગઈ.

જીગર : સાહેબ, ડીઝલ ખલાસ થઇ ગયું છે. ધક્કા મારવા પડશે.

બિચારા મેજર સાહેબ અને સૈનિકોએ ધક્કા મારીને ટ્રકને પેટ્રોલ પંપ સુધી પહોંચાડી. જીગર ટ્રકમાં ડીઝલ પુરાવવા લાગ્યો.

મેજર સાહેબે કીધુ : 'જોડે જોડે પાછળ પડેલા પીપડામાં પણ ડીઝલ ભરાવી દેજો.'

જીગર : 'જી વો તો ફૂલ ભરા હુઆ હૈ, ઈમરજન્સી કે લિયે રખ્ખા હૈ ના!'

## ઇમરજન્સી

લગ્નની તમામ વિધિઓ પત્યા પછી મા-બાપે કન્યાને વિદાય આપી. રડતી આંખે વિદાય લઈને હજી દીકરી ૪૦-૫૦ ડગલાં ચાલી હશે ત્યાં તો એ દોડતી પાછી આવી!

આવીને સીધી ઘરમાં ગઈ! બધા ચોંકી ગયા! દીકરી તો ઘરમાં દોડતી દોડતી પોતાના રૂમમાં પહોંચી ગઈ!


સૌ કહેવા લાગ્યા, 'બેટા, વિદાય પછી ઘરમાં આ રીતે પાછા આવવું અશુભ ગણાય...'

દીકરી : તમને શુભ અને અશુભની પડી છે! અહીં મારું મોબાઈલ ચાર્જર રહી ગયું છે.

## ખાનગી

એક સાહિત્યકાર એના એક મિત્રને ખાનગીમાં કહેતા હતા, 'યાર કોઈને કહેતા નહિ... પણ મેં મારો ઍવોર્ડ પાછો આપ્યો ત્યારે જ લોકોને ખબર પડી કે મને કોઈ ઍવોર્ડ મળ્યો હતો!'

## લાલ મરચા



દુકાનવાળો : શું જોઈએ બહેન?

બહેન : લાલ મરચા.

દુકાનવાળો : (અંદર બૂમ પાડીને) લીલા મરચા આપ...

બહેન : મને લાલ મરચા જોઈએ છે.

દુકાનવાળો : (ફરી બૂમ પાડે છે) લીલા મરચા આપ....

બહેન : અમે તમને કહ્યું તો ખરું, લાલ મરચા જોઈએ છે!

દુકાનવાળો : શાંતિ રાખો મારા માડી. મારી બૈરીનું નામ લીલા છે... એ અંદર લાલ મરચા જ જોખે છે!

## આશ્ચર્ય

આ દેશમાં પૈસા ના હોવાને કારણે ભણવાનું છોડી દેનારા તમને હજારો મળશે.

પણ પૈસાને અભાવે દારૂ, ગાંજો, ચરસ, તમાકુ કે જુગાર છોડનારો એક પણ નહીં મળે!

## મસ્તી

એક જગ્યાએ ઘણા બધા પૈસાદાર લોકો ભેગા થયા હતા અને ગપ્પા મારી રહ્યા હતા. કોઈકે કહ્યું, 'મારું ટોઇલેટ ૧૦ લાખ રૂપિયાનું છે, તો કોઇકે પોતાની ટોઇલેટની કિંમત ૨૦ લાખ રૂપિયા બતાવી. તો એકે કહ્યું કે એણે ૫૦ લાખ રૂપિયામાં પોતાનું ટોઇલેટ બનાવડાવ્યું હતું.

એમની પાસેથી પસાર થઈ રહેલા એક ગામડિયાએ એમની વાત સાંભળીને એ બોલ્યો, 'હું જ્યાં સવારે ટોઇલેટમાં જાઉં છું એ જમીનની કિંમત પાંચ કરોડ રૂપિયા છે અને આવા ટોઇલેટ અમે રોજ બદલીએ છીએ!'

## સપનામાં અમેરિકા

ટીચર : 'મોન્ટુ, તું કાલે સ્કૂલ કેમ નહોતો આવ્યો?'

મોન્ટુ : 'સર, કાલે હું સપનામાં અમેરિકા જતો રહ્યો હતો.'

ટીચર : 'ઠીક છે! પીન્ટુ, તું કેમ નહોતો આવ્યો?'

પીન્ટુ : 'સર, હું મોન્ટુને એરપોર્ટ પર છોડવા ગયો હતો!'

## સેલ્ફી

છોકરાવાળા : તમારી છોકરી શું શું બનાવી લે છે?

છોકરીવાળા : હવે એના શું વખાણ કરવા! એ સેલ્ફી લેતી વખતે પાંચ અલગ - અલગ જાતના મોઢા બનાવી લે છે!

## સેલ... સેલ... સેલ...



બાયોલોજીના ટીચર કહે છે સેલ એટલે શરીરનો કોષ.

ફિઝિક્સના ટીચર કહે છે સેલ એટલે બેટરી.

ઈકોનોમિક્સના ટીચર કહે છે સેલ એટલે વેચાણ.

હિસ્ટ્રીના ટીચર કહે છે સેલ એટલે જેલ...

...આપણે તો ભણવાનું છોડી દીધું ભઈસાબ! જે સ્કુલના ચાર ટીચરોમાં એક વાતે સંમતિ નથી ત્યાં અમે શું શીખીને શું કાંદા કાઢવાના?

## ખબર હતી...

સુંદરીએ પોતાના પતિને કહ્યું, 'જરા કીચનમાંથી મીઠાની ડબ્બી લાવીને આપજે ને?'

બીચારા પતિએ ખૂબ જ શોધી, પણ મળી નહીં. એણે ધીરેથી કહ્યું, 'અહીં તો નથી.'

'મને ખબર હતી તમને નહીં મળે, એટલે જ હું પહેલા જ લઈ આવી હતી.'

સુંદરીએ હાથ નચાવતા કહ્યું.

## ઇ-મેલ

કપિલને એક વિદેશી ચાહકે કહ્યું, 'અમારે ત્યાં તો હવે લગ્ન ઈ-મેઇલથી પણ થઈ જાય છે.'

'ના ભઈ ના, અમારે ત્યાં તો ફક્ત ફીમેલથી જ થાય છે!' કપિલે જવાબ આપ્યો.

## સ્વિમિંગ

મદન : તને સ્વિમિંગ આવડે છે?

ચમન : ના.

મદન : તારા કરતાં તો કૂતરો સારો, જે તરી શકે છે.

ચમન : તને સ્વિમિંગ આવડે છે?

મદન : હા.

ચમન : તો પછી, તારામાં અને કૂતરામાં ફરક શું રહ્યો?

## બીજી વખત આવજો

એક ખૂબસુરત ફિલ્મ અભિનેત્રીના એના બોયફ્રેન્ડ સાથે ધામધૂમથી લગ્ન થયા. થોડાક દિવસ પછી એ ફિલ્મ અભિનેત્રીની મુલાકાત એક ફિલ્મ દિગ્દર્શક સાથે થઈ. ફિલ્મ દિગ્દર્શકે કહ્યું, 'માફ કરજો, હું તમારા લગ્નમાં સામેલ ન થઈ શક્યો!'

'કોઈ વાંધો નહીં' અભિનેત્રી બોલી, 'બીજી વખત આવજો!'

## SMS



Husband : I need space.

Wife : Join NASA.

## ભોળપણ

એક ક્રિકેટરને એની પત્નીએ કહ્યું, 'તમે બહુ જ ભોળા છો. તમને તો કોઇપણ ઉલ્લુ બનાવી દે છે.'

'સાચું કહે છે તું! શરૂઆત તો તારા ડેડીએ જ કરી હતી ને?' ક્રિકેટરે છગ્ગો માર્યો.

## સ્ત્રીઓની વાતચીત

એક બેટ્સમેન પત્ની સાથે ચર્ચા કરી રહ્યો હતો. "આ લેખનું હેડિંગ પણ વિચિત્ર છે. લખ્યું છે, 'સ્ત્રીઓની વાતચીત!'"

પત્ની : 'એમાં વિચિત્ર વાત ક્યાં આવી?'

'લેખ તો માત્ર અડધા પેજનો જ છે. સ્ત્રીઓની વાતચીત આટલી ટૂંકી હોતી હશે ખરી?' પતિએ છગ્ગો માર્યો.

## ફાઇનલ મેચ

એક યુવતીના લગ્નમાં એનો જૂનો પ્રેમી ક્રિકેટ ખેલાડી સજીધજીને આવ્યો હતો.

એક છોકરાએ એ ખેલાડીને જોઈ પૂછ્યું, 'શું તમે વરરાજા છો?'

'ના. હું સેમિ ફાઈનલમાંથી બહાર થઈ ગયો હતો. આજે ફાઈનલ જોવા માટે આવ્યો છું!' ખેલાડીએ છગ્ગો માર્યો.

## કાશ્મીરમાં....

માત્ર કાશ્મીરનો ધારાસભ્ય જ બેધડક એની પત્નીને કહી શકે છે : 'મહેબુબા સે મિલને જા રહા હું... દેરી હોગી!'

## હિંમત

શરાબી : જો મારા હાથમાં સરકાર હોત તો હું દેશનું નસીબ બદલી નાખું.

પત્ની : હલકટ, પહેલા તારો પાયજામો તો બદલ! સવારથી મારી સલવાર પહેરીને ફરે છે...

## બ્રાન્ડેડ

સાચું ખોટું ભૂતભાઈ જાણે પણ કહે છે કે રૂા. ૬૦,૦૦૦/- ના આઈ-ફોનમાં તમે સવારે વહેલા ઉઠવા માટે ઍલાર્મ મૂકો તો કંપનીના માણસો ઉઠાડવા આવે છે!

## નવા સમયનો દૂહો

બૂરે સમય કો દેખકર ગંજા તું ક્યું રોય?
તેરા તો કિસી હાલમેં બાલ બાંકા ના હોય!

## ઓછી ઉંમર

પતિ : સાંભળે છે? ડોક્ટરોનું કહેવું છે કે વધારે બોલવાથી ઉંમર ઓછી થઈ જાય છે!

પત્નીએ મુસ્કુરાઈને કહ્યું, 'હવે તો તમને વિશ્વાસ બેસી ગયોને કે મારી ઉંમર પિસ્તાળીસથી ઘટીને પાંત્રીસ કેવી રીતે થઈ ગઈ!'

## અંધારું

કપિલ શર્માઃ 'ડૉક્ટર સાહેબ, ક્યારેક ક્યારેક મને ચારેય તરફ અંધારું જ અંધારું દેખાય છે અને કશું જ દેખાતું નથી.'

ડૉક્ટર : 'આવું તમારી સાથે ક્યારે બને છે?'

કપિલ શર્માઃ 'જ્યારે રાતના લાઇટ જતી રહે છે ત્યારે.'

## દાને દાને મેં....

પતિ : છી... છી... આ કેવું દૂધ છે?

પત્ની : એ તો કેસર ખલાસ થઇ ગયું હતું ને એટલે તમારા શર્ટના ખિસ્સામાંથી વિમલ પાન મસાલા નાંખી દીધા... દાને દાને મેં કેસર કા દમ!

## સબસીડી

અમથાલાલ : શેવિંગના કેટલા થયા છે?

સલૂનવાળો : ત્રીસ રૂપિયા.

અમથાલાલ : પણ અહીં તો લિસ્ટમાં વીસ રૂપિયા લખ્યા છે.

સલૂનવાળો : હા, બાકીના દસ રૂપિયા સબસીડીના ડાયરેક્ટ તમારા એકાઉન્ટમાં જશે.

## મીઠાઈ

મીના : રામુ, તુ કીડીઓની પાછળ ક્યાં જાય છે?


રામુ : એ જોવા કે મમ્મીએ મીઠાઈ ક્યાં છુપાવી છે.

## લેબ-ટેસ્ટ

સાયન્સમાં હંમેશાં નાપાસ થનારા પણ....

એક ક્વાર્ટરના ત્રણ પેગ એવા માપી માપીને બનાવે છે કે જાણે પોતે લેબોરેટરીમાં વૈજ્ઞાનિક હોય!

## જાદુ



શિયાળામાં થતું એક મસ્ત જાદુ જોવું છે?

સવારે ૭ વાગે ઊઠો. એક બગાસુ ખાઓ.

'ખાડામાં ગઇ દુનિયા...' એમ કહીને પાછા પાંચ મિનિટ માટે ઓઢીને સૂઈ જાવ...

– પાંચ મિનિટ પછી ઊઠીને જોશો તો ૯ વાગી ગયા હશે!

## શાયરીનો અર્થ

સાંસે અપની રોક કર તુઝે છૂને કી તમન્ના
ઔર હલ્કા સા છૂ કર ખુશી ખુશી લોટ આના...
જૈસે સારા જહાં જીત લીયા હો!



## સારો જમાઈ

જમાઈએ પોતાની સાસુને કહ્યું, 'તમારી દીકરીમાં હજારો અવગુણ છે.'

સાસુ : 'હા, બેટા! એટલે જ તો અમને સારો જમાઈ નથી મળ્યો!'

## SMS

Husband : What do you want for your birthday?

Wife : Give me a ring. That's enough.

Husband : From Landline or Mobile?

## કેરી અને માઝા

ગાંડાલાલની આંખોમાંથી એ દિવસે આંસુ નીકળી આવ્યા, જ્યારે એમના દીકરાએ પહેલીવાર કેરી ખાધી અને બોલ્યો, 'આ તો માઝા જેવી લાગે છે!'

## શોધ

ટીચર : ચીન્ટુ, તું મોટો થઈને શું કરીશ?

ચીન્ટુ : હું શોધ કરીશ... કે લગનના વરઘોડામાં બેન્ડવાજા વાળા 'યે દેશ હૈ વીર જવાનોં કા' શા માટે વગાડે છે?

## શેર

સિંહે સિંહણને પૂછ્યું : આપણા લગ્ન પહેલાં શું તારે કોઈ સિંહ જોડે અફેર હતો?

સિંહણ : ઈસી બાત પે એક શેર યાદ આ રહા હૈ....

# કાવ્ય – મુક્તક – ગઝલ – શેર - શાયરીની મહેફિલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

જીવન અને મરણની દર ક્ષણ મને ગમે છે
એ ઝેર હોય અથવા મારણ, મને ગમે છે.

પોથી બગલમાં જોઈને ભરમાઈ ના જતા,
પાખંડીઓ ફરે છે પુરાણીના સ્વાંગમાં.

મને આદત પડી ગઈ છે હવે લોહી ઉકાળાની,
**યદી પીતો નથી હું આગ તો ઠંડક નથી હોતી.**

*– અમૃત 'ઘાયલ'*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

**તાકાત હોય, જામ ઉપર જામ લાવ તું!**
**પાણી ન જાય તારું એ પાણી બતાવ તું!**
મારી અનંત પ્યાસ કે તારી અતળ સૂરા?
આજે જરૂર ફેંસલો થઇ જાય, આવ તું!

ઉપવન કણે કણે ખિલે, વેરાન તો ટળે!
પ્રેમાળ દિલ બનાવીએ, અરમાન તો ફળે!
ઘર-આંગણાનો પ્રશ્ન ઉકેલો પ્રથમ 'અગમ';
ઈશ્વરની શી ફિકર અહીં ઇન્સાન તો મળે!

*– અગમ પાલનપુરી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

કાનૂનમાં કુદરત તણા, દખલ ન કર.
શ્રદ્ધાનું હોય કામ, ત્યાં અકલ ન કર.
સંસ્કૃતિ છે આપણી સોના સમી
પશ્ચિમની તું આંધળી નકલ ન કર.

*– અજ્ઞાત*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

તારા પ્રેમનાં
અનેક સપનાં
ફૂલ બનીને વેરાયાં,
ધીરે ધીરે કવિતામાં તે
ગૂંથી લીધા...

મંદ મંદ રવતા
તારાં નુપૂરના ઝંકારે
ઘરની હવા જ બદલી નાખી છે
કે ચંદનવાટિકાની હવા લાવીને
તે અહીં પ્રસરાવી દીધી છે!

તારો આ સંગ તે ફૂલડાંની વાસ,
તારો આ સંગ તે ગીતોનો પ્રાસ?!

*– અનુપસિંહ*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

કેવી રીતે ઇન્કાર કરું તારી હસ્તિનો
કોઈ તો દેનાર હશે, મારી મસ્તીનો.
મઝધારના તુફાનમાં જીવી રહ્યો છું હું,
કોઈ તારણહાર હશે મારી કશ્તીનો!

*– અજ્ઞાત*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

હું ધારતો 'તો કે તું હશે,
મંદિર કે મસ્જિદમાં.
**પણ શોધ કરતાં, ના જડ્યો,**
**તું બે મહીંથી એકમાં.**

*– હીરાલાલ ઉપાધ્યાય*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

કેટલામો જન્મ છે કોને ખબર
આપણું અસ્તિત્વ છે કોને ખબર
કોઈ કારણ અલ્પ છેવટ ક્યાં મળે
વિશ્વ આખું ત્રસ્ત છે કોને ખબર.

શબ્દ થઇને છેતરું એવો નથી
અર્થ માફક અવતરું એવો નથી
સ્પષ્ટ કારણ કોઈને કહેતો નથી
જાતને હલકી કરું એવો નથી.

*– અલ્પ ત્રિવેદી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

દુ:ખ જીવે છે ગરીબોના નામથી,
સુખ જીવે છે અમીરોના કામથી,
તફાવત શો સાર્થક શબ્દોનો,
અરમાન પીવે છે હવે જામથી.

*– 'અમીકાન્ત' રામી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

દર્પણ તરફ ગયો, પછી પથ્થર સુધી ગયો છું,
તારી તલાશમાં બધા મંજર સુધી ગયો છું!
તારા વિના તો મારી તરસ કોણ પારખે?
ઝાકળ તરફ ગયો, પછી સાગર સુધી ગયો છું!

એવું નથી તું મારી વ્યથા જાણતો નથી,
તું દર્દ પારખે છે, દવા જાણતો નથી.
આ જિંદગીની ચાર દીવાલોમાં કેદ છું,
પૂરી થશે ક્યારે આ સજા જાણતો નથી.

*– અંજુમન ઉઝયાન્વી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

અરે સંસારની આ ચાલ કેવી ફંદી લાગે છે?
**ઘડીમાં ભાવની તેજી, ઘડીમાં મંદી લાગે છે!**
અહો મધલાળની મીઠાશ જગ આ ઝંખે છે!
ફૂલે પોઢ્યા ફણિધર શો જગતને કાળ ડંખે છે.

*– અનામી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

એવાં નસીબ ક્યાં છે સપનુંય સુખનું આવે,
આંખો હજુ મળી ત્યાં પાછી સવાર આવી!

અમારા દોસ્તનો કોઈ જરા આ પ્યાર જોઈ લો,
જનાજો નીકળ્યો ત્યારે દિલાસો આપવા આવ્યા!

સિતારા ચાંદની સાથે સુહાની રાત આવે છે,
ઘણી વેળા રૂપાળું રૂપ લઈ આઘાત આવે છે;
સજાવી દો હૃદયના મહેલને આંસુના તોરણથી,
અનેરી શાનથી અહીં દર્દની બારાત આવે છે!

*– આશિત હૈદરાબાદી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

સારું છે વરસાદ આવે છે –
ખુલ્લેઆમ રડી તો શકાય છે!

*– વિજય રાજગુરુ*

કહે છે શેખ મંદિરમાં નથી ભગવાન દેખાતો,
પુરોહિતનેય મસ્જિદમાં નથી રહેમાન દેખાતો;
ખુદાઈ તત્ત્વ આ સંસારમાં દેખાય શી રીતે?
**નથી ઇન્સાનના આકારમાં ઇન્સાન દેખાતો.**

*– અંબાલાલ 'ડાયર'*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

તું હથેળી ખોલ તો રસ્તા બને છે
આંખ મીંચી લે તો એક ઘટના બને છે
એક આશાએ તને શોધી શકાશે
સાંભળ્યું છે ફીણમાં પગલાં મળે છે.

બરફના દેશમાં બપ્પોરિયો સૂરજ પેઠો
ને રાત ઢળતાં પીગળીને એ પડ્યો હેઠો
આ દૃશ્ય જોઈને દરિયાને સત્ય સમજાયું
તો પેલો દરિયો પછી છીપલામાં જઈ પેઠો.

*– એસ. એસ. રાહી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

લઈ એટલો દિલમાં પ્યાર આવ્યો છું,
કોઈ દિલનો માર્યો ગુનેગાર આવ્યો છું.
કહી દો કે કરે તૌબા મારા ચિકિત્સક,
લઈ મૌન જિંદગીનો ઉપચાર આવ્યો છું.

*– ઇકબાલ અગવાન*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

કોઈ મારી આંખમાં તરતું હશે
કોઈ મારા શબ્દમાં રમતું હશે
હું અમસ્તો સ્વપ્નથી ઘેરાઉં ના—
કોઈ નક્કી જાગરણ કરતું હશે.

હેત સાગર છે ને હૈયું જામ છે
રાત 'દિ હોઠે તમારું નામ છે
વાત રસ્તે કેમ પૂરી થઈ શકે?
**બે ઘડી નહીં જીંદગીનું કામ છે.**

*– ગોવિંદ ગઢવી*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

બતાવ માનવ તારી માનવતા,
મા-નવ બતાવ તારી પાશવતા.

*– પ્રફુલ્લ ભારતીય*

❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀❀

પરખ સોનાની થાએ છે આ પરખાતો નથી માણસ,
સદીઓ થઈ ગઈ છે તોયે સમજાતો નથી માણસ.
કરોડો આમ તો નજરે ચડે છે માણસો આજે,
**છતાં અફસોસ છે કે કોઈ દેખાતો નથી માણસ.**

ખુદાની શોધ કરે માનવી તો ક્યાં નથી મળતો,
મળે છે કિન્તુ એ શ્રદ્ધા વિના નથી મળતો.
જરૂર તારી નમાઝોમાં કંઈક ખામી છે,
**ખુદાને તું તો મળે છે તને ખુદા નથી મળતો.**

પૂજારીઓનો ધસારો છે મંદિરો પાસે,
ને વૈભવોનો ઠઠારો છે મંદિરો પાસે.
દયાળુઓને બીજી કાંઈ પણ ખબર છે કે,
ભિખારીઓની કતારો છે મંદિરો પાસે.

*– કુતુબ 'આઝાદ'*

એના દિલની ફૂલોમાં સુવાસ છે,
જ્યોતની એની બધે અજવાસ છે,
જોઉં છું એની નિશાનીઓ બધે,
પણ હજી શોધું છું ક્યાં એ ખાસ છે?

*– ઇસ્માઇલ 'સહર'*

જીંદગીને કહી દો, મને હેરાન ન કરે,
હર્યાભર્યા આ બાગને વેરાન ન કરે,
કાંટોથી પ્યાર છે કાંટાનો જ રહીશ,
ફૂલોની કહે દો, હવે પરેશાન ન કરે.

*– ગજેન્દ્ર ત્રિવેદી*

વિરહની રાતની હસ્તી છે મારા મૌન સુધી
સૂરજની વાત કરીશ તો સવાર થઈ જશે.

ઘટના વગર પસાર થયો આજનો દિવસ
સૂરજ ફરી ઊગ્યો ને ફરી આથમી ગયો.

સૂરજને સાવ પાણીમાં ડૂબાવી દો નહીં
કિરણોય નાહીને હજી પાછા ફર્યા નથી.

*– જવાહર બક્ષી*

આપણી વચ્ચે ક્યાં હમણાં મનમેળ છે?
હું કહું ચંપો ને તમે કહો કેળ છે.
ત્રાસી ગયો હવે, આ તો કાળો કેર છે,
માનો યા ના માનો કૈંક પ્રેમમાં ભેળસેળ છે.

*– જીવાભાઇ પ્રજાપતિ 'પતિત'*

એક શ્રદ્ધા પણ ફળે તોયે ઘણું,
આશ-દીપક ઝળહળે તોયે ઘણું.
ક્યાં ફરિશ્તા સમ થવાની વાત છે?
**'માનવી' માનવ બને તોયે ઘણું!**

લોકશાહી ત્રસ્ત છે, બેચેન છે,
આગ ભડકે છે, પ્રજા પર ઘેન છે.
હર કિસમના દૂષણો, હા, ખદબદે,
રાજકારણની જે અક્સર દેન છે!

*– ઝકરીયા એ. પટેલ*

જીવનભરનો અનુભવ પણ બહુ સંગીન લાગે છે
સુખી છું તે છતાં શાને હૃદય ગમગીન લાગે છે
તડકો વયનો છે "ચેતન" નહિતર વાત સાચી છે
**જવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે.**

*– ચેતનકુમાર*

હજારો રંગથી રંગાય છે ગઝલ,
અશ્રુઓથી કદી ભીંજાય છે ગઝલ.
ના જાણે કેટલા પ્રહાર ખાઈને,
દર્દના સંગથી સર્જાય છે ગઝલ.

*– ઝરીના 'ચાંદ'*

ભીંસમાં ને ભીંસમાં માણસ દબાતો જાય છે
મૌનના અંધાર ઓઢીને સબડતો જાયછે.
**ચાર દિનની જિંદગીનો આ રહ્યો ચોખ્ખો હિસાબ**
**એક દિ' આનંદનો ને ત્રણ દિ' વ્યથાના જાય છે.**

*– તરૂણ મણિઆર*

બરફની પાટો ભરેલી
એક લારીને
બે મજૂરો ખેંચી રહ્યા હતા –
પરસેવે રેબઝેબ.

તને મારું હૃદય કેવી રીતે આપું?
જ્યાં તું જ મારું હૃદય છે ત્યાં!?

*– દેવહુમા*

આંખમાં મારી તરસ દેખાય છે.
તું મને આજે સરસ દેખાય છે.
લાગણીના પારદર્શક કાચમાં,
આજ વીતેલાં વરસ દેખાય છે.

*– દિલીપ મોદી*

એ માનવી શા કામના?
જે વાયદા દીધા કરે?
એ વાયદા શા કામના
જે ફાયદાઓ ના કરે.

*– ડૉ. ધર્મેન્દ્ર એમ. માસ્તર (મધુરમ)*

દિલના દરવાજાને કોઈ તાળાં નથી હોતાં,
બંધન કદી દિલદારને પ્યારાં નથી હોતા.
શાને શંકા કરે દિલરૂબા તું મને એવી,
પ્યારના રસ્તા કંઈ સુંવાળા નથી હોતા.

*– નટવર હેડાઉ*

અમારા નગરના પ્રખર આ છે વક્તા
ચડે મંચ પર ને ગજાવે છે તખ્તા
**મળ્યું માઇક કે બસ! છોડી ન શકતા**
**કલાકો સુધી એ રહેશે જ બકતા.**

*– નાથાલાલ દવે*

**મારા ગરમ દેશમાં**
**ઇશ્વરને પણ**
**બેઉ આંખમાં**
**મોતિયો પાકી ગયો લાગે છે!**

*– પુષ્કરરાય જોશી*

જીન્દગી ક્યાં અમસ્તી લઈને આવ્યો છું,
પ્રેમના સાગરની ભરતી લઈને આવ્યો છું.
સ્નેહથી તરબોળ કરે છે ફાજલને
દિલની હરીયાળી ધરતી લઈને આવ્યો છું.

*– પ્રહલાદ સી. મિસ્ત્રી*

**ભારતમાં**
**આજે છે લોકશાહી!**
**ના, ના**
**લોકોના મોં ઉપર શાહી.**

પૃથ્વી ઉરે જન્મ્યો હું
હસી દુનિયા ત્યારે
થયો વિલીન તેજમાં
રડી દુનિયા ત્યારે.

*– પ્રફુલ્લ ભારતીય*

કબરને જોઈને દુઃખ એ જ થાય છે 'બેફામ',
**તમારે મરવું પડ્યું આટલી જગા માટે?**

*– બરકતઅલી વિરાણી 'બેફામ'*

હોઠે રમે છે નામ એનું આજકાલ કેમ
હૈયું રહેછે હમણાં બહુ ખુશખુશાલ કેમ
એને કદી મેં રૂબરૂ જોયાં નથી છતાં
આ જીવ બસ કર્યા કરે એનો જ ખ્યાલ કેમ.

*– પ્રફુલ્લ નાણાવટી*

'બેફામ' તોય કેટલું થાકી જવું પડ્યું?
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો :
બનાવ્યું છે જગત એકે, અને બીજો બગાડે છે.

*– બરકતઅલી વિરાણી 'બેફામ'*

**ખબર નથી મને કે હું ક્યાં જઈ રહ્યો છું!**
**બસ એટલી ખબર છે કે ક્યાંક જઈ રહ્યો છું.**
સાહીલ સમજી રહ્યો છું જેને, એ વમળ પણ હોય,
છતાં ડૂબું છે એટલે તરણાનો સહારો લઈ રહ્યો છું.

*– બિંદુ ઓઝા*

આમ તો હું જીવું છું પણ શબ થઈ જાઉં છું
જોવા મથું કે સ્મશાનના કેટલા સગા છે
સ્મશાનમાં સહુને રડતાય હું જોઉં છું–
**પણ હવે જાણ્યું કે આંસુમાંય કેટલા દગા છે!**

*– ભગીરથ બ્રહ્મભટ્ટ*

કઈ રીતે મોતી પામવા
દરિયાને જઈને પૂછ
કે એની પાસે એક
બહુ ઊંડો જવાબ છે.

દુનિયાના બંધનોથી
જો હો છુટવું 'મરીઝ'
બસ આજથી તમે
તમારા ખુદા બનો.

ફૂલોમાં કેમ શ્રેષ્ઠ
છે ફૂલો કપાસના!
એમાં છૂપેલું મારું
કફન હોવું જોઈએ.

*– મરીઝ*

આનંદથી કાઢું છું દિવસો મહાવ્યથાના,
શું કામ વ્યર્થ ઉકેલું પાના હું દુ:ખ કથાના;
ક્યાં કોઈની વ્યથાઓ ક્યાં કોઈ જાય છે લઈ,
**ના કોઈ લઈ ગયું કે ના કોઈ લઈ જવાના.**

હજી છે તમન્ના જિગરમાં મિલનની
તરસ એની એ છે હજીયે નયનની
હવે પહેલાં જેવી મિલનમાં મજા ક્યાં?
નથી ઝંખના તોય મટતી મિલનની.

*– મનહર દિલદાર*

હર શ્વાસ તારો એક તાજો ભ્રમ હશે!
ઉચ્છવાસ તારો આખરી ઉપક્રમ હશે!
જો સ્વપ્ન અખબારી ખુશી જેવું હતું,
જાગી જવું તે આંસુની કોલમ હશે!

લખું નિતનવો શ્વાસ વળતી ટપાલે,
મળે કિન્તુ ઉચ્છવાસ વળતી ટપાલે!
છું પરબીડિયું ગેરવલ્લે જનારું;
લખાયું તો છું ખાસ વળતી ટપાલે!

*– મદનકુમાર અંજારિયા*

શું શું મળ્યું ન પૂછ મને નેકનામથી,
થાકી ગયા છો હાથ, દુઆ ને સલામથી.
તારો મુકામ આવશે ક્યારે? ખબર નથી
નીકળી ચૂક્યો છું ક્યારનો મારા મુકામથી.

*– મનહરલાલ ચોક્સી*

બહાનું ઘડીનું કરીને ગયા છે,
કહાની અધૂરી કહીને ગયા છે.
પૂછ્યું'તું અમે 'આવશો તો ખરાને?'
ધરી મૌન હળવું હસીને ગયા છે.

મળે કોઈને જો કરી યાદ કે'જો,
નથી એમની કાંઈ ફરિયાદ કે'જો,
કરી વાયદો એ ગયા છે ઘડીનો,
વિતેલા યુગોની દઈ યાદ કે'જો.

*– મૂળશંકર ત્રિવેદી*

પ્રિયે તારા હાસ્ય પર
જગતની નજરૂં હોય છે
જિંદગીના ફૂલ સાથે
હરદમ કાંટા હોય છે.

તમે ગયા મૂકી મને
નીંદર મારી લઈ ગયા
સ્વપ્નો પણ આવે ક્યાંથી
આજે તમારી યાદમાં?

*– યશવંત કડીકર*

ખુશી આપીને દર્દ લેવું છે, જો કોઈ મળે તો,
હાસ્ય આપીને રૂદન લેવું છે, જો કોઈ મળે તો.
સંગ કેડીના કાજે તારાજ થવું છે, જો કોઈ મળે તો,
હસ્તી મિટાવી કુરબાન થવું છે, જો કોઈ મળે તો.

પુષ્પની શોધમાં કોઈ કાંટાથી ઘવાય છે,
ઈશ્કની તલાશમાં કોઈ દિલથી લુંટાય છે.
ઉજાસની પ્રતિક્ષામાં કોઈ અંધકારમાં દટાય છે,
સચ્ચાઈના રાહ પર કોઈ હર વખત લુંટાય છે.

*– રમેશ સોનારા*

આંખ મીંચુને મને તારી છબી દેખાય છે,
શબ્દમાં જાણે મને કોઈ કવિ દેખાય છે!
રાતના અંધારમાં ઊભો રહું છું બારણે,
ને મને આકાશમાં જાણે રવિ દેખાય છે!

*– રમેશ પટેલ*

**તારું કશું ના હોય તો, છોડીને આવ તું,**
**તારું જ બધું હોય તો, છોડીને બતાવ તું.**

*– રાજેશ વ્યાસ*

તમે શું રાહ દાખવશો, અમે રસ્તા કરી જાશું,
જીવનના દાન આપીને, અમરતાને વરી જાશું.
મરીને ખાક માટીમાં થશું 'રોશન' અમે તો પણ,
અમારી જન્મભૂમિને સભર રસથી કરી જાશું.

*– 'રોશન' મરચંટ*

ફટાકડા ફૂટતા હતા...
જીવનતણા ટુકડા બની ઉડતા હતા
કો' જીવન સંધ્યાના કિનારા તૂટતા હતા,
ને કંઈક દુઃખી દિલના –
જીવનદીપ બુઝતા હતા!

*– લક્ષ્મણ રાવલ 'વિહંગ'*

ખૂંપી રહ્યું છે ભ્રષ્ટાચારનું ખંજર રાજગાદીમાં
ને લોહી નીકળે છે
અમ કૂખેથી પ્રધાનો ને બદલે.

*– વિવેક મનહરલાલ ટેલર*

જ્યાં સોમનાથ, જ્યાં દ્વારકેશ, જ્યાં આદ્યશક્તિની રખવાળી!
જ્યાં મીરાં, નાગર નરસૈંયો, રુદિયામાં લેતા રસતાળી!
જ્યાં પ્રેમલ, નર્મદ, ન્હાનાલાલની ગુંજે છે વાણી મર્માળી!
દુનિયામાં ક્યાંય તમે આવી સર્વાંગી સુંદરતા ન્યાળી?

જીવનનો રંગ રાખીશું, હૃદયનો રંગ ધોળીને,
મરણને પ્રાણ અર્પીશું, સમર્પણમાં ઝબોળીને,
ઉદય ને અસ્ત બંનેમાં કસબ એવો કરીશું કે–
શહાદત શીખશે દુનિયા, અમારી રાખ ચોળીને!

*– જયંતીલાલ દવે*

સામયિકના મુખપૃષ્ઠ જેવી તું
સંદર્ભહીન અક્ષરો જેવો હું
સુવર્ણચંદ્રક કૃતિ જેવી તું
સાભાર-પરતના શબ્દ જેવો હું.

*– શશીકાંત જોષી*

સરહદો તોડી જરા આગળ વધ્યો,
એજ સરહદ ત્યાં ફરી બંધાઈ ગઈ.
ગીરદીમાં તું કહે, ક્યાં સાચવું,
યાદ તારી એટલે ખોવાઈ ગઈ.

*– "શૈલ"*

વિશ્વમાં ક્રાંતિ તો થતી જ રહી,
કોઈ સિક્કો ન કાયમી ચાલ્યો.
એટલો એ થયો બુલંદ 'સગીર',
જેટલો જે અહીં નમી ચાલ્યો.

*– 'સગીર'*

દોડ્યો જાઉં છું હું,
જિંદગાની કેરા લીસા માર્ગ પર
નિરુદ્દેશ, નિરંકુશ
બેફામ દોડ્યો જાઉં છું.

રોજ ઊગતા સૂર્યની માનવને કિંમત નથી,
રોજ સાથે વહેતા સમયની જીવને કિંમત નથી.
**છે સમંદરમાં સબરસ અમાપ–**
**છતાં માનવને એ રસની કિંમત નથી!**

*- હરસુખ સાણથરા*

કચ્છ

# ભારતના આર્થિક વિકાસને અજવાળતું પ્રવાસન ક્ષેત્રે કચ્છ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આજે પ્રવાસન ક્ષેત્ર ભારત દેશ માટે સંજીવની રૂપ સાબિત થઈ રહ્યો છે. ભારત પ્રગતિના નવા સ્તર પર જઈ રહ્યું છે જેમાં **'અતિથિ દેવો ભવ'**ની સાંસ્કૃતિકતા ભળેલી છે. તે છે ભારતનો પર્યટન ઉદ્યોગ. સામાન્ય અર્થ કરીએ તો જીવતરનો આનંદ મેળવવા, કોઈ વ્યવસાયિક કામકાજ અર્થે, કોઈ વિશિષ્ટ અભ્યાસ અર્થે દેશમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વિશિષ્ટ સ્થળોની મુલાકાતને આંતરિક પર્યટન કહે છે. જ્યારે એક દેશમાંથી બીજા દેશમાં ઉપરોક્ત કારણોસરની સ્થળોની મુલાકાતને બાહ્ય પર્યટન રૂપે મૂલવવામાં આવે છે.

સામાન્ય રીતે પર્યટકો આવા સ્થળે રજાની મજા માણે, અનેક નવીનતમ ચીજવસ્તુઓની ખરીદી કરે. અવનવી વાનગીઓ આરોગે, અન્ય પ્રવાસીઓ સાથે વિચાર વિમર્શ પણ કરે અને ભાવિ વ્યવસાયિક યોજનાઓ પણ ઘડે.

પ્રવર્તમાન સમયમાં પ્રવાસન ઉદ્યોગ અતિશય સ્પર્ધાત્મક ઉદ્યોગ બનવા પામ્યો છે. **જેમાં દિન પ્રતિદિન નવીનીકરણ સામેલ કરવું પડે છે.** ઈ.સ. ૨૦૧૦-૧૧માં ભારતના પ્રવાસન ઉદ્યોગનો વિકાસ દર ૧૭.૩ ટકા જોવા મળે છે. ભારતના પ્રવાસન ઉદ્યોગે ઈ.સ. ૨૦૧૧-૧૨માં રૂા. ૨૧,૮૨૮ કરોડનું હૂંડિયામણ મેળવેલ હતું. આ ક્ષેત્રે વિદેશી હૂંડિયામણ પ્રાપ્તિ વધારી શકાય છે.

ઈ.સ. ૨૦૧૨માં જે આંકડાઓ પ્રાપ્ત થયા છે તદાનુસાર ભારતના પુરાતત્ત્વિય વિભાગ હેઠળના ૧૨૦ જેટલા પ્રવાસન કેન્દ્રોની મુલાકાત ૩૦ લાખ વિદેશીઓએ લીધી છે જ્યારે સ્થાનિક ૪ કરોડથી વધુ લોકોએ લીધી છે.

**૧૨મી પંચવર્ષીય યોજના ઇ.સ. ૨૦૧૨થી ઇ.સ. ૨૦૧૭ માટે** પ્રવાસન મંત્રાલય માટે રૂા. ૧૫,૨૯૦ કરોડની ફાળવણી કરાઈ છે. ભારતમાં ચારે દિશાઓના રાજ્યોમાં તથા મધ્ય ભારતમાં પુરાતત્ત્વિય પ્રસિદ્ધ વિવિધ સાંસ્કૃતિક સ્થળો ખૂબ જ દર્શનીય છે. કેટલાક સ્થળો હજારો વર્ષ પુરાણા છે.

પૂર્વ ભારતમાં કોલકાતા, ગુવાહાટી, શિલોંગ, દાર્જીલિંગ, પટના, જમશેદપુર દર્શનીય છે. ઉત્તર ભારતમાં જમ્મુ - કાશ્મીર, સીમલા, દહેરાદુન, આગ્રા - દિલ્હી, હિમાલયનાં ગિરી શિખરો રમણીય છે. મધ્ય ભારતમાં અલ્હાબાદ, ભોપાલ, વારાણસી તો દક્ષિણ ભારતમાં ચેન્નાઈ, ત્રિવેન્દ્રમ, બેંગ્લોર, કોચીન આદિ આલ્હાદક સ્થળો છે.

પ્રવાસન ક્ષેત્રે પશ્ચિમ ભારત વિશિષ્ટ ભાત ઉપજાવી રહ્યું છે. મુંબઈ, ગોવા, સમુદ્ર કિનારાના સી-ફુડ પ્રવાસીજનોને આકર્ષે છે. મહેલોનું શહેર ઉદયપુર; રણ, ડુંગરો અને દરિયાસભર એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ સભર છે કચ્છ. બીગ-બી શ્રી અમિતાભ બચ્ચને જણાવ્યું કે, "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" – એ ઉચ્ચારની યોગ્ય પ્રતીતિ પર્યટકોને થઈ રહી છે. **કચ્છની સુંદર કચ્છી વાનગીઓ, કચ્છી પહેરવેશ, કચ્છી આભૂષણો, કચ્છના આગવા કલાત્મક વસ્ત્રો, કચ્છનું મડવર્ક, કચ્છનું લેધરવર્ક, પગરખા, લેધર બેલ્ટ, વોલેટ આદિ પ્રવાસીઓને ખૂબ જ આકર્ષી રહ્યા છે.**

**કચ્છની સોના-ચાંદીની હાથ કારીગરી, કચ્છના સૂડી-ચપ્પુ, કચ્છી બાંધણીઓ તથા કચ્છી આભલા ભરતકામે પણ પ્રવાસીઓને ખરીદી માટે ખૂબ જ આકર્ષ્યા છે. કચ્છી મોજડી, કચ્છી સાડી અને ભરત ભરેલી શાલ, કચ્છનું રબારી ભરત, આરી ભરત, લાકડા તથા લાખ પરનું કામ બેમિસાલ છે.**

પ્રતિવર્ષ રણોત્સવોને કારણે કચ્છનું પર્યટન ક્ષેત્ર લાખો પ્રવાસીઓથી ધમધમે છે. સફેદ રણની મુલાકાત તો અનેક લોકો લેતા જ રહે છે. માતાના મઢ, હાજીપીર, કાળો ડુંગર, ધીણોધર ડુંગર, ભદ્રેશ્વર જેવા અનેક ધાર્મિક સ્થળો હવે તો બારેમાસ ધમધમે છે. કંડલા, માંડવી, મુંદ્રા, કોટેશ્વરનો દરિયાઇ વિસ્તાર પણ જોવાલાયક છે.

પર્યટન કે પ્રવાસન ક્ષેત્રનું ભાવિ ઘણું ઉજ્જવળ છે. દેશ દેશાવરના રહેવાસીઓ વચ્ચે **સદ્‌ભાવનો સેતુ** પર્યટન ક્ષેત્ર જ રચી શકે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ००૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*મને એવી સવાર આપો પ્રભુ,*
*કે હું તમારી પાસેથી કંઈક માંગવાની જગ્યાએ,*
*તમે મને જે આપ્યું છે તેને માણતા શીખું.*

કચ્છ

# કચ્છની કલા-કસબ

## ટાંકાની કલા

'અસીં કચ્છી માડુ. અસાંજે ઘરે આંજો સ્વાગત આય' (અમે કચ્છી માણસો, અમારા ઘરે તમારું સ્વાગત છે.)

કહેવાય છે ને કે અભાવમાં જીવી જાણે છે અને આપત્તિને અવસરમાં ફેરવી નાખી તપ્ત રણમાં ગુલાબની ખેતી કરી શકે છે તે સાચો માનવી! ગુજરાતના સૌથી મોટા જિલ્લા કચ્છની આ વાત છે. વર્ષોવર્ષ દુકાળ વડે તોયે હૈયે સુકાળ જ હોય એવા કચ્છીઓ કહે કે **'અસાંજો કચ્છડો બારે માસ'** ભાઈ...જીવવા માટે એમની પાસે ઘણાં કારણો છે. એમાંનું એક કારણ તે એમની **હસ્તકળા.** એક સમય એવો હતો કે કચ્છના દરેક ઘરમાં વડીલો હોય અને સાથે સાવ નાનકડાં બાળકો હોય. વચલો વર્ગ તો દોરીલોટો લઈ 'મુંબઈ' કે અન્ય સ્થળે કમાવા ગયો હોય. નપાણિયા એ સ્થળે ખેતી તો ક્યાંથી હોય? એવે સમયે પેલી કળા જ એમનો સધિયારો હતી; અને જ્યારે આજે કચ્છનો પ્રદેશ લીલોછમ થઈ સ્વયં ડોલનશૈલીની યાદ અપાવતી ખેતી કરતો થઈ ગયો છે, પાણીની સમસ્યા રહી નથી, શહેરો આબાદ થઈ આધુનિક થઈ ગયા છે અને જ્યાં પરદેશમાં રહેતા ભારતીયોને આવકારતા કુદરતી ઉપચાર કેન્દ્રો બની ગયા છે. વળી વિવિધ ઉત્સવો થકી પ્રવાસીઓ આકર્ષાઈ રહ્યા છે. ત્યારે પણ... હા! **કચ્છી ભરતકામ એવું જ બરકરાર રહ્યું છે** - બલકે વધુ પ્રગતિ કરી વારસાગત કળા સાચવી, એમાં આધુનિક અભિગમ ઉમેરી વધુ મજબૂત ભરતકામની શૈલી ભારતને અપાવી છે. **કચ્છી બહેનોને પગભર બનાવી છે.**

## પ્રતિભાવંત કચ્છી ભરતકામ સાંસ્કૃતિક વારસાનું પ્રહરી

વર્ષો પહેલાં **મૂળ કાઠીઓ** કચ્છમાં આ કળા લાવ્યા. આદિવાસીઓ જેવા રખડપટ્ટી કરતા જૂથો **'હીર ભરત'** થકી જાણીતા થયા. ગુજરાત રાજ્યના આ સીમાવર્તી હિસ્સાને કારણે અને ધોળાવીરા જેવી પ્રાચીન નગરીની સંસ્કૃતિના સંસ્પર્શને કારણે **કચ્છના કણેકણમાં કળા શ્વસતી હતી.** મુંદ્રા, કંડલા, માંડવી જેવા દરિયાઈ વેપારના કેન્દ્રો હતા. આથી પર્શિયન અને મુગલ કળાની અસર પણ હવામાં વરતાતી હતી તે **પાંસરી કચ્છી કળામાં ઉતરી.** સુતરાઉ, રેશમી કે ઊની કાપડ ઉપરનું કામ હોય કે નાજુક મોતીકામની ગૂંથી હોય - બધામાં રોમેન્ટિક માનવીય આકૃતિ, મોર, પોપટ, હાથી, ઘોડા, ઉત્સવ, પર્વ અને પ્રસંગના મંડાણ તો થયા જ પણ પ્રકૃતિનાં તત્ત્વો-વૃક્ષો, ફળ, ફૂલ, પત્તી અને વલ્લરીઓનાં અવતરણ પણ કલાકૃતિઓમાં ડોકાયાં. ભરતકામની વિવિધતા તો એ હતી કે એમાં રામાયણ-મહાભારતનાં પ્રસંગો કે શ્રીકૃષ્ણ લીલાનાં વર્ણનો પણ સચવાયાં. આરંભમાં સ્ત્રીઓ પોતાના કન્યારત્નનું દાન કરતી વખતે હાથે ભરેલાં કપડાં, ઓઢણાં અને ચણિયાચોળી હેતથી, તૈયાર કરતી અને આણું પાથરતી તેમાં મોતી મઢેલ કળશો, કુંભ, ચાકળા, ચંદરવા ને તોરણ પણ મૂકતી. ઝીણાં ઝીણાં કાપડના કટકાની સુચારૂ ગોઠવણી કરી **'ઘડકી'** એટલે કે ખાટલા ઉપર પાથરવાની જાડી શેતરંજી શોભાવતી. ધીરે ધીરે આ કળા પણ કન્યાની જેમ ઉંબરો ઓળંગી બહાર પડી. કન્યા પોતાના ઘરમાં ઠરીને ઠામ થઈ અને **કળાની સીમા વિસ્તરતી ગઈ.** પછી પેલી કન્યાએ પણ સાસરિયામાં ભરતકામ ચાલુ રાખ્યું અને કલાકૃતિઓને બજાર આપ્યું. આમ, **જ્યોત સે જ્યોત જલે** તેમ પૂ. ગાંધીજીને પ્રિય એવા કુટિર ઉદ્યોગો ફૂલ્યા ફાલ્યા અને ગામના ગામ એમાં જોડાતા ગયાં.

## વાહ કલાકાર!

**કચ્છની કલાયાત્રા બહુ ગરવી છે.** કોઈ શોખથી તો કોઈ જરૂરિયાતને લીધે વખાના માર્યા આ રૂપાળા વ્યવસાયમાં જોડાયા છે. નિમિત્ત જે હોય તે, આખે આખા 'કલાગ્રામ' ને કલા પારખુઓ દત્તક લઈ રહ્યા છે. હવે તો તેમાં પણ અર્થશાસ્ત્રનો 'માંગ પુરવઠાનો નિયમ' લાગુ પડ્યો છે અને **એટલે સતત નવી ડિઝાઈનોનો આવિષ્કાર થતો રહે છે.** એ પ્રવાહમાં પારંપરિક વેશ પરિધાન ઉપરાંત હવે તો વેસ્ટકોટ, પર્સ, ક્લચ, વિવિધ થેલાઓ, ચપ્પલ, સેન્ડલ, સ્કર્ટ, સ્કાર્ફ, પટ્ટા, કોટી, કૂર્તા, મશરૂવર્કના દુપટ્ટા, સાડી, બોર્ડર, પેચીસ, યૉક ઈત્યાદિને કચ્છી ભરતના ટાંકાથી નવીન સ્વરૂપ અપાઈ રહ્યું છે. ભરચક કામ તૈયાર થતાં મહિનાઓ નીકળી જાય અને ઓર્ડર પ્રમાણે **'મિક્સ એન્ડ મેચ'** વાળી કૃતિઓ પણ તૈયાર થાય. દેશના લગભગ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૦ ઉપર)

સ્વાસ્થ્ય

# સ્વાસ્થ્ય સંબંધી આવશ્યક્તા

## વિટામિન બી-૧૨

(વિટામિન બી-૧૨ આપણા શરીર માટે ખૂબ જરૂરી છે કારણ કે આપણા શરીરનું ડી.એન.એ., જીન્સ વગેરે એનાથી જ બને છે.)

નમ્રતાની ઉંમર ૩૯ વર્ષ છે. એ બે સંતાનોની માતા છે. ખાવાની એ શોખીન છે પણ હમણાં હમણાં એના શરીરને શું થઈ રહ્યું છે એની એને સમજણ નથી પડતી. એ વધુ વખત સુધી ઊભી રહી શકતી નથી. એને ઊભા ઊભા થાક લાગી જાય છે. મન ઉદાસ રહે છે અને નિરાશા રહ્યા કરે છે. ક્યાંય રૂચિ થતી નથી.

અગાઉ જેવી નોર્મલ લાઈફ એ જીવવા માંગે છે પણ જીવી શકતી નથી. પતિ એને ડોક્ટર પાસે લઈ ગયો. ડોક્ટરે કેટલાક ટેસ્ટ કરાવવાનું કહ્યું જેમાં એક ટેસ્ટ વિટામિન બી-૧૨નું શરીરમાં પ્રમાણ કેટલું છે એ જાણવાનો પણ હતો. ડોક્ટરે એને ઓરલ સપ્લીમેન્ટનો કોર્સ કરાવ્યો જેનાથી ધીરે ધીરે સુધારો થવા લાગ્યો. એ કોર્સના કારણે એ પહેલા જેવું નોર્મલ જીવન જીવવા લાગી.

**બેંગ્લોરની ફોર્ટીસ હોસ્પિટલના ઈન્ટર્નલ મેડિસીનના ડિરેક્ટર અને ડોક્ટર કહે છે કે વિટામિન બી-૧૨ની કમીથી ઘણી બીમારીઓ થઈ શકે છે.** દા.ત. એનિમિયા પણ થઈ શકે છે અને સ્પાઈનલ કોડની પણ તકલીફ થઈ શકે છે. છેવટે પેરેલિસિસ પણ થઈ શકે છે. છેવટે મગજમાં પણ અસર પહોંચે છે.

વિટામીન બી-૧૨ની કમી : (૧) જેઓ દૂધ અથવા દૂધમાંથી બનતી છાશ, દહીં, ઘી, જેવી વાનગીઓ લેતા નથી અથવા ઓછી લે છે એને ઉપર મુજબની તકલીફ થાય છે. રોટલી-ભાખરી વગેરે ઘી ચોપડેલા જ ખાવા જોઈએ. (૨) જેઓ આલ્કોહોલ લે છે એમને થાય છે. (૩) એનીમિયા પેટના દર્દથી પીડિત હોય એને તકલીફ થવાની વધુ શક્યતા રહે છે.

**ઝાડ કે શાકભાજી, ફળ, વિટામીન બી-૧૨ નથી બનાવતા એટલે દરેક જણે દૂધ, દહીં, પનીર, માખણ, ચીઝ અથવા સોયા મિલ્ક દરરોજ નિયમિત લેવા જોઈએ.** શરીરમાં લોહીની વધુ પડતી ઓછપ હોય તો પણ બી-૧૨ ઘટે છે. **ડાયાબિટીસ માટેની દવા મેટફોમિન અને અલ્સર માટેની દવા એમેપ્રોજોલ** લેવાથી તેમજ આર.ઓ. પ્લાન્ટનું પાણી પીવાથી પણ બી-૧૨ ની કમીની તકલીફ થાય છે.

વિટામીન બી-૧૨ આપણા શરીર માટે ખૂબ જરૂરી છે કારણ કે આપણ શરીરનું ડી.એન.એ., જીન્સ વગેરે એનાથી જ બને છે. **એ લાલ લોહી બનાવે છે.** વળી એ શરીરના દરેક ભાગને પ્રોટીન આપવાનું કામ કરે છે એટલે **પુરુષોમાં એ ઈન્ફર્ટિલિટી પણ પેદા કરે છે. આ એક એવો પદાર્થ છે કે શરીરમાં મગજને સમતોલપણે કામ કરાવે છે.** જો કે એની કમી માટે કૌટુંબિક વંશ પરંપરાગત પણ કારણ હોય છે. **જમીનમાં ઉગતી શાકભાજી, બટાકા, ગાજર, મુળા, શક્કરિયા વગેરેમાં વિટામીન બી-૧૨ થોડાક પ્રમાણમાં મળે છે.**

## દિવસભર તાજગી બક્ષતો પૌષ્ટિક બ્રેકફાસ્ટ

સવારનો સ્વાસ્થ્યપ્રદ નાસ્તો તમને દિવસભરની ઊર્જા પૂરી પાડીને તાજામાજાં રાખે છે. તેથી સવારના પહોરમાં ઘરેથી નીકળવાની પહેલા ગમે તે વસ્તુ ખાઈને પેટ ભરવાને બદલે પૌષ્ટિક નાસ્તો કરીને નીકળવું સલાહભર્યું છે. આહારશાસ્ત્રીઓ આવા નાસ્તા વિશેની માહિતી આપતાં કહે છે કે...

★ ઘઉંના ફાડામાંથી બનાવેલી કોઈ વાનગી, મુસલી અને એક ગ્લાસ મલાઈ વિનાનું દૂધ અથવા સોયામિલ્ક સવારના નાસ્તા માટે ઉત્તમ ગણાય છે.

★ શાકભાજી અથવા ફળો સાથે હોલગ્રેન ટોસ્ટ ખાઓ.

★ દહીંમાં નાખેલા ફણગાવેલા કઠોળ પણ સારો વિકલ્પ છે.

★ સૂકો મેવો, તાજાં ફળો, દહીં અથવા દૂધ પણ દિવસરભર તાજગી બક્ષે છે.

★ એક બાઉલ ભરીને તાજાં ફળો મિક્સ કરો. તેમાં દહીં નાખીને ખાઈ લો.

★ શાકભાજી નાખેલાં ચણાના લોટના પુડલાં, અથવા સાદા પુડલા બનાવીને તેના ઉપર ચીઝ ખમણીને નાખો. આ નાસ્તો પણ તમને ઊર્જાથી ભરી દેશે.

★ આ સિવાય ઈડલી, ઢોસા, ઉપમા, પૌંઆ અને ચટણી અથવા સાંભાર પૌષ્ટિક હોવા સાથે પેટ ભરાઈ જવાનો અનુભવ પણ કરાવે છે.

★ આહારશાસ્ત્રીઓ નાસ્તા ઉપરાંત પૌષ્ટિક પીણાંની માહિતી આપતાં કહે છે કે ઓછી મલાઈવાળું કે મલાઈ ઉતારેલું દૂધ, ગ્રીન ટી કે કોફી, લસ્સી અથવા છાશ, મિલ્ક શેક, કોલ્ડ કોફી અને શાકભાજીના જ્યુસ જેવાં પીણાં તમારા શરીરમાં શક્તિનો સંચાર કરે છે.

## પાણી પીવો અને પથરીને દૂર રાખો

આજના ભાગદોડભર્યા જીવનમાં પ્રત્યેક યુવાન માત્ર પ્રગતિની ઈચ્છામાં દોડતો જ રહે છે. તેને માત્ર કામ જ કરવું છે. તે ખાવા-પીવા કે ઊંઘવાની ફિકર ધરાવતો નથી. બે ટંકના ભોજનમાંથી મળતી ઊર્જા ચા-કોફી કે ઠંડા પીણાંમાંથી શોધવામાં આવે છે. **વારંવાર ચા-કોફી પીનારાઓને કિડનીમાં પથરી થઈ શકે છે.** એક અહેવાલ અનુસાર હાલમાં ૨૦-૪૦ વર્ષના વયજૂથમાં કિડનીમાં પથરી થવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ વયજૂથમાં આવતાં યુવક-યુવતીઓ કામમાં એટલા ગળાડૂબ હોય છે કે સ્વાસ્થ્ય પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નથી અને આ જ કારણે અનેક રોગનો શિકાર બને છે.

આપણા દેશની આબોહવા ગરમ અને ભેજવાળી છે. આને કારણે આપણા શરીરમાં પાણીની ઉણપ રહ્યા જ કરે છે. વળી પરસેવો થવાને કારણે પણ શરીરમાંથી પાણી નીકળી જાય છે. આવા સંજોગોમાં **પાણી ઓછું પીવાથી અને સંતુલિત આહાર ન લેવાથી કિડનીમાં પથરી થઈ શકે છે.** આ ઉપરાંત ખાન-પાનની અનિયમિતતા તથા **વધારે નમકવાળું ભોજન** લેવાથી પણ કિડનીમાં પથરી થઈ શકે છે. આજના યુવાવર્ગમાં **ફાસ્ટફૂડ**નું ચલણ પણ વધી રહ્યું છે. ફાસ્ટફૂડમાં નમકનું પ્રમાણ વધારે હોય છે જે પથરી નિર્માણ કરવામાં મદદરૂપ બને છે. પથરી થવાનું ત્રીજું કારણ ચા-કોફી તથા કોકોથી નિર્મિત **ચોકલેટ વગેરે**નો વધુ વપરાશ છે. જ્યારે ચોથું કારણ **અનુવાંશિક** છે. પરિવારમાં કોઈને પથરીની તકલીફ હોય તો આ તકલીફ થવાની શક્યતા વધી જાય છે. પથરી ઘણા પ્રકારની હોય છે જેમાં કેલ્શિયમ ઓક્સિલેટ સ્ટોન, કેલ્શિયમ ફોસ્ફેટ સ્ટોન, યુરિક એસિડ સ્ટોન વગેરે હોય છે. જોકે ૯૦ ટકા કિસ્સામાં કેલ્શિયમ ઓક્સિલેટ સ્ટોન જ હોય છે. પેશાબમાં કેલ્શિયમ તથા ઓક્સિલેટનું પ્રમાણ વધવાથી પથરી થવાની સંભાવના વધી જાય છે. **કિડનીની આસપાસના ભાગમાં સખત દુખાવો, મૂત્રપ્રવાહમાં અવરોધ, મૂત્ર સાથે લોહી નીકળવું, પેશાબમાં ચેપ વગેરે પથરીના મુખ્ય લક્ષણો છે.** અલ્ટ્રાસાઉન્ડ, આઈવીપી અથવા સીટી સ્કેન દ્વારા પથરીનું નિદાન કરી શકાય છે. ૨૦ મિ.મી. જેટલી પથરી ઑપરેશન વગર લેસર કિરણોથી જ દૂર કરી શકાય છે.

## સ્વાસ્થ્ય સંબંધિત બાબતો

સામાન્ય રીતે આપણે આપણા સ્વાસ્થ્ય સંબંધિત નાની નાની વાતો પ્રત્યે દુર્લક્ષ સેવતાં હોઈએ છીએ. પરંતુ વાસ્તવમાં આવી ઝીણી ઝીણી બાબતો પર ધ્યાન ન આપવાને કારણે ક્યારેક તંદુરસ્તી જોખમમાં મૂકાઈ જાય છે. એટલે આવી કેટલીક વાતો જાણી રાખવી જરૂરી છે. જેમ કે :

★ ક્યારેય ભૂખ્યા પેટે દવા ન લેવી. જમ્યાના બે કલાક બાદ ગોળી લેવાની હોય, તો તે લેતી વખતે ચા કે દૂધ સાથે બે બિસ્કિટ ખાવા

★ કેટલીક એન્ટીબાયોટિક દવાઓની સાથે દૂધનું સેવન ન કરી શકાય. આથી એન્ટીબાયોટિક દવા લેતી વખતે ડોક્ટરની સલાહ અવશ્ય લેવી.

★ કેટલીક દવાઓને ગરમ પાણી સાથે ન લઈ શકાય.

★ દવા ખરીદતી વખતે મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી ડેટ અવશ્ય જોવી.

★ **એન્ટીબાયોટીક દવાઓને કારણે ગર્ભનિરોધક ગોળીઓની અસર ઓછી થાય છે.** એમ્પીસીલિન અથવા ટેટ્રાસાયક્લીન એન્ટીબાયોટીક દવાઓનો મહત્તમ ઉપયોગ થાય છે. પરંતુ તે આપતી વખતે ડોક્ટરો આ વાત જણાવતાં નથી અને જાણકારીના અભાવે મહિલાઓ ગર્ભવતી બને છે.

★ દમ, આર્થરાઈટિસ, ડાયાબિટીસ, હાઈ-બ્લડપ્રેશર જેવી બીમારીઓમાં દવાનું નિયમિત સેવન કરવું જરૂરી છે. જો કે આમાંની કોઈ બીમારી ધરાવતી ગર્ભવતીએ ડોક્ટરની દેખરેખ હેઠળ જ દવા લેવી જોઈએ.

★ **ડોક્ટરને પૂછ્યા વગર એક સમયે એક કરતાં અધિક દવાઓ ન લેવી.** દવાના કાગળ પર લખેલી સૂચના અનુસાર જ ડોઝ લેવા. વધુ માત્રામાં દવા લેવાથી જલ્દી સારું થઈ જાય છે તે માન્યતા ભૂલભરેલી છે. આવા તુક્કાને કારણે શરીરને ભારે નુકસાન થઈ શકે છે.

★ **કોલેસ્ટેરોલનું ઊંચુ પ્રમાણ હૃદયરોગ થવા તરફ અંગૂલી નિર્દેશ કરે છે.** એટલે ચેતીને રહેવું.

★ એક અભ્યાસ અનુસાર રજોનિવૃત્તિ પછી **એસ્ટ્રોજનની ગોળી**ને એકલી અથવા **પ્રોજેસ્ટ્રોન**ની સાથે લેવાથી પણ હૃદયરોગનું જોખમ ઉદ્ભવે છે. વળી આ જ દવાઓ ખોટી રીતે લેવાને કારણે ગર્ભાશય કે સ્તનનું કેન્સર થવાનું જોખમ રહે છે.

★ કમર અથવા પીઠમાં દુખાવો થતો હોય તો પણ શારીરિક રીતે સક્રિય જ રહેવું. ડોક્ટરોના જણાવ્યા પ્રમાણે આ પ્રકારની ઘણી તકલીફોમાં આરામની જરૂર હોતી નથી.

★ **સાધારણ શરદી-ઉધરસ કે તાવ હોય તો તરત જ ડોક્ટરની દવા લેવા દોડવું નહીં.** આપણા શરીરમાં સેલ્ફહિલીંગ પાવર હોય છે. પહેલાં મીઠાના પાણીના

કોગળાં કે તુલસીના પાન, આદુ, ફુદિનો નાંખેલી ચા બે-ત્રણ વખત પીવી જોવી. આ નુસ્ખાઓથી આરામ મળશે. જો બાદમાં તાવ વધી જાય તો પછી ડોક્ટરની દવા લેવી.

★ જો તમારા વિચાર અસ્વાભાવિક કે અયોગ્ય હોય, તમે તમારી સમસ્યાઓ અન્યોને ન જણાવી શકો અથવા શરમાળ સ્વભાવને કારણે છુપાવો, બબડાટ કરો, કંઈક અઘટિત ઘટવાની આશંકા રહ્યા કરે અને **સરખી રીતે વિચારી ન શકો તો તમે મનોરોગથી પીડાવ છો એટલે તાત્કાલિક મનોચિકિત્સકનો સંપર્ક કરવો.**

## ડેન્ગ્યુ અને ચીકનગુનીઆને રોકી શકાય છે

ડેન્ગ્યુ અને ચીકનગુનીઆ એડીસ મચ્છર કરડવાથી ફેલાય છે.

**ડેન્ગ્યુનાં લક્ષણ**

★ ભારે તાવ
★ માથાનો સખત દુઃખાવો, પીઠ દર્દ
★ આંખોમાં દુઃખાવો
★ ત્વચા ઉપર ચકામા
★ પેઢા અને નાકમાંથી લોહી નીકળવું

**ચીકનગુનીઆનાં લક્ષણ :**

★ સખત તાવ
★ સાંધામાં દુઃખાવો અને સોજો આવવો
★ માથાનો દુઃખાવો
★ ત્વચા ઉપર ચકામા અને ખુજલી થવી

*અગર ઉપર બતાવેલ કોઈપણ લક્ષણ જણાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે.*

● **કેટલાંક સરળ ઉપાય અજમાવો :**

★ પાણીની તમામ ટાંકીઓ અને વાસણ ઢાંકીને રાખો.
★ પાણીનાં કુલરો ભરતાં અગાઉ દર અઠવાડિયે તેને ખાલી કરી, સાફ કરો અને સુકવો.
★ ઉપયોગમાં ના લેવાતાં વાસણ, ભંગાર, ટાયર, નારિયેળની કાચલીઓનો નાશ કરી દો.
★ દિવસના સમયે મચ્છરથી બચવા આખી બાંયના અને શરીરને ઢાંકે તેવા વસ્ત્રો પહેરો.
★ ડેન્ગ્યુ/ચીકનગુનીયાનો તાવ થવાથી મચ્છર અને તેના ચેપથી બચવા ઘર અને હોસ્પિટલમાં મચ્છરદાનીનો ઉપયોગ કરો.
★ ડેન્ગ્યુ અને ચીકનગુનીઆ રોગ માટે કોઈ ખાસ દવા નથી અને સ્વયં દવા વગેરે લેવાથી દૂર રહો. ■

## કચ્છની કલા-કસબ

(અનુસંધાન : પાના નં. – ૫૭ ઉપરથી ચાલુ)

બધા જ શહેરોમાં અને પરદેશમાં પણ એનાં પ્રદર્શનો ભરાય છે એમ ભુજ પાસેના માધાપર ગામે શોખથી આ કામમાં જોડાયેલ **રક્ષાબહેન** કહે છે; તો આંખે ઝાંખપ છતાં હજી ભરતકામ કરતા **જૈફ ફુલાબહેન** તો ડિઝાઈન છપાવ્યા વગર જ સીધું ભરતકામ **હીરના દોરાથી હજી કરે છે. મુંબઈ, દિલ્હી સહિતના ભારતના સંગ્રહ સ્થાનોમાં કચ્છી ભરતના નમૂનાઓ છે**, તો ભુજના મહેલમાં થોડી કૃતિઓ બચી છે. **ન્યૂયોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમની શોભા પણ આ કળાએ વધારી આપી છે.** લુપ્ત થતા **કચ્છી ટાંકાને** બચાવવા કેટલાક મરજીવાઓ પડ્યા છે પછી ભલે ને મશીનો મેદાને પડ્યા હોય! પેલા ઘેરા જામલી, લીલા, ભૂરા, કાળા, લાલ, પીળાં, તામ્રવર્ણ, ગુલાબી ચળકતા રંગો રસિકોની આંખમાં રસનાં અંજન કરતા જ રહે છે. એમાં મિરર, મોતીને આભલા ભળે **એટલે વસ્ત્ર ખુદ એક કિંમતી આભૂષણ બની જાય.** ઘેરા રંગનું કાપડ, ઉપર નયનરમ્ય રંગ અને સાથે સફેદ ઝીણી છાંટ એટલે કચ્છી ભરતની સોગાત. જીવ રેડીને કરેલી કલાસાધના!

## કંડેરાઈ ધાબળા બનાવતો એક માત્ર ‘કચ્છી વણકર પરિવાર’

કચ્છના કંડેરાઈ ગામનું એક એવું વણકર પરિવાર છે કે, જે કચ્છી હસ્તકલા અને કારીગરી સાથે સંકળાયેલું છે. **આ પરિવાર દ્વારા આ કચ્છી ધાબળા બનાવવાની શરૂઆત થઈ હતી. છેલ્લી પાંચ પેઢીથી આ પરિવાર આ હસ્તકલા સાથે સંકળાયેલું છે.** આ ધાબળો બે કિલોનો હોય છે. જે બનતા ઓછામાં ઓછા પંદર દિવસ લાગે છે. આ ધાબળા વિદેશમાં પણ વખણાય છે. પણ હાલમાં આ કળા હાલના મશીનોની બનાવટ સામે ટકી શકી નહીં અને મહેનત માંગી લે તેવી કળા હોવાથી બહુ ઓછા લોકો આ કળા શીખતા હોય છે. અમદાવાદમાં આવા ૬૦ થી વધુ કચ્છી હસ્તકલાના કારીગરો આવ્યા હતા. જેઓ વિવિધ હસ્તકલાના જાણકાર છે. જેમાં આ વણકર પરિવારની ખાસિયત કંઈક અલગ હતી.

આ પરિવારના લઘુભાઈ વણકર, ડાહીબેન અને તેમનો દિકરો બાબુભાઈ કહે છે કે, આ ધાબળાની ખાસિયત એ છે કે અસહ્ય ઠંડીમાં પણ ગરમાવો આપે છે. જેમાંથી દોરા નીકળવા કે ફાટવાની ચિંતા રહેતી નથી. વિદેશમાંથી પણ કેટલાંક લોકો આવીને આની ખરીદી કરતા હોય છે. અમારા ગામમાં હાલ માત્ર પાંચ હાથશાળ છે. **પણ અમારું પરિવાર જ આ કળા જાણે છે.** પણ મશીનરીના સમયમાં આ કળાને ટકી રહેવા માટે અથાગ પ્રયત્નો કરવા પડે તેમ છે.’ ■

# SOME GOLDEN RAYS....

Take control of your destiny.
Believe in yourself.
Ignore those who try to discourage you.
Avoid negative sources, peoples and habits.
Don't give up and don't give in!

Every struggle in your life has shaped you into the person you are today. Be thankful for the hard times; they can only make you stronger.

I may not always stay in touch but I care about you very much. I may not always stop by to say hi, but I hope to never have to say good bye. I may not prove to be the perfect family or friend but I hope the friendship we share never reaches an end.

***Six best doctors in the World :***

- Sunlight
- Rest
- Exercise
- Diet
- Self confidence
- and Friends.

*Heart is not a basket for keeping tension and sadness.*
*It is a golden box for keeping roses of happiness and sweet memories.*

A nice person will always be in
**Memory**
A better person will always be in
**Dream**
But a sincere person will always be in
**Heart**

***How come all the destructive words begin with the letter "D"??***
***Check this out...***

Disease, Destroy, Delete, Divorce, Disappointment, Death, Disaster, Debt, Disrupt, Demise, Dementia, Depression, Demons, Devil, Dubious, Diarrhea, Demolish, Doubt, Dangerous, Defeat, Desperate, Deform, Dispute, Detention, Drunkard, Dracula, Distress, Disable, Devour, Diabolic, Distrust, Distract, Diabetes, Disagree, Deficit, Difecate, Dismember, Dislocate, Disorganize.

We love ourselves even after making so many mistakes...

Then how can we hate others for their small mistake...??

Distribute your day into 8 + 8 + 8 hours to make a good balance sheet of your life.

8 hrs of honest hard work, 8 hrs of good sleep and 8 hrs should spent on (3Fs, 3Hs and 3S).

3 Fs are Family, friends and faith.
3 Hs are health, hygiene and hobby and
3 S are soul, service and smile!

***This can make a great balance sheet of your Life!!***

Health does not always come from medicine. Most of the time it comes from peace of mind, peace in the heart, peace of soul. It comes from laughter and love.

You don't need someone to complete you. You only need someone to accept you Completely.

***Presentation : Dinesh R. Mehta***



ગેમ્સ ગેલેરી

# નવરાત્રિ સ્પેશિયલ



ભાવના એ. ઝવેરી

મારી માં ના દરબારમાં.... – ગેમ

આપેલ ચિત્રની લાર્જ સાઇઝ ઝેરોક્ષ કરાવી તેની પ્રિન્ટ રમનાર દરેકને પેન સાથે આપો. તેમાં ૧ થી ૯૦ સુધીમાં મનપસંદ નંબર પ્રત્યેક માતાજીના નામ પાસેની ખાલી જગ્યામાં લખી નાખો.

આ થઈ ગઈ તમારી ગેમનો ક્લુ.

હાઉસીનું બોર્ડ અને નંબર લઇ આ ગેમ રમાડો. આ ગેમમાં માતાજીના વીસ નામ લખેલ છે. પાંચ - પાંચના ચાર ગ્રુપમાં નામ લખેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ○ અંબે મા | ○ કાળકા મા | ○ દુર્ગા મા | ○ રત્નપ્રિયા મા | ○ ત્રિપુરા સુંદરી |
| ○ વાઘેશ્વરી | ○ લક્ષ્મી મા | ○ ગાયત્રી મા | ○ જોગમાયા | ○ બુટ ભવાની મા |
| ○ આશાપુરા | ○ ઉમિયા મા | ○ હિંગલાજ મા | ○ સંતોષી મા | ○ મારી મા ને નમન |
| ○ રાંદલ મા | ○ ભવાની મા | ○ શીતલા મા | ○ મા નો જયજયકાર | ○ મારી મા ના |
| ○ ચામુંડા મા | ○ જય માતાજી | ○ ઓમકારીણી મા | ○ ઈંદ્રાણી મા | ○ દરબારમાં.... |

**ગેમ કેવી રીતે રમવી? તેના નિયમ :**

પહેલા પાંચ માતાજીના નામમાં લખેલ નંબર થાય તે વિનર. જવાબમાં : જય હો મા _________ (માતાજીના પાંચેય નામ.) જય માતાજી.

બીજા પાંચમાં જય હો મા ________ (માતાજીના પાંચેય નામ.) મા ને પ્રણામ.

ત્રીજા પાંચમાં જય હો મા ________ (માતાજીના પાંચેય નામ.) મા નો જય જયકાર.

ચોથા પાંચમાં જય હો મા ________ (માતાજીના પાંચેય નામ.) મા ને નમન.

જેના બધા જ નંબર થઈ જાય તે પ્રથમ નંબર અને તેમને મોટી ગિફ્ટ આપવી. તેને જવાબમાં જય હો મા _________ અને હું મારી મા ના દરબારમાં દર્શન માટે પહોંચી ગઈ / ગયો એમ બોલવાનું રહેશે.

રમાડનાર બધાને કંકુનો ચાંદલો કરે. પ્રસાદી આપે. ગિફ્ટ આપે. છેલ્લે સૌ માનો ગરબો ગાય અને રમે.

સૌને જય માતાજી. નમસ્કાર.

*બેન્કર્સ કોલોની, ૬૯/ડી, ઝવેરી વિલા, ગેટ નંબર-૩,*
*જ્યુબિલિ સર્કલ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨*

*પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા, એ કોઈ કહેશો? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?*

ગેમ્સ ગેલેરી

# ગેમ્સ – પઝલ – ક્વિઝ



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## શબ્દ સ્વસ્તિક

### A

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ પ | | |
| | | હે | | |
| ૨ | | લ | | ૩ |
| | | વા | | |
| ૫ | | ન | | |

(૧) જવું તે
(૨) લાંબી વાર્તા
(૩) મૂડી, પુંજી
(૪) દરજ્જો, હોદ્દો
(૫) વાયુ, સમીર

### B

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ પ | | |
| | | ર | | |
| ૨ | | વ | | ૩ |
| | | રિ | | |
| ૫ | | શ | | |

(૧) મિલન, સમાગમ
(૨) ફેરફાર, ક્રાંતિ
(૩) તારાનું ઝુમખું
(૪) ખાટલો, ઢોલીયો
(૫) ઘૂમટની ટોચ, લોટો

### C

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ પ્ર | | |
| | | મા | | |
| ૨ | | ણ | | ૩ |
| | | પ | | |
| ૫ | | ત્ર | | |

(૧) બહાદુરી, પરાક્રમ
(૨) ઉદ્ધારક, ઈશ્વર
(૩) પેટીસ સાથે ખવાતું ચાટ
(૪) મૂર્તિ
(૫) શુદ્ધ, પાવન

### D

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ પા | | |
| | | લ | | |
| ૨ | | ન | | ૩ |
| | | હા | | |
| ૫ | | ર | | |

(૧) ઉત્તર
(૨) ભાગ્યહીન
(૩) બાગ, ઉપવન
(૪) ઝાંઝર, નુપૂર
(૫) સૃષ્ટિ, જગત

### E

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ નો | | |
| | | ક | | |
| ૨ | | રી | | ૩ |
| | | યા | | |
| ૫ | | ત | | |

(૧) ભીખ માંગનાર
(૨) રૂઢી, પરંપરા, માન્યતા
(૩) સંભાળ, સાચવણી
(૪) સૂચના, ચેતવણી
(૫) મજા, આનંદ

### F

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મા | | |
| | | ર્ગ | | |
| ૨ | | દ | | ૩ |
| | | ર્શ | | |
| ૫ | | ક | | |


(૧) હંમેશ માટેનું, કાયમી
(૨) સહાય કરનાર
(૩) દારૂ, મદિરા, આબેહરામ
(૪) દિવાસળીની પેટી
(૫) પાકો રસ્તો

*હિંમત ક્યાંયે ભાડે નથી મળતી અને કોશિશના ક્યાંય કારખાના નથી હોતા, બંને પોતે જ કરવી પડે છે.*


**આ રમતમાં આપેલ ચાવીઓની સહાયતાથી પ્રથમ અક્ષર 'આ' હોય તેવા શબ્દો શોધી ચક્રવ્યૂહની રચનામાં જવાબો ભરો...**

## ચક્રવ્યૂહ

(૧) દૂધ-ખાંડની એક બનાવટ જે મોમાં પાણી લાવે!
(૨) થોડું ઘણું
(૩) ક્રમ કે નિયમ વિનાનું
(૪) પોતાનું ભલું કરવાનો હિત
(૫) આપઘાત કરનાર
(૬) આજ્ઞા આપતું
(૭) પ્રફુલ્લિત
(૮) નામચીન, પ્રતિષ્ઠાવાળું
(૯) બાળકથી માંડીને વૃદ્ધ સુધી
(૧૦) અહેસાનમંદ
(૧૧) જીંદગી પર્યંત
(૧૨) આળસુ
(૧૩) તંદુરસ્તી આપનારું
(૧૪) માનની લાગણી
(૧૫) કમાણી પરનો કર
(૧૬) આવવું ને જવું તે
(૧૭) ટેકારૂપ થાંભલો
(૧૮) અમૃત




**આ રમતમાં _______ની જગ્યાએ આવતા બે અક્ષરો શોધી શબ્દસાથીની રમતમાં જવાબો ભરો**




(૧) _____રત
(૨) _____ચન
(૩) _____ચૂંચૂં
(૪) _____કજા
(૫) _____ગરી
(૬) _____મસ્ત
(૭) _____ખાસ્ત
(૮) _____યન
(૯) _____મણ
(૧૦) _____લીલા
(૧૧) _____વ્રત
(૧૨) _____રડું
(૧૩) _____છાંયો
(૧૪) _____રણી
(૧૫) _____બીર
(૧૬) _____દારૂ
(૧૭) _____ઝોડું
(૧૮) _____યાત
(૧૯) _____લય
(૨૦) _____ફત
(૨૧) _____ઝટ
(૨૨) _____બત
(૨૩) _____રત
(૨૪) _____પાસ
(૨૫) _____રામ

## ચતુર કરો વિચાર : આપેલ ક્લુની મદદથી શબ્દ શોધો

**A** ☐☐☐☐☐

૧. જો પહેલો, ચોથો અને પાંચમો અક્ષર કાઢી, ચોથા અક્ષરની જગ્યાએ 'જો' મૂકીએ તો 'ચાંપતી ઉઘરાણી' મળે.
૨. જો બીજો, ચોથો અને પાંચમો અક્ષર કાઢી, ત્રીજા અક્ષરને માત્રા લગાવીએ તો 'ચૂરો' મળે.
૩. જો પ્રથમ ત્રણ અક્ષર કાઢી તેની જગ્યાએ 'વિ' મૂકીએ તો 'ઓગળી ગયેલું' મળે.

**B** ☐☐☐☐☐

૧. જો પહેલો, ત્રીજો અને ચોથો અક્ષર કાઢી, બીજા અક્ષર પછી 'કા' મૂકીએ તો 'ઈમારત' મળે.
૨. જો પહેલો, બીજો અને પાંચમો અક્ષર કાઢી, બીજા અક્ષરની જગ્યાએ 'સ' મૂકીએ તો 'પ્રાણવાન' મળે.
૩. જો છેલ્લા ત્રણ અક્ષર કાઢી, પહેલા અક્ષરની આગળ 'સં' મૂકીએ તો 'લડાઈ' મળે.

# આંજો કાગર

## 'મંગલ મંદિર'ની પ્રશંસનીય કામગીરી

આખું વિશ્વ હાલે 'કોરોના' મહામારીના કપરા દિવસોમાં ભય અને ટેન્શનમાં જીવી રહ્યું છે. અત્યારના સમયે એની સામે લડવા માટે ન તો કોઈ હથિયાર છે કે નથી કોઈ પ્રકારની વેક્સિન. એનો વ્યાપ કેટલો છે તથા કેટલા સમય સુધી રહેશે તે કોઈને ખબર નથી. છેલ્લા છ મહિનાથી માનવી ખૂબ જ કપરી પરિસ્થિતિમાં મૂકાઈ ગયો છે. નથી કોઈ માનવી એકબીજાના સંપર્કમાં આવી શકતા, કે નથી આવશ્યક ઘર વપરાશની વસ્તુઓ સહેલાઈથી મેળવી શકતા! લોકો ફક્ત ભયના માહોલમાં જીવી રહ્યા છે. લોકોની આજીવિકા પણ બંધ થઈ ગઈ છે.

આવી કપરી પરિસ્થિતિમાં પણ 'મંગલ મંદિર'ના તંત્રીશ્રી તથા સમાજના કાર્યકરો અને કર્મચારીઓ આ ભયંકર મહામારીમાં પણ પોતાની પરવા કર્યા વગર સૈનિકોની જેમ ઝઝુમી રહ્યા છે, જે અભિનંદનને પાત્ર છે.

આવી ભયંકર સ્થિતિની વચ્ચે 'મંગલ મંદિર'ના તંત્રીશ્રીઓએ મહા મહેનત સાથે 'મંગલ મંદિર'ને તંદુરસ્ત રાખ્યું છે તે એક ખૂબ જ સરાહનીય બાબત છે. દરેક લેખકો, કવિઓ પણ સરસ રીતે પોતપોતાની કૃતિઓ રજૂ કરી રહ્યા છે અને 'મંગલ મંદિર'ના માધ્યમથી આપણા સુધી પહોંચાડી રહ્યા છે. એ માટે સર્વેને ધન્યવાદ. સમાજના કાર્યકર્તાઓ પણ મૂક સેવકોની જેમ કોઈ પણ અપેક્ષા વગર સેવા કાર્ય આગળ ધપાવી રહ્યા છે.

ઓનલાઈન પર કામ કરવું એ પણ ખૂબ જ કપરું કાર્ય છે. 'મંગલ મંદિર'ની સફળતાનો શ્રેય દિનેશભાઈ મહેતા અને શ્રી પ્રતાપભાઈ દંડને જાય છે. તેઓ મુખપત્રના માધ્યમથી કોરોનાની એક એક માહિતી નિયમિત આપ્યા જ કરે છે, એ આપણા સમાજ માટે ખૂબ જ ગૌરવની વાત છે. તે પ્રકારની માહિતીથી કોરોનાની ગતિવિધિ જાણી શકાય છે.

'મંગલ મંદિર'ના દરેક શિલ્પીઓ અને તંત્રીશ્રીઓને મારા હજારો સલામ. એ લોકોને કઈ રીતે નવાજુ, એ માટે મારી પાસે શબ્દો જ નથી.

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ગોધરા ગામ ખાતે

### શ્રી કચ્છ ગોધરા વીશા ઓશવાળ જૈન કલ્યાણ કેન્દ્ર સંચાલિત માતુશ્રી જેઠીબાઈ દેવરાજ ધારશી ગંગર ભોજનાલય

ગોધરા શ્રી કચ્છી વીશા ઓશવાળ જૈન મહાજનના ઉપક્રમે માતુશ્રી જેઠીબાઈ દેવરાજ ધારશી ગંગર પરિવારના સહયોગે નૂતનીકરણ પામેલ શ્રી ખીમજી રણશી છેડા પ્રેરિત અને વર્ષો પૂર્વે લક્કી ડ્રો યોજના અંતર્ગત નામાભિધાન પામેલ માતુશ્રી લક્ષ્મીબેન નાનજી નાગશી છેડા ભોજનાલયનું સ્નાત્ર પૂજા તથા પ્રભુ ભક્તિ સાથે તાજેતરમાં ગોધરા - કચ્છ ખાતે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

નૂતનીકરણ પામેલ ભોજનશાળાના જમીન તથા છેલ્લા ૧૩ વર્ષથી ભોજન - સાધર્મિક ભક્તિના દાતા પરિવાર સંઘમાતા અ.સૌ. પુષ્પાબેન વિનોદભાઈ દેવરાજ ધારશી ગંગર પરિવારે સ્વખર્ચે મહાજનશ્રીના આદેશથી નૂતનીકરણ કરાવી આપતાં આ સમારોહનું આયોજન થયું હતું.

ચાતુર્માસ સ્થિત મુખ્યા પ્રવર્તિની સુસાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા ગોધરારત્ના સુસાધ્વી શ્રી જિન પ્રભાશ્રીજી મ.સા.ના સાંનિધ્યે વિધ વિધ કાર્યક્રમો તથા અનુષ્ઠાનો ગોધરા - કચ્છ ખાતે યોજાયા હતા.

આ અવસરે મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ ખાસ પધારીને નિશ્રા પ્રદાન કરેલ હતી. અવસરોચિત પ્રાસંગિકમાં સાધર્મિક ભક્તિના મહિમાનું વર્ણન રજૂ કર્યું હતું. માંડવી પંથકના શ્રી સંઘો અને એક સમયના ગોધરા મહાજનશ્રીએ ભોજનશાળાની પહેલ કરીને આ આયોજનમાં સૌપ્રથમ અગ્રેસરતા કરી હતી. **દાતા પરિવારશ્રીના શ્રીમાન શ્રેષ્ઠીવર્યશ્રી વિનોદભાઈ ગંગર પરિવાર ગામ - ગુરૂ - શાસન પ્રત્યે ઉદાર ભાવનાઓ રાખી સતત સુકૃતની ગંગા વહાવી મહાન લાભ લઈ રહ્યા છે.** તેને અનુલક્ષીને તરતમાં આવનાર આવાસ યોજનાના ઉદ્‌ઘાટન પ્રસંગ પૂર્વે શ્રી પુણ્ય વિનોદ ગુણોદય તીર્થ સંકુલમાં ૪ ડિસેમ્બર, કારતક વદ-૫ ના ગુરૂ ગુણોદયજીના પ્રતિષ્ઠા પ્રસંગની જાહેરાત કરવામાં આવી હતી.

આ અવસરે પ્રવર્તિની સુસાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી થયેલ ૪૫ આગમના છોડના ઉદ્યાપનના લાભાર્થી અ.સૌ. કુસુમબેન ટેકચંદભાઈ જેઠાલાલ શાહ પરિવારનું કારતક વદ ૧-૨-૩ દરમિયાન ઉદ્યાપન થનાર છે તેવું યાદીમાં જણાવવામાં આવેલ હતું.

મહાજનશ્રીના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈએ મહાજનશ્રી વતી સંઘમાતા પુષ્પાબેન વિનોદભાઈ ગંગર પરિવારનું બહુમાન કરેલ તથા શ્રીમાન ટેકચંદભાઈએ પણ દાતા પરિવારનું બહુમાન કર્યું હતું. આ અવસરે વસંતભાઈએ પોતાના સુમધુર કંઠે સ્નાત્રપૂજા ભણાવેલ હતી.

*રજૂકર્તા : રમણિકલાલ કે. ગોસર*

## કચ્છ ગોધરા ગામ ખાતે સદ્‌ગતશ્રી શાંતિલાલભાઈ નાગડાના સ્ટેચ્યુની અનાવરણ વિધિ કરવામાં આવી

કચ્છ - ગોધરા અંબેધામ ટ્રસ્ટના સ્થાપક મૂળ ગોધરા, હાલે મુંબઈ સ્થિત શાંતિલાલ ખેતશીભાઇ નાગડાનું આજથી એક વર્ષ પૂર્વે આસો સુદ-૧ ના અવસાન થયેલ. તેમની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મુંબઈ વસતા તેમના પરિવારજનોએ સદ્‌ગતશ્રીનું એક સ્ટેચ્યુ તૈયાર કરાવીને ગોધરા ખાતે અંબેધામના પ્રાંગણમાં જ્યાં તેમને અગ્નિદાહ અપાયેલ તે જ સ્થળે મુકવાની વિધિ તા. ૧૭-૧૦-૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી. આ સ્મૃતિ પ્રસંગે મુંબઈથી વિધિવિધાન માટે હર્ષ દેઢિયા તથા સદ્‌ગતશ્રી શાંતિભાઈના પરિવારજનો ખાસ ગોધરા ગામે પધારેલા હતા. સદ્‌ગત શ્રી શાંતિલાલભાઈ પરિવારના સતત સાથ - સહકારના કારણે ગોધરા અંબેધામ ટ્રસ્ટે તેમની સ્મૃતિમાં આ સ્ટેચ્યુની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો હતો. સ્ટેચ્યુની અનાવરણ વિધિના સમયે **દીપ પ્રાગટ્ય માટે ગોધરા ગામના ૧૮ આલમના પ્રતિનિધિઓને સ્ટેજ પર બોલાવવામાં આવ્યા હતા. આ રીતે સંયુક્ત રીતે પ્રારંભિક વિધિ કરાવીને કોમી એકતાની લાગણીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું હતું.** સંગીતપ્રેમી સદ્‌ગતશ્રી શાંતિભાઈના માનમાં ૧૧ ઢોલી વાદકોએ તે સમયે ઢોલવાદ કરીને સદ્‌ગતશ્રીને એક અનોખી રીતે 'સલામી' આપી હતી. ત્યારબાદ શાંતિભાઈના પરિવારજનોનું અંબેધામ ટ્રસ્ટ તથા ગોધરા મહાજન દ્વારા ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી શાંતિભાઈ અને તેમના પરિવારજનો ગોધરા ગામ સાથે હંમેશાં નિકટથી સંકળાયેલા રહ્યા છે. જ્યારે જ્યારે ગામમાં કોઈપણ જ્ઞાતિ - સમાજ દ્વારા સામાજિક, ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવે છે ત્યારે તેમના પરિવાર તરફથી તન-મન-ધનથી સંપૂર્ણ સહયોગ આપવામાં આવે છે.

સદ્‌ગતશ્રીના સ્ટેચ્યુની અનાવરણ વિધિના ઉપલક્ષ્યમાં આખા ગામ પરિવારજનોને સ્ટીલના ડબ્બા સાથે સાકરની પ્રભાવના કરવામાં આવી હતી અને સમૂહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે સદ્‌ગતશ્રી શાંતિલાલભાઈ અને તેમના પરિવારજનો તરફથી ગોધરા ગામ પ્રત્યે હંમેશાં ભાવપૂર્ણ લાગણી બતાવવામાં આવે છે. જેની ગામલોકો ખૂબ પ્રશંસા કરતા હોય છે.

આ પ્રસંગે મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તથા ગોધરા ગામ ખાતે ચાતુર્માસ બિરાજમાન મુખ્યા પ્રવર્તિની સુ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સુ.સાધ્વીશ્રી જિનપ્રભાશ્રીજી મ.સાહેબે ઉપસ્થિત રહીને આશિષ વચન ફરમાવેલ.

*રજૂકર્તા : રમણિકલાલ કે. ગોસર*

## લઘુકથા : સુખડી

પેટે પાટા બાંધીને એણે એને ભણાવ્યો હતો. એનું નામ પ્રતિષ્ઠિત વ્યક્તિમાં બોલાતું હતું. એનો જન્મદિવસ હોવાથી હંમેશની જેમ સુખડી તૈયાર થઈ રહી હતી. સૌથી પહેલા તો કડાઈમાં પુત્રપ્રેમ નખાયો. લોટ નખાયો, ગોળ નખાયો, ઘી નાખવા જતી જ હતી ત્યાં જાણે બળતામાં ઘી હોમાયું ના હોય! એમ દીકરાએ આવીને કહ્યું, 'બા, સાંજે મારા મિત્રો આવવાના છે. એટલે તારો સુખડીનો ડબ્બો એકબાજુ રાખજે હોં!' પત્નીને ઉદ્દેશીને કહ્યું, 'બર્થ ડે સેલિબ્રેશનમાં બા બહાર આવીને કોઈ ભાંગરો ન વાટે હોં!' બાએ શાંતિપૂર્વક કહ્યું, 'બેટા, ચિંતા નહીં કર, હું બહાર જ નહીં નીકળું.' એમને લાગ્યું કે સુખડીના સુખના દી પૂરા થયા.

સાંજે મિત્રો આવી પહોંચ્યા. પતિ-પત્નીએ ભવ્ય સ્વાગત કર્યું. કેક કપાઈ. બધાના મોઢા સુધી વહેંચાઈ ખરી, પણ જેના થકી એ આ સ્થાન પર પહોંચ્યો હતો એની જ અવગણના હતી. મિજબાની દરમિયાન એક મિત્રની નજર સામેની દીવાલ પર પડી. ફોટો ફ્રેમ જોવા મળી. અરે! આ તો એ જ બેન છે, જે મને સુખડી વહાલથી આપતા. અરે યાર! શું તું એમનો દીકરો છે? ક્યાં છે એ?' પ્રશ્નોની ઝડી વરસી.

પવનના એક ઝપાટે સામેનું બારણું ખૂલી ગયું. બા અંદર જોવા મળ્યા. બાજુમાં સુખડીનો ડબ્બો પડ્યો હતો. સુખડીના ડબ્બાને પેલો મિત્ર બરાબર ઓળખી ગયો. એ મિત્રની સાથે બધા જ મિત્રો બારણા તરફ ધસી ગયા. બાજુમાં પડેલ સુખડીનો ડબ્બો લીધો. સુખડી આરોગી. બા સાથે મિત્રોએ ફોટા પાડ્યા. પતિ-પત્ની ભોંઠપ સાથે એકલા અટુલા સામેની લાઇનમાં ઊભા હતા. બાએ એમને પણ બોલાવ્યા. છપ્પન જાતના સ્વાદિષ્ટ ભોગને કોરાણે મૂકીને સુખડીનો વિજય થયો હોય એવું બંનેને લાગ્યું.

*રસેશ રાવલ - બાડા, કચ્છ*
*મો. ૮૪૬૯૪ ૩૭૯૪૯*

*નિદ્રા એટલે કરેલી ભૂલોની સમાપ્તિ*
*અને સવાર એટલે બાકી રહેલી જિંદગીનો પહેલો દિવસ.*

## NanoNine® શબ્દ રમત-૧૬૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૨એ | | | ૩ | | ૪ | | ૫ | |
| | | ૬ | | | ૭ | | | ૮ | | | |
| ૯ | ૧૦ | ૧૧ | | ૧૨ | | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | | | | | | | | ૧૬ | ૧૭ | | |
| | | | ૧૮ | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | |
| ૨૨ | | ૨૩ | | ૨૪ | | | ૨૫ | ૨૬ | | | ૨૭ |
| | ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ | | | | | |
| ૩૨ | | ૩૩ | | | | | | | | ૩૪ | |
| ૩૫ | ૩૬ | | | | ૩૭ | | ૩૮ | | | ૩૯ | |
| | | | ૪૦ | ૪૧ | | | ૪૨ | | | ૪૩ | |
| ૪૪ | | | ૪૫ | | | ૪૬ | | | ૪૭ | | |
| ૪૮ | | | | | | | | ૪૯ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. છોકરાં - છોકરીઓને સાથે શિક્ષણ આપવું તે (૫)
૨. શિક્ષા, કેળવણી, બોધ (૩)
૩. આશ્રય, હૂંફ, સહાય (૩)
૫. ગુંજાશ, શક્તિ (૨)
૬. રેતીનું મેદાન કે પ્રદેશ (૨)
૭. તંતુ, રેસો, વાયર (૨)
૮. જરૂરનું, અગત્યનું (૩)
૯. નારી, મહિલા, સ્ત્રી (૩)
૧૨. ઉપેક્ષા, અવજ્ઞા (૫)
૧૪. માનતા, આખડી, વિઘ્ન (૨)
૧૫. ગાવાની ઢબ (૩)
૧૬. મહારાષ્ટ્રની મોહમયી નગરી ____ (૩)
૧૮. એક અપ્સરા, શકુંતલાની માતા (૩)
૨૨. દાન, પુણ્ય, સખાવત (૩)
૨૪. જકાત, વેરો, ટેક્સ (૨)
૨૫. બંગાળની એક પ્રસિદ્ધ દૂધની વાનગી (૫)
૨૮. ભૂમિ, ધરણી, ધરા (૩)
૩૦. શિવજીનો વાર (૪)
૩૩. બોરનું ઝાડ (૩)
૩૪. મયુર, સુંદર પક્ષી, આંબાના ફૂલ (૨)
૩૫. કાદવમાં ખીલતું પુષ્પ (૩)
૩૭. ઈલાજ વગરનું, લાચાર (૪)
૩૯. મર્યાદા, સીમા, છેડો (૨)
૪૦. નમ્રતા, સભ્યતા, વિવેક (૩)
૪૩. નમેલું ____ મસ્તક (૨)
૪૪. પાણી, વારિ (૨)
૪૫. ખૂબતર, પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
૪૬. દહીં - દૂધ પરની મલાઈ (૨)
૪૭. અને, તેમ, તમા (૨)
૪૮. રામે જેના એઠાં બોર ખાધા તે (૩)
૪૯. આંખમાં આંજવાની મેશ (૩)

### ઊભી ચાવીઓ

૧. દાન, ખેરાત, ઉદારતા (૪)
૨. માથાનો મુગટ (૪)
૨એ. સેકન્ડનો ૪/૫ ભાગ (૨)
૩. એક શાકની સીંગ (૪)
૪. દરરોજનો હિસાબ લખવો (૪)
૫. નિર્ધનતા, કંગાલીયત (૪)
૭. શરીર તપી જવાનો રોગ, જ્વર, ફીવર (૨)
૧૦. નિર્દોષ, દોષ વિનાનું (૫)
૧૧. મુગટ, રાજમુગટ (૨)
૧૨. ઓચિંતું, એકાએક (૪)
૧૩. જમા-ઉધારનો હિસાબ, વર્ણન, ઈતિહાસ (૨)
૧૪. કોઈપણ સ્ત્રી, સાસુ, નોકરડી (૨)
૧૭. એક સૂકો મેવો જે બુદ્ધિ વધારે (૩)
૧૯. મનસુબો, યુક્તિ, હિકમત (૩)
૨૦. દરકાર, કાળજી, તમા (૩)
૨૧. પૈસો, કિંમત, મૂલ્ય (૨)
૨૩. તદ્દન પલળી ગયેલું (૪)
૨૬. કમળ, સારસ (૪)
૨૭. ઈશ્વર તરફથી મળેલું, કુદરતી (૫)
૨૯. શર, બાણ (૨)
૩૧. દૂધની તર, ક્રીમ (૩)
૩૨. અપરાધ, દોષ, ગુનો (૨)
૩૪. ચણાના લોટથી બનતી મિષ્ટાન્ન (૫)
૩૬. હેતુ, સ્વાર્થ ____ નિકલ ગયા તો પહચાનતે નહીં (૪)
૩૭. હાથ નીચેનું, સહાયક, ડેપ્યુટી (૩)
૩૮. નિરૂપાય, વિવશ, ગરીબ (૩)
૪૦. વિત્ત, ધન, ____ મંત્રી (૨)
૪૧. સ્વર્ગથી ઊલટું (૩)
૪૨. 4 ફોર ઘાસચારો (૨)
૪૪. યશ, કીર્તિ (૨)
૪૬. શરીર, દેહ (૨)
૪૭. એક તીખો તેજાનો (૨)

*નિંદા અને ટીકાથી વ્યગ્ર ન બનો. જે વૃક્ષ પર મીઠાં ફળ હોય તેને જ વધારે પથ્થર મારવામાં આવે છે.*

*તે જ રીતે નિષ્ફળ કે સામાન્ય માણસની કોઈ ટીકા કરતું નથી. જે કાર્યશીલ છે, સફળ છે તેને જ ટીકાનો સામનો કરવો પડે છે.*

## NanoNine® શબ્દ રમત-૧૬૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ | બ્દ | વે | ધી | | રં | ગ | રે | જ | | જ | પ |
| બ | | દ | ર | ગુ | જ | ર | | ગ | ભ | રા | ટ |
| ન | ફો | | જ | પ્ત | | દ | ર | દી | | | શ |
| મ | જ | લો | | ચ | મ | ન | | રા | ત | રા | ણી |
| | દા | | મ | ર | દ | | વિ | | જ | જ | |
| સો | ર | ઠ | | | નિ | રા | હા | રી | | મા | લા |
| દા | | | દ | નિ | યું | | ર | ત | | તા | ન |
| ગ | | શા | ર | દા | | આ | | ભા | લ | | ત |
| ર | તી | | જી | ન | | સો | ગા | ત | | | |
| | રં | જ | | | ક | | ફે | | | સં | ત |
| | દા | | તો | | મ | હા | લ | ય | | ગ | લ્લા |
| રો | જ | ગા | ર | | રો | મ | | | ચા | ત | ક |

*માસ ઓક્ટોબર-૨૦૨૦ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૬૪નો બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | સરલા શાહ | – અમદાવાદ |
| ૨. | અરવિંદ ભટ્ટ | – અમદાવાદ |
| ૩. | ચંદ્રકાંત લોડાયા | – અમદાવાદ |
| ૪. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૫. | દમયંતી દંડ | – અમદાવાદ |
| ૬. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૭. | વર્ષા પારેખ | – અમદાવાદ |
| ૮. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૯. | પ્રભા શેઠિયા | – વલસાડ |
| ૧૦. | હસ્તી ઠાકર | – ભુજ |

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

સરલા શાહ – અમદાવાદ

**શબ્દ રમત-૧૬૩ : સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારનું નામ**

૧. હર્ષ પ્રતીક પારેખ – સિકંદ્રાબાદ

## તત્પર રહેજો


*તમારા પાસા અવળા પડે ત્યારે મનમાં કડવાશ ઘોળશો નહીં,*


*જે કાર્યો સફળતાપૂર્વક પાર પડ્યા છે તેને માટે ઈશ્વરનો અંતઃકરણપૂર્વક આભાર માનજો.*


*જેમણે તમને દુઃખ પહોંચાડ્યું છે તેવા લોકોને સત્વરે ભૂલી જજો, જેમણે તમને મદદ કરી છે તેવા લોકોને જ યાદ રાખજો.*

*તમને દસે દિશાઓમાંથી જે કંઈ સારું આવી મળ્યું છે, તેને અનેકગણું કરીને પરત કરવા માટે તત્પર રહેજો.*

## ગેમ્સ - પઝલ - ક્વિઝના જવાબો







## NanoNine® Sudoku

**ઑક્ટોબર-૨૦૨૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૨૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | ફાલ્ગુની હીરેન શાહ | – અમદાવાદ |
| ૨. | અરવિંદ ભટ્ટ | – અમદાવાદ |
| ૩. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૪. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૫. | ઉષ્મા શાહ | – અમદાવાદ |
| ૬. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૭. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૮. | પ્રભા શેઠિયા | – વલસાડ |

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

સ્મિતા શાહ – અમદાવાદ

**સુડોકુ-૧૧૨૧ ● ઑગસ્ટ-૨૦૨૦ સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | પ્રતિમા શાહ | – અમદાવાદ |
| ૨. | યશ પારેખ | – સિકંદ્રાબાદ |

*હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે*
*અમૂલ્ય રત્ન જેવી બે આંખો,*
*આનંદની બંસરી બજાવી શકાય એવું મુખ છે.*
*પૈસાથી ખરીદી ન શકાય એવી તંદુરસ્તી છે.*
*હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે.*

*આકાશમાં સૂર્ય છે, માથા પર છાપરું છે.*
*મારા હાથને કામ મળી રહે છે.*
*ખાવાપીવાની ખેંચ નથી,*
*અને મારી આસપાસ,*
*પ્રેમ કરી શકું એવા માણસો છે.*
*હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૨૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૨૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | | 3 | 7 | | | 4 |
| | | 6 | | | 2 | | | 9 |
| | | 1 | 6 | | | | 5 | 2 |
| | | 8 | | 1 | 5 | | 9 | |
| 1 | 6 | | | | | | 4 | 5 |
| | 5 | | 3 | 2 | | 1 | | |
| 3 | 1 | | | | 8 | 4 | | |
| 6 | | | 7 | | | 9 | | |
| 8 | | | 9 | 6 | | | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | 8 | 4 | | 2 |
| 9 | 4 | | | | 6 | | | |
| 3 | | | | 5 | | 6 | 1 | |
| | | | 5 | 6 | | 2 | | |
| 1 | 3 | | | | | | 4 | 7 |
| | | 2 | | 4 | 7 | | | |
| | 6 | 9 | | 2 | | | | 4 |
| | | | 9 | | | | 2 | 6 |
| 2 | | 1 | 6 | | | 7 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 3 | | | | | |
| | | | | 9 | 5 | | | |
| 5 | 6 | | 4 | | | | 7 | |
| 1 | 5 | | 6 | | | 3 | | |
| | | 6 | | 7 | | 4 | | |
| | | 2 | | | 9 | | 8 | 1 |
| | 3 | | | | 1 | | 6 | 8 |
| | | | 2 | 5 | | | | |
| | | 5 | | | 3 | | 4 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 4 | | | 2 | 7 | | |
| | 2 | | | | | | 4 | 8 |
| 6 | | | 8 | | 4 | | | 2 |
| 9 | 5 | 6 | | | | 8 | | |
| | | | 1 | 5 | 6 | | | |
| | | 2 | | | | 5 | 6 | 4 |
| 8 | | | 6 | | 3 | | | 5 |
| 5 | 9 | | | | | | 1 | |
| | | 7 | 5 | | | 3 | 8 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૨૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 7 | 8 | 5 | 1 | 3 | 4 | 2 |
| 1 | 8 | 5 | 3 | 4 | 2 | 9 | 6 | 7 |
| 3 | 4 | 2 | 9 | 6 | 7 | 8 | 1 | 5 |
| 4 | 7 | 1 | 2 | 3 | 5 | 6 | 8 | 9 |
| 5 | 3 | 8 | 6 | 1 | 9 | 2 | 7 | 4 |
| 2 | 6 | 9 | 7 | 8 | 4 | 1 | 5 | 3 |
| 8 | 5 | 6 | 4 | 9 | 3 | 7 | 2 | 1 |
| 9 | 2 | 4 | 1 | 7 | 8 | 5 | 3 | 6 |
| 7 | 1 | 3 | 5 | 2 | 6 | 4 | 9 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 8 | 1 | 5 | 4 | 6 | 7 | 9 |
| 1 | 9 | 4 | 7 | 8 | 6 | 5 | 3 | 2 |
| 5 | 6 | 7 | 9 | 3 | 2 | 1 | 8 | 4 |
| 6 | 8 | 9 | 5 | 1 | 7 | 4 | 2 | 3 |
| 4 | 2 | 1 | 3 | 6 | 8 | 9 | 5 | 7 |
| 7 | 5 | 3 | 2 | 4 | 9 | 8 | 6 | 1 |
| 9 | 7 | 6 | 4 | 2 | 5 | 3 | 1 | 8 |
| 3 | 4 | 5 | 8 | 7 | 1 | 2 | 9 | 6 |
| 8 | 1 | 2 | 6 | 9 | 3 | 7 | 4 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 4 | 9 | 1 | 5 | 6 | 2 | 3 |
| 3 | 6 | 1 | 7 | 2 | 4 | 5 | 9 | 8 |
| 5 | 2 | 9 | 8 | 6 | 3 | 4 | 1 | 7 |
| 4 | 5 | 3 | 2 | 8 | 6 | 1 | 7 | 9 |
| 8 | 1 | 6 | 3 | 7 | 9 | 2 | 4 | 5 |
| 2 | 9 | 7 | 4 | 5 | 1 | 3 | 8 | 6 |
| 6 | 4 | 2 | 5 | 9 | 7 | 8 | 3 | 1 |
| 1 | 7 | 8 | 6 | 3 | 2 | 9 | 5 | 4 |
| 9 | 3 | 5 | 1 | 4 | 8 | 7 | 6 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 6 | 9 | 4 | 2 | 8 | 1 | 7 |
| 2 | 7 | 8 | 3 | 6 | 1 | 5 | 4 | 9 |
| 4 | 1 | 9 | 8 | 7 | 5 | 6 | 2 | 3 |
| 5 | 3 | 4 | 1 | 9 | 6 | 2 | 7 | 8 |
| 1 | 6 | 2 | 7 | 5 | 8 | 9 | 3 | 4 |
| 8 | 9 | 7 | 2 | 3 | 4 | 1 | 5 | 6 |
| 9 | 4 | 1 | 6 | 2 | 3 | 7 | 8 | 5 |
| 7 | 2 | 3 | 5 | 8 | 9 | 4 | 6 | 1 |
| 6 | 8 | 5 | 4 | 1 | 7 | 3 | 9 | 2 |



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં જોકો કાનજી રેતો સે રોજ કથા સુણેલા વેનેતો... પણ અજતા જબરી ગાલ થઈ. કાનજી કથામેંજા પાછો અચે ને તેરંઇ પંઢજી ઘરવાળી રાધાકે ઉપાડે ગેણે. રાધા શરમાજે વઇ ને નીચે ઉતારેલા કે ધમપછાડા કે વધે. મુંકે કી સમજ ન પઇ ક કાનજી હેડો કુલા કેં... સે જરા તપાસ ત કરે અચ.

બચુડો : (તપાસ કે ને ચેં) અજ મહારાજ કથામેં ચ્યાંવા ક 'તમારું દુઃખ — તમારી પીડા તમારે જાતે જ ઉઠાવવું પડશે' — અતરે પોય કાનજી ઘરે અચેને રાધાકે ઉપાડે ગેણે.

## ખિલજા મ ભલા

શિક્ષક : જે જીનિયસ હોય તે જવાબ આપે.
૧... ૨... ૩... ૪... પછી શું?

જાનુ : પાંચ.

ગનુ : ખરો જવાબ છે.... 'ગણપતિનો જય જયકાર.'

☺ ☺ ☺ ☺ ☺

છોકરો : ચાહુંગા મૈં તુજે સાંજ સવેરે...

છોકરી : અને બપોરે...?

છોકરો : બપોરે ૧ થી ૪ બધું બંધ. બસ ઊંઘવાનું હોય. સાંભળ્યું નથી આ રાજકોટ છે!

☺ ☺ ☺ ☺ ☺

ચમન : વરસાદને કબજિયાત થઈ ગયો લાગે છે. વાદળા બંધાય છે પણ પ્રેશર નથી આવતું...

મગન : કોઈને કહ્યું હતું કે કાયમ ચૂર્ણ આપી આવે. પણ તેણે તો હવાબાણ આપી લાગે છે. હવે તેજ હવા આવે છે.

☺ ☺ ☺ ☺ ☺

કાલુ : તેરે પ્યારમેં બરસો સે હું પ્યાસા...

માલુ : (ઊભો રહે કહી) ટોટી મોંમાં ખોસીને નળ ચાલુ કરી દીધો.

☺ ☺ ☺ ☺ ☺

મોહિત : મને એક વાતની બહુ નવાઈ લાગે છે.

સોહન : શેની?

મોહિત : જ્યારે દૂધવાળા હડતાલ કરે છે તો દૂધ સડકો પર ઢોળી નાખે છે. શાકભાજીવાળા હડતાલ કરે છે તો શાકભાજી સડકો પર ફેંકી દે છે.
તો પછી હડતાલ પર ઉતરેલા સોનીઓ કેમ અંચઈ કરે છે?!

☺ ☺ ☺ ☺ ☺

ચુનિયો : તારી સૌથી મોટી કમનસીબી કઈ?

મનિયો : જેને જોવા માટે જિંદગીભર ટળવળતો રહ્યો અને જે દિવસે દેખાણા તે દિ ચશ્મા ઘરે ભૂલી ગયો હતો!!

☺ ☺ ☺ ☺ ☺

જેઠાલાલ : મને સમજાતું નથી કે આવું કેમ થાય છે?

તારક : શું નથી સમજાતું?

જેઠાલાલ : લોકો અસ્વચ્છ પાણીથી ભરેલી પાણીપૂરી ખાય છે. કોકાકોલા અને પેપ્સીનું ઝેર પૈસા ખર્ચીને પેટમાં રેડે છે. સિગારેટ ફૂંકે છે... તમાકુ ચાવે છે, માવા ખાઈ પિચકારીઓ મારે છે, જ્યાં ધૂળ ઉડતી હોય ત્યાં જ ઊભા રહી ભાજીપાંઉ ખાય છે. ગમે તેવા તેલમાં તળેલા વડા - ભજિયા કચોરી સમોસા ખાય છે...

તારક : ખબર ના પડી...

જેઠાલાલ : ડૉક્ટર કોઈ દવા લખી આપે તો તરત પૂછે છે, આની કોઈ આડઅસર તો નથી ને?

☺ ☺ ☺ ☺ ☺

ચંગુ : લોકડાઉનમાં શું કરતો હતો?

મંગુ : બ્રેકફાસ્ટ, લંચ, ડિનર અને પછી સ્કોચ...

ચંગુ : વાહ, વાહ... તારે તો જલસા પડી ગયા. બહુ મોંઘી દારુ!

મંગુ : એવું નથી. સ્કોચ બ્રાઇટથી વાસણ માંજતો હતો.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : રોજ સવારે તમે પ્રભુને કઈ પ્રાર્થના કરો છો?

પતિ : હે પ્રભુ, મારા જેવી પત્ની બધાને મળે.

પત્ની : સાચ્ચે જ આવી પ્રાર્થના કરો છો?

પતિ : હા... હું જ કેમ દુઃખ ભોગવું... હું એકલો જ શા માટે દુઃખી થાઉં?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : હું કેવી લાગું છું?

પતિ : આ સવાલ છે કે પછી ધમકી?!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# સમાજ દર્પણ

## પુત્રી જન્મ

**અભિનંદન**

- **શનિવાર, તા. ૧૨-૦૯-૨૦૨૦**
  **ચિ. ક્રિષિકા રીચા-નીલય પ્રફુલ છેડા (નાની ખાખર - અમદાવાદ)**

## અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **રવિવાર, તા. ૨૦-૯-૨૦૨૦**
  **જશોદાબેન શિવજીભાઈ વેલજી નાગડા (ઉં.વ.-૮૨)**
  **(ગોએરસમા, અમદાવાદ)**
- **ગુરૂવાર, તા. ૧૫-૧૦-૨૦૨૦**
  **જવેરબેન લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ (માલદે) (ઉં.વ. ૮૨)**
  **(કચ્છ – કોડાય, અમદાવાદ)**
- **શનિવાર, તા. ૨૪-૧૦-૨૦૨૦**
  **રોહિત કુલીનકાંત લોડાયા (ઉં.વ. ૭૦) (નલીયા, અમદાવાદ)**

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

★ રૂા. ૬૪,૦૦૦/-
શ્રીમતી જશવંતીબેન તલકશીભાઈ ભેદાના સ્મરણાર્થે હ. શ્રીમતી જાનવી કેતન ભેદા (કચ્છ ગોધરા, હાલ મુંબઈ)
શ્રીમતી પાર્વતીબેન ત્રિકમદાસ ભાનુશાલી હ. દેવીદાસ તથા સતીષ જ્ઞાનચંદ ભાનુશાલી (કચ્છ બેરાચીયા, અમદાવાદ)
શ્રીમતી મધુરીબેન નવીનચંદ્ર હીરજીભાઈ શાહ (કચ્છ લાલા, હાલ વેરાવળ) હ. ખુશ તથા યશ તરફથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં નીચે જણાવેલ મશીન માટે...

શ્વાસોચ્છવાસની તકલીફથી પીડાતા દર્દીઓ માટે એક અમેરિકન કંપનીનું ૫ લીટર કેપેસિટી ધરાવતું આધુનિક ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન કે જેમાં સિલિન્ડર બદલવાની જરૂર નથી. જે હવામાંથી ઓક્સિજન ખેંચે છે. જેથી તેને ઑપરેટ કરવું સરળ રહે છે. એમ.ડી. ડૉક્ટરની સલાહ મુજબ ૦.૫૦થી ૫ લીટર પ્રતિ મિનિટ પ્રમાણે ઑક્સિજન સપ્લાય કરી શકે છે.

*ઉપરોક્ત સૌજન્યનો સ્વીકાર કરી, સંસ્થા, દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

★ રૂા. ૫,૦૦૦/-
શ્રીમતી રતનબેન મનુભાઈ શેઠ (કાંડાગરા) તરફથી લાઈબ્રેરીને સપ્રેમ ભેટ મળેલ છે.
હ. શ્રી જયપ્રકાશ મનુભાઈ શેઠ, શ્રી કમલેશ મનુભાઈ શેઠ

★ અ.સૌ. રીચા નીલય પ્રફુલ કલ્યાણજી છેડાના ઘેર પુત્રી જન્મની ખુશાલીમાં પરિવાર તરફથી સંસ્થાને નીચે મુજબ ભેટ મળેલ છે.

- ભાવના પ્રફુલ કલ્યાણજી છેડા તરફથી....
  રૂા. ૧૦૦૧/- મંગલ મંદિર ખાતે
  રૂા. ૧૦૦૧/- શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે
- સ્નેહા પ્રફુલ કલ્યાણજી છેડા (યુ.એસ.એ.) તરફથી...
  રૂા. ૧૦૦૧/- શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે
  રૂા. ૧૦૦૧/- શૈક્ષણિક સહાય ખાતે
- જવેરબેન લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ (કોડાય) તરફથી...
  રૂા. ૧૦૦૧/- ડાયાલિસિસ સેન્ટર ખાતે

★ શ્રી મનસુખભાઈ છગનલાલ સોની - લીંબડી તરફથી તબીબી સહાય ખાતે નીચે મુજબ દાન મળેલ છે :
રૂા. ૨,૦૦૦/- શ્રી લાલદાસજી બાપુ
રૂા. ૨,૦૦૦/- શ્રી બાલકૃષ્ણદાસજી બાપુ
રૂા. ૧,૧૦૦/- શ્રી મોટા મંદિર - લીંબડી

★ રૂા. ૧,૫૦૦/- : માતુશ્રી જવેરબેન લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ (કોડાય)ના આત્માના શ્રેયાર્થે ડૉ. તુષાર લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ તરફથી 'મંગલ મંદિર'ને ભેટ

★ રૂા. ૧,૦૦૧/- : જશોદાબેન શિવજીભાઈ વેલજી નાગડા પરિવાર (ગોએરસમા - અમદાવાદ) તરફથી વૈયાવચ્ચ ખાતે.

★ રૂા. ૧,૦૦૧/- : કોકીલાબેન ભોગીલાલ શાહના ૭૦મા જન્મ દિન નિમિત્તે વયસ્ક સમિતિને ભેટ.

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# કેન્ટીન કોન્ટ્રાક્ટ આપવાનો છે...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ભવન અને શાહીબાગ વિશ્રામ ગૃહ ખાતે ચાલતી કેન્ટીનનો ૩ વર્ષ માટેનો કોન્ટ્રાક્ટ તા. ૦૧-૦૪-૨૦૨૧થી તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી આપવાનો છે. તો રસ ધરાવનાર વ્યક્તિઓએ પોતાની અરજી માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ખાતે સીલબંધ કવરમાં તા. ૧૫-૧૨-૨૦૨૦ સુધી મોકલી આપવા વિનંતી છે.

*ડૉ. કેતન શાહ, કન્વીનર - ભવન સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સેવાઓની પ્રવૃત્તિને રૂા. ૧ લાખનું અનુદાન...

*શ્રી અખંડસ્વામી શ્રી હરિ સત્સંગ સેવા ટ્રસ્ટ, સ્વામિનારાયણ મંદિર, કુંડલ તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેની મેડિકલ ક્ષેત્રની ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ માટે તાજેતરમાં રૂપિયા એક લાખનું દાન પ્રાપ્ત થયું છે.*

*આ સમાજ ઉપરોક્ત રકમનો સ્વીકાર કરીને શ્રી અખંડસ્વામી શ્રી હરિ સત્સંગ સેવા ટ્રસ્ટ પ્રત્યે ખૂબ આભારની લાગણી વ્યક્ત કરે છે.*

*અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપર જણાવેલ દાનની રકમ મેળવવા અર્થે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયના મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા તેમના બંધુ શ્રી નિલેશભાઈ કોટકનો જરૂરી સહયોગ મળ્યો હતો.*

**સર્વેનો ખૂબ ખૂબ આભાર....**

## અભિનંદન



**જીનય વર્ધમાન લોડાયા**

*અમદાવાદ ખાતેની સાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચમાંથી વર્ષ ૨૦૨૦માં લેવાયેલ સિવિલ એન્જિનિયરીંગની પરીક્ષામાં ૭૫.૫૩% સાથે ઉત્તીર્ણ થયેલ છે.*

**• શુભેચ્છક •**

| | |
|---|---|
| **દાદા-દાદી** | **: સોનબાઈ હીરજી લોડાયા (કોઠારા - અમદાવાદ)** |
| **નાના-નાની** | **: અમાવતી હીરાચંદ દંડ (લાલા - અમદાવાદ)** |
| **મોટા પપ્પા-મમ્મી** | **: રમીલાબેન ધનપતિ લોડાયા (કોઠારા)** |
| **પપ્પા-મમ્મી** | **: વિમળાબેન વર્ધમાન લોડાયા (કોઠારા)** |
| **ભાઈ-બહેન** | **: તીર્થેશ, વિધિ, ઇશિતા, ક્રિના, હેતાલી** |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

### વૉટ્સએપ ડેટા બેંક અંગે માહિતી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મેરેજ બ્યુરો કે.જે.એસ.એસ. જૈન બાયોડેટા ગ્રુપ - અમદાવાદ (KJSS Jain Biodata Group - Ahmedabad).... હાલના સમય તથા સંજોગોને ધ્યાનમાં રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા Whatsapp ડેટાબેંક ચાલુ કરવાનું નક્કી કર્યું છે. તો આપનો બાયોડેટા નીચે જણાવેલ નંબર ઉપર One Page JPG ફાઈલમાં એક ક્લિયર ફોટા સાથે મોકલવા વિનંતી છે.

*અમીબેન શાહ : 99796 51929*

*ગીરીશભાઈ દેઢિયા : 93203 16868*

*વીણાબેન સંઘવી : 80007 39698*

આ ત્રણ નંબરમાંથી કોઈપણ એક નંબર ઉપર તમારો બાયોડેટા JPG File માં જ પોસ્ટ કરવાનો રહેશે.

- સમસ્ત લગ્નોત્સુક જૈન ઉમેદવારો માટે Whatsapp ડેટાબેંક ચાલુ કરી છે.
- આ ગ્રુપમાં દીકરા અને દીકરીઓના બાયોડેટાની પૂરતી માહિતી, એક ફોટા સાથે JPG File માં One Page મોકલવાનો રહેશે.
- કોઈપણ ઉમેદવારે અલગથી ફોટા મૂકવા નહીં.
- PDF કે docx ફાઈલમાં બાયોડેટા મૂકવા નહીં. જો મૂકવામાં આવશે તો તે બાયોડેટા રીમુવ કરી નાખવામાં આવશે.
- દીકરીઓના બાયોડેટા દર શુક્રવારે આ ગ્રુપમાં મૂકવામાં આવશે.
- દીકરાઓના બાયોડેટા દર શનિવારે આ ગ્રુપમાં મૂકવામાં આવશે.
- રજિસ્ટ્રેશન થઈ ગયા બાદ નક્કી થયેલા દિવસ મુજબ ઉમેદવારોનો બાયોડેટા JPG ફાઈલમાં એક ફોટા સાથે મૂકવાનો રહેશે. જો ના મૂકવામાં આવે તો તેનું રજિસ્ટ્રેશન કેન્સલ થઈ જશે.
- ઉમેદવારના સંબંધ નક્કી થતા અત્રે ફરજિયાત જણાવવાનું રહેશે.
- ગ્રુપમાં અહીંથી મૂકવામાં આવતા મેસેજ ધ્યાનથી વાંચી, સમજીને એ મુજબ કરવાથી રિઝલ્ટ સારું અને ફાસ્ટ આવવાની શક્યતા વધી જાય છે.


આ બાબત અંગે ઉપર જણાવેલ ત્રણ નામ પૈકી કોઈપણનો સંપર્ક કરી શકાય છે.

*કન્વીનર, મેરેજ બ્યુરો સમિતિ*

# શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આવેલ લાઇબ્રેરીની તસવીરી ઝલક

સંસ્થા દ્વારા સંચાલિત લાઈબ્રેરીમાં વિશ્વના પ્રસિધ્ધ લેખકો તથા તેઓના બેસ્ટ સેલર પુસ્તકો ઉપલબ્ધ છે. જેમાં ૮૦૦ જેટલી નવલકથાઓ, ૨૩૦૦ જેટલી નવલિકાઓ, ૩૦૦થી ઉપર અંગ્રેજી સાહિત્ય (નવલકથા, મોટીવેશનલ), ૩૦૦થી ઉપર બાળ સાહિત્ય (અંગ્રેજી / ગુજરાતી), ઈતિહાસ કથાઓ, સમાજ ઘડતરના પુસ્તકો તથા ધાર્મિક – એમ વાંચવાલાયક ઘણા પુસ્તકો ઉપલબ્ધ છે. અત્યારે ૨૦૦થી ઉપર વાચકો રહેવા પામેલ છે. સમાજના સભ્યો કે અન્ય કોઈ વાંચનપ્રિય સભ્યોને લાઈબ્રેરીના સભ્ય બનવા અપીલ કરવામાં આવે છે. સમાજના સભ્યો માટે રૂા. ૧૦૦/- તથા અન્ય સભ્યો માટે રૂા. ૩૦૦/- આજીવન ફી રાખવામાં આવેલ છે.


– કન્વીનર, લાઇબ્રેરી સમિતિ











દુકાળ રાહત માટે આ ફોર્મ ત્રણ કોપીમાં ભરી બે સાક્ષીની સહી લેજો અને પછી કલેકટરના સહી-સિક્કા કરી રજિસ્ટર્ડ પોસ્ટથી અમને મોકલી આપજો.




આમ તો સાહેબ, આ અમારી પ્રયોગશાળા છે. પરંતુ વૈજ્ઞાનિકો બિચારા વહીવટી કામમાંથી જ ઊંચા નથી આવતા. એમાંથી નવરા પડે તો કંઈક સંશોધન કરે ને ?



અલ્યા, સીધી લીટી નહિ, કમ સે કમ લીટીને થોડીક વાંકીચૂંકી તો રાખ !


મોંઘવારીનો ચાર્ટ



હું તને ક્યારનો કહું છું, સાંભળતો નથી ? શાસ્ત્રીય રાગ વગાડ, તું ક્યારનોય પોપ મ્યુઝિક ઠોકા ઠોક કરે છે !




ટાયર કંપનીના માલિકોની મિટિંગ બરાબર જામી લાગે છે !







ગોલીબાર પબ્લિકેશન્સ
સૌજન્ય : "ચંદન"




## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

**V-TRANS®**
Driving Excellence

Our other Divisions | **V-Xpress** Safe and Reliable - For Your Peace of Mind | **V-Logis** Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


## ગુજરાતી સાહિત્યની નમૂનેદાર લઘુનવલકથાઓ







| | | |
|---|---|---|
| જોગાનુજોગ | સમીત (પૂર્વેશ) શ્રોફ | 225 |
| જીવાદોરી | સમીત (પૂર્વેશ) શ્રોફ | 225 |
| કાયર | મોહમ્મદ માંકડ | 21 |
| વંચિતા | મોહમ્મદ માંકડ | 18 |
| મનોરમા | મોહમ્મદ માંકડ | 32 |
| ભદ્રા | મોહમ્મદ માંકડ | 21 |
| ધુતારા | મોહમ્મદ માંકડ | 21 |
| એક છોકરી, એક સ્ત્રી | મોહમ્મદ માંકડ | 16 |
| આંધળી ગલી | ધીરુબહેન પટેલ | 60 |
| તમે માનશો ? | ધીરેન્દ્ર મહેતા | 150 |
| સાજિશ | મનહર રવૈયા | 130 |
| આંખો | ગૌરવ પંડ્યા | 120 |

### લોકપ્રિય સર્જક ધ્રુવ ભટ્ટની નવલકથાઓ




| | |
|---|---|
| ન ઇતિ | 200 |
| પ્રતિશ્રુતિ | 290 |
| તિમિરપંથી | 225 |
| અતરાપી | 180 |
| અગ્નિકન્યા | 200 |
| લવલી પાનહાઉસ | 300 |
| અકૂપાર (પુરસ્કૃત) | 300 |
| તત્ત્વમસિ (પુરસ્કૃત) | 200 |
| કર્ણલોક (પુરસ્કૃત) | 150 |
| સમુદ્રાન્તિકે (પુરસ્કૃત) | 150 |

## આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

## ગુજરાતી સાહિત્યના બેસ્ટ સંપાદિત વાર્તાસંગ્રહો

**ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ**
સંપા. ધૂમકેતુ | ₹180
**ધૂમકેતુનાં વાર્તારત્નો**
સંપા. ધૂમકેતુ | ₹150
**રસધારની વાર્તાઓ**
સંપા. ઝવેરચંદ મેઘાણી | ₹180
**જયભિખ્ખુ વાર્તાસૌરભ**
સંપા. જયભિખ્ખુ | ₹110
**ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ**
સંપા. ઉમાશંકર જોશી | ₹150
**ઇલા આરબ મહેતાનો વાર્તાવૈભવ**
સંપા. ધીરુબહેન પટેલ | ₹160
**રણની આંખમાં દરિયો**
સંપા. ધીરેન્દ્ર મહેતા | ₹150
**ઉમાશંકર જોશીનો વાર્તાવૈભવ**
સંપા. શરીફા વીજળીવાળા | ₹180
**જયંત ખત્રીનો વાર્તાવૈભવ**
સંપા. શરીફા વીજળીવાળા | ₹160
**ભગવતીકુમાર શર્માનો વાર્તાવૈભવ**
સંપા. શરીફા વીજળીવાળા | ₹180
**વિભાજનની ગુજરાતી વાર્તાઓ**
સંપા. શરીફા વીજળીવાળા | ₹175
**જયંતિ દલાલની પ્રતિનિધિ વાર્તાઓ**
સંપા. રાધેશ્યામ શર્મા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | ₹55
**સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ**
સંપા. રમણલાલ જોશી | ₹180
**મોહમ્મદ માંકડની કેટલીક વાર્તાઓ**
સંપા. અસ્મા માંકડ | ₹80
**અદ્યતન નવલિકા સંચય**
સંપા. રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક | ₹136
**નારીચેતનાની નવલિકાઓ**
સંપા. રઘુવીર ચૌધરી, સુનીતા ચૌધરી | ₹325
**આપની સન્મુખ**
સંપા. જયંત મહેતા, ગુણવંત | ₹70
**મર્મસ્પર્શ**
સંપા. જયંત મહેતા, ગુણવંત | ₹70
**બ્રિટિશ ગુજરાતીઓનો ડાયસ્પોરિક વાર્તાવૈભવ**
સંપા. ડાહ્યાભાઈ પટેલ | ₹125
**૧૫ પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ**
સંપા. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ₹180
**વાર્તા-ઉત્સવ**
સંપા. રોહિત શાહ | ₹250


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

***To,***